# સાવરકુંડલામાં ભાઈચારાના માહોલમાં મોહર્રમની ઉજવણી



(તસવીર : ઈદ્રીશ જાદવ, સાવરકુંડલા)

(સંવાદદાતા દ્વારા)

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલામાં કોમી એકતા અને ભાઈચારાની લાગણી વચ્ચે તાજિયાના જુલુસ નીકળ્યા હતા. સાવરકુંડલા ખાતે સિપાહી જમાત, સંધિ જમાત, ખટકી જમાત, નરેડી વિસ્તાર, પઠાણ ફળી વિસ્તાર, નૂરાની નગર વિસ્તાર, મણિનગર, બગદાદ નગર વગેરે વિસ્તારના સુંદર અને કલાત્મક તાજિયાઓ બનાવવામાં આવેલ હતા. આ સુંદર અને કલાત્મક તાજિયાઓના જુલૂસ નાવલી નદી, લીમડી ચોક, હવેલીશેર મેઈન બજાર દેરાસર, આંબલીશેરી, ગાંધી ચોક, દરબાર ગઢ મેઈન બજાર, ટાવર ચોક જૂના બસ્ટેન્ડ વગેરે શહેરના મુખ્ય હાર્દસમ વિસ્તારમાં ફરેલ હતા. યા હુસૈનના નારા સાથે શહેર ગુંજી ઊઠ્યું હતું. આ સુંદર અને કલાત્મક તાજિયાનો હજારોની સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ ભાઈઓ બહેનો અબાલ બુદ્ધઓએ દીદાર કરેલ કરતા કોમી એકતાનું ઉદાહરણ જોવા મળેલ હતું. જુલૂસનું ઠેર ઠેર શરબત આઈસક્રીમ ઠંડા પાણી ચા-કોફી વગેરે પ્રકારની ખાણીપીણીથી સ્વાગત કરવામાં આવેલ હતું અને સેવાભાવિ લોકોએ નિયાજે હુસૈનના નામથી ઠેર ઠેર ન્યાઝનું વિતરણ કરેલ હતું. આ તાજીયાના જુલૂસ અને મહોર્રમની તહેવારની ઉજવણી કરવામાં વિવિધ જમાતના પ્રમુખો આગેવાનો દરેક વિસ્તાર આગેવાનો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. એસ.પી. ડી.વાય.એસ.પી., પી.એસ.આઈ. અને પોલીસ સ્ટાફ સુંદર બંદોબસ્ત ગોઠવેલ હતો.

# પ્રશિક્ષણ વર્ગના ખર્ચ માટે વડોદરા ભાજપ દ્વારા ફંડની ઉઘરાણી શરૂ કરતાં વિવાદ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

ગુજરાતના તમામ શહેર જિલ્લામાં કાર્યકર્તાઓ માટે દીનદયાળ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવા પ્રદેશ ભાજપ દ્વારા સૂચના આપવામાં આવી છે જેના ભાગરૂપે વડોદરા શહેરમાં તારીખ ૨૮ જૂન તા.૫ અને ૧૨મી જુલાઈના રોજ યોજવામાં આવનાર છે જેના માટેનું ફંડ એકઠું કરવાની જવાબદારી કાર્યકર્તાના માથે થોપી બેસાડી છે. પ્રદેશ સમિતિ દ્વારા કાર્યકર્તાઓ પાસેથી રૂા.૧૦૦ ઓનલાઈન ભરપાઈ કરવા જણાવ્યું છે ત્યારે વડોદરા ભાજપ દ્વારા હોદ્દેદારો અને ચૂંટાયેલા સભ્યો પાસેથી રોકડા પૈસા જમા કરાવવા જણાવ્યું છે. જેથી કાર્યકર્તાઓ અને ચૂંટાયેલા સભ્યોમાં છૂપો રોષ ફેલાયો છે. એટલુ જ નહીં કાર્યકર્તાઓને છૂટ આપવામાં આવી છે કે, આ પ્રશિક્ષણ શિબિર માટે કોઈ ભાજપના હિતેચ્છુ પૈસા આપવા માગતા હોય તો તેવા વ્યક્તિઓ પાસેથી પણ પૈસા ઉઘરાવી શકશે અને તે નાણાં પાર્ટીમાં જમા કરાવી શકશે.

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા કાર્યકર્તાઓ માટે દીનદયાળ પ્રશિક્ષણ વર્ગ ગુજરાતના તમામ શહેર જિલ્લામાં આયોજન કરવા જણાવવામાં આવ્યું છે. જેમાં પ્રદેશ ભાજપ સમિતિ દ્વારા કાર્યકર્તાઓ પાસેથી રૂા.૧૦૦ જમા કરાવવા માટે ખાસ ઓનલાઈન સિસ્ટમ રાખવામાં આવી છે જેમાં કાર્યકર્તાઓએ નાણાં જમા કરાવવાના રહેશે તેમ પણ જણાવ્યું છે. ત્યારે બીજી બાજુ વડોદરા શહેરમાં આગામી તારીખ ૨૮ જૂન તારીખ પાંચમી જુલાઈ અને તારીખ ૧૨મી જુલાઈના રોજ અટલાદરા સ્વામિનારાયણ મંદિર, કાયાવરોહણ અને ત્રિમંદિર અને ખટંબા ખાતે રાખવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે જ્યાં રહેવાનું ફ્રી છે આ માટે ખાસ કરીને માત્ર નાસ્તા, જમણવારનો રૂા.ચાર કે પાંચ લાખના ખર્ચ સામે રૂા.૧૫થી ૨૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ બતાવી અને કાર્યકર્તાઓને પ્રોત્સાહન મળે તે માટે કાર્યકર્તાઓ એ સ્વૈચ્છિક રીતે રૂા.૧૦૦ પ્રદેશ ભાજપની ઓનલાઈન સિસ્ટમમાં જમા કરાવવાના રહેશે તેમ જણાવ્યું છે, ત્રણ દિવસના પ્રશિક્ષણ વર્ગ માટે ફંડ એકઠું કરવા ૮ સભ્યની સહાયક સમિતિની રચના કરવામાં આવી છે જેમાં પૂર્વ કોર્પોરેટરોની નિમણૂક કરી છે સાથે સાથે ભાજપ પક્ષમાં હાલમાં જે હોદ્દેદારો છે તે દરેક હોદ્દેદારે વ્યક્તિગત રીતે રૂા.૧૧,૦૦૦ જમા કરાવવાનું નક્કી થયું છે. કોર્પોરેટરો વોર્ડના પ્રમુખ મહામંત્રી અને કારોબારી સભ્યો સંસદસભ્ય, ધારાસભ્યો, દરેક મોરચાના પ્રમુખ મહામંત્રી સહિત કારોબારી સભ્યો માટે ચોક્કસ રકમ ફરજિયાત જમા કરાવવા જણાવ્યું છે.પ્રશિક્ષણ વર્ગ માટે ફંડ એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે ત્યારે કાર્યકર્તાઓમાં ચર્ચાનો વિષય બન્યો છે કે, પ્રદેશ સમિતિએ કાર્યકર્તાઓ પાસેથી રૂા.૧૦૦ ઓનલાઈન જમા કરાવવાની સિસ્ટમ શરૂ કરનાર છે ત્યારે વડોદરા ભાજપ દ્વારા રોકડા પૈસાની ઉઘરાણી કરવામાં આવનાર છે તે કેટલું યોગ્ય છે કેટલાક ચૂંટાયેલા પ્રતિનિધિઓનું માનવું છે કે, હજી તો કોર્પોરેટર બન્યાને જુમ્મા-જુમ્મા ચાર દિન થયા છે ત્યાં પક્ષ તરફથી ખર્ચાની શરૂઆત થઈ ગઈ છે.

### સુરપુરમાં પરંપરાગત રીતે ઉજવણી

# ઈડરમાં સ્વેચ્છાએ તાજિયાના જુલૂસ સતત બીજા વર્ષે પણ મોકૂફ

(સંવાદદાતા દ્વારા) ઈડર, તા.૨૭

ઈડર શહેરમાં કલાત્મક તાજિયા આ વખતે ઈડર કસ્બા જમાતની કમિટી દ્વારા સ્વેચ્છાએ બીજા વર્ષે પણ ઈડરમાં નીકળતું જુલૂસ બંધ રાખવામાં આવ્યું હતું. આ કારણે સુરપુર અને ઈડરમાં એક સાથે ઉજવાતા મોહર્રમ સુરપુર મૂકામે અલગ ઉજવવામાં આવ્યો હતો અને જ્યારે શહાદતની રાત્રે મગરીબની નમાઝ બાદ તાજિયાના પરદા હટાવી ખુલ્લા મૂકવામાં આવ્યા હતા અને એજ રાત્રિના સમયે મસ્જિદના ચોગાનમાં ફેરવવામાં આવ્યા હતા. આ કારણે સુરપુર અને ઈડર શહેરમાં એક સાથે ઉજવતો મોહર્રમ તહેવાર અલગ-અલગ ઈડર અને સુરપુર મૂકામે ઉજવાયો હતો.

મોહર્રમની આગળના દિવસે કતલની રાત તરીકે ઓળખવામાં આવે છે શહાદતની રાત્રે મગરીબની નમાઝ બાદ તાજિયાના પડદા હટાવી ખુલ્લા મૂકવામાં આવ્યા હતા અને તે રાત્રે ઈડર શહેરના ગામ આગેવાનો તથા ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : રફીક મનસુરી, ઈડર)

રમણભાઈ વોરા, નગરપાલિકા પ્રમુખ તથા દરેક સભ્યો તથા તમામ સમાજના ગામ આગેવાનો ત્યારે તમામ આગેવાનો હતા. ઈડર કસ્બા સમાજના આગેવાનોએ હારૂન પઠાણ, આસિફ બેલીમ, સંજય પઠાણ, આ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

પર્વની સમગ્ર તૈયારી કરવા સમાજના પ્રમુખ હારૂન (રાજા) પઠાણ તથા મહોર્રમ કમિટીના ચેરમેન મજીદખાન પઠાણ અને વાઈસ ચેરમેન, સલીમખાન બેલીમ તથા કારોબારી સભ્યો અને કસ્બા જમાત યંગ કમિટીએ કર્યું હતું.

શહાદતની રાત્રે હિન્દુ સમાજના અનેક આગેવાનો રાત્રિના સમયે હાજરી આપી હતી અને આ પર્વ માટે ડી.વાય. એસ.પી. સ્મિત ગોહીલની આગેનાવીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# સિદ્ધપુર શહેર અને તાલુકામાં ઠેર ઠેર તાજિયા જુલૂસ નીકળ્યા



(તસવીર :- ઝહીર મનસુરી, સિદ્ધપુર)

(સંવાદદાતા દ્વારા)

સિદ્ધપુર, તા.૨૭

યૌમે અશુરા નિમિત્તે સિદ્ધપુર શહેર અને તાલુકાના ગામોમાં વધુ પ્રમાણમાં તાજીયા સાથે જુલૂસ નીકળ્યા હતા. સિયા જાફરી મશાયખી મોમીન જમાત દ્વારા સિદ્ધપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં, સેદ્રાણા, દશાવાડા, સેવાલણી, કાકોશી, વાઘરોલ, ખડીયાસણા, જેવા ગામોમાં હઝરત ઈમામ હુસૈન (રદિ.) સહિત કરબલાના શહીદોના ગમમાં તાજીયા નીકળ્યા હતા. આ પ્રસંગે સિદ્ધપુર નગરપાલિકાના પ્રમુખ રણજીતસિંહ સોલંકી અને એમના સાથી મિત્રો હમીદભાઈ મન્સૂરી, લાલભાઈ ઠાકર, રોહિતસિંહ રાજપૂત, જગાજી, અને હિન્દુ સમાજના અગ્રણીઓ અને આગેવાનોએ હાજરી આપી અને દર્શન કરી હિન્દુ-મુસ્લિમ એકતાની મિશાલ કાયમ કરી હતી. સિદ્ધપુરના આસપાસના ગામોમાં હિન્દુ ભાઈઓએ તાજિયાના દર્શન કરી કરતા કોમી એકતાના દશ્યો સર્જાયા હતા અને જેમાં નવાવાસ, તાહેરપુરા, છુવાર ફડી, રસુલ તળાવ સહિતના મહોલ્લામાંથી તાજીયા જુલૂસ નીકળી શહેરમાં ટાવર, અફીણ ગેટ, જાપલીપોલ થઈ કરબલા લઈ જવામાં આવ્યા હતા. સિદ્ધપુર શહેર મુસ્લિમ આગેવાનો સાથે તાજીયા જુલૂસ નીકળ્યા હતા, સિદ્ધપુર શહેર અને ગામડાઓમાં મોહર્રમના તાજીયા જુલૂસ શાંતિપૂર્વક સંપન્ન થયેલ.

# ગુજરાતમાં ચોમાસા પહેલા શાળાઓ માટે સરકારની કડક ગાઈડલાઈન જાહેર

## વરસાદમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈ તંત્ર એલર્ટ, જર્જરિત બિલ્ડિંગ, વાયરિંગ અને પાણી ભરાવાની સમસ્યા દૂર કરવા સૂચના

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને પ્રાથમિક શિક્ષણાધિકારીઓને મહત્ત્વની ગાઈડલાઈન જાહેર કરી છે. આ આદેશ મુજબ તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના આચાર્ય અને શિક્ષકોએ ચોમાસા દરમિયાન પૂર્વ મંજૂરી વિના હેડક્વાર્ટર નહીં છોડવાનું રહેશે.

શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે, વરસાદ શરૂ થાય તે પહેલા શાળાના તમામ ઈલેક્ટ્રિક સમારકામ સહિતના કામો યુદ્ધના ધોરણે પૂર્ણ કરી દેવાના રહેશે. ખાસ કરીને જર્જરિત ક્લાસરૂમ, ખુલ્લા વાયર, પાણી ભરાવાની સમસ્યા, છત લીકેજ જેવા મુદ્દાઓ પર તાત્કાલિક ધોરણે કામગીરી કરવા આદેશ અપાયો છે. જેથી વરસાદ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને વિદ્યાર્થીઓની સુરક્ષા જોખમાય નહીં. ગાઈડલાઈનમાં વધુમાં જણાવાયું છે કે, દરેક શાળાના આચાર્યએ પોતાની શાળાનું સેફ્ટી ઓડિટ કરાવવાનું રહેશે. જો કોઈ બિલ્ડિંગ અત્યંત જર્જરિત હાલતમાં હોય તો તાત્કાલિક ધોરણે તેનો ઉપયોગ બંધ કરી વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થળે શિફ્ટ કરવાના રહેશે. સાથે જ શાળાના મેદાન કે આસપાસ વરસાદી પાણી ભરાઈ ન રહે તે માટે પણ યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. ચોમાસા દરમિયાન કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક પગલાં લઈ શકાય તે માટે આચાર્ય અને શિક્ષકોએ ફરજિયાતપણે શાળાના હેડક્વાર્ટર ખાતે હાજર રહેવાનું રહેશે. રજા માટે પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીઓને પણ નિયમિતપણે શાળાઓની મુલાકાત લઈ આ કામગીરીનું મોનિટરિંગ કરવા જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ચોમાસા દરમિયાન રાજ્યની કેટલીક શાળાઓમાં છત પડવી, દીવાલ ધરાશાયી થવી કે વીજ કરંટ લાગવા જેવા બનાવો સામે આવતા હોય છે. જેને ધ્યાનમાં રાખીને આ વર્ષે સરકારે અગમચેતીના ભાગરૂપે વરસાદ પહેલા જ આ કડક ગાઈડલાઈન બહાર પાડી દીધી છે. સરકારના આ નિર્ણયને વાલીઓ દ્વારા પણ આવકારવામાં આવી રહ્યો છે.

# અમરેલીમાં ૧૦મી મોહર્રમે તાજિયા ઠંડા કરાયા, ગમ-એ-હુસૈનમાં શહેર શોકમગ્ન બન્યું

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૭

અમરેલી શહેરમાં ૧૦મી મોહર્રમ નિમિત્તે શુક્રવારે ગમ અને અકિદતના માહોલ વચ્ચે ઈમામ હુસૈન (ર.હી.) અને કરબલાના શહીદોની યાદમાં તાજીયા ઠંડા કરવામાં આવ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં નાના-મોટા મળી અંદાજે સો જેટલા તાજિયાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ અકિદત સાથે ભાગ લીધો હતો.શુક્રવારની રાત્રે હઝરત ઈમામ હુસૈન (ર.હી.)ની શહાદતને યાદ કરી આંખોમાં આંસુઓ સાથે ગમ-એ-હુસૈન મનાવ્યો હતો. અનેક લોકોએ એકબીજાને ગળે મળી માફી માગી ભાઈચારાનો સંદેશ આપ્યો હતો.૧૦મી મોહર્રમ ઈમામ હુસૈન (ર.હી.)ની શહાદતનો દિવસ હોવાથી હુલવાન, ચોકારો તથા અન્ય પરંપરાગત રીતે માતમ કરી ઈમામ પ્રત્યેની પોતાની મહોબ્બત અને અકિદત વ્યક્ત કરી હતી મોહર્રમ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં લાઈટ ડેકોરેશન, શબીલો, વાએઝ, ન્યાઝ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. અમરેલી શહેરના બહારપરા, કસ્બાવાડ, ચાંદની ચોક સહિતના વિસ્તારોમાં તાજિયાઓ માતમના માહોલ વચ્ચે રાખવામાં આવ્યા હતા. ઉપરાંત મીની કસ્બા, સંધી સોસાયટી સહિત અન્ય વિસ્તારોમાંથી પણ તાજિયાઓ બનાવવામાં આવ્યા હતા. શુક્રવારે તમામ તાજિયાઓ ઠંડા કરવામાં આવતા મહોરમ પર્વની વિધિવત પૂર્ણાહુતિ થઈ હતી.



(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

# હિંમતનગરમાં મોહર્રમની ઉજવણી તાજિયા જુલૂસ નીકળ્યા



(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર,તા.૨૬

કરબલાના શહીદોએ માનવતા અનો અન્ય કાજે વહોરેલ શહાદતની યાદમાં હિંમતનગર ખાતે તાજિયાના જુલૂસ નીકળ્યા હતા. હિંમતનગર તાલુકાના ઈલોલ મુકામે શિયા સમાજના અજાદરોએ મોહર્રમનો માતમ મનાવ્યો હતો. યૌમ્મે આશુરાના દિવસે મુસ્લિમ બિરાદરોએ રોઝા રાખી, કુઆર્નશરીફની તિલાવતો કરી ન્યાઝ વહેંચી મોહર્રમનો પર્વ મનાવ્યો હતો. હિંમતનગર નાની વ્હોરવાડ મોટી મસ્જિદમાં ૧૦ દિવસ તકરીર કરી હતી જેમાં હઝરત કારી મુહમ્મદ અતિક રઝા રઝવી (બલરામપુર) પ્રસંગને અનુરૂપ તકરીર કરી હતી. આ મોહર્રમની યાદને સફળ બનાવવા અશરફનગર છાપરીયા, મુસ્લિમ વેલ્ફેર સોસાયટી, ચિશ્તીયાનગર, ચાંદનગર, માળીના છાપરીયા વગેરેએ પોતપોતાના વિસ્તારમાં જુલૂસ કાઢી ઉજવણી કરી હતી. અશરફનગર યંગ કમિટીના પ્રમુખ, સેક્રેટરી, ટ્રસ્ટીઓ, અશરફનગરના યુસુફખાન પઠાણ, અમજદખાન પઠાણ, જહીરભાઈ ચૌહાણ, લિયાકતભાઈ શેખ વગેરે તથા મુસ્લિમ વેલ્ફેરના સનાઉલ્લા શેખ, એઝાઝભાઈ સૈયદ, ઈશાકભાઈ શેખ, સલીમભાઈ સૈયદ, મુસ્તાકભાઈ તથા તેમના મિત્રોએ સુંદર આયોજન કર્યું હતું.

# સાબરકાંઠાના કેશરપુરા, ઈલોલ, પીંપોદર સહિતના ગામોમાં મોહર્રમની ઉજવણી

(સંવાદદાતા દ્વારા) કેશરપુરા, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના ઈલોલ, પીંપોદર, કિશોરગઢ, હરીપુરા, કેશરપુરા, જેઠીપુરા, ગણેશપુરા, સુરપુર, બારોડિયા કંપા અને કનાઈ ગામે પહેલી મોહર્રમથી હઝરત ઈમામ હુસૈન (રદી.) અને એમના જાંનિસારોની શહાદતની યાદ એમના ચાહકોમાં ગમનાક વાતાવરણમાં શોકમગ્ન બની મનાવવામાં આવી. દિવસે અને રાત્રે મજલીસ/માતમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવમી તારીખે તાજિયા અને અલમ મુબારક ઈમામવાડામાં લાવવામાં આવ્યા હતા. કતલની રાત્રે મજલીસ બાદ જુલૂસ કાઢવામાં આવ્યા. જેઠીપુરા અને ઈલોલ ગામે ડીવાયએસપી અને એસપીએ મુલાકાત લીધી હતી. શીઆ જાફરી મશાયખી મોમિન કોમના આ ગામોમાં બધાજ અઝાદારો કાળા પહેરવેશમાં હોય છે. શિસ્તબદ્ધ માતમ જોઈને ઉપસ્થિત અધિકારીઓ પ્રભાવિત થયા હતા. જુલૂસ બાદ ઈમામવાડામાં સૌએ ઈબાદતમાં રાત પસાર કરી હતી. દસમી મોહર્રમ યવ્મે આશુરાના દિવસે બપોરે બેથી અઢી વાગે દરેક ગામમાં ઈમામ હુસૈનની શહાદત વિશે બયાન કરવામાં આવ્યું હતું. એ પછી તાજિયા સાથે માતમી જુલૂસ નિર્ધારિત રૂટ ઉપર ફેરવવામાં આવ્યા હતા. પછી સાંજના સવા પાંચથી પોણા છ વાગે તાઝિયા ઈમામવાડા કે કરબલા કૂવા ઉપર પરત ફર્યા હતા. જ્યાં તાઝિયાને કાળા કાપડનું કફન ચઢાવી તાજીયા રુમમાં મૂકવામાં આવ્યા હતા. આમ સમસ્ત સાબરકાંઠા જિલ્લાના મુસ્લિમ ગામોમાં પહેલી મોહર્રમથી આશુરાના દિવસ સુધી આ ગમનાક દિવસોને મનાવવામાં આવ્યા હતાં. આ દસ દિવસ દરમિયાન દરેક ગામમાં સબીલ બનાવી ન્યાઝનું વિતરણ કરવામાં આવ્યું. શરબત દરરોજ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો. જ્યાંથી દરેક કોમના લોકોએ લાભ લીધો હતો.



(તસવીર : ગુલામહૈદર ડોડિયા, કેશરપુરા)

### ડભોઈ ડેપો ખાતે ઉગ્ર રજૂઆત

# ચાંદોદમાં એસ.ટી. બસ સેવા બંધ થતાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં રોષ

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૨૭

ચાંદોદ ગામમાં બસ સ્ટેન્ડ સુધી આવતી એસ.ટી. બસ સેવા અચાનક બંધ કરી દેવાતા ગામના નાગરિકો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બસ સેવા પુનઃ શરૂ કરવાની માંગ સાથે ચાંદોદના નગર અગ્રણીઓ અને વિદ્યાર્થીઓએ ડભોઈ એસ.ટી. ડેપો ખાતે આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી.

રજૂઆત દરમિયાન ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ચાંદોદ ધાર્મિક અને પ્રવાસન ક્ષેત્રે અગત્યનું કેન્દ્ર છે, જ્યાં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને મુસાફરો આવે છે. છતાં બસ સેવા બંધ થતાં વિદ્યાર્થીઓના અભ્યાસ, નોકરિયાત વર્ગ તેમજ સામાન્ય મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તાત્કાલિક બસ સેવા પુનઃ શરૂ કરવામાં આવે તેવી તેમણે જોરદાર માંગ કરી હતી.

ગ્રામજનોએ ચેતવણી આપી હતી કે, જો બસ સેવા ફરી શરૂ નહીં કરવામાં આવે તો ચાંદોદના નાગરિકો અને વિદ્યાર્થીઓ ગાંધીનગર સુધી આંદોલન કરવા મજબૂર બનશે, જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્રની રહેશે. આ પ્રસંગે ચાંદોદ ગ્રામ પંચાયતના સભ્ય એહુલ માછી, સ્નેહલ દરજી, કનુભાઈ વસાવા(ભગત), ધનંજય જોષી, પીનકીન જોષી, ગૌરાંગ રાજગોર, વૈભવ ભટ્ટ, સમીર પંડ્યા, મોન્ટુ ગાંધી, ચંદ્રાહાસ પુરોહિત, જનક માછી, પ્રફુલ વસાવા, સહિત ગામના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોળકામાં કોમી એકતાનાં માહોલમાં મોહર્રમની ઉજવણી : તાજિયા જુલૂસ નીકળ્યું

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૨૭

અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરમાં ગમ અને માતમનાં પર્વ મોહરમ નિમિત્તે તા.૨૬ જૂનનાં રોજ યવમે આશુરાનાં દિવસે બપોરે ૨.૩૦ કલાકે ધોળકા શહેર તાજીયા કમિટી દ્વારા કાજી ટેકરા વિસ્તારમાંથી તાજીયા જૂલુસ કાઢવામાં આવ્યું હતું. આ જુલુસમાં ૧૩ કલાત્મક તાજિયા, બે અલમ મુબારક, બે ઝુલ્ફીકાર સાથે માતમી દાસ્તા સામેલ હતા. આ જુલૂસમાં મોટી સંખ્યામાં અકીદતમંદો જોડાયા હતા. ટાવર બજાર ચોકમાં ધોળકા નગરપાલિકાનાં પ્રમુખ અનામિકાબેન ભટ્ટ સહિતના હિન્દુ - મુસ્લિમ આગેવાનો એ જૂલુસનું સ્વાગત કરતા કોમી એકતા અને ભાઈચારાનાં અનુપમ દશ્યો જોવા મળ્યા હતા. 'યા હુસૈન'ના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. તાજિયાની ઝિયારત કરવા માટે શહેરના મુખ્ય માર્ગો પર લોકો ઉમટી પડ્યા હતા. જુલૂસમાં સામેલ લોકોને પીવાના પાણી સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. ધોળકા ટાઉન પોલીસ દ્વારા ૨૦૦ પોલીસ બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવી હતી. આ બંદોબસ્તમાં 1 - Dysp, ૪ - PI, 08 - PSI, 120 - પોલીસ, 150 - GRD અને હોમગાર્ડ તથા 10 - TRB જોડાયા હતા. પોલીસની પ્રસંશનીય કામગીરી બદલ ધોળકાના ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિ, ટાઉન પીઆઈ એ. આર. ધવન સહિતના પોલીસ અધિકારીઓનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# જન શિક્ષણ સંસ્થાન ભરૂચ ખાતે પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૭

ભારત સરકારના કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા સ્થાપિત જન શિક્ષણ સંસ્થાન ખાતે આંતરરાષ્ટ્રીય એમ.એસ.એમ.ઈ.ડેની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સ્વાગત પ્રવચન કરતા ઝયનુલ સૈયદે જે.એસ.એસના સ્કીલ ટ્રેનિંગ પ્રોગામ તેમજ આત્મનિર્ભર ભારતની દિશામાં સરકારની આ મહત્ત્વ પૂર્ણ સ્કીલ ટ્રેનિંગ વિશે માહિતી પૂરી પાડી હતી. અતિથિ વિશેષ પદેથી ઈન્દીરાબેન રાજ પૂર્વપ્રમુખ ભરૂચ નગરપાલિકા તથા જે.એસ.એસના બોર્ડમેમ્બર દ્વારા બહેનોને સ્વરોજગારી, હુનર અને સ્વસહાયજુથો અંગે માહિતી પૂરી પાડી હતી અને વડાપ્રધાનના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા હાકલ કરી હતી. એમ.એસ.યુનિ. વડોદરાથી પધારેલ પ્રો.પૂજા પટેલ કે જેઓ ભરૂચની સુજની ઉપર રીસર્ચ કરી રહ્યા તેઓએ બહેનોને આગળ વધવા અને આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્ય મહેમાન પદેથી બોલતા સી.એ. વ્રિન્દાબેન વખારીયા દ્વારા એમ.એસ.એમ.ઈ. યોજનાનું મહત્ત્વ સમજાવી બહેનોને સ્વરોજગારી અને ઓછા રોકાણમાં પોતાનો સ્વરોજગાર શરૂ કરી એમ.એસ.એમ.ઈ યોજનાનો લાભ કઈ રીતે લઈ શકાય તે અંગે બહેનોને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. અંતમાં હેતલબેન પટેલ દ્વારા સૌ આમંત્રીત મહેમાનો, તાલીમાર્થીઓ તથા પ્રેસ મીડીયા કર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં આંગડિયા પેઢીમાંથી રકમ લઈ ગયાને બન્યા શિકાર

# ભાજપના ખેસવાળી કારમાંથી રૂ.૫૦ લાખની બેગની ઉઠાંતરી કરી ગઠિયા થયા છૂમંતર

## એક બાઈક ચાલકે ધ્યાન ભટકાવ્યું અને બીજી તરફ ગઠિયા થયા ફરાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં મારૂતિ પ્લાઝા એડીસી બેંકની સામે ગાડીમાંથી નજર ચૂકવી અને રૂપિયા ૫૦ લાખની ઉઠાંતરીનો બનાવ સામે આવ્યો છે. બાઈક સવાર હેલમેટ પહેલા બે શખસ રૂપિયાની બેગ લઈ છૂમંતર થઈ ગયા હતા. ઘટનાની જાણ કૃષ્ણનગર પોલીસને થતા કાફલો ઘટના સ્થળ ઉપર પહોંચ્યો હતો. જે કારમાંથી રૂ.૫૦ લાખ રૂપિયાની ઉઠાંતરી કરવામાં આવી તેમાંથી ભાજપનો ખેસ અને ખોડલધામ અમદાવાદ લખેલો ખેસ મળી આવ્યો હતો. ફરિયાદી કે જેમણે બાપુનગરમાં આંગડિયા પેઢીમાંથી રૂ.૫૦ લાખ લીધેલા હતા અને આ રૂપિયા લઈને એ લોકો કોઠિયા હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા, એ દરમિયાન રસ્તામાં બનાવ બન્યો હતો.

એક બાઈક ચાલકે ગાડીની પાછળ અથડાવી એટલે કારચાલક ગાડી નીચે ઉતર્યો હતો. અને તેની સાથે બોલાચાલી કરી હતી. આ સમયે નજર ચૂકવી બીજા બાઈક ઉપર આવેલા બે અજાણ્યા હેલમેટ પહેરેલા વ્યક્તિઓએ ગાડીનો કાચ તોડી અને ગાડીમાં પડેલા રૂપિયા ૫૦ લાખ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. એસીપી કૃણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે ૨૭ જૂનના રોજ સવારના સમયે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મારૂતિ પ્લાઝા કોમ્પ્લેક્સ છે એની પાસે ADC બેંક આવેલી છે, ત્યાં ફરિયાદીએ પોતાની ગાડી લઈને (ગાડીમાં એક થેલામાં રૂ.૫૦ લાખ હતા) બાપુનગર વિસ્તારમાં આંગડિયા પેઢીમાંથી ઉપાડીને લોકો જઈ રહ્યા હતા. એ દરમિયાન ત્યાં આગળ બાઈક ચાલકોએ એની જોડે બાઈક, ગાડી સાથે ટક્કર મારીને, ટક્કર માર્યા બાદ ઝઘડો કર્યો અને ઝઘડો કર્યા બાદ એ લોકોની ગાડીમાંથી રૂ.૫૦ લાખ લૂંટીને ફરાર થઈ ગયા હતા. હાલમાં ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ છે. તેમજ પોલીસની અલગ-અલગ ટીમો તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે અલગ-અલગ ટીમો બનાવીને આરોપી પકડવા માટેની તજવીજ હાથ ધરાઈ છે. વધુમાં કૃણાલ દેસાઈ જણાવ્યું હતું કે, હાલમાં અમારી જોડે જે પણ ડેટા હોય છે એ ડેટાના આધારે આરોપી આઈડેન્ટિફાય કરવા માટે પણ પ્રયત્ન ચાલુ છે. અમારી અલગ-અલગ ટીમો પણ ફિલ્ડમાં લાગેલી છે અને એને ટૂંક જ સમયમાં ડિટેક્ટ કરવામાં આવશે.

એરબેગ્સ ખુલતા મહિલા ચાલકનો બચાવ

# બોપલથી શેલા તરફ જતા રોડ પર મર્સિડીઝ અને કિયા કાર વચ્ચે અકસ્માત

## પૂરપાટ ઝડપે બંને સર્કલ પાસે એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદના એસ.જી. હાઈવે અને સિંધુ ભવન રોડ બાદ હવે બોપલથી શેલા તરફ જતો આખો પટ્ટો લક્ઝુરિયસ કારના સ્ટંટ અને ઓવરસ્પીડિંગનું મુખ્ય કેન્દ્ર બની રહ્યો છે. આજે વહેલી સવારે જયારે આખો શેલા વિસ્તાર શાંત હતો, ત્યારે યોગ સર્કલ પાસે બે મોંઘીદાટ કાર વચ્ચે થયેલા લાઈવ અકસ્માતે સમગ્ર પંથકમાં સન્નાટો મચાવી દીધો છે. પૂરપાટ ઝડપે આવી રહેલી મર્સિડીઝ અને કિયા કાર સર્કલ પાસે એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માતના લાઈવ દૃશ્યો એટલા ભયાનક હતા કે ટક્કર વાગતાની સાથે જ કિયા કાર રોડ પર ગોળ ફરીને ફંગોળાઈ ગઈ હતી. જો કે, ગાડી પ્રીમિયમ સેગમેન્ટની હોવાના કારણે અકસ્માતની સેકન્ડમાં જ તેની તમામ એરબેગ્સ લાઈવ ખુલી ગઈ હતી, જેના લીધે કાર ચલાવી રહેલી મહિલાને કોઈ ગંભીર જાનલેવા ઈજા થઈ નહોતી. બીજી તરફ, કરોડોની કિંમતની મર્સિડીઝ કારના આગળના ભાગના એટલે કે એન્જિન અને બોનેટના ફુરચા ઉડી ગયા હતા. મર્સિડીઝમાં સવાર મુસાફરોને પણ એન્જિનિયરિંગ સેફ્ટીના કારણે માત્ર સામાન્ય ઈજાઓ થઈ હતી. ઘટનાને પગલે વહેલી સવારે મોર્નિંગ વોક પર નીકળેલા સ્થાનિક રહીશો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલ્યા હતા.

બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે લાઈવ પહોંચી ગયો હતો અને બંને અકસ્માતગ્રસ્ત ગાડીઓને ક્રેન મારફતે રોડની સાઈડમાં ખસેડી ટ્રાફિક હળવો કર્યો હતો. વહેલી સવારે સર્કલ પર કઈ ગાડી ઓવરસ્પીડમાં હતી અને કોણે ટ્રાફિક સિગ્નલ કે નિયમનો ભંગ કર્યો છે તે જાણવા માટે પોલીસે યોગ સર્કલની આસપાસના તમામ સીસીટીવી ફૂટેજ કબજે કરીને કાનૂની તપાસ તેજ કરી છે.

વડોદરામાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા

# વાઘોડિયા રોડ પર ગારમેન્ટના વેપારી પર ફિલ્મી ઢબે ફાયરિંગ; યુવક ગંભીર

## વેપારીને બાવડાના ભાગે ગોળી વાગતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત : હોસ્પિટલમાં ખસેડાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

વડોદરા શહેરમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ ગત મોડી રાત્રે એક સનસનાટીભરી ફાયરિંગની ઘટના સામે આવી છે. વાઘોડિયા ચોકડીથી વાઘોડિયા જવાના મુખ્ય માર્ગ પર કારમાં સવાર એક ગારમેન્ટ વેપારી પર મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા હુમલાખોરોએ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં વેપારીને ખભાના ભાગે ગોળી વાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.

મળતી માહિતી મુજબ, મૂળ દિલ્હીના વતની અને વડોદરામાં ગારમેન્ટનો વ્યવસાય કરતા ૩૭ વર્ષીય આશિષ બાકોલિયા ગત રાત્રે પોતાની કાર લઈને વાઘોડિયા ચોકડીથી વાઘોડિયા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન બાઈક પર સવાર થઈને આવેલા બે અજાણ્યા શખસોએ તેમની કારનો પીછો કર્યો હતો અને અચાનક કારને ઓવરટેક કરીને આશિષભાઈને રોક્યા હતા. હુમલાખોરોએ કંઈ પણ વિચાર્યા વગર સીધું જ તેમના પર ફાયરિંગ કરી દીધું હતું. ગોળી આશિષભાઈના ખભા (બાવળા) ના ભાગે વાગતા તેઓ કારમાં જ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ઘટનાને અંજામ આપીને બંને શખસો બાઈક પર ધૂમ સ્ટાઈલમાં ફરાર થઈ ગયા હતા. ફાયરિંગના અવાજ અને બૂમાબૂમ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિકોની મદદથી લોહીલુહાણ હાલતમાં આશિષભાઈને તાત્કાલિક સારવાર અર્થે એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની ગંભીર સ્થિતિને જોતા પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેમને તાકીદે ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે. જાહેરમાં ફાયરિંગની ઘટનાને પગલે વડોદરા શહેર અને ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ગુનાની ગંભીરતાને જોઈને એફએસએલ (FSL) ની ટીમને પણ બોલાવી હતી અને ઘટનાસ્થળેથી મહત્વના વૈજ્ઞાનિક પુરાવાઓ એકત્ર કર્યા છે. આ હુમલા પાછળ કોઈ અંગત અદાવત છે કે અન્ય કોઈ વેપાર સંબંધિત વિવાદ, તે દિશામાં પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે. વાઘોડિયા ચોકડી પાસે કાર લઈને જતા એક ભાઈ પર બે બાઈક સવાર શખસોએ ઓવરટેક કરીને ફાયરિંગ કર્યું હતું. હુમલાખોરોની શોધખોળ માટે વિસ્તારના સીસીટીવી (CCTV) ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે અને ટેક્નિકલ પુરાવાઓની મદદ લેવાઈ રહી છે.

ટેન્કરના ડ્રાઈવર સામે ગુનો નોંધાયો

# જામનગરથી છત્તીસગઢ જઈ રહેલા ટેન્કરમાંથી ૭,૩૩૫ લિ. ડીઝલની ચોરી

## માલ ખાલી કરતી વખતે ડીઝલની ઘટ જણાતા વિગતો બહાર આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વાડીનાર સ્થિત ન્યારા કંપનીના ઝાખર ગેટ પરથી ભરાયેલ ડીઝલના ટેન્કરમાંથી માર્ગમાં જ ૭,૩૩૫ લિટર ડીઝલની ચોરી થઈ હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ મામલે ટેક્રરના ડ્રાઈવર વિરુદ્ધ ગુનાહિત વિશ્વાસઘાતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, દાદરા અને નગર હવેલીના સિલવાસા ખાતે રહેતા તથા ગ્લોબલ પેટ્રોકેમ સોલ્યુશન કંપનીના સંચાલક અજીતસિંહ હંસરાજસિંહે તેમની કંપનીનું ટેક્રર નં. ડીએલ-૦૧-જીડી-૯૪૩૧માં આશરે ૩૫,૦૦૦ લિટર ડીઝલ ભરી વાડીનારથી છત્તીસગઢના કોરબા જિલ્લાના બ્યુરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિનરલ્સ (પ્રા.) કંપની ખાતે મોકલ્યું હતું. ટેન્કર ૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગંતવ્ય સ્થળે પહોંચ્યા બાદ માલ ખાલી કરતી વખતે ૭,૩૩૫ લિટર ડીઝલની ઘટ જણાઈ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ટેન્કરના ડ્રાઈવર સુભાષસિંહ શિવ બહાદુરે જામનગરથી કોરબા વચ્ચેના માર્ગમાં અલગ-અલગ સ્થળોએ ટેક્રરમાંથી ડીઝલ કાઢી તેની ગેરકાયદે વેચાણ કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ છે. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) કલમ ૩૧૬(૩) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન



૨૬ જૂન કટોકટી વિરોધી દિવસ નિમિત્તે ગુજરાત સર્વોદય મંડળ ગુજરાતી લેખક મંડળ અને માનવીય ટેકનોલોજી ફોરમ દ્વારા ‘કટોકટી અને તેમાં ભૂમિપુત્ર યજ્ઞ પ્રકાશનની ભૂમિકા’એ અંગેના પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ અનાવરણ કાર્યક્રમ નિમિત્તે પ્રો. ઘનશ્યામભાઈ શાહ, પ્રો. રોહિતભાઈ શુકલ, પ્રકાશભાઈ ન. શાહ અને મનીષી જાનીએ સ્વાગત પ્રવચન કર્યા હતા. ચંદુભાઈ મહેરિયા તેમજ ડંકેશ ઓઝાએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાખનભાઈએ કર્યું હતું.

અમદાવાદની આયશા શેખ અને નઈમા શેખ તથા બોટાદના ગઢડાની આયશા મૂસાણી બન્યા CA

# નબળી-મધ્યમ આર્થિક સ્થિતિ વચ્ચે મક્કમ મનોબળ અને મહેનતથી CA બનવાની સિદ્ધિ હાંસલ કરી

## ● સમાજના લોકોના પ્રશ્નો વચ્ચે પપ્પા મક્કમ રહેતા સખત મહેનતે આયશા મૂસાની બની CA



આયશા કાદરભાઈ મુસાની

ભાવનગર પાસેના ગઢડા જેવા નાના શહેરમાં રહેતી આયશા કાદરભાઈ મુસાનીએ પ્રારંભમાં તો C.A. બનવાના ધ્યેયને ગંભીરતાથી લીધું ન હતું પરંતુ ફાઉન્ડેશનની પરીક્ષામાં નાપાસ થતાં તેને ઝાટકો લાગ્યો હતો. તે તેની માતા તથા પિતા ત્રણેય રડ્યા હતા કેમ કે શૈક્ષણિક કારકિર્દીમાં આયશા પ્રથમવાર નાપાસ થઈ હતી. બસ આ ઘટના તેણી માટે મોટું કામ કરી ગઈ અને તેણે નક્કી કરી લીધું કે હવે મારે C.A. બનવું જ છે અને બસ ગંભીરતાપૂર્વક તેમાં લાગી પડી અને સફળ થઈને જ ઝંપી. આયશા મૂસાનીના પરિવારમાં માતા-પિતા બહુ ભણેલા નથી. તેમ છતાં દીકરીને ભણાવવાનો અને C.A. બનાવવાનો નિર્ણય પપ્પાનો જ હતો. આયશા આમ તો પોતે અગાઉ સૌપ્રથમ સાયન્સમાં અને તેમાં પણ તબીબી ક્ષેત્રે આગળ વધવાની થોડી ઘણી ઈચ્છા ધરાવતી હતી પરંતુ પપ્પાની મક્કમ ઈચ્છા હતી કે તે C.A. બને એટલે તેમાં આગળ વધી. ઈન્ટરમીડિયેટ સુધી ગઢડામાં રહીને ઓનલાઈન અભ્યાસ કરી આગળ વધી પરંતુ ફાઈનલ આર્ટિકલશીપ માટે બહાર નીકળવું પડે તે જરૂરી હોઈ તે અંગે ચર્ચા-વિચારણા બાદ આખરે અમદાવાદ આવવાનું નક્કી કર્યું અને અહીં પીજીમાં રહીને ૧૦-૧૦ કલાક સતત મહેનત કરી. આખરે C.A. ફાઈનલ કર્યું. આ સફરમાં સમાજના તથા અન્ય લોકોએ દીકરી હોઈ ભણાવવા બાબતે પ્રશ્નો પણ ઊભા કર્યા પરંતુ આયશાના પિતા મક્કમ રહ્યો અને આયશાને સી.એ. બનવા માટે પૂરેપૂરો સપોર્ટ કર્યો. માતા-પિતા સહિત ફેમિલી સાથે અમદાવાદના C.A. કરીમભાઈ લાખાણીનો બહુ સપોર્ટ રહ્યા હોવાનું જણાવતા આયશા અન્ય સ્ટુડન્ટને મેસેજ આપતા કહે છે કે ફેમિલીનો સપોર્ટ હોય તો સખત મહેનત કરશો તો સફળતા જરૂરથી મળશે જ અને દરેક ક્ષેત્રે આગળ વધવા સખત મહેનત જરૂરી છે.

## ● આર્થિક પડકારો વચ્ચે પરિવારના સપોર્ટથી મક્કમ રીતે આગળ વધતા હવે બની CA આયશા શેખ



આયશા રાહીલ શેખ

કાલુપુર નવી મહોલતની CA આયશા રાહીલ શેખ જણાવે છે કે, જ્યારે ધોરણ ૧૦નું પરિણામ આવ્યું ત્યારે મારી ઈચ્છા સાયન્સ લેવાની હતી, પરંતુ તે સમયે અમારી આર્થિક પરિસ્થિતિ એટલી મજબૂત નહોતી, જેના કારણે મને કોમર્સ લેવું પડ્યું. શરૂઆતમાં આ નિર્ણય એક પરિસ્થિતિના કારણે લેવાયો હતો, પરંતુ કોમર્સમાં આગળ વધતા મને તેમાં રસ આવવા લાગ્યો અને મેં નક્કી કર્યું કે હવે આ જ ક્ષેત્રમાં કંઈક સારૂં કરવું છે. તે પછી મારા ચાચાએ મને C.A. કરવાની પ્રેરણા આપી.મારા ચાચાના મિત્ર CA રિઝવાન શેખે મને CA કરીમ લાખાણી સરનો રેફરન્સ આપ્યો. હું કરીમ લાખાણી સરને મળી અને તેમણે મારા ધોરણ ૧૨ના માર્ક્સ જોઈને કહ્યું, “બેટા, CA કરી લે, તું કરી શકીશ, બસ સારી મહેનત કરજે.” તેમણે મને J.K. Shah ક્લાસની ફીમાં મદદ કરી અને ત્યાંથી મારી CA સફરની શરૂઆત થઈ. હું રોજ નિયમિત J. K. Shah ક્લાસ જતી, હોમવર્ક પણ નિયમિત કરતી ત્યારબાદ મેં CA Foundationની પરીક્ષા આપી. પરંતુ પરીક્ષા શરૂ થઈ ત્યારે જ મારી દાદીની તબિયત ખૂબ ગંભીર થઈ ગઈ હતી. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પરીક્ષાના કારણે હું તેમને મળી પણ શકી નહીં. પરીક્ષા ચાલુ હતી અને એ દરમિયાન જ તેમનું અવસાન થયું. હું પેપર આપીને આવી અને ત્યારબાદ મેં મારી દાદીને છેલ્લી વાર જોયા. મેં CA Foundation પ્રથમ પ્રયાસમાં જ પાસ કર્યું. ત્યારબાદ મારી સાચી સંઘર્ષની શરૂઆત થઈ. ઘણી વખત આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ઘણી વખત પરીક્ષાની ફી ભરવામાં પણ સમસ્યા આવતી હતી. પરંતુ મારા અબ્બુએ ક્યારેય મને ના પાડી નહીં. હું ફી માટે વ્યવસ્થા કરી દઈશ.” તે સમયે મને અંદરથી એક જ વિચાર આવતો હતો કે હું જલ્દી CA બની જાઉં અને મારા અબ્બુને મદદ કરી શકું. ફરીથી મહેનત કરી અને મેં CA Intermediateનું Group 1 ક્લિયર કર્યું અને થોડા સમય બાદ Group 2 પણ ક્લિયર કર્યું. Group 1 પાસ કર્યા બાદ મેં CA રિઝવાન શેખના માર્ગદર્શન હેઠળ Articleship પણ શરૂ કરી. આ સફરમાં મેં ઘણા પ્રસંગોનો ત્યાગ કર્યો. કઝિન્સના લગ્ન, પરિવારના ઘણા પ્રસંગો અને ઘણા યાદગાર ક્ષણોમાં હું હાજર રહી શકી નહીં. આ દરમિયાન મેં ઘણા પ્રિયજનોને પણ ગુમાવ્યા, આર્થિક મુશ્કેલીઓ અને માનસિક તણાવનો પણ સામનો કર્યો. આ સફર દરમિયાન મેં self doubts, નિરાશા, નકારાત્મક વિચારો, ઊંઘ વગરની રાતો અને આર્થિક મુશ્કેલીઓ બધાનો સામનો કર્યો. પરંતુ આજે હું CA બની છું અને મારી સફર લોકો માટે પ્રેરણા બની છે. એમ અંતમાં આયશા શેખે જણાવ્યું હતું.

## ● શાહપુરની નઈમા શેખ પણ આર્થિક સ્થિતિના પ્રશ્નો વચ્ચે સખત મહેનતથી CA બનીને બહાર આવી



નઈમા મો.રફીક શેખ

અમદાવાદના શાહપુર ખાતે રહેતી નઈમા મો.રફીક શેખ પણ CA બની છે. તે જણાવે છે કે હવે હું ક્વોલિફાઈડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) બની ગઈ છું. વર્ષ ૨૦૨૧માં મેં મારી CAની સફરની શરૂઆત કરી હતી.તે સમયે મને આગળ આવનારી મુશ્કેલીઓનો કે CA બનવાથી મળતા ગૌરવ અને સન્માનનો કોઈ અંદાજ નહોતો. પરંતુ ધીમે ધીમે મને સમજાયું કે મેં મારા જીવનનો શ્રેષ્ઠ કારકિર્દીનો વિકલ્પ પસંદ કર્યો છે.તે સમયે મારી પાસે ખાનગી કોચિંગની ફી ભરવાની ક્ષમતા નહોતી, તેથી મેં માત્ર ICAIના ક્લાસીસ દ્વારા જ ફાઉન્ડેશનનો અભ્યાસ કર્યો. ઈન્ટરમીડિયેટમાં પણ મેં મારી સંપૂર્ણ મહેનત કરી. પ્રથમ પ્રયત્નમાં જ પ્રથમ ગ્રુપ પાસ કર્યું, પરંતુ દુર્ભાગ્યવશ બીજા ગ્રુપમાં નિષ્ફળ ગઈ. એ મારા જીવનની પહેલી નિષ્ફળતા હતી અને તેને સ્વીકારવી ખૂબ મુશ્કેલ હતી. છતાં મેં હિંમત ભેગી કરી, ફરી તૈયારી શરૂ કરી અને આગામી પ્રયત્નમાં ઈન્ટરમીડિયેટ પણ સફળતાપૂર્વક પાસ કર્યું. ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૩માં મેં LIT and Associatesમાં આર્ટિકલશિપ શરૂ કરી હતી.CA ફાઈનલ મારી સફરનો છેલ્લો અને સૌથી મોટો પડકાર હતો. મારો પ્રયાસ નવેમ્બરથી સપ્ટેમ્બર સુધી પ્રીપોન થઈ ગયો, જેના કારણે સમયસર આખો અભ્યાસક્રમ પૂર્ણ કરવો અને રિવિઝન કરવું ખૂબ મુશ્કેલ બન્યું. છતાં મેં કોઈ રીતે સમયનું યોગ્ય આયોજન કરીને સપ્ટેમ્બર ૨૦૨૫માં બંને ગ્રુપની પરીક્ષા આપી. અલહમ્દુલિલ્લાહ, સપ્ટેમ્બર ૨૦૨૫માં મેં પ્રથમ જ પ્રયત્નમાં ફર્સ્ટ ગ્રુપ પાસ કર્યું. તેમણે મે ૨૦૨૬માં બીજા ગ્રુપમાં મને ૩૦૦માંથી ચોક્કસ ૧૫૦ ગુણ મળ્યા અને હું નવી ક્વોલિફાઈડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) બની.

અમદાવાદમાં થયેલ લૂંટનો ચર્ચાસ્પદ કેસ

# રૂ.૧.૫૧ કરોડની લૂંટના મામલામાં ઝડપાયેલ એરફોર્સ ઓફિસર સાત દિવસના રિમાન્ડ પર

## સોનીના પગમાં ગોળીઓ મારી ધોળા દિવસે લૂંટ કરી હતી : પિસ્તોલનો અન્ય ઉપયોગ સહિતની તપાસ બાકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદના ખાડિયા પોલીસ મથકે વર્ષ ૨૦૨૪માં અજાણ્યા શખ્સ સામે ગાંધી રોડ પર આવેલી સોના ચાંદીની દુકાનમાંથી ૧.૫૧ કરોડની લૂંટની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. રૂમાલ બાંધીને આવેલ અજાણ્યા શખ્સે સોનીના પગમાં ગોળીઓ મારીને ધોળા દિવસે લૂંટ કરી ગયો હતો. જે કેસમાં એર ઓફિસરની ધરપકડ કરાયા બાદ કોર્ટમાં રજૂ કરતા ૭ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

પોલીસે સીસીટીવી સર્વેલન્સને આધારે ૩૧ વર્ષીય આરોપી દીપકકુમાર ભુકેરની ધરપકડ કરી છે. જે દિલ્હીમાં એર ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તે મૂળ હરિયાણાનો છે. અગાઉ જામનગર એરફોર્સમાં ફરજ બજાવતો હતો. ત્યાં પણ તેની સામે જામનગર સીટી C ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયેલો છે. તેને જામનગરમાં પિસ્તોલ અને સોના ચાંદીના ઘરેણાંની ચોરી કરી હતી. જામનગરથી ચોરેલ પિસ્તોલનો ઉપયોગ તેને અમદાવાદના લૂંટમાં કર્યો હતો. પોલીસ દ્વારા આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ માંગતા રજૂઆત કરવામા આવી હતી કે આરોપી પાસેથી મુદ્દામાલા રિકવર કરવાનો છે. તેને પિસ્તોલનો બીજે ક્યાં ઉપયોગ કર્યો તે જાણવાનું છે. આરોપી સાથે કોઈ સહ આરોપીઓ સામેલ છે કે કેમ તે જાણવાનું છે. તેની ઓળખ પરેડ કરવાની છે. અમદાવાદ મેટ્રો કોર્ટે આરોપીના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આરોપીને તેણે પોતાનો મોબાઈલ પણ પત્નીને આપી દીધો હતો અને લૂંટ કર્યા બાદ તાત્કાલિક હરિયાણા ભાગી ગયો હતો. જ્યારે કોઈપણ વાતચીત કરવા માટે તેને જરૂરિયાત ઊભી થતી હતી તો કોઈ બીજાના ફોનનો ઉપયોગ કરતો હતો. આરોપીને દિલ્લીથી ધરપકડ કરી તેની પાસેથી લૂંટમાં વપરાયેલી પિસ્તોલ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી દીપકને ધરપકડ કરી અમદાવાદ લાવી પૂછપરછ કરતા જામનગર એરફોર્સ ખાતે વર્ષ ૨૦૧૭થી ૨૦૨૪ દરમિયાન તેણે ફરજ બજાવી છે અને નિવૃત્ત અધિકારી સાથે પૈસાની લેવડદેવડમાં પણ તેની વિરૂદ્ધ એક ગુનો નોંધાતા એક વર્ષની સજા થઈ હતી અને તેના ગુસ્સામાં નિવૃત્ત અધિકારીના ઘરમાંથી જ ચોરી કરી હતી. આરોપી દિપકને સટ્ટો રમવાની ટેવ હોવાથી દેવું થઈ ગયું હતું, જેના કારણે તેણે લૂંટ કરવાનો વિચાર કર્યો હતો અને જામનગરમાં નોકરી કરી ચૂક્યો હોવાથી તેણે અમદાવાદના માણેકચોકનું નામ સાંભળ્યું હતું. જેથી વર્ષ ૨૦૨૪માં જુલાઈ મહિનામાં ૧૬ જુલાઈના બે દિવસ પહેલા અમદાવાદ આવ્યો હતો અને હોટલમાં રોકાયો હતો. તેણે પોતાની ઓળખ છુપાવવા હોટલમાં રહેવા માટે ખોટા આધારકાર્ડ તેમજ મોબાઈલ નંબરનો ઉપયોગ કરતો હતો. ગુનાના સ્થળે પોતાના ફિંગરપ્રિન્ટ ન આવે તે હેતુથી તેણે હાથની આંગળીઓ પર પટ્ટી વીંટાળી હતી. એરફોર્સની નોકરીના કારણે તે હથિયાર અને ફાયરિંગ કરવાથી સારી રીતે વાકેફ હતો.

એક બાળકીનું મોત : બીજી બાળકી હોસ્પિટલમાં સારવાર હેઠળ

# રાજકોટમાં સગીરે મેદાનમાં રમતી બે બાળકીઓ પર કાર ચઢાવી દીધી

## મેદાનમાં પાર્ક કરેલી કાર ચાલુ કરી ચલાવવા પ્રયાસ કરતા કાબૂ ગુમાવ્યો !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

રાજકોટ શહેરના કુવાડવા રોડ વિસ્તાર પાસે આવેલી ચામુંડા સોસાયટીના મેદાનમાં રમી રહેલી બે માસૂમ બાળકી પર એક કિશોરે કાર ચઢાવી દેતા ૪ વર્ષીય બાળકીનું કમકમાટીભર્યું મોત નીપજયું છે, જયારે બીજી બાળકીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સમગ્ર મામલે મૃતક બાળકીના પિતા મહેશ ચુડાસમા દ્વારા રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે અર્ટિંગા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. રોહીદાસપરા વિસ્તારમાં રહેતા મહેશ ચુડાસમા દ્વારા ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫ જૂન ૨૦૨૬ના રોજ તેમની ૪.૪ વર્ષની દીકરી જીયાંશી પોતાની બહેનપણી વૈશાલી સાથે ચામુંડા સોસાયટી નજીકના મેદાનમાં રમવા ગઈ હતી. તે દરમિયાન ગાંધી વસાહતમાં રહેતા કાર ચાલકે મેદાનમાં પાર્ક કરેલી GJ-03-HK-1113 નંબરની કાર ચાલુ કરીને ચલાવવાનો પ્રયાસ કર્યો હતો. કાર ચાલકે કાર પરનો કાબૂ ગુમાવતા કાર સીધી મેદાનમાં રમી રહેલી બંને બાળકી સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બંને બાળકી ઈજાગ્રસ્ત થતાં તેમના સારવાર માટે તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન જીયાંશીને ડોક્ટરોએ મૃત જાહેર કરી હતી. બીજી બાળકી વૈશાલીને મોઢા સહિત શરીરે ઈજાઓ પહોંચતા તેની સારવાર ચાલી રહી છે. મૃતક બાળકીના પિતા મહેશ ચુડાસમાએ ફરિયાદમાં આરોપ મૂક્યો છે કે, કાર ચાલકે ગફલતભરી અને બેદરકારીપૂર્વક કાર ચલાવી અકસ્માત સર્જ્યો હતો. જેના કારણે તેમની માસૂમ દીકરીનું મોત થયું છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી અકસ્માતના તમામ સંજોગોની તપાસ હાથ ધરી છે. બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ ગોવિંદ ચૌહાણના જણાવ્યા અનુસાર, પોલીસની પ્રાથમિક તપાસમાં કાર ચાલક સગીર હોવાનું સામે આવ્યું છે. જોકે, તેની ઉંમરને લગતા જરૂરી પુરાવાઓ પોલીસ દ્વારા મંગાવવામાં આવ્યા છે. તેમજ ઉપયોગમાં લેવામાં આવેલ કાર કોની માલિકીની હતી, સગીરને કારની ચાવી કોને આપી હતી, આ બાબતો અંગે તપાસ કરવામાં આવી રહી છે.

# ઈઝરાયેલના ટોચના નેતાઓએ 'યહૂદી આતંકવાદ' પર સરકારને કાનૂની કાર્યવાહીની ધમકી આપી છે

(એજન્સી) લંડન, તા.૨૭



ઈઝરાયેલના ટોચના અધિકારીઓ અને જાહેર હસ્તીઓએ સરકારને 'યહૂદી આતંકવાદ' અને 'વંશીય સફાઈની વિચારધારા'ને સમર્થન આપવા બદલ કાનૂની કાર્યવાહીની ધમકી આપી છે, ધ ગાર્ડિયન દ્વારા બુધવારે અહેવાલ. આ વાત લીક થયેલા પત્રમાં સામે આવી છે - જે ધ ગાર્ડિયન દ્વારા જોવામાં આવ્યો છે - જેમાં બે પૂર્વ વડાપ્રધાનો, પૂર્વ સુરક્ષા વડાઓ અને ન્યાયાધીશો, નોબેલ પુરસ્કાર વિજેતા અને ઈઝરાયેલના સૌથી પ્રખ્યાત જીવંત નવલકથાકાર દ્વારા સહી કરવામાં આવી છે. તેઓએ કબજા હેઠળના પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ સામેની હિંસા અંગે સરકારને 'અંતિમ ચેતવણી' આપી હતી, જેમાં વર્ષોથી હત્યા, બળાત્કાર, ચોરી, આગ લગાડવા અને મૃતકોના અપવિત્રકરણનો ઉલ્લેખ કરીને "યહૂદી આતંકવાદને નાબૂદ કરવા" તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી. પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાઓ નાગરિક અને લશ્કરી ગુનેગારો દ્વારા કરવામાં આવે છે જેઓ 'લગભગ સંપૂર્ણ મુક્તિ' સાથે કાર્ય કરે છે. "આ પત્ર એક જાગૃતિ અને અંતિમ ચેતવણી છેઃ અમે માંગ કરીએ છીએ કે તમે તાજેતરના વર્ષોમાં જુડિયા અને સમરિયા (પશ્ચિમ કાંઠે)માં પ્રચલિત યહૂદી આતંકવાદને તાત્કાલિક નાબૂદ કરવા માટે તમામ જરૂરી પગલાં લો." તેના હસ્તાક્ષરકર્તાઓએ ચેતવણી આપી હતી કે પેલેસ્ટીનીઓ સામે યહૂદી હિંસા ઈઝરાયેલની સુરક્ષાને જોખમમાં મૂકી રહી છે અને દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ કરી રહી છે. સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંના પરિણામે વિશ્વભરમાં યહૂદી-વિરોધ પણ વધી રહ્યો છે, એમ પત્રમાં જણાવાયું છે, જે જાહેર કરવામાં આવ્યો નથી. તે વડાપ્રધાનના કાર્યાલય, સંરક્ષણ અને રાષ્ટ્રીય સુરક્ષા મંત્રાલયો, સૈન્ય, પોલીસ અને ગુપ્તચર સેવાઓને મોકલવામાં આવ્યો હતો. જોકે, દેશમાં વ્યાપક જાહેર ચર્ચામાં સહી કરનારાઓ અને ઈઝરાયેલના ઉચ્ચ વર્ગના વિશાળ જૂથોમાં કટોકટીની ભાવના હજુ સુધી પ્રતિબિંબિત થઈ નથી. ઓક્ટોબરના અંતમાં યોજાનારી ચૂંટણીઓ માટે બિનસત્તાવાર પ્રચાર શરૂ થઈ રહ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે પેલેસ્ટીનીઓ પર પ્રતિબંધિત ઈઝરાયેલી હુમલાઓ યહૂદીઓ સામે પ્રતિક્રિયા આપી રહ્યા છે. "આ ફક્ત લશ્કરી અને પોલીસની નિષ્ફળતા નથી, પરંતુ ઈઝરાયેલી સરકાર અને સામાન્ય રીતે તેના વડાપ્રધાન અને ખાસ કરીને સંબંધિત મંત્રીઓ દ્વારા એક ખુલ્લેઆમ નીતિનો અમલ છે," તેમાં ઉમેર્યું. "(તેઓ) સૈન્ય, પોલીસ અને શિન બેટ (આંતરિક સુરક્ષા એજન્સી)ને યહૂદી ગુનેગારોના આતંકવાદને સક્ષમ બનાવવાનો આદેશ આપે છે, કારણ કે આ ભયાનક ઘટના જુડિયા અને સમરિયાના પ્રદેશોમાં 'વંશીય સફાઈ' કરવાની વર્તમાન સરકારની વિચારધારાને સારી રીતે સેવા આપે છે જેથી તેમના ભવિષ્યના જોડાણને સરળ બનાવી શકાય." પત્રમાં કહેવામાં આવ્યું છેઃ "પ્રદેશોમાં યહૂદી આતંકવાદના ગુનાઓ ૧૯મી અને ૨૦મી સદીમાં પૂર્વી યુરોપના અન્ય રાષ્ટ્રો દ્વારા આપણા લોકો સામે કરવામાં આવેલા સમાન ગુનાઓ અને નરસંહારની યાદ અપાવે છે." ઈઝરાયેલી સૈનિકો અને વસાહતીઓએ ૨૦૨૦થી પશ્ચિમ કાંઠે ઓછામાં ઓછા ૧,૧૦૦ પેલેસ્ટીની નાગરિકોની હત્યા કરી છે. યુએનના ડેટા અનુસાર, મૃતકોમાંથી ઓછામાં ઓછા એક ચતુર્થાંશ બાળકો હતા. પત્રમાં કહેવામાં આવ્યું છે કે પેલેસ્ટીનીઓની હત્યા ઈઝરાયેલી સુરક્ષાને જોખમમાં મૂકે છે કારણ કે તે પેલેસ્ટીની બદલાના હુમલાઓ અથવા બળવોને ઉશ્કેરવાનું જોખમ ધરાવે છે. બે પૂર્વ વડાપ્રધાનો એહુદ ઓલમર્ટ અને એહુદ બરાકે ચાર પૂર્વ પ્રધાનો અને ૩૦થી વધુ પૂર્વ સુરક્ષા કમાન્ડરો સાથે પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. તેના પર નવલકથાકાર ડેવિડ ગ્રોસમેન, નોબેલ રસાયણશાસ્ત્ર પુરસ્કાર વિજેતા ડેવિડ કોર્નબર્ગ, ઓસ્કાર વિજેતા અને ૧૦ ઈઝરાયેલ પુરસ્કાર વિજેતાઓએ પણ હસ્તાક્ષર કર્યા હતા. એક પૂર્વ એટર્ની જનરલ, ન્યાયાધીશો અને સરકારના વરિષ્ઠ કાનૂની સલાહકારોએ પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા તેમજ શિક્ષણ જગતના અગ્રણી વ્યક્તિઓએ પણ આ પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા.

# નેતાન્યાહુ ઈઝરાયેલને 'ગૃહયુદ્ધ' તરફ દોરી રહ્યા છે : લિબરમેન

(એજન્સી) તા.૨૭

વિરોધી પક્ષ યિસરાએલ બેઈટેઈનુ પાર્ટીના નેતા એવિગ્ડોર લિબરમેને ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ પર સત્તામાં રહેવા માટે ઈઝરાયેલને 'ગૃહયુદ્ધ' તરફ ખેંચવાનો આરોપ લગાવ્યો છે. ગુરૂવારે X પર લખતા, લિબરમેને કહ્યું: "(બેન્જામિન નેતાન્યાહૂની) સરકાર ઈઝરાયેલ રાજ્યને ગૃહયુદ્ધમાં ખેંચી રહી છે - ફક્ત થોડા દિવસો માટે સત્તા પર ટકી રહેવા માટે." ઈઝરાયેલી પૂર્વ સંરક્ષણ પ્રધાને એક ફોટો શેર કર્યો જેમાં એક પોલીસ અધિકારીને હરેદી યહૂદીઓના મોટા ટોળા દ્વારા ઘેરાયેલો દર્શાવવામાં આવ્યો છે જેમણે બુધવારે લશ્કરી ભરતી સામે વિરોધ કર્યો હતો. અધિકારી ભીડને એકલા છોડી દેવા વિનંતી કરી રહ્યા હોય તેવું લાગતું હતું. "ગઈકાલે અમે જે દૃશ્યો જોયા તે રાષ્ટ્રીય અપમાન છે," લિબરમેને કહ્યું. "એક પોલીસ અધિકારી તોફાની ટોળા સામે પોતાના જીવનની ભીખ માંગે છે, તે ટાળી શકતી સરકારનું સીધું પરિણામ છે, જે ટાળનારાઓને ટેકો પૂરો પાડે છે અને કાયદાના શાસનનું ઉલ્લંઘન કરે છે," ઈઝરાયેલની ૧૦ મિલિયનથી વધુ વસ્તીના લગભગ ૧૩ ટકા હિસ્સો હરેડી સમુદાયનો છે. ઘણા હરેડી યહૂદીઓ ફરજિયાત લશ્કરી સેવામાંથી મુક્તિ મેળવવાનો આગ્રહ રાખે છે જેથી તેઓ તોરાહનો અભ્યાસ કરવામાં પોતાને સમર્પિત કરી શકે. જૂન ૨૦૨૪માં, ઈઝરાયેલી સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે હરેડી પુરુષોને લશ્કરી ભરતીને પાત્ર હોવા જોઈએ અને ધાર્મિક સંસ્થાઓ માટે રાજ્ય ભંડોળ બંધ કરવાનો આદેશ આપ્યો હતો જેમના વિદ્યાર્થીઓ ભરતી થવાનો ઈન્કાર કરે છે.












# ઈરાન અને અમેરિકાએ આ વિસ્તારમાં હુમલા શરૂ કર્યા ત્યારે હોર્મુઝની સ્ટ્રેટમાં ટેન્કર અથડાયું

(એજન્સી) દુબઈ, તા.૨૭



શનિવારે હોર્મુઝની સ્ટ્રેટમાં એક ટેક્ર પર હુમલો થયો, જયારે બહેરીને કહ્યું કે ઈરાને તેને લક્ષ્ય બનાવીને હુમલો કર્યો છે. બ્રિટિશ સૈન્યના યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે હુમલાની જાણ કરી, કહ્યું કે જહાજનો ક્રૂ સુરક્ષિત છે અને પર્યાવરણને કોઈ નુકસાન થયું નથી. કોઈએ તાત્કાલિક આ હુમલાનો દાવો કર્યો નથી. જોકે, ઈરાને ગુરુવારે ઓમાનની નજીક એક જહાજ પર હુમલો કર્યો જે અરબી ખાડીમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ હુમલાઓ દર્શાવે છે કે ઈરાન યુદ્ધ ફરીથી નિયંત્રણ બહાર થઈ શકે છે, ભલે ઈરાન અને અમેરિકા વચ્ચે સંઘર્ષનો અંત લાવવા માટે અંતિમ કરાર પર પહોંચવાનો પ્રયાસ કરવા માટે એક વચગાળાનો કરાર થયો હોય. બહેરીન પરના હુમલાઓ દર્શાવે છે કે ઈરાન યુદ્ધ ફરીથી નિયંત્રણ બહાર થઈ શકે છે, તેહરાને કહ્યું હતું કે તેણે રાતોરાત હવાઈ હુમલાનો બદલો લેવા માટે અમેરિકન લશ્કરી સ્થાપનોને નિશાન બનાવ્યા હતા. ઈરાન અને અમેરિકા વચ્ચે સંઘર્ષનો અંત લાવવા માટે અંતિમ કરાર પર પહોંચવાનો પ્રયાસ કરવા માટે એક વચગાળાનો કરાર થયા પછી પણ, બહેરીન પરના હુમલાઓ દર્શાવે છે કે ઈરાન યુદ્ધ ફરીથી નિયંત્રણ બહાર થઈ શકે છે. યુએસએ ગુરૂવારે હોર્મુઝ સ્ટ્રેટમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહેલા જહાજ પર ઈરાની ડ્રોન હુમલાના જવાબમાં તેના હવાઈ હુમલાઓ શરૂ કર્યા હતા, જે હુમલાઓનો હારમાળા ચાલુ રાખ્યો હતો જેણે યુદ્ધમાં અસ્વસ્થ યુદ્ધવિરામને હચમચાવી નાખ્યો હતો. યુએસ નેવી દ્વારા દેખરેખ હેઠળની એક દરિયાઈ સંસ્થાએ શનિવારે જણાવ્યું હતું કે ઓમાનના કિનારા નજીક હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતો માર્ગ વિસ્તરી રહ્યો છે જેથી ઈનબાઉન્ડ અને આઉટબાઉન્ડ ટ્રાફિક બંનેને મંજૂરી મળી શકે. જોઈન્ટ મેરીટાઈમ ઈન્ફર્મેશન સેન્ટર દ્વારા જાહેરાત ઈરાનને બીજી ચેતવણી તરીકે સેવા આપે છે કે યુએસ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે દબાણ કરી રહ્યું છે. ઈરાને આગ્રહ રાખ્યો છે કે જહાજોએ તેના આદેશોનું પાલન કરવું જોઈએ અને ચેતવણી આપી છે કે તે આ સામુદ્રધુનીમાંથી પરિવહન માટે ફી વસૂલવાનું શરૂ કરશે, જેમાંથી તમામ તેલ અને કુદરતી ગેસનો પાંચમો ભાગ પસાર થતો હતો. અમેરિકા અને ગલ્ફ આરબ રાજ્યોએ ઈરાનની માંગણીઓને નકારી કાઢી છે. ઈરાન અને ઓમાનની પ્રાદેશિક જળસીમા હોવા છતાં, આ સામુદ્રધુનીને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય જળમાર્ગ તરીકે ગણવામાં આવે છે.

# ઈઝરાયેલી કેબિનેટ મંત્રીએ ૧ વર્ષમાં ૫,૭૦૦ પેલેસ્ટીની ઘરો તોડી પાડવાની બડાઈ મારી, વધુ તોડી પાડવાની પ્રતિજ્ઞા લીધી

## ઈઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામાર બેન-ગ્વિરે બુધવારે ગયા વર્ષે ૫,૭૦૦ પેલેસ્ટીની ઘરો તોડી પાડવાની બડાઈ મારી, પેલેસ્ટીનીઓ સામે ચાલી રહેલા ઈઝરાયેલી લશ્કરી હુમલા વચ્ચે વધુ ઈમારતો તોડી પાડવાની પ્રતિજ્ઞા લીધી

(એજન્સી) તા.૨૭



ઈઝરાયેલના ચેનલ ૧૨ દ્વારા ટાંકવામાં આવેલા તેલ અવીવમાં એક કોન્ફરન્સ દરમિયાન બેન-ગ્વિરે કહ્યું, "મેં ગયા વર્ષે જ ૫,૭૦૦ ઘરો તોડી પાડ્યા હતા." "હું બેદુઈન સમુદાયોમાં વધુને વધુ ઘરો તોડી પાડવાનું ચાલુ રાખીશ," તેમણે પ્રતિજ્ઞા લીધી. પેલેસ્ટીની બેદુઈન ગામડાઓ અને સમુદાયો ઉત્તર અને દક્ષિણ ઈઝરાયેલમાં ફેલાયેલા છે, જેમાં નેગેવનો સમાવેશ થાય છે, તેમજ કબજા હેઠળના પશ્ચિમ કાંઠામાં પણ. ૧૦ જૂનના રોજ એક અહેવાલમાં, એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે જણાવ્યું હતું કે ઈઝરાયેલે જમીન જપ્તી અને સંબંધિત પગલાં દ્વારા કબજા હેઠળના પશ્ચિમ કાંઠામાં બેદુઈન અને પશુપાલન સમુદાયોને લક્ષ્ય બનાવતી નીતિઓને ઝડપી બનાવી છે. "ઓછામાં ઓછા ૧૧૭ મુખ્યત્વે બેદુઈન અને પશુપાલન કરનારા પેલેસ્ટીની સમુદાયોએ જાન્યુઆરી ૨૦૨૩ અને એપ્રિલ ૨૦૨૬ વચ્ચે સંપૂર્ણ અથવા આંશિક રીતે વિસ્થાપનનો સામનો કરવો પડ્યો છે, OCHA અનુસાર. એપ્રિલ ૨૦૨૬ના અંત સુધીમાં, ઓછામાં ઓછા ૫,૯૧૦ લોકોને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવ્યા હતા," એમ એમ્નેસ્ટીએ યુએન કાર્યાલય ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું. પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ અને તેમની મિલકતો પર કબજો કરનારાઓ અને ઈઝરાયેલી સૈન્ય દ્વારા તોડી પાડવા અને હુમલાઓમાં વધારો જોવા મળ્યો છે, જેનો હેતુ રહેવાસીઓને વિસ્થાપિત કરવા અને કબજા હેઠળના પ્રદેશમાં ગેરકાયદેસર વસાહતોનો વિસ્તાર કરવાનો છે. ૮ ઓક્ટોબર, ૨૦૨૩થી, પશ્ચિમ કાંઠે સૈન્ય અને કબજો કરનારાઓ દ્વારા ઈઝરાયેલી હુમલાઓમાં ૧,૧૭૩ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, ૧૨,૬૬૬ ઘાયલ થયા છે, સત્તાવાર પેલેસ્ટીની આંકડાઓ અનુસાર, લગભગ ૨૩,૦૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૩૩,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે. પેલેસ્ટીનીઓ ચેતવણી આપે છે કે આ હુમલાઓ ઈઝરાયેલ માટે કબજા હેઠળના પશ્ચિમ કાંઠાને ઔપચારિક રીતે જોડવાનો માર્ગ મોકળો કરી રહ્યા છે, જે યુએનના ઠરાવો હેઠળ સ્વતંત્ર પેલેસ્ટીની રાજ્ય સ્થાપિત કરવાની શક્યતાનો અંત લાવશે. ઈઝરાયેલની સ્થાપના ૧૯૪૮માં સશસ્ત્ર ઝાયોનિસ્ટ જૂથો દ્વારા કબજે કરાયેલી જમીન પર કરવામાં આવી હતી અને ૧૯૬૭માં બાકીના પેલેસ્ટીની પ્રદેશો પર કબજો કર્યો હતો, જેમાં પશ્ચિમ કાંઠો, ગાઝા પટ્ટી અને જેરૂસલેમનો પૂર્વ ભાગનો સમાવેશ થાય છે.

# હુમલાઓ પછી IRGCએ પ્રદેશમાં યુએસ લશ્કરી સ્થળોને 'લક્ષ્ય' બનાવ્યા

(એજન્સી) તા.૨૭



ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC)ના સેક્રેટરી-જનરલ જાસેમ મોહમ્મદ અલ્બુદાઈવી કહે છે કે, તેઓ બહેરીન પર "વિશ્વાસઘાત ઈરાની હુમલાઓની સૌથી કડક શબ્દોમાં નિંદા કરે છે", એવા અહેવાલો પછી કે ડ્રોન દ્વારા તેના પ્રદેશને નિશાન બનાવવામાં આવ્યું હતું. X પર એક નિવેદનમાં અલ્બુદાઈવીએ હુમલાઓની નિંદા કરતા કહ્યું કે, ઈરાનીઓએ "નાગરિક માળખાગત સુવિધાઓ અને મિલકતોને" નિશાન બનાવી હતી. ઈઝરાયેલમાં આગામી ચૂંટણીઓ સંભવત : વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂનો વારસો નક્કી કરશે, જેમને પ્રદેશમાં યુદ્ધો અને ભ્રષ્ટાચારના આરોપોને સંભાળવા બદલ વધતા દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. ઈઝરાયેલના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડાપ્રધાન નેતન્યાહૂને ઈઝરાયેલી રાજકારણમાં અંતિમ બચી ગયેલા માનવામાં આવે છે. પરંતુ ઓક્ટોબરમાં યોજાનારી આગામી સામાન્ય ચૂંટણી સાથે, તેમની સામે હવે સૌથી મોટા પડકારનો સામનો કરવો પડી રહ્યો છે જે તેમની લગભગ ચાર દાયકાની રાજકીય કારકિર્દીનો કઠોર અંત લાવી શકે છે. પૃષ્ઠભૂમિમાં રાજકીય ઘટનાઓનો પ્રવાહ છે, જ્યારે નેતન્યાહૂએ ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પરના યુદ્ધમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમની સાથે જોડાવા માટે સમજાવ્યા હતા, જેના કારણે તેહરાને ઈઝરાયેલ, ગલ્ફ રાજ્યો અને હોર્મુઝ સ્ટ્રેટમાં શિપિંગ પર પોતાના હુમલા શરૂ કર્યા હતા. ઈઝરાયેલ ઉત્તરમાં લેબનીઝ સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહ સાથે બીજા યુદ્ધમાં ફસાઈ ગયું છે. આનાથી નેતન્યાહૂ લેબનોનમાં લશ્કરી આક્રમણ રોકવા માટે યુએસ દબાણ અને ઈરાન અને તેના પ્રાદેશિક પ્રોક્સીઓ સામે લડાઈ ચાલુ રાખવા માટે ઉત્સુક ઈઝરાયેલી જનતા વચ્ચે ફસાઈ ગયા છે. દરમિયાન, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ દક્ષિણ ઈઝરાયેલમાં હમાસના નેતૃત્વ હેઠળના હુમલા પહેલા અને પછી તેમની સરકારની નિષ્ફળતાઓની સ્વતંત્ર જાહેર તપાસ કરવામાં નિષ્ફળતા બદલ નેતન્યાહૂને વ્યાપક જાહેર ગુસ્સાનો સામનો કરવો પડી રહ્યો છે. લેબનોનના રાષ્ટ્રપતિએ સંયુક્ત આરબ અમીરાતના પ્રમુખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે લેબનોનની પરિસ્થિતિ- અને ખાસ કરીને લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે થયેલા ફ્રેમવર્ક કરાર-અંગે ચર્ચા કરી છે, એમ તેમના કાર્યાલયના એક નિવેદનમાં જણાવાયું છે. શેખ મોહમ્મદે રાષ્ટ્રપતિ અઓન અને લેબનોન સરકાર દ્વારા લેવામાં આવેલા વલણને સમર્થન આપતા કહ્યું કે, તેમનો દેશ આ મુશ્કેલ સમયમાંથી બહાર ન આવે ત્યાં સુધી રાજકીય, આર્થિક અને સામાજિક બાબતોમાં લેબનોનને મદદ કરવા તૈયાર છે, એમ નિવેદનમાં જણાવાયું છે. વોશિંગ્ટનમાં ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે પાંચમા રાઉન્ડની સીધી વાટાઘાટો બાદ, શુક્રવારે લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે એક ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીના સલાહકાર મોહસેન રેઝાઈએ અમેરિકા પર સમજૂતી કરાર (MoU)ની કલમ ૫નું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે, જેમાં જણાવાયું છે કે, હોર્મુઝ સ્ટ્રેટમાં વાણિજ્યિક જહાજોનો સુરક્ષિત માર્ગ પુનઃસ્થાપિત થવો જોઈએ, પરંતુ એ પણ શરત લગાવી છે કે, ઈરાન અને ઓમાન જળમાર્ગમાં ભાવિ વહીવટ અને દરિયાઈ સેવાઓ અંગે ચર્ચા કરશે. યુએસએ, "હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ પેદા કરવાનું ચાલુ રાખીને, પાંચમા લેખનું ઉલ્લંઘન કર્યું છે", રેઝાઈએ X પર જણાવ્યું હતું. "સમજૂતી કરારના કોઈપણ લેખના ઉલ્લંઘનનો જવાબ ઝડપી અને નિર્ણાયક હશે."




નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# રિજિજુ સાહેબ ! ભારતમાં ધાર્મિક લઘુમતીઓનું ઉત્પીડન એ વાસ્તવિકતા છે કોઇ દુષ્પ્રચાર નથી

નવી દિલ્હીના ભારત મંડપમમાં ગત ૪ જૂનને ગુરુવારે લઘુમતી બાબતોના મંત્રાલયએ સરકારી યોજનાઓમાં ડિજિટલ પરિવર્તન અને સુશાસનના મોદી સરકારના ૧૨ વર્ષ પૂરા થવાના અવસર પર બોલતા કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ એક નિવેદન આપ્યું હતુ કે, "ભારતમાં લઘુમતીઓ સુરક્ષિત નથી તેવા વિપક્ષના આક્ષેપો પાયાવિહોણા છે. મને એક પણ એવું ઉદાહરણ આપો જ્યાં કોઈ વ્યક્તિએ પોતાની ઓળખ અથવા ધાર્મિક પૃષ્ઠભૂમિને કારણે સુરક્ષિત ન અનુભવવાને લીધે ભારત છોડી દીધું હોય." તેમણે ભારતમાં ધાર્મિક લઘુમતીઓના ઉત્પીડનને વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવેલ 'પ્રોપેગેન્ડા' (દુષ્પ્રચાર) કહીને નકારી કાઢ્યું હતું. લઘુમતી બાબતોના મંત્રી તરફથી આવેલું આ નિવેદન માત્ર સચ્ચાઈનો ઇનકાર ન હતું. તે જમીની વાસ્તવિકતાને ખરાબ રીતે તોડી-મરોડીને રજૂ કરવાનું હતું, જ્યાં નફરતથી પ્રેરાયેલી હિંસા અને સંસ્થાકીય ભેદભાવ વધી રહ્યા છે.

છેલ્લા એક દાયકામાં, જ્યારથી ભાજપ સત્તામાં આવ્યો છે ત્યારથી, ભારતના લઘુમતીઓ - ખાસ કરીને મુસ્લિમો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોમાંથી ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓને હિન્દુત્વવાદી કટ્ટરપંથીઓના હુમલાઓનો સૌથી વધુ સામનો કરવો પડ્યો છે. આ બધું એટલા માટે શક્ય બન્યું કારણ કે સરકારી તંત્ર કાં તો નિષ્ફળ ગયું છે અથવા આવા ખુલ્લેઆમ હુમલાઓ તરફ સંપૂર્ણપણે આંખ આડા કાન કરી રહ્યું છે. વધુમાં, કેન્દ્ર સરકાર અને ભાજપ શાસિત રાજ્યોએ એવી નીતિઓ લાગુ કરી છે, જેને કારણે અગાઉથી જ નબળા એવા આ સમુદાયોને વધુ હાંસિયામાં ધકેલી દીધા છે. અહીં લઘુમતી અધિકારોના તે અસંખ્ય ઉલ્લંઘનોની યાદી આપવામાં આવી છે જેને રિજિજુએ પોતાની સરકારની છબી સુધારવાની આતુરતામાં નજરઅંદાજ કરી દીધા છે.

**ગાયોનું રક્ષણ કરવાના નામે થતી હિંસા**

જો રિજિજુ અથવા તેમનું ભાષણ લખનાર વ્યક્તિએ માત્ર એક જ વાર ગૂગલ પર સર્ચ કર્યું હોત, તો તેમને ૨૦૧૪ પછી ભારતમાં 'ગો-રક્ષક' હિંસાની યાદી મળી ગઈ હોત. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)- જે દર વર્ષે ગુનાના આંકડા બહાર પાડતી એકમાત્ર સરકારી સંસ્થા છે- તેણે હંમેશા 'ગો-રક્ષક' હિંસા અથવા નફરતથી પ્રેરાયેલા ગુનાઓને (હેટ ક્રાઈમ) અલગ કેટેગરીમાં રાખવાનો ઈન્કાર કર્યો છે. જોકે, અલગ-અલગ સમયે થયેલા ઘણાં અભ્યાસોમાં દેશના જુદા-જુદા ભાગોમાં હત્યા અને ઈજા પહોંચાડવાના કિસ્સાઓ નોંધવામાં આવ્યા છે. વિકિપીડિયા પર આવી ઓછામાં ઓછી ૮૨ ઘટનાઓની યાદી છે. આ કોઈ પણ રીતે સંપૂર્ણ યાદી નથી, કારણ કે દેશના મોટાભાગના વિસ્તારોમાં આવી હિંસાના ઘણા કિસ્સાઓ નોંધાતા જ નથી. છતાં, આનાથી એ સ્પષ્ટ થાય છે કે 'ગૌરક્ષક' જૂથોએ ભારતના વિવિધ ભાગોમાં મુસ્લિમ સમુદાયોમાં કઈ હદ સુધીનો ડર ફેલાવ્યો છે.

**ધાર્મિક લઘુમતીઓ સામે નફરત ફેલાવતા ભાષણો**

હાલના વર્ષોમાં ધાર્મિક લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વિરુદ્ધ નફરત ફેલાવતા ભાષણો (હેટ સ્પીચ)માં સતત વધારો જોવા મળ્યો છે. 'સેન્ટર ફોર ધ સ્ટડી ઑફ ઑર્ગેનાઈઝ્ડ હેટ' (CSOH) દ્વારા ચલાવવામાં આવી રહેલો એક સ્વતંત્ર પ્રોજેક્ટ, 'ઇન્ડિયા હેટ લેબ', એક દાયકા કરતાં પણ વધુ સમયથી નફરત ફેલાવતા ભાષણોના કેસો પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યો છે. માત્ર ૨૦૨૫માં જ ટ્રેકર્સ દ્વારા ૨૧ રાજ્યો, એક કેન્દ્રશાસિત પ્રદેશ અને દિલ્હીમાં પ્રત્યક્ષ નફરત ફેલાવતા ભાષણની ૧,૩૧૮ પ્રમાણિત ઘટનાઓ નોંધાઈ હતી. એટલે કે દરરોજ સરેરાશ ચાર ઘટનાઓ બને છે. 'ઈન્ડિયા હેટ લેબ'ના અભ્યાસ મુજબ, આ આંકડો ૨૦૨૪ની સરખામણીએ ૧૩% વધુ હતો અને ૨૦૨૩માં નોંધાયેલી ૬૬૮ ઘટનાઓ કરતાં લગભગ બમણો હતો. આમાંથી આશરે ૯૮% ઘટનાઓ મુસ્લિમોને નિશાન બનાવીને કરવામાં આવી હતી અને બાકીની ખ્રિસ્તીઓને નિશાન બનાવીને કરવામાં આવી હતી. અભ્યાસમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, આ ઘટનાઓ મુખ્યત્વે ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોમાં રેલીઓ, ધાર્મિક સરઘસો કે જાહેર સભાઓમાં બની હતી. આવા કાર્યક્રમોમાં બહિષ્કાર અને સામાજિક અલગતાની અપીલ સામાન્ય બની ગઈ હતી. ભાજપ અને તેના સહયોગી પક્ષોના ઘણા સાંસદો, ધારાસભ્યો અને મંત્રીઓ પર જાહેરમાં નફરત ફેલાવતા ભાષણો આપવાના આરોપો લાગ્યા છે. રાજ્યનું વહીવટી તંત્ર અને ન્યાયપાલિકા બંને તેમની સામે અસરકારક કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યા છે.



કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત એક કાર્યક્રમમાં, ભારતમાં ધાર્મિક લઘુમતીઓના ઉત્પીડન (હેરાનગતિ) અંગેના આક્ષેપોને વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવેલો 'પ્રોપેગેન્ડા' કહીને ફગાવી દીધા છે. જો કે, ભાજપ શાસનના છેલ્લા એક દાયકામાં ભારતમાં લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓને હિન્દુત્વવાદી કટ્ટરપંથીઓના હુમલાઓનો સૌથી વધુ સામનો કરવો પડ્યો છે.

**બુલડોઝરથી થતો અન્યાય**

ઘરો/દુકાનો જેવી મિલકતો તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવે છે. દક્ષિણપંથી વર્તુળો આને 'બુલડોઝર જસ્ટિસ' (બુલડોઝર ન્યાય) કહે છે. આ બુલડોઝર ન્યાય હેઠળ ઘણાં મુસ્લિમ વિસ્તારોને ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત કરવામાં આવ્યા છે. આની પાછળ એક ચોક્કસ પેટર્ન (ઢબ) છે. દર વખતે કોઈ સાંપ્રદાયિક ઘટના કે વિરોધ પ્રદર્શન પછી, મુસ્લિમોના ઘરોને સહેલાઈથી નિશાન બનાવવામાં આવે છે. એમિસ્ટી ઈન્ટરનેશનલે માત્ર એપ્રિલ અને જૂન ૨૦૨૨ની વચ્ચે આવા તોડફોડના ૧૨૮ બનાવો નોંધ્યા હતા. આ ઘટનાઓમાં ૬૦૦થી વધુ લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાંથી મોટાભાગના મુસ્લિમો હતા. ૨૦૨૪માં સજા તરીકે કરવામાં આવતી તોડફોડને રોકવા માટે સુપ્રીમ કોર્ટના નિર્દેશો આપ્યા હોવા છતાં, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં આ અભિયાન ચાલુ જ રહ્યા હતા. ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં કોઈને પણ 'ન્યાય' અપાવવા માટે બુલડોઝર ચલાવવાની પ્રથા સામાન્ય બન્યા અગાઉ, મધ્યપ્રદેશની શિવરાજ સિંહ ચૌહાણ સરકારે વર્ષ ૨૦૧૬માં જ આ પદ્ધતિ શરૂ કરી દીધી હતી. તેનો સૌથી તાજેતરનો કિસ્સો ૧૩ મેનો છે, જ્યારે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના એક કાઉન્સિલર આ બુલડોઝરની કાર્યવાહીનો ભોગ બન્યા હતા. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં મતીન પટેલનું ઘર ત્યારે તોડી પાડવામાં આવ્યું હતું જ્યારે પોલીસે આરોપ લગાવ્યો હતો કે તેમણે નિદા ખાનને આશરો આપ્યો હતો. નિદા ખાન એક યુવતી ટેલિકોલર છે, જે નાસિકના ચર્ચિત 'TCS કેસ'માં તેની કથિત ભૂમિકાને કારણે તપાસના દાયરામાં આવી હતી.

**ભારતમાં ધર્માંતરણ વિરોધી કાયદા**

ભારતના એક ડઝન (બાર) કરતાં વધુ રાજ્યોએ કડક ધર્મ-પરિવર્તન વિરોધી કાયદા લાગુ કર્યા છે, જે અવારનવાર ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને નિશાન બનાવે છે. ખ્રિસ્તીઓ વિરુદ્ધ વધી રહેલી હિંસા મામલે દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓ બાદ, આ વર્ષે ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે 'રાજ્યના પીઠબળથી થતી ગુંડાગીરી' અને ધરપકડના કેસોની સમીક્ષા કરવા માટે સંમતિ દર્શાવી હતી. અરજદાર 'નેશનલ કાઉન્સિલ ઓફ ચર્ચિસ ઈન ઈન્ડિયા'એ દલીલ કરી હતી કે આ કાયદાઓની વ્યાખ્યા અસ્પષ્ટ છે અને આ કાયદાઓ ગુંડાગીરી કરતા જૂથોને લઘુમતીઓ વિરુદ્ધ ખોટી ફરિયાદો નોંધાવવા માટે પ્રોત્સાહિત કરે છે. અહેવાલ મુજબ, આ કાયદાઓ હેઠળ ૪૦૦થી વધુ ખ્રિસ્તીઓની ધરપકડ કરવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશના ધર્મપરિવર્તન-વિરોધી કાયદા હેઠળ નોંધાયેલા ઘણા કેસોને ફગાવી દીધા હતા. કોર્ટે કહ્યું હતું કે તેમાં 'એવી કાનૂની ખામીઓ હતી જેને સુધારી ન શકાય' અને એવું લાગે છે કે આ કેસો લોકોને હેરાન કરવાના (ઉત્પીડનના) હેતુથી નોંધવામાં આવ્યા હતા. આવા નિર્ણયો છતાં ઉત્તર અને મધ્ય ભારતના ઘણા રાજ્યોમાં પ્રાર્થના સભાઓ અને ચર્ચની સેવાઓ દરમિયાન ધરપકડ અને પોલીસની દખલગીરી ચાલુ રહી છે. આ કાયદાઓની ખાસ કરીને અલગ-અલગ ધર્મના લોકો વચ્ચેના લગ્નો સાથે જોડાયેલા કથિત 'લવ જિહાદ'ના કેસોમાં મુસ્લિમો પર પણ ખૂબ જ ઊંડી અસર પડી છે.

**ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ અંગેનો દૃષ્ટિકોણ**

મોટા પાયે 'ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરો'ના વલણની શરૂઆત આસામ, પશ્ચિમ બંગાળ અને ભાજપના ચૂંટણી પ્રચારોથી થઈ હતી, તે હવે ભારતીય રાજકારણનો વારંવાર પુનરાવર્તિત થતો મુદ્દો બની ગયો છે. ૨૦૧૬માં, રિજિજુ જ્યારે ગૃહ રાજ્યમંત્રી હતા ત્યારે તેમણે સંસદમાં કોઈપણ સ્ત્રોતનો ઉલ્લેખ કર્યા વિના જણાવ્યું હતું કે, આશરે ૨૦ મિલિયન 'ગેરકાયદેસર બાંગ્લાદેશી સ્થળાંતરીત' છે. આ દાવો ત્યારે પણ કરવામાં આવ્યો હતો જ્યારે સરકારે પોતે સ્વીકાર્યું હતું કે, આ બાબતના ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી. 'બાંગ્લાદેશી' કહેવા અંગેની આ રાજકીય નિવેદનબાજીની ભારતમાં મુસ્લિમોના જીવન પર સીધી અસર પડી છે. દેશના અલગ-અલગ ભાગોમાં ઘણા મુસ્લિમો, ખાસ કરીને પ્રવાસી મજૂરોને 'બાંગ્લાદેશી ઘૂસણખોર' હોવાના આક્ષેપ હેઠળ ટોળાના રોષનો સામનો કરવો પડ્યો છે. 'આર્ટિકલ ૧૪'માં છપાયેલા એક વિસ્તૃત અહેવાલમાં રિપોર્ટર સ્નિગ્ધેન્દુ ભટ્ટાચાર્યએ એવા ઘણા કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો છે, જ્યાં હિન્દુ જાગ્રત જૂથો અને પોલીસે બંગાળી બોલતા મુસ્લિમોને ભાજપ શાસિત રાજ્યોમાંથી સ્થળાંતર કરવા માટે મજબૂર કર્યા હતા.

વર્ષ ૨૦૧૯માં જ્યારે આસામમાં નેશનલ રજિસ્ટર ઑફ સિટીઝન્સ (NRC)ની પ્રક્રિયા શરૂ થઈ, ત્યારે આશરે ૧૯ લાખ લોકોને ગેરકાયદેસર ઘૂસણખોર ગણીને યાદીમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા. તેમાં બંગાળી મૂળના મુસ્લિમોની વસ્તી મોટી સંખ્યામાં હતી, જોકે તેનાથી ઘણા હિન્દુઓ પણ પ્રભાવિત થયા હતા. એક તરફ જ્યાં લઘુમતીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, ત્યાં બીજી તરફ છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થળાંતરને લગતો એક નવો વલણ પણ સામે આવ્યો છે. અમેરિકા સ્થિત Pew Research Center દ્વારા વર્ષ ૨૦૨૪માં બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવ્યા મુજબ, ભારતમાં હિન્દુઓની વસ્તી આશરે ૮૦% છે, પરંતુ વિદેશ સ્થાયી થનારા ભારતીયોમાં તેમનો હિસ્સો માત્ર ૪૧% છે. તેની સામે, દેશની કુલ વસ્તીમાં ૧૫% હિસ્સો ધરાવતા મુસ્લિમો વિદેશ જનારાઓમાં ૩૩% અને ૨% વસ્તી ધરાવતા ખ્રિસ્તીઓ ૧૬% છે.

**વિવાદાસ્પદ વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા**

ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ'ના નામે ઊભા કરાયેલા રાજકીય વાતાવરણનો ઉપયોગ એ સમયે પણ કરવામાં આવ્યો જ્યારે ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં વિશેષ સઘન પુનરીક્ષણ (SIR - Special Intensive Revision) પ્રક્રિયા શરૂ કરી હતી. ચૂંટણી પંચે અગાઉ બિહારમાં પણ આ જ પ્રક્રિયા લાગુ કરી હતી, જ્યાં પણ ઘણા પરિવારોને રાતોરાત તેમના મતદાન અધિકારથી વંચિત રાખવામાં આવ્યા હતા. બંને રાજ્યોમાં, વિધાનસભા ચૂંટણી પહેલા SIR પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપે SIRને ગેરકાયદે ઘુસણખોરોને 'ઓળખવા' અને 'દૂર' કરવા માટે એક અસરકારક પગલું ગણાવ્યું છે, અને દાવો કર્યો છે કે તેનાથી પશ્ચિમ બંગાળમાં વોટ-બેંક રાજકારણનો પર્દાફાશ થયો છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) સહિત વિપક્ષી પક્ષોએ તેને 'પાછલા દરવાજેથી લાવવામાં આવેલ NRC' ગણાવીને ટીકા કરી છે, અને આરોપ લગાવ્યો છે કે તે સાચા ભારતીય નાગરિકો - ખાસ કરીને બંગાળી મુસ્લિમો અને બાંગ્લાદેશથી આવેલા ચોક્કસ હિન્દુ શરણાર્થીઓને લક્ષ્ય બનાવે છે. જ્યારથી પશ્ચિમ બંગાળમાં SIR (Special Intensive Revision - મતદાર યાદીની વિશેષ સઘન ચકાસણી) લાગુ થઈ છે, ત્યારથી 'ધ વાયર' (The Wire - ન્યૂઝ પોર્ટલ) દ્વારા આ મુદ્દે વિસ્તૃત રિપોર્ટિંગ કરવામાં આવ્યું છે. આ અહેવાલોમાં રાજ્યભરમાં મુસ્લિમોની લાચારી અને તેમને હેતુપૂર્વક મતદાર યાદીમાંથી બહાર કાઢવામાં આવ્યા હોવાની વાતો સામે લાવવામાં આવી છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીના થોડા મહિના પહેલા જ પૂરી થયેલી આ પ્રક્રિયામાં SIR પ્રક્રિયા દ્વારા ૯૦ લાખથી વધુ મતદારોને મતદાર યાદીમાંથી બાકાત કરી દેવામાં આવ્યા છે. જેમાં ૩૪%થી વધુ મુસ્લિમો છે.

**સંસદ અને સરકારમાં લઘુમતીઓનું ઓછું પ્રતિનિધિત્વ**

આઝાદ ભારતના ઈતિહાસમાં પહેલી વખત, મોદીની ત્રીજી કેબિનેટ (૨૦૨૪)માં કોઈ મુસ્લિમ મંત્રી નથી. આ સિલસિલો અગાઉની સરકારના અંતિમ તબક્કાથી જ ચાલી રહ્યો છે, જ્યારે છેલ્લા મુસ્લિમ મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી પોતાની રાજ્યસભાની બેઠક હારી ગયા હતા. ખ્રિસ્તીઓનું પ્રતિનિધિત્વ પણ ખૂબ ઓછું છે. રિજિજુ ઈસાઈ સમુદાયના તે ખૂબ જ ઓછા લોકોમાંથી એક છે જેઓ સંસદમાં પહોંચ્યા છે અને મોદી સરકારમાં કેન્દ્રીય મંત્રી છે. ભારતની વસ્તીના લગભગ ૧૪-૧૫% (આશરે ૨૦ કરોડ લોકો) હિસ્સો ધરાવતા મુસ્લિમો, ૨૦૨૪માં ચૂંટાયેલી ૧૮મી લોકસભામાં માત્ર ૨૪ બેઠકો (આશરે ૪.૪%) પર જ પ્રતિનિધિત્વ ધરાવે છે. છેલ્લા છ દાયકાઓમાં આ સૌથી ઓછી ટકાવારી પૈકીની એક છે. આ તમામ ૨૪ મુસ્લિમ સાંસદો વિપક્ષી પક્ષોમાંથી, મુખ્યત્વે 'ઇન્ડિયા' (INDIA) ગઠબંધનમાંથી છે.

**(સૌ. : ધ વાયર હિન્દી.કોમ)**

## જૂનાગઢ શહેર- જિલ્લામાં તાજિયાના ભવ્ય જુલૂસ યોજાયા : શહિદોને અશ્રુભીની શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૭

શહાદતના પર્વ મોહર્રમ નિમિત્તે ગતરાત્રે જૂનાગઢ શહેર-જિલ્લામાં તાજિયાના ભવ્ય જુલૂસ યોજાયા હતા. જૂનાગઢ શહેરમાં નવાબી પરંપરા મુજબની સેઝની આગેવાનીમાં ૫૦થી વધુ તાજિયાઓનું જુલૂસ નીકળ્યું હતું ગત મોડી સાંજે શરૂ થયેલું જુલૂસ આજે વહેલી સવારે વંથલી દરવાજા સ્થિત કરબલા ખાતે કોમી એકતા અને ભાઈચારાના સંદેશા સાથે સંપન્ન થયું હતું. તાજિયાના સમગ્ર રૂટ પર ઠેર-ઠેર નયનરમ્ય રોશની, સબીલ, નિયાઝ (પ્રસાદ)નું વ્યાપક આયોજનો થયા હતા. જુલૂસમાં ૨૫૦૦૦થી વધુ લોકો શામેલ થયા હતા. જૂનાગઢ શહેરના રાજમાર્ગો જેલરોડ, સુખનાથ ચોક, ઝાલોરાપા, ભાટીયા ધર્મશાળા રોડ, માંડવી ચોક, સર્કલ ચોક, દિવાન ચોક, ઢાલ રોડ, ચિતાખાના ચોક, ગાંધી ચોક, વંથલી દરવાજા ખાતે તાજિયાનું જુલૂસ આખી રાત રહયું હતું. ચિતાખાના ચોકમાં અને ઢાલ રોડ ઉપર જયારે તાજિયા એક હરોળમાં આવ્યા ત્યારે ખૂબજ અદભૂત દશ્ય સર્જાયું હતું. અકીદતમંદોએ યા હુસૈનના નારા સાથે કરબલાના શહિદોને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. તાજિયાના જુલૂસ દરમ્યાન હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ તંત્ર સાથે સંકલન જાળવી તાજિયાનું જુલૂસ શાંતિથી સંપન્ન થાય તે માટે પ્રસંશનીય કાર્યવાહી કરી વ્યવસ્થા જાળવી રાખી હતી. જૂનાગઢ રેન્જ આઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી હિતેષ ધાંધલીયા ઉપરાંત એ, બી. અને સી ડિવિઝનના પીઆઈ સહિત ૪ પીઆઈ, ૧૬ પીએસઆઈ, ૩૮ એસઆરપી, ૫૦ હોમગાર્ડ સહિતનો પોલીસ કાફલા દ્વારા ચુસ્ત બંદોબસ્ત જાળવી રાખવામાં આવ્યો હતો. તાજિયાના સમગ્ર રૂટ પર પોલીસ તંત્ર સતત ખડેપગે રહી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખી હતી. જૂનાગઢ જિલ્લામાં વંથલી, કેશોદ, માંગરોળ, માણાવદર, બિલખા, ભેસાણ, વિસાવદર, માળીયા ખાતે પણ પરંપરા મુજબ તાજિયાના જુલૂસ યોજાયા હતા.



(તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

## અંકલેશ્વરમાં શિયા ઈસ્ના અશરી જમાત દ્વારા ભવ્ય જુલૂસ કાઢવામાં આવ્યું



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૭

કરબલાના મહાન શહીદ હઝરત ઈમામ હુસૈન (ર.હી) અને તેમના સાથીઓની યાદમાં અંકલેશ્વર ખાતે સિયા ઈસ્ના અશરી જમાત દ્વારા એક ભવ્ય અને ભાવપૂર્ણ જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જુલૂસમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા.સિયા ઈસ્ના અશરી જમાત દ્વારા આયોજિત આ જુલૂસનું પ્રસ્થાન અબ્બાસી હોલ ખાતેથી થયું હતું. માતમી ધૂન અને ઈમામ હુસૈનની યાદમાં શહીદીના નારાઓ સાથે આ જુલૂસ શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધ્યું હતું. શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને આ ભવ્ય જુલૂસ હોટલ ડિસેન્ટ ખાતે સંપન્ન થયું હતું.જુલૂસ દરમિયાન કરબલાના શહીદોએ માનવતા અને સત્ય કાજે આપેલા બલિદાનને યાદ કરવામાં આવ્યું હતું. સમગ્ર જુલૂસ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પ્રશાસન દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જમાતના આગેવાનોએ જુલૂસને સફળ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા બદલ તમામ સભ્યો અને સ્થાનિક વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પાટણ શહેર સહિત જિલ્લાભરમાં મોહર્રમ નિમિત્તે જુલૂસ નીકળ્યા

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૨૭

પાટણ શહેર સહિત જિલ્લાના સિદ્ધપુર, ચાણસ્મા, વાગડોદ, મેસર, કાકોશી, હારીજ, સમી, રાધનપુર, વારાહી, સિધાડા, વડાવલી, ટાકોદી, સમી, પાડલા, ગોતરકા, વાઘણા, સરીયદ અને સાંતલપુરમાં કોમી એકતાના એખલાસભર્યા વાતાવરણમાં તાજિયા શરીફ, દુલ દુલ ઘોડા અને પંજા મુબારકના જુલૂસ નીકળ્યા હતા. પાટણ શહેરમાં ૧૦ તાજિયા અને મન્નત સહિતના ૩૬થી વધુ દુલ દુલ ઘોડા સાથેનું જુલૂસ હજારો અકીદતમંદોની હાજરીમાં તેના પરંપરાગત રૂટ ઉપર ફર્યું હતું અને મોડી સાંજે ખાન સરોવર દરવાજા પાસે આવેલ ઈમામવાડા પાસે વિસર્જિત થયું હતું. તો જિલ્લામાં ૨૫૦થી વધુ તાજિયા, ઘોડા, પંજામુબારકના જુલૂસ નીકળ્યા હતા.

શુક્રવારે બપોરની નમાઝ બાદ બુકડી, પીંજારકોટ, વનાગવાડો, ટાંકવાડા, પાંચપાડા, ટાંકવાડા, ઈકબાલચોક, દોસ્તનો મહોલ્લો, મુલ્લાવાડ, રતનપોળ, કાલીબજાર, ગુલશનનગર, કુરેશીવાસ સહિતના વિવિધ વિસ્તારોમાંથી ૧૦ તાજિયા અને મન્નત સહિતના ૩૫થી વધુ દુલ દુલ ઘોડાઓ યા હુસૈન.... યા હુસૈન...ના નારાઓ સાથે નીકળ્યા હતા. જે શહેરના વિવિધ વિસ્તારોમાં થઇ કનસડા દરવાજા ખાતે આવી પહોંચ્યા હતા. જુલૂસમાં જોડાયેલા હજારો અકીદતમંદો અને વિવિધ અખાડીયનોએ હેરતઅંગેત કરતબો દેખાડ્યા હતા.

તાજિયા જુલૂસના રૂટ ઉપર ગાયકવાડી શાસનના હુસૈની ટ્રસ્ટ સંચાલિત સરકારી તાજિયાનું ઠેર-ઠેર હિન્દુ-મુસ્લિમ રાજકીય અને સામાજિક આગેવાનો દ્વારા સલામી આપી શહીદે આઝમ ઈમામ હુસૈન (ર.હી.)ને અકીદત પેશ કરી હતી. આ ભવ્ય જુલૂસ રતનપોળ, ત્રણ દરવાજા, દોશીવટ બજાર, લોટેશ્વર, રાજકાવાડા થઇ ખાનસરોવર દરવાજા ખાતે પહોંચ્યું હતું.



(તસવીર : ઈલ્મુદ્દીન પીરઝાદા, પાટણ)

## શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ ડીસા દ્વારા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રૂટ વિતરણ કરાયું





(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૭

મોહર્રમ નિમિત્તે શૈખુલ ઈસ્લામ મોહમદ મદની અશરફ તથા તેમના જાનશીન સૈયદ હમઝા અશરફના આદેશ અનુસાર ડીસા શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ દ્વારા ડીસા સિવિલમાં દાખલ ૧૦૦થી વધુ દર્દીઓને ફ્રૂટ વિતરણ કરી સેવાની ભાવના દર્શાવી હતી. આ પ્રસંગે હઝરત સૈયદ મોહમદ અલી બાવા તથા પ્રમુખ હાજી મુસ્તુફા ભાઈ તથા ટ્રસ્ટના મોટી સંખ્યામા ભાઈઓ ઉપસ્થિત રહી દર્દીઓને ખાટલે ખાટલે જઈ ખબર અંતર પૂછી જલદી નિરોગી થાય તેવી પ્રાર્થના કરી ફ્રૂટ વિતરણ કરી સેવાની સુવાસ ફેલાવી હતી સિવિલ હોસ્પિટલ વાળાએ કામગીરીને બિરદાવી હતી. કોમી એકતાના દશ્યો જોવા મળ્યા હતા.

## જૂનાગઢના ચકચારી સિંહબાળની હત્યાના બનાવનો ફરાર આરોપી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ નજીક રબારી નેસ વિસ્તારમાં માત્ર ૭થી ૮ મહિનાના નર સિંહબાળની ક્રૂર હત્યાનો બનાવ બન્યો હતો. સિંહબાળના મોતના ઘાતકી ગુનામાં મુખ્ય શંકાસ્પદ અને ઘટના બાદ પોતાનો મોબાઈલ સ્વિચ ઓફ કરીને ભાગી ગયેલા આરોપી બાવન પુનાભાઈ ચાવડાને વન વિભાગની ત્રણ ટીમોએ સંયુક્ત સર્ચ ઓપરેશન ચલાવીને દબોચી લીધો છે. પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકામાંથી ઝડપાયેલા આ આરોપીને વધુ પૂછપરછ માટે જૂનાગઢ લાવવામાં આવ્યો છે.

આરોપીની પૂછપરછ દરમ્યાન જાણવા મળ્યું કે, તેની માનસિકતા અત્યંત વિકૃત અને ક્રૂર સ્વભાવની છે. તેણે કબૂલાત કરી છે કે તેણે સિંહબાળની હત્યા કરી હતી. વધુમાં, તેણે ભૂતકાળમાં અનેક શ્વાનો તેમજ સાપોને પણ મારી નાખ્યાની કબૂલાત કરી છે. આ હકીકતો તેના દ્વારા વન્યજીવો તથા અન્ય પ્રાણીઓ પ્રત્યે સતત હિંસક અને અસંવેદનશીલ વલણ દર્શાવે છે. આ બનાવની વિગત એવી છે કે, ગત ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ જૂનાગઢ વન વિભાગના ડુંગર (દક્ષિણ) રેન્જ હેઠળ આવતા રબારી નેસ વિસ્તારમાંથી એક અંદાજે ૭થી ૮ માસની વયના નર સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો. વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરતા જ સિંહબાળના શરીર પર ગંભીર શારીરિક ઈજાના નિશાનો જોવા મળ્યા હતા, જેના કારણે વન તંત્ર ચોંકી ઉઠ્યું હતું અને મામલાની ગંભીરતાને જોઈને તુરંત તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## વડોદરાની વાઘોડિયા ચોકડી પાસે દિલ્હીના યુવક પર ફાયરિંગ થતાં ચકચાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

વડોદરા શહેરના વાઘોડિયા ચોકડીથી વાઘોડિયા જવાના મુખ્ય માર્ગ પર ગઈ મોડી રાત્રે ગારમેન્ટનો વ્યવસાય કરતા અને મૂળ દિલ્હીના યુવક પર અજાણ્યા બાઈક સવાર શખસોએ ફાયરિંગ કરતા ચકચાર મચી જવા પામી છે. કારચાલક યુવકને ખભાના ભાગે ગોળી વાગતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.વાઘોડિયા ચોકડી પાસે આશિષ મદનલાલ બાકોલિયા નામના વેપારી યુવકને રોકીને હુમલાખોરોએ તેના ખભામાં ગોળી મારી હતી. ગંભીર ઈજાગ્રસ્ત યુવકને લોહીલુહાણ હાલતમાં જોતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. હુમલાખોરો ફાયરિંગ કરી તરત જ ફરાર થઈ ગયા હતા. ગંભીર યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે ડીવાયએસપી પી.એન.પટેલ જણાવ્યું કે, વાઘોડિયા ચોકડી પાસે એક ભાઈ કાર લઈને જતા હતા ત્યારે બે શખ્સો આવી ઓવરટેક કરી તેઓની ઉપર ફાયરિંગ કર્યું હતું. આસપાસના સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ પુરાવાઓના આધારે હુમલાખોરોની શોધખોળ ચાલુ છે. ફાયરિંગ પાછળ અંગત અદાવત કે અન્ય કોઈ કારણ છે તેની તપાસ માટે અલગ-અલગ ટીમો કામે લાગી છે. આ અંગે વરણામા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

### તળાજાના જૂના રાજપરા ગામનો કરૂણ બનાવ

## પરિણીતાએ ૪ માસની દીકરી સાથે અગ્નિસ્નાન કરતા બંનેના મોત

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૨૭

તળાજા તાલુકાના રાજપરા (જૂના) ગામેથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં શ્રમિક પરિવારની પરિણીતા દક્ષાબેન અરવિંદભાઈ ભાલિયા (ઉ.વ.૨૬)એ પોતાની ૪ મહિનાની દીકરી ત્રીશા સાથે શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. ગંભીર રીતે દાઝી ગયેલા માતા-પુત્રીને તાત્કાલિક ભાવનગર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન બંનેના મોત નીપજ્યા હતા. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ દક્ષાબેનના પતિ શેરીમાં બેઠા હતા અને સાસુ મરણોત્તર વિધિમાં ગયા હતા. પ્રાથમિક તપાસ મુજબ, ઘટનાની અગાઉની રાત્રે ઘરે મહેમાનો આવ્યા હતા અને સવારે દક્ષાબેને ઉત્સાહપૂર્વક ભોજન પણ બનાવ્યું હતું, જેથી પરિવારને આ પગલાનો સહેજ પણ અણસાર આવ્યો નહોતો. પિયર પક્ષ તરફથી કોઈ આક્ષેપ કરાયા નથી. દાઠા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી, એફએસએલ અને પીએમ રિપોર્ટના આધારે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# રિજિજુ સાહેબ ! ભારતમાં ધાર્મિક લઘુમતીઓનું ઉત્પીડન એ વાસ્તવિકતા છે કોઈ દુષ્પ્રચાર નથી

નવી દિલ્હીના ભારત મંડપમમાં ગત ૪ જૂનને ગુરુવારે લઘુમતી બાબતોના મંત્રાલયએ સરકારી યોજનાઓમાં ડિજિટલ પરિવર્તન અને સુશાસનના મોદી સરકારના ૧૨ વર્ષ પૂરા થવાના અવસર પર બોલતા કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ એક નિવેદન આપ્યું હતુ કે, "ભારતમાં લઘુમતીઓ સુરક્ષિત નથી તેવા વિપક્ષના આક્ષેપો પાયાવિહોણા છે. મને એક પણ એવું ઉદાહરણ આપો જ્યાં કોઈ વ્યક્તિએ પોતાની ઓળખ અથવા ધાર્મિક પૃષ્ઠભૂમિને કારણે સુરક્ષિત ન અનુભવવાને લીધે ભારત છોડી દીધું હોય." તેમણે ભારતમાં ધાર્મિક લઘુમતીઓના ઉત્પીડનને વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવેલ 'પ્રોપેગેન્ડા' (દુષ્પ્રચાર) કહીને નકારી કાઢ્યું હતું. લઘુમતી બાબતોના મંત્રી તરફથી આવેલું આ નિવેદન માત્ર સચ્ચાઈનો ઈનકાર ન હતું. તે જમીની વાસ્તવિકતાને ખરાબ રીતે તોડી-મરોડીને રજૂ કરવાનું હતું, જ્યાં નફરતથી પ્રેરાયેલી હિંસા અને સંસ્થાકીય ભેદભાવ વધી રહ્યા છે.

છેલ્લા એક દાયકામાં, જ્યારથી ભાજપ સત્તામાં આવ્યો છે ત્યારથી, ભારતના લઘુમતીઓ - ખાસ કરીને મુસ્લિમો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોમાંથી ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓને હિન્દુત્વવાદી કટ્ટરપંથીઓના હુમલાઓનો સૌથી વધુ સામનો કરવો પડ્યો છે. આ બધું એટલા માટે શક્ય બન્યું કારણ કે સરકારી તંત્ર કાં તો નિષ્ફળ ગયું છે અથવા આવા ખુલ્લેઆમ હુમલાઓ તરફ સંપૂર્ણપણે આંખ આડા કાન કરી રહ્યું છે. વધુમાં, કેન્દ્ર સરકાર અને ભાજપ શાસિત રાજ્યોએ એવી નીતિઓ લાગુ કરી છે, જેને કારણે અગાઉથી જ નબળા એવા આ સમુદાયોને વધુ હાંસિયામાં ધકેલી દીધા છે. અહીં લઘુમતી અધિકારોના તે અસંખ્ય ઉલ્લંઘનોની યાદી આપવામાં આવી છે જેને રિજિજુએ પોતાની સરકારની છબી સુધારવાની આતુરતામાં નજરઅંદાજ કરી દીધા છે.

**ગાયોનું રક્ષણ કરવાના નામે થતી હિંસા**

જો રિજિજુ અથવા તેમનું ભાષણ લખનાર વ્યક્તિએ માત્ર એક જ વાર ગૂગલ પર સર્ચ કર્યું હોત, તો તેમને ૨૦૧૪ પછી ભારતમાં 'ગો-રક્ષક' હિંસાની યાદી મળી ગઈ હોત. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)- જે દર વર્ષે ગુનાના આંકડા બહાર પાડતી એકમાત્ર સરકારી સંસ્થા છે- તેણે હંમેશા 'ગો-રક્ષક' હિંસા અથવા નફરતથી પ્રેરાયેલા ગુનાઓને (હેટ ક્રાઈમ) અલગ કેટેગરીમાં રાખવાનો ઈન્કાર કર્યો છે. જોકે, અલગ-અલગ સમયે થયેલા ઘણાં અભ્યાસોમાં દેશના જુદા-જુદા ભાગોમાં હત્યા અને ઈજા પહોંચાડવાના કિસ્સાઓ નોંધવામાં આવ્યા છે. વિકિપીડિયા પર આવી ઓછામાં ઓછી ૮૨ ઘટનાઓની યાદી છે. આ કોઈ પણ રીતે સંપૂર્ણ યાદી નથી, કારણ કે દેશના મોટાભાગના વિસ્તારોમાં આવી હિંસાના ઘણા કિસ્સાઓ નોંધાતા જ નથી. છતાં, આનાથી એ સ્પષ્ટ થાય છે કે 'ગૌરક્ષક' જૂથોએ ભારતના વિવિધ ભાગોમાં મુસ્લિમ સમુદાયોમાં કઈ હદ સુધીનો ડર ફેલાવ્યો છે.

**ધાર્મિક લઘુમતીઓ સામે નફરત ફેલાવતા ભાષણો**

હાલના વર્ષોમાં ધાર્મિક લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વિરુદ્ધ નફરત ફેલાવતા ભાષણો (હેટ સ્પીચ)માં સતત વધારો જોવા મળ્યો છે. 'સેન્ટર ફોર ધ સ્ટડી ઑફ ઑર્ગેનાઈઝ્ડ હેટ' (CSOH) દ્વારા ચલાવવામાં આવી રહેલો એક સ્વતંત્ર પ્રોજેક્ટ, 'ઈન્ડિયા હેટ લેબ', એક દાયકા કરતાં પણ વધુ સમયથી નફરત ફેલાવતા ભાષણોના કેસો પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યો છે. માત્ર ૨૦૨૫માં જ ટ્રેકર્સ દ્વારા ૨૧ રાજ્યો, એક કેન્દ્રશાસિત પ્રદેશ અને દિલ્હીમાં પ્રત્યક્ષ નફરત ફેલાવતા ભાષણની ૧,૩૧૮ પ્રમાણિત ઘટનાઓ નોંધાઈ હતી. એટલે કે દરરોજ સરેરાશ ચાર ઘટનાઓ બને છે. 'ઈન્ડિયા હેટ લેબ'ના અભ્યાસ મુજબ, આ આંકડો ૨૦૨૪ની સરખામણીએ ૧૩% વધુ હતો અને ૨૦૨૩માં નોંધાયેલી ૬૬૮ ઘટનાઓ કરતાં લગભગ બમણો હતો. આમાંથી આશરે ૯૮% ઘટનાઓ મુસ્લિમોને નિશાન બનાવીને કરવામાં આવી હતી અને બાકીની ખ્રિસ્તીઓને નિશાન બનાવીને કરવામાં આવી હતી. અભ્યાસમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, આ ઘટનાઓ મુખ્યત્વે ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોમાં રેલીઓ, ધાર્મિક સરઘસો કે જાહેર સભાઓમાં બની હતી. આવા કાર્યક્રમોમાં બહિષ્કાર અને



કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત એક કાર્યક્રમમાં, ભારતમાં ધાર્મિક લઘુમતીઓના ઉત્પીડન (હેરાનગતિ) અંગેના આક્ષેપોને વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવેલો 'પ્રોપેગેન્ડા' કહીને ફગાવી દીધા છે. જો કે, ભાજપ શાસનના છેલ્લા એક દાયકામાં ભારતમાં લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓને હિન્દુત્વવાદી કટ્ટરપંથીઓના હુમલાઓનો સૌથી વધુ સામનો કરવો પડ્યો છે.

સામાજિક અલગતાની અપીલ સામાન્ય બની ગઈ હતી. ભાજપ અને તેના સહયોગી પક્ષોના ઘણા સાંસદો, ધારાસભ્યો અને મંત્રીઓ પર જાહેરમાં નફરત ફેલાવતા ભાષણો આપવાના આરોપો લાગ્યા છે. રાજ્યનું વહીવટી તંત્ર અને ન્યાયપાલિકા બંને તેમની સામે અસરકારક કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યા છે.

**બુલડોઝરથી થતો અન્યાય**

ઘરો/દુકાનો જેવી મિલકતો તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવે છે. દક્ષિણપંથી વર્તુળો આને 'બુલડોઝર જસ્ટિસ' (બુલડોઝર ન્યાય) કહે છે. આ બુલડોઝર ન્યાય હેઠળ ઘણાં મુસ્લિમ વિસ્તારોને ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત કરવામાં આવ્યા છે. આની પાછળ એક ચોક્કસ પેટર્ન (ઢબ) છે. દર વખતે કોઈ સાંપ્રદાયિક ઘટના કે વિરોધ પ્રદર્શન પછી, મુસ્લિમોના ઘરોને સહેલાઈથી નિશાન બનાવવામાં આવે છે. એમિસ્ટી ઈન્ટરનેશનલે માત્ર એપ્રિલ અને જૂન ૨૦૨૨ની વચ્ચે આવા તોડફોડના ૧૨૮ બનાવો નોંધ્યા હતા. આ ઘટનાઓમાં ૬૦૦થી વધુ લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાંથી મોટાભાગના મુસ્લિમો હતા. ૨૦૨૪માં સજા તરીકે કરવામાં આવતી તોડફોડને રોકવા માટે સુપ્રીમ કોર્ટના નિર્દેશો આપ્યા હોવા છતાં, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં આ અભિયાન ચાલુ જ રહ્યા હતા. ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં કોઈને પણ 'ન્યાય' અપાવવા માટે બુલડોઝર ચલાવવાની પ્રથા સામાન્ય બન્યા અગાઉ, મધ્યપ્રદેશની શિવરાજ સિંહ ચૌહાણ સરકારે વર્ષ ૨૦૧૬માં જ આ પદ્ધતિ શરૂ કરી દીધી હતી. તેનો સૌથી તાજેતરનો કિસ્સો ૧૩ મેનો છે, જ્યારે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના એક કાઉન્સિલર આ બુલડોઝરની કાર્યવાહીનો ભોગ બન્યા હતા. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં મતીન પટેલનું ઘર ત્યારે તોડી પાડવામાં આવ્યું હતું જ્યારે પોલીસે આરોપ લગાવ્યો હતો કે તેમણે નિદા ખાનને આશરો આપ્યો હતો. નિદા ખાન એક યુવતી ટેલિકોલર છે, જે નાસિકના ચર્ચિત 'TCS કેસ'માં તેની કથિત ભૂમિકાને કારણે તપાસના દાયરામાં આવી હતી.

**ભારતમાં ધર્માંતરણ વિરોધી કાયદા**

ભારતના એક ડઝન (બાર) કરતાં વધુ રાજ્યોએ કડક ધર્મ-પરિવર્તન વિરોધી કાયદા લાગુ કર્યા છે, જે અવારનવાર ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને નિશાન બનાવે છે. ખ્રિસ્તીઓ વિરુદ્ધ વધી રહેલી હિંસા મામલે દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓ બાદ, આ વર્ષે ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે 'રાજ્યના પીઠબળથી થતી ગુંડાગીરી' અને ધરપકડના કેસોની સમીક્ષા કરવા માટે સંમતિ દર્શાવી હતી. અરજદાર 'નેશનલ કાઉન્સિલ ઓફ ચર્ચિસ ઈન ઈન્ડિયા'એ દલીલ કરી હતી કે આ કાયદાઓની વ્યાખ્યા અસ્પષ્ટ છે અને આ કાયદાઓ ગુંડાગીરી કરતા જૂથોને લઘુમતીઓ વિરુદ્ધ ખોટી ફરિયાદો નોંધાવવા માટે પ્રોત્સાહિત કરે છે. અહેવાલ મુજબ, આ કાયદાઓ હેઠળ ૪૦૦થી વધુ ખ્રિસ્તીઓની ધરપકડ કરવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશના ધર્મપરિવર્તન-વિરોધી કાયદા હેઠળ નોંધાયેલા ઘણા કેસોને ફગાવી દીધા હતા. કોર્ટે કહ્યું હતું કે તેમાં 'એવી કાનૂની ખામીઓ હતી જેને સુધારી ન શકાય' અને એવું લાગે છે કે આ કેસો લોકોને હેરાન કરવાના (ઉત્પીડનના) હેતુથી નોંધવામાં આવ્યા હતા. આવા નિર્ણયો છતાં ઉત્તર અને મધ્ય ભારતના ઘણા રાજ્યોમાં પ્રાર્થના સભાઓ અને ચર્ચની સેવાઓ દરમિયાન ધરપકડ અને પોલીસની દખલગીરી ચાલુ રહી છે. આ કાયદાઓની ખાસ કરીને અલગ-અલગ ધર્મના લોકો વચ્ચેના લગ્નો સાથે જોડાયેલા કથિત 'લવ જિહાદ'ના કેસોમાં મુસ્લિમો પર પણ ખૂબ જ ઊંડી અસર પડી છે.

**ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ અંગેનો દૃષ્ટિકોણ**

મોટા પાયે 'ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરો'ના વલણની શરૂઆત આસામ, પશ્ચિમ બંગાળ અને ભાજપના ચૂંટણી પ્રચારોથી થઈ હતી, તે હવે ભારતીય રાજકારણનો વારંવાર પુનરાવર્તિત થતો મુદ્દો બની ગયો છે. ૨૦૧૬માં, રિજિજુ જ્યારે ગૃહ રાજ્યમંત્રી હતા ત્યારે તેમણે સંસદમાં કોઈપણ સ્ત્રોતનો ઉલ્લેખ કર્યા વિના જણાવ્યું હતું કે, આશરે ૨૦ મિલિયન 'ગેરકાયદેસર બાંગ્લાદેશી સ્થળાંતરીત' છે. આ દાવો ત્યારે પણ કરવામાં આવ્યો હતો જ્યારે સરકારે પોતે સ્વીકાર્યું હતું કે, આ બાબતના ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી. 'બાંગ્લાદેશી' કહેવા અંગેની આ રાજકીય નિવેદનબાજીની ભારતમાં મુસ્લિમોના જીવન પર સીધી અસર પડી છે. દેશના અલગ-અલગ ભાગોમાં ઘણા મુસ્લિમો, ખાસ કરીને પ્રવાસી મજૂરોને 'બાંગ્લાદેશી ઘૂસણખોર' હોવાના આક્ષેપ હેઠળ ટોળાના રોષનો સામનો કરવો પડ્યો છે. 'આર્ટિકલ ૧૪'માં છપાયેલા એક વિસ્તૃત અહેવાલમાં રિપોર્ટર સ્નિગ્ધેન્દુ ભટ્ટાચાર્યએ એવા ઘણા કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો છે, જ્યાં હિન્દુ જાગ્રત જૂથો અને પોલીસે બંગાળી બોલતા મુસ્લિમોને ભાજપ શાસિત રાજ્યોમાંથી સ્થળાંતર કરવા માટે મજબૂર કર્યા હતા.

વર્ષ ૨૦૧૯માં જ્યારે આસામમાં નેશનલ રજિસ્ટર ઑફ સિટીઝન્સ (NRC)ની પ્રક્રિયા શરૂ થઈ, ત્યારે આશરે ૧૯ લાખ લોકોને ગેરકાયદેસર ઘૂસણખોર ગણીને યાદીમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા. તેમાં બંગાળી મૂળના મુસ્લિમોની વસ્તી મોટી સંખ્યામાં હતી, જોકે તેનાથી ઘણા હિન્દુઓ પણ પ્રભાવિત થયા હતા. એક તરફ જ્યાં લઘુમતીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, ત્યાં બીજી તરફ છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થળાંતરને લગતો એક નવો વલણ પણ સામે આવ્યો છે. અમેરિકા સ્થિત Pew Research Center દ્વારા વર્ષ ૨૦૨૪માં બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવ્યા મુજબ, ભારતમાં હિન્દુઓની વસ્તી આશરે ૮૦% છે, પરંતુ વિદેશ સ્થાયી થનારા ભારતીયોમાં તેમનો હિસ્સો માત્ર ૪૧% છે. તેની સામે, દેશની કુલ વસ્તીમાં ૧૫% હિસ્સો ધરાવતા મુસ્લિમો વિદેશ જનારાઓમાં ૩૩% અને ૨% વસ્તી ધરાવતા ખ્રિસ્તીઓ ૧૬% છે.

**વિવાદાસ્પદ વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા**

ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ'ના નામે ઊભા કરાયેલા રાજકીય વાતાવરણનો ઉપયોગ એ સમયે પણ કરવામાં આવ્યો જ્યારે ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં વિશેષ સઘન પુનરીક્ષણ (SIR - Special Intensive Revision) પ્રક્રિયા શરૂ કરી હતી. ચૂંટણી પંચે અગાઉ બિહારમાં પણ આ જ પ્રક્રિયા લાગુ કરી હતી, જ્યાં પણ ઘણા પરિવારોને રાતોરાત તેમના મતદાન અધિકારથી વંચિત રાખવામાં આવ્યા હતા. બંને રાજ્યોમાં, વિધાનસભા ચૂંટણી પહેલા SIR પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપે SIRને ગેરકાયદે ઘુસણખોરોને 'ઓળખવા' અને 'દૂર' કરવા માટે એક અસરકારક પગલું ગણાવ્યું છે, અને દાવો કર્યો છે કે તેનાથી પશ્ચિમ બંગાળમાં વોટ-બેંક રાજકારણનો પર્દાફાશ થયો છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) સહિત વિપક્ષી પક્ષોએ તેને 'પાછલા દરવાજેથી લાવવામાં આવેલ NRC' ગણાવીને ટીકા કરી છે, અને આરોપ લગાવ્યો છે કે તે સાચા ભારતીય નાગરિકો - ખાસ કરીને બંગાળી મુસ્લિમો અને બાંગ્લાદેશથી આવેલા ચોક્કસ હિન્દુ શરણાર્થીઓને લક્ષ્ય બનાવે છે. જ્યારથી પશ્ચિમ બંગાળમાં SIR (Special Intensive Revision - મતદાર યાદીની વિશેષ સઘન ચકાસણી) લાગુ થઈ છે, ત્યારથી 'ધ વાયર' (The Wire - ન્યૂઝ પોર્ટલ) દ્વારા આ મુદ્દે વિસ્તૃત રિપોર્ટિંગ કરવામાં આવ્યું છે. આ અહેવાલોમાં રાજ્યભરમાં મુસ્લિમોની લાચારી અને તેમને હેતુપૂર્વક મતદાર યાદીમાંથી બહાર કાઢવામાં આવ્યા હોવાની વાતો સામે લાવવામાં આવી છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીના થોડા મહિના પહેલા જ પૂરી થયેલી આ પ્રક્રિયામાં SIR પ્રક્રિયા દ્વારા ૯૦ લાખથી વધુ મતદારોને મતદાર યાદીમાંથી બાકાત કરી દેવામાં આવ્યા છે. જેમાં ૩૪%થી વધુ મુસ્લિમો છે.

**સંસદ અને સરકારમાં લઘુમતીઓનું ઓછું પ્રતિનિધિત્વ**

આઝાદ ભારતના ઈતિહાસમાં પહેલી વખત, મોદીની ત્રીજી કેબિનેટ (૨૦૨૪)માં કોઈ મુસ્લિમ મંત્રી નથી. આ સિલસિલો અગાઉની સરકારના અંતિમ તબક્કાથી જ ચાલી રહ્યો છે, જ્યારે છેલ્લા મુસ્લિમ મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી પોતાની રાજ્યસભાની બેઠક હારી ગયા હતા. ખ્રિસ્તીઓનું પ્રતિનિધિત્વ પણ ખૂબ ઓછું છે. રિજિજુ ઈસાઈ સમુદાયના તે ખૂબ જ ઓછા લોકોમાંથી એક છે જેઓ સંસદમાં પહોંચ્યા છે અને મોદી સરકારમાં કેન્દ્રીય મંત્રી છે. ભારતની વસ્તીના લગભગ ૧૪-૧૫% (આશરે ૨૦ કરોડ લોકો) હિસ્સો ધરાવતા મુસ્લિમો, ૨૦૨૪માં ચૂંટાયેલી ૧૮મી લોકસભામાં માત્ર ૨૪ બેઠકો (આશરે ૪.૪%) પર જ પ્રતિનિધિત્વ ધરાવે છે. છેલ્લા છ દાયકાઓમાં આ સૌથી ઓછી ટકાવારી પૈકીની એક છે. આ તમામ ૨૪ મુસ્લિમ સાંસદો વિપક્ષી પક્ષોમાંથી, મુખ્યત્વે 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનમાંથી છે.

**(સૌ. : ધ વાયર હિન્દી.કોમ)**

# પેપર લીક થયા બાદ મહારાષ્ટ્ર TET પરીક્ષા મુલતવી રાખવામાં આવી; રાહુલ ગાંધી કહે છે, 'યુવાનોનું ભવિષ્ય ચોરાઈ ગયું'

## રાષ્ટ્રીય NEET પેપર લીક હજુ શાંત થયું નથી અને મહારાષ્ટ્ર TET ૨૦૨૫ પેપર લીક થયાના સમાચાર સામે આવ્યા છે, પરીક્ષા ૨૮ જૂને યોજાવાની હતી પરંતુ ભિવંડી પોલીસ દ્વારા દરોડા દરમિયાન, શંકાસ્પદો પાસેથી સમાન પ્રશ્નો મળી આવ્યા હતા

(એજન્સી) તા.૨૭

રાષ્ટ્રીય NEET પેપર લીક વિવાદ હજુ શાંત થયો નથી જ્યારે મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) ૨૦૨૫ પણ પેપર લીકના વિવાદમાં ફસાઈ ગઈ છે. મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડ (MSCE), પુણેએ ૨૮ જૂને યોજાનારી TET પરીક્ષા આગામી સૂચના સુધી મુલતવી રાખી છે. થાણે જિલ્લાના ભિવંડીમાં પોલીસ દરોડા દરમિયાન શંકાસ્પદો પાસેથી સમાન પ્રશ્નો મળી આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ હોબાળા બાદ, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચનાની જાહેરાત કરી. અહેવાલો દર્શાવે છે કે, પરીક્ષા બોર્ડ અનુસાર, ભિવંડી પોલીસે ૨૭ જૂને સવારે એક ગુપ્ત માહિતીના આધારે દરોડો પાડ્યો હતો. મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડના અધિકારીઓને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે શંકાસ્પદો પાસેથી મળેલા કેટલાક પ્રશ્નો TET ૨૦૨૫ માટે તૈયાર કરાયેલા પ્રશ્નો સાથે મેળ ખાય છે. આ બાબતને ગંભીર ગણીને, પરીક્ષા મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભિવંડી પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે અને પ્રશ્નપત્ર ખરેખર લીક થયું હતું કે ફક્ત મોડેલ પેપરનો દુરૂપયોગ હતો તે નક્કી કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર પેપર લીક અંગે રાહુલ ગાંધીએ સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું, 'વધુ એક પેપર લીક. બીજી એક પરીક્ષા રદ કરવામાં આવી છે. આ વખતે, મહારાષ્ટ્ર TET. દેશની શિક્ષણ અને પરીક્ષા પ્રણાલીને છેડતીની પ્રણાલીમાં ફેરવી દેવામાં આવી છે, જેનાથી દેશના દરેક યુવાનો સંવેદનશીલ બની ગયા છે. આ ફક્ત પેપર લીક નથી; તે યુવાનોના ભવિષ્યની ચોરી છે.' પવન ખેરાએ કહ્યું, 'મોદી સરકાર શરમજનક સદી ફટકારવા માંગતી હોય તેવું લાગે છે.' તેના કારણે લગભગ ૯૦ પરીક્ષા પેપર લીક થઈ ચૂક્યા છે. આજે, એક વધુ સમાચાર સામે આવ્યા છે. આ વખતે મહારાષ્ટ્રમાં, જ્યાં પેપર લીક પછી આવતીકાલની TET પરીક્ષા રદ કરવામાં આવી છે. કહેવાતી ડબલ એન્જિન સરકાર ફક્ત એક જ બળતણ પર ચાલે છેઃ કૌભાંડો. આ સરકાર માટે, પેપર લીક નફો કમાવતો ઉદ્યોગ બની ગયો છે પરંતુ ભારતના યુવાનો માટે, તેનો અર્થ વર્ષોની મહેનત, બલિદાન અને આશા થોડીવારમાં નાશ પામી છે. તેમણે વધુમાં કહ્યું, 'આ સરકારે આ દેશના યુવાનોને બીજા કોઈપણ કરતાં વધુ નિષ્ફળ બનાવ્યા છે. તેણે તેમની તકો ચોરી લીધી છે, તેમની આકાંક્ષાઓ સાથે ચેડા કર્યા છે અને વારંવાર તેમના વિશ્વાસ સાથે દગો કર્યો છે અને કદાચ તે ભારતના યુવાનો હશે જે આખરે ભાજપની રાજકીય કારકિર્દીને જોખમમાં મૂકશે.' અહેવાલો અનુસાર, શિક્ષણ વિભાગ હાલમાં પુષ્ટિ કરી રહ્યું છે કે જપ્ત કરાયેલા દસ્તાવેજો વાસ્તવિક પ્રશ્નપત્રો છે કે ફક્ત પ્રેક્ટિસ સામગ્રી, એટલે કે, મોક ટેસ્ટ. જો તપાસમાં સાબિત થાય છે કે જપ્ત કરાયેલા પ્રશ્નપત્રો વાસ્તવિક પરીક્ષા સાથે મેળ ખાય છે, તો પરીક્ષાને સંપૂર્ણપણે રદ કરવાનો અને ગુનેગારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવી શકે છે. વિદ્યાર્થીઓએ ફરીથી અરજી કરવાની કે ફી ચૂકવવાની જરૂર રહેશે નહીં. મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડના ડેપ્યુટી કમિશનર પ્રિયા શિંદેએ ઉમેદવારોને રાહત આપતા કહ્યું કે વિદ્યાર્થીઓ દોષિત નથી. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, તેમણે સ્પષ્ટતા કરી હતી કે જે ઉમેદવારોએ પહેલાથી જ અરજી કરી છે તેમને ફરીથી અરજી કરવાની કે કોઈ વધારાની પરીક્ષા ફી ચૂકવવાની જરૂર રહેશે નહીં. મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં નવી પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવશે. આટલી મોટી પરીક્ષા યોજવાની પ્રક્રિયામાં સામાન્ય રીતે લગભગ ત્રણ અઠવાડિયા લાગે છે. અહેવાલ મુજબ, પ્રિયા શિંદેએ જણાવ્યું હતું કે પેપર લીકના સંદર્ભમાં ત્રણ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે અને પરીક્ષા



બોર્ડ પણ સમાંતર રીતે પોતાની આંતરિક તપાસ કરી રહ્યું છે. તપાસ રિપોર્ટ મળ્યા પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**પરીક્ષા કેમ મુલતવી રાખવામાં આવી ?** મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, પરીક્ષા પ્રક્રિયાની નિષ્પક્ષતા અને પારદર્શિતા જાળવવી તેની ટોચની પ્રાથમિકતા છે. તેથી, કથિત પેપર લીક સામે આવ્યા પછી પરીક્ષા મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેણે અરજદારોને ફક્ત સત્તાવાર વેબસાઈટ અને બોર્ડ દ્વારા જાહેર કરાયેલી માહિતી પર આધાર રાખવા અને સોશિયલ મીડિયા પર ફરતા અપ્રમાણિત સમાચાર ટાળવા વિનંતી કરી હતી. બોર્ડે જણાવ્યું હતું કે તપાસ પૂર્ણ થયા પછી અને સમગ્ર મામલાની સમીક્ષા થયા પછી નવી પરીક્ષા તારીખ જાહેર કરવામાં આવશે. ત્યાં સુધી, બધા ઉમેદવારોના રજીસ્ટ્રેશન માન્ય રહેશે અને તેમને કોઈપણ વધારાની ઔપચારિકતાઓ પૂર્ણ કરવાની જરૂર રહેશે નહીં. મહારાષ્ટ્ર TET પેપર લીકથી ફરી એકવાર દેશમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની સુરક્ષા પર પ્રશ્નો ઉભા થયા છે. NEET સહિત અનેક પરીક્ષાઓમાં પેપર લીકના આરોપો વચ્ચે, આ ઘટનાએ પરીક્ષા પ્રણાલીની પારદર્શિતા અને વિશ્વસનીયતા અંગે નવી ચર્ચા જગાવી છે.

ધર્મેન્દ્ર પ્રધાન NEET પેપર લીકથી ઘેરાયેલા છે.

મહારાષ્ટ્ર TET પેપર લીકની આ ઘટના એવા સમયે બની છે જ્યારે NEET પરીક્ષા લીકને લગતો વિવાદ હજુ શમ્યો નથી. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીઓ ચાલી રહી છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ દેશવ્યાપી 'વિદ્યાર્થીઓનો પડઘો' ઝુંબેશ શરૂ કરી છે, ત્યારે કોકરોચ જનતા પાર્ટી રાષ્ટ્રપતિ રાજીનામું ન આપે ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાનું વચન આપી રહી છે.

ખરેખર, NEET-UG ૨૦૨૬ પરીક્ષા ૩ મે, ૨૦૨૬ના રોજ યોજાશે, એક દેશભક્તિ નિવેદનમાં જણાવાયું છે.

આ પરીક્ષા ૨૦૧૯માં યોજાઈ હતી, જેમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરીક્ષાના થોડા દિવસો પછી, એક 'અનુમાન પેપર' વાયરલ થયું હતું, જેમાં ૪૦૦થી વધુ પ્રશ્નો હતા. આમાંથી ૧૨૦થી વધુ પ્રશ્નો મૂળ NEET પરીક્ષામાં મળી આવ્યા હતા. અહેવાલો અનુસાર, લીક માફિયાઓએ તેને ૧૦ લાખથી ૨૫ લાખ રૂપિયામાં વેચી દીધી હતી.

આ પછી, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ ૧૨ મે, ૨૦૨૬ના રોજ આખી પરીક્ષા રદ કરી હતી. CBI તપાસ ચાલી રહી છે. CBIએ આ કેસના સંબંધમાં ૧૩થી વધુ લોકોની ધરપકડ કરી છે, જેમાં લેક્ચરર્સ, ડોકટરો અને પ્રિન્સિપાલનો સમાવેશ થાય છે. દરમિયાન, ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ પરીક્ષા ફરીથી લેવામાં આવી હતી. NEET પુનઃપરીક્ષાના એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં, મહારાષ્ટ્ર TET પરીક્ષાનું પેપર લીક કૌભાંડ સામે આવ્યું છે.

# અફઘાનિસ્તાનમાં ૬.૨ની તીવ્રતાનો ભૂકંપ, પાકિસ્તાન, જમ્મુ-કાશ્મીર અને દિલ્હીમાં પણ આંચકા અનુભવાયા

(એજન્સી) તા.૨૭

શનિવારે સાંજે ૬.૨ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ અફઘાનિસ્તાનમાં આવ્યો હતો, જેના કારણે પાકિસ્તાન, જમ્મુ અને કાશ્મીર અને દિલ્હી-NCR પ્રદેશના કેટલાક ભાગોમાં આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, ભૂકંપ સાંજે ૭.૦૪ વાગ્યે IST આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનમાં ૨૧૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (USGS)એ જણાવ્યું હતું કે, ભૂકંપ ઉત્તરપૂર્વીય અફઘાનિસ્તાનમાં જુર્મથી લગભગ ૪૩ કિલોમીટર દક્ષિણમાં કેન્દ્રિત હતો. જહાજ કે નુકસાનના તાત્કાલિક કોઈ અહેવાલ નથી. કાબુલમાં રહેવાસીઓ બહાર દોડી આવતાં ઈમારતો ધ્રુજી ઉઠી હતી. AFPના એક પત્રકારે આંતરિક દિવાલ પર મોટી તિરાડ પડી હોવાનો અહેવાલ આપ્યો હતો. તાજિકિસ્તાન અને પાકિસ્તાન સહિત અનેક દેશોની સરહદ ધરાવતા બલ્ખ અને બદખશાન પ્રાંતોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ પૂર્વીય પ્રાંતો જેમ કે નંગરહાર અને ખોસ્તમાં પણ અનુભવાયો હતો. અફઘાનિસ્તાન ભૂકંપ માટે ખૂબ જ સંવેદનશીલ છે, ખાસ કરીને હિન્દુ કુશ પર્વતમાળામાં જ્યાં યુરેશિયન અને ભારતીય ટેક્ટોનિક પ્લેટો ભેગા થાય છે. તાજેતરનો ભૂકંપ એપ્રિલમાં બદખશાન પ્રાંતમાં ૫.૮ની તીવ્રતાના ભૂકંપમાં ૧૨ લોકો માર્યા ગયાના મહિનાઓ પછી આવ્યો છે. ઓગસ્ટ ૨૦૨૫માં, પૂર્વી અફઘાનિસ્તાનમાં ૬.૦ની તીવ્રતાના ભૂકંપમાં પર્વતીય ગામો તબાહ થયા હતા, જેમાં ૨,૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાનના બલુચિસ્તાનમાં શુક્રવારથી અત્યાર સુધીમાં પાંચ ભૂકંપ આવ્યા છે. દરમિયાન, પાકિસ્તાનના દક્ષિણપૂર્વીય પ્રાંત બલુચિસ્તાનમાં શુક્રવારથી ઓછામાં ઓછા પાંચ મધ્યમ-તીવ્રતાના ભૂકંપ આવ્યા છે, જેમાં શનિવારે સવારે બરખાન અને આસપાસના વિસ્તારોમાં તાજેતરનો ભૂકંપ આવ્યો હતો. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ૪.૩થી ૫.૩ની તીવ્રતાના ધરતીકંપમાં પાંચ લોકો ઘાયલ થયા છે અને ઘણા ઘરોને નુકસાન થયું છે. પાકિસ્તાન હવામાન વિભાગના મુખ્ય હવામાનશાસ્ત્રી અમીર હૈદર લેઘારીએ જણાવ્યું હતું કે ભૂકંપ ફોલ્ટ લાઈન પર આવ્યા હતા અને તેને વિશ્વના અન્ય ભાગોમાં ભૂકંપની પ્રવૃત્તિ સાથે જોડી શકાય છે. ૨૫ જૂનના રોજ વેનેઝુએલામાં ૭.૨ અને ૭.૫ની તીવ્રતાના બે ભૂકંપ આવ્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૯૨૦ લોકો માર્યા ગયા હતા, ૫૧,૦૦૦થી વધુ લોકો ગુમ થયા હતા અને વ્યાપક વિનાશ સર્જાયો હતો. 'વેનેઝુએલામાં આવેલા પ્રચંડ ભૂકંપથી અન્ય ફોલ્ટ લાઈનમાં ઊર્જા છૂટી થઈ શકે છે અને બલુચિસ્તાન ફોલ્ટ લાઈન પર હોવાથી, વધુ આંચકા આવી શકે છે,' લેઘારીએ જણાવ્યું હતું. રાખની, કોહલુ, મુસાખૈલ, કિંગરી અને બરખાન સહિત પ્રાંતના દૂરના ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેના ડેટા અનુસાર, શુક્રવારે સવારે ૮.૦૬ વાગ્યે રાખનીમાં પહેલો ભૂકંપ આવ્યો હતો. ત્યારબાદ અનેક આફ્ટરશોક્સ આવ્યા હતા, જેમાં બરખાનમાં રિક્ટર સ્કેલ પર ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

# યુપી જેલમાં કેદની સજા ભોગવતા મુસ્લિમ યુવાનનું મૃત્યુ; પરિવારે હેરાનગતિ, ખંડણીનો આરોપ લગાવ્યો

(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૭

મુઝફ્ફરનગર જિલ્લા જેલમાં ૨૬ વર્ષીય કેદની સજા ભોગવતા કેદીના મૃત્યુથી વિવાદ થયો છે, તેના પરિવારે જેલમાં કનડગત, હુમલો અને ગેરકાયદેસર પૈસાની માંગણીનો આરોપ લગાવ્યો છે. જોકે, જેલ સત્તાવાળાઓએ આરોપોને નકારી કાઢ્યા છે, અને કહ્યું છે કે કેદની સજા ભોગવતા કેદનું મૃત્યુ બીમારીને કારણે થયું છે. શામલી જિલ્લાના કાંધલા વિસ્તારના ખેરા કુર્તન ગામના રહેવાસી મૃતક આદિલને બળાત્કાર અને પોક્સો કાયદાની જોગવાઈઓ હેઠળ નોંધાયેલા કેસના સંદર્ભમાં ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા બાદ ૨૦ જૂને મુઝફ્ફરનગર જિલ્લા જેલમાં રખાયો હતો. જેલમાં દાખલ થયાના પાંચ દિવસ પછી તેના મૃત્યુથી તેના પરિવારે ઘટનાની આસપાસના સંજોગોની સ્વતંત્ર તપાસની માગણી કરી છે. શુક્રવારે પરિવારને આદિલના મૃત્યુની જાણ થતાં, સગાસંબંધીઓ જિલ્લા હોસ્પિટલમાં દોડી ગયા. આઘાત અને ગુસ્સો વ્યક્ત કરતાં તેઓએ જેલ અધિકારીઓ પર તેની સલામતી સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો. પરિવારના સભ્યોના જણાવ્યા મુજબ, આદિલે જેલની મુલાકાત દરમિયાન વારંવાર ફરિયાદ કરી હતી કે તેને જેલની અંદર હેરાન કરવામાં આવી રહ્યો છે અને દબાણ કરવામાં આવી રહ્યું છે. "મારા દીકરાએ અમને વારંવાર કહ્યું હતું કે તેને હેરાન કરવામાં આવી રહ્યો છે," તેના પિતા સલીમે આરોપ લગાવ્યો. "જ્યારે પણ અમે તેને મળ્યા, ત્યારે તેણે જેલની અંદર તેને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો તે વિશે વાત કરી." પરિવારે એવો પણ આરોપ લગાવ્યો કે ૨૫ જૂને જેલ સ્ટાફે આદિલનો "નંબર કાપવા" માટે તેમની પાસેથી રૂા.૧૦,૭૦૦ માંગ્યા હતા - આ શબ્દ સામાન્ય રીતે જેલમાં કેદીઓની ફરજો અથવા બેરેક વ્યવસ્થામાં ગોઠવણ માટે વપરાતો હતો. સલીમે દાવો કર્યો કે, "અમારે રકમની વ્યવસ્થા કરવા માટે અમારા ઘરના ઘરેણાં ગીરવે મૂકવા પડ્યા હતા. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે કાંધલા પોલીસ સ્ટેશનમાં તૈનાત એક પોલીસ અધિકારીએ જેલ મોકલતા પહેલા વારંવાર પૈસાની માંગણી કરી હતી અને તેના પુત્રને ધમકી આપી હતી. અમને લાગ્યું કે તે જેલમાં સુરક્ષિત રહેશે," સલીમે કહ્યું. "તેના બદલે, તેને વધુ હેરાનગતિનો સામનો કરવો પડ્યો અને અંતે તેણે પોતાનો જીવ ગુમાવ્યો."

# તેલંગાણા-મહારાષ્ટ્ર સરહદ પરના ગ્રામજનોએ SIR ફોર્મનો બહિષ્કાર કર્યો

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૭

કુમારમ ભીમ આસિફાબાદ જિલ્લાના અનેક ગામોના રહેવાસીઓએ શુક્રવાર, ૨૬ જૂનના રોજ તેલંગાણામાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના ભાગ રૂપે વિતરણ કરવામાં આવી રહેલા ગણતરી ફોર્મનો ઈન્કાર કર્યો હતો અને કવાયતમાં ભાગ લેતા પહેલા લાંબા સમયથી પડતર આંતર-રાજ્ય સરહદ વિવાદનો ઉકેલ લાવવાની માંગ કરી હતી. મહારાષ્ટ્રના આસિફાબાદ અને ચંદ્રપુર જિલ્લાના રહેવાસીઓ વચ્ચે કેરમેરી મંડળના ગામોનું નિયંત્રણ કયા રાજ્ય દ્વારા કરવામાં આવે છે તે અંગેના વિવાદને કારણે તેલંગાણા-મહારાષ્ટ્ર સરહદ પરના ગામોમાં SIR પ્રક્રિયા અટકી ગઈ છે. ગ્રામજનો માંગ કરી રહ્યા છે કે આસિફાબાદ અને ચંદ્રપુર બંનેના જિલ્લા કલેક્ટરો હસ્તક્ષેપ કરે અને પહેલા મામલો ઉકેલે. આ વિવાદનું મૂળ કારણ છે અંટાપુર અને ભોલાપતર પંચાયતના રહેવાસીઓએ ગણતરી ફોર્મ સ્વીકારી લીધા છે, જ્યારે પરંધોલી, મુકડંગુડા, કોટા, લેંડીગુડા, શંકરલોદ્દી, પરંધોલી થાંડા અને મહારાજગુડાના મતદારોએ ભાગ લેવાનો ઈન્કાર કર્યો છે. બૂથ લેવલ ઓફિસર્સ (BLO) અને તેમના સુપરવાઈઝર વારંવાર આ ગામોના રહેવાસીઓને સહકાર આપવા વિનંતી કરી રહ્યા છે, પરંતુ તેમની અપીલો પર ધ્યાન આપવામાં આવ્યું નથી. આ વિવાદનું મુખ્ય કારણ તેલંગાણા-મહારાષ્ટ્ર સરહદ પર આવેલા ૧૨ બિન-સર્વેક્ષણ કરાયેલા ગામો છે જેમની વહીવટી સ્થિતિ ક્યારેય ઔપચારિક રીતે નક્કી કરવામાં આવી નથી. રહેવાસીઓ કહે છે કે તેઓ છેલ્લા ૪૦ વર્ષથી તેલંગાણા અને મહારાષ્ટ્ર બંનેમાં મતદાન કરી રહ્યા છે - આ પરિસ્થિતિને તેઓ અસમર્થનીય ગણાવે છે. પરંધોલીના પૂર્વ સરપંચ કાંબલે લક્ષ્મણે જણાવ્યું હતું કે ગ્રામજનો ૨૦૧૪ થી તેલંગાણામાં રહી રહ્યા છે અને રાજ્યના મહેસૂલ વિભાગ તરફથી લાભો મેળવી રહ્યા છે, પરંતુ હવે તેમના પર મહારાષ્ટ્રની મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. "અમે ૪૦ વર્ષથી તેલંગાણા તેમજ મહારાષ્ટ્રમાં મતદાન કરી રહ્યા છીએ. સરહદ પર ૧૨ બિન-સર્વેક્ષણ ગામો છે અને અમે માંગણી કરીએ છીએ કે તેલંગાણા સરકાર નવી જમીન સર્વેક્ષણ કર્યા પછી અમને પટ્ટા જમીનો આપે. જો આ મુદ્દો ઉકેલાઈ જાય, તો અમે SIR પ્રક્રિયામાં સહકાર આપીશું," તેમણે કહ્યું, બંને રાજ્ય સરકારોને ગામડાઓના ભાવિનો નિર્ણય વહેલામાં વહેલી તકે લેવા વિનંતી કરી. સહકાર આપવાનો ઈન્કાર પણ ઊંડી ફરિયાદોમાં મૂળ ધરાવે છે.

**હદીસ બોધ**

દરેક વસ્તુને ચળકાટ આપનારી કોઈક ચીજ હોય છે. તેમ અંતઃકરણને ઓપ આપનારી અલ્લાહની યાદ છે. - હદીસ બોધ

**બોધ વચન**

જ્યારે ઈચ્છા દૃઢતા ધારણ કરે છે ત્યારે તે પ્રભાવશાળી બને છે.
- ઓરિસન સ્વેટ માર્ટ

**આજની આરસી**

| | |
|---|---|
| ૨૮ જૂન રવિવાર | ૨૦૨૬ |
| ૧૨ મોહર્રમ હિજરી | ૧૪૪૮ |
| જેઠ સુદ ચૌદસ સંવત | ૨૦૮૨ |
| સુબ્હ સાદિક | ૪-૨૪ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૩ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૫-૫૬ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૨૯ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ : ન્યુઝીલેન્ડને ૫-૧થી કચડીને બેલ્જિયમ નોકઆઉટમાં, ઇજિપ્ત સામે ડ્રો બાદ ઈરાનની ચિંતા વધી



**ટ્રોસાર્ડના બે ગોલ અને ડી બ્રુયના શાનદાર પ્રદર્શનથી બેલ્જિયમ ગ્રુપ 'G'માં ટોચ પર; ઇન્જરી ટાઇમમાં VARના નિર્ણયથી ઈરાનનું ઓટોમેટિક ક્વોલિફિકેશનનું સપનું તૂટ્યું**

વેનકુવર/સિએટલ, તા.૨૭

ફિફા વર્લ્ડકપ ૨૦૨૬ના ગ્રુપ 'G'ના છેલ્લા અને રોમાંચક મુકાબલાઓમાં બેલ્જિયમે ન્યુઝીલેન્ડ પર ૫-૧થી ભવ્ય જીત મેળવીને રાઉન્ડ ઓફ ૩૨માં પ્રવેશી લીધું છે. બીજી તરફ, સિએટલમાં રમાયેલી અન્ય એક હાઈ-વોલ્ટેજ મેચમાં ઈજિપ્ત અને ઈરાન વચ્ચે ૧-૧થી ડ્રો રમાઈ હતી. આ પરિણામો સાથે બેલ્જિયમ અને ઈજિપ્ત બંનેએ પોતપોતાની જગ્યા આગલા રાઉન્ડમાં પાકી કરી લીધી છે, જ્યારે ઈરાનની ટીમે હવે ટુર્નામેન્ટની 'બેસ્ટ થર્ડ-પ્લેસ્ડ' (ત્રીજા સ્થાને રહેનારી) આઠ ટીમોમાં સ્થાન મેળવવા માટે અન્ય ગ્રુપના પરિણામો પર નિર્ભર રહેવું પડશે.

**બેલ્જિયમનો દબદબો: ન્યુઝીલેન્ડને બરાબરનું હરાવ્યું :** વેનકુવરમાં રમાયેલી મેચમાં બેલ્જિયમે શરૂઆતથી જ બોલ પઝેશન પોતાના નિયંત્રણમાં રાખ્યું હતું અને ન્યુઝીલેન્ડને દબાણમાં રાખ્યું હતું. મેચની ૨૮મી મિનિટે કેવિન ડી બ્રુયનની કોર્નર કિક પર ન્યુઝીલેન્ડનો ડિફેન્સ બોલ ક્લિયર ન કરી શક્યો, જેનો ફાયદો ઉઠાવીને લિઆન્ડ્રો ટ્રોસાર્ડે ગોલ કરી બેલ્જિયમને ૧-૦થી લીડ અપાવી હતી. હાફ-ટાઈમ પછી ૫૦મી મિનિટે ટ્રોસાર્ડે પોતાનો બીજો ગોલ કરીને સ્કોર ૨-૦ કર્યો હતો. ત્યારબાદ ૬૬મી મિનિટે માન્ચેસ્ટર સિટીના સ્ટાર મિડફિલ્ડર કેવિન ડી બ્રુયને બોક્સની બહારથી શાનદાર ગોલ કર્યો હતો.

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ : કેપ વર્ડેએ નોકઆઉટમાં પહોંચીને ઇતિહાસ રચ્યો, સ્પેન સામે હારતાં જ ઉરુગ્વે ટૂર્નામેન્ટમાંથી બહાર



**ટુર્નામેન્ટમાં ડેબ્યૂ કરનાર કેપ વર્ડેની ટીમ રાઉન્ડ ઓફ ૩૨માં પહોંચી; બીજી તરફ સેનેગલે ઈરાકને ૫-૦થી કચડી નાખી આફ્રિકન ફૂટબોલનો નવો રેકોર્ડ બનાવ્યો**

નવી દિલ્હી/ટોરોન્ટો, તા.૨૭

ફિફા વર્લ્ડકપ ૨૦૨૬માં શુક્રવારે રાત્રે રમાયેલી ગ્રુપ સ્ટેજની નિર્ણાયક મેચોમાં ભારે ઉલટફેર અને રોમાંચ જોવા મળ્યો હતો. ટુર્નામેન્ટમાં પ્રથમ વખત રમી રહેલી કેપ વર્ડેની ટીમે સઉદી અરેબિયા સામે ગોલરહિત (૦-૦) ડ્રો રમીને રાઉન્ડ ઓફ ૩૨માં પ્રવેશી ઈતિહાસ રચી દીધો છે. આ જ ગ્રુપની અન્ય મેચમાં સ્પેન સામે ૧-૦થી પરાજય મેળવ્યા બાદ બે વખતની વર્લ્ડ ચેમ્પિયન ઉરુગ્વેની સફર આંચકાજનક રીતે ટૂર્નામેન્ટમાં સમાપ્ત થઈ ગઈ છે. દરમિયાન, ગ્રુપ 'I'માં આફ્રિકન ચેમ્પિયન સેનેગલે ઈરાક પર ૫-૦થી શાનદાર જીત મેળવી આગલા રાઉન્ડમાં પહોંચવાની આશા જીવંત રાખી છે.

**કેપ વર્ડેનું સપનું સાકાર, આગામી મુકાબલો આર્જેન્ટિના સામે :** આશરે ૫ લાખની વસ્તી ધરાવતા ટાપુ દેશ કેપ વર્ડેએ પોતાના પ્રથમ વર્લ્ડ કપમાં અસાધારણ પ્રદર્શન કર્યું છે. ગ્રુપ 'H'માં પોતાની ત્રણેય મેચો ડ્રો કરીને કેપ વર્ડે ૩ પોઈન્ટ સાથે બીજા ક્રમે રહ્યું અને નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય થઈ ગયું. સઉદી અરેબિયા સામેની મેચમાં ટીમે શાનદાર ડિફેન્સ બતાવ્યું હતું. મેચ પૂરી થયા બાદ ખેલાડીઓ મેદાન પર જ મોબાઈલ ફોન પર બીજી મેચના પરિણામની રાહ જોતા હતા, અને સ્પેનની જીત પાકી થતાં જ આખી ટીમ અને સમર્થકો ઝૂમી ઉઠ્યા હતા. હવે આગામી રાઉન્ડમાં તેમનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના સામે મિયામીમાં થશે. આ ગ્રુપમાં સ્પેન ૭ પોઈન્ટ સાથે ટોચ પર રહ્યું છે.

**ગોલકીપરની મોટી ભૂલ ઉરુગ્વેને ભારે પડી :** ઉરુગ્વે માટે આ વર્લ્ડકપ ખૂબ જ નિરાશાજનક રહ્યો છે. સ્પેન સામેની કરો અથવા મરો જેવી મેચમાં ૪૨મી મિનિટે સ્પેનના એલેક્સ બાએનાએ કરેલા સામાન્ય શૉટને ઉરુગ્વેના ૪૦ વર્ષીય અનુભવી ગોલકીપર ફર્નાન્ડો મુસ્લેરા પકડવામાં થાપ ખાઈ ગયા અને બોલ તેમના હાથમાંથી સરકીને નેટમાં જતો રહ્યો હતો. આ એકમાત્ર ભૂલ ઉરુગ્વેને ટુર્નામેન્ટમાંથી બહાર કરવા માટે પૂરતી હતી. હાફ-ટાઈમ પછી ઉરુગ્વેએ વાપસી માટે આક્રમણ તેજ કર્યું, પણ સ્પેનિશ ગોલકીપર ઉનાઈ સિમોને તેમના તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા.

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ : હાલેન્ડ-એમબાપ્પેની ટક્કર વચ્ચે ડેમ્બેલે ચમક્યો, ફ્રાન્સની નોર્વે સામે ૪-૧થી શાનદાર જીત



**ડેમ્બેલેની શાનદાર પ્રથમ હાફની હેટ્રિકથી ફ્રાન્સે ગ્રુપ સ્ટેજમાં વિજયી કૂચ જાળવી રાખી; સ્ટાર ખેલાડીઓને બેન્ચ પર બેસાડવાનો નોર્વેનો જુગાર ભારે પડ્યો**

બોસ્ટન, તા.૨૭

ફિફા વર્લ્ડકપ ૨૦૨૬માં ફ્રાન્સે પોતાનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખતા ગ્રુપ 'I'ની મેચમાં નોર્વેને ૪-૧થી પરાજય આપીને રાઉન્ડ ઓફ ૩૨માં પ્રવેશ મેળવી લીધો છે. આ મેચને કિલિયન એમબાપ્પે વિરુદ્ધ એર્લિંગ હાલેન્ડ તરીકે જોવામાં આવી રહી હતી, પરંતુ ફ્રાન્સના સ્ટાર વિંગર ઓસ્માન ડેમ્બેલેએ પ્રથમ હાફમાં જ ધમાકેદાર હેટ્રિક ફટકારીને આખી લાઈમલાઈટ પોતાની તરફ ખેંચી લીધી હતી. બીજી તરફ, આ જ ગ્રુપની અન્ય એક મેચમાં સેનેગલે ઈરાકને ૫-૦થી કચડી નાખીને બેસ્ટ થર્ડ-પ્લેસ્ડ (ત્રીજા સ્થાને રહેનારી) ટીમ તરીકે આગલા રાઉન્ડમાં પહોંચવાની પોતાની આશાઓ જીવંત રાખી છે.

**ડેમ્બેલેનો દબદબો અને ઐતિહાસિક હેટ્રિક :**

મેચની શરૂઆતથી જ ફ્રાન્સે નોર્વે પર દબાણ બનાવી દીધું હતું. ફ્રાન્સની ટીમ પહેલાથી જ નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય થઈ ચૂકી હોવા છતાં કોચ ડિડિયર ડેશેમ્પ્સે પોતાની મજબૂત ટીમ મેદાનમાં ઉતારી હતી. ઓસ્માન ડેમ્બેલેએ માત્ર ૩૨ મિનિટની અંદર ત્રણ ક્લિનિકલ ગોલ કરીને પોતાની હેટ્રિક પૂરી કરી લીધી હતી. આ સાથે જ તે લિઓનલ મેસ્સી અને જોનાથન ડેવિડ પછી આ વર્લ્ડકપમાં હેટ્રિક લેનારો ત્રીજો ખેલાડી બન્યો છે. આ ઉપરાંત, ૧૯૫૪માં ઓસ્ટ્રિયાના એરિચ પ્રોબ્સ્ટ પછી વર્લ્ડકપના ઈતિહાસમાં આ બીજી સૌથી ઝડપી હેટ્રિક છે.

**નોર્વેની વળતી લડત અને પેનલ્ટી ચૂકવી**

બીજા હાફમાં નોર્વેની ટીમે વાપસી કરવાનો સારો પ્રયાસ કર્યો હતો. થેલો આસગાર્ડે નોર્વે તરફથી પ્રથમ ગોલ કરીને મેચમાં રોમાંચ લાવ્યો હતો. ત્યારબાદ જોર્ગન સ્ટ્રેન્ડ લાર્સનને પેનલ્ટી દ્વારા સ્કોર ૩-૨ કરવાનો સુવર્ણ અવસર મળ્યો હતો, પરંતુ ફ્રાન્સના ગોલકીપર માઈક મેગ્નાને તેની પેનલ્ટીનો શાનદાર બચાવ કરીને નોર્વેની વાપસીની આશા પર પાણી ફેરવી દીધું હતું. મેચના અંતિમ ભાગમાં ફ્રાન્સના ડેઝિરે ડુએ હેડર દ્વારા વધુ એક ગોલ કરીને ટીમની જીત ૪-૧થી સુનિશ્ચિત કરી દીધી હતી.

# સારવાર દરમિયાન દલિત યુવાનનું મોતઃ ઉજરામઉ ગામમાં જૂની દુશ્મનાવટને કારણે હિંસા, ખાસ ટીમની રચના

**રાજેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ઉજરામઉ ગામમાં જૂની દુશ્મનાવટને કારણે થયેલા કથિત હુમલામાં ઘાયલ થયેલા દલિત યુવાન શ્યામવીર પ્રતાપ સિંહ ઉર્ફે સોનુ (આશરે ૩૫ વર્ષ)નું કાનપુરની હેલેટ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું, યુવકના મૃત્યુ બાદ ગામમાં શોક અને રોષ છે, કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પોલીસે આરોપીઓની ધરપકડ કરવા માટે એક ખાસ ટીમની રચના કરી છે**

(એજન્સી) તા.૨૭

પોલીસ ફરિયાદ મુજબ, આ ઘટના ૧૮ જૂન, ૨૦૨૬ની રાત્રે બની હતી. શ્યામવીર પ્રતાપ સિંહ ગામના રહેવાસી બાદલના ઘરે હતો, જ્યાં તે કામ કરતો હતો. એવો આરોપ છે કે ગામના રહેવાસી સૌરભ તેના બે-ત્રણ મિત્રો સાથે ત્યાં પહોંચ્યો હતો. જૂની દુશ્મનાવટને કારણે તેમની વચ્ચે ઝઘડો થયો હતો. પરિવારના સભ્યોનો આરોપ છે કે શ્યામવીર પર જાતિવાદી અપશબ્દોથી હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલ શ્યામવીરને શરૂઆતમાં રાજેપુરના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ, તેમને ડૉ. રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. તેમની તબિયત વધુ ખરાબ થતાં, તેમને કાનપુરની હેલેટ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા, જ્યાં ઘણા દિવસો સુધી તેમની સારવાર ચાલી. ૨૫ જૂનના રોજ સવારે ૪ વાગ્યે તેમનું અવસાન થયું. કાનપુર પોલીસે તપાસ રિપોર્ટ તૈયાર કર્યો અને પોસ્ટમોર્ટમ તપાસ કરી. શ્યામવીર ચાર ભાઈઓમાં ત્રીજો હતો. તેમના અકાળ મૃત્યુથી તેમના પરિવારમાં ભારે શોક છવાઈ ગયો છે. પરિવાર દુઃખી છે અને ગામમાં વ્યાપક રોષ છે. મૃતકના ભાઈ ઉદય પ્રતાપ સિંહ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે રાજેપુર પોલીસ કેસની તપાસ કરી રહી છે. યુવાનના મૃત્યુ બાદ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ, તબીબી પુરાવા અને અન્ય ઉપલબ્ધ તથ્યોના આધારે તપાસ કરવામાં આવશે. રાજેપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ નાગેન્દ્ર સિંહે જણાવ્યું કે ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી છે. આરોપીઓની ધરપકડ કરવા માટે એક ખાસ પોલીસ ટીમ બનાવવામાં આવી છે અને તેમના સંભવિત છુપાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# બલરામપુરમાં એક દલિત પરિવાર ૩૫ વર્ષથી તાજિયા સંભાળે છે : ત્રણ પેઢીઓએ આ પરંપરા ચાલુ રાખી છે, જે સાંપ્રદાયિક સંવાદિતાનું એક અનોખું ઉદાહરણ છે

(એજન્સી) તા.૨૭

બલરામપુરના શ્રીદત્તગંજ બ્લોકના ગુમડી ગ્રામ પંચાયતના માજરા ચાહતવામાં મોહરમ દરમિયાન સાંપ્રદાયિક સંવાદિતાનું એક અનોખું ઉદાહરણ જોવા મળ્યું. એક દલિત હિન્દુ પરિવાર છેલ્લા ૩૫ વર્ષથી સંપૂર્ણ શ્રદ્ધા અને આદર સાથે તાજિયા રાખી રહ્યો છે. આ પરંપરા પરિવારની ત્રણ પેઢીઓ દ્વારા નિભાવવામાં આવી છે: આશારામ, તેમનો પુત્ર શિવપ્રસાદ અને પૌત્ર કમલ કનૌજિયા. આ વર્ષે પણ, પરિવારે ખૂબ જ ભક્તિભાવથી તાજિયા રાખ્યો, જેમાં ગામ અને આસપાસના વિસ્તારોના લોકો મોટી સંખ્યામાં જોડાયા. કમલ કનૌજિયાએ સમજાવ્યું કે પરિવારે તેમના પૂર્વજોની પ્રતિજ્ઞા પૂર્ણ થયા પછી તાજિયા રાખવાનું શરૂ કર્યું. તેમના દાદા આશારામ આ પરંપરા ચાલુ રાખી હતી, ત્યારબાદ તેમના પિતા શિવપ્રસાદે પણ આ જવાબદારી સંભાળી છે અને હવે તેઓ પોતે પણ આ જવાબદારી સંભાળી રહ્યા છે. આશારામના મતે, પરિવાર માને છે કે તાજિયા (તાજિયા) રાખવાથી ભગવાનના આશીર્વાદ જળવાઈ રહે છે, મુશ્કેલીઓ દૂર થાય છે અને સુખ અને સમૃદ્ધિ આવે છે. શિવપ્રસાદે એમ પણ કહ્યું કે આ પરંપરા ખેતી, વ્યવસાયિક પ્રગતિ અને કૌટુંબિક સુખાકારીમાં સમૃદ્ધિ લાવે છે. ગ્રામજનો કહે છે કે ચાહતવામાં આ પરંપરા ફક્ત ધાર્મિક શ્રદ્ધાનો વિષય નથી, પરંતુ સામાજિક સંવાદિતા, પરસ્પર વિશ્વાસ અને હિન્દુ-મુસ્લિમ ભાઈચારોનું જીવંત ઉદાહરણ છે. મોહરમ દરમિયાન, બંને સમુદાયના લોકો એકબીજાના કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લે છે, જે ગામમાં ગંગા-જમુની સંસ્કૃતિને વધુ મજબૂત બનાવે છે. એક સમયે જ્યારે સમાજમાં વિભાજનના સમાચાર બહાર આવે છે, ત્યારે ચાહતવામાં રહેલો આ દલિત હિન્દુ પરિવાર ત્રણ પેઢીઓથી તાજિયા રાખી માનવતા, પરસ્પર આદર અને સામાજિક સંવાદિતાનો મહત્ત્વપૂર્ણ સંદેશ આપી રહ્યો છે.

# આંધ્રપ્રદેશ : માનવ અધિકાર સંગઠને દલિત મહિલાના કસ્ટોડિયલ મૃત્યુની તપાસની માંગ કરી

**HRF અને IFTUની એક તથ્ય શોધક ટીમે સ્વતંત્ર તપાસની માંગ કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે પોલીસે માલા ગંગામ્માને તેના પુત્રના ગુમ થવામાં તેની શંકાસ્પદ ભૂમિકા અંગે કબૂલાત કરાવવા માટે ત્રાસ આપ્યો હતો**

(એજન્સી) તા.૨૭

માનવ અધિકાર સંગઠન હ્યુમન રાઈટ્સ ફોરમ (HRF) અને ઈન્ડિયન ફેડરેશન ઓફ ટ્રેડ યુનિયન્સ (IFTU)એ આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં ૪૦ વર્ષીય દલિત મહિલા માલા ગંગામ્માના મૃત્યુની સ્વતંત્ર ન્યાયિક તપાસની માંગ કરી છે અને આરોપ લગાવ્યો છે કે તેણીનું મૃત્યુ તેના પુત્ર વીરેન્દ્રના ગુમ થવામાં તેની શંકાસ્પદ ભૂમિકા અંગે કબૂલાત કરાવવા માટે કથિત રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો. સંગઠનોના જણાવ્યા અનુસાર, ગંગામ્માને તેના પુત્રના રહસ્યમય ગુમ થવામાં તેની શંકાસ્પદ ભૂમિકા અંગે કબૂલાત કરાવવા માટે કથિત રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો. સંયુક્ત નિવેદનમાં, HRF અને IFTUએ જણાવ્યું હતું કે HRFના રાજ્ય ઉપાધ્યક્ષ UG શ્રીનિવાસુલુ, HRF કુર્નૂલ જિલ્લા પ્રમુખ કે ઉરુકુંડપ્પા અને IFTU જિલ્લા પ્રતિનિધિ નરસંનાની બનેલી ત્રણ સભ્યોની તથ્ય શોધ ટીમે બદીનેહલ ગામની મુલાકાત લીધી હતી, ગંગામ્માના પરિવારના સભ્યો અને સ્થાનિક રહેવાસીઓને મળ્યા હતા અને તેમના નિષ્કર્ષ પર પહોંચતા પહેલા કોવથલમ પોલીસ સાથે વાતચીત કરી હતી. વીરેન્દ્ર નવેમ્બર ૨૦૨૪માં ગુમ થયા હતા. ગંગામ્માએ બાદમાં આંધ્ર પ્રદેશ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જેણે કેસની તપાસ માટે તત્કાલીન ગુંટુરના અધિક પોલીસ અધિક્ષક (ASP) કે સુપ્રજાના નેતૃત્વમાં એક વિશેષ તપાસ ટીમની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો. સંગઠનોના જણાવ્યા અનુસાર, SITએ તારણ કાઢ્યું હતું કે ગંગામ્માએ તેના ભાગીદાર, મલ્લા દુર્ગૈયા સાથે મળીને વીરેન્દ્રની હત્યાનું કાવતરું ઘડ્યું હતું, જેણે તેમના સંબંધોનો કથિત રીતે વિરોધ કર્યો હતો. HRF અને IFTUએ આરોપ લગાવ્યો હતો કે SITએ ગંગામ્મા અને દુર્ગૈયાને કસ્ટડીમાં ગંભીર ત્રાસ આપ્યો હતો જેથી તેઓ વીરેન્દ્રના મૃતદેહને ક્યાં દફનાવવામાં આવ્યો હતો તે સ્થાન જાહેર કરવા દબાણ કરી શકે. ૩૧ મેના રોજ ગંગામ્માનું અવસાન થયું. તેમણે દાવો કર્યો કે ગંગામ્માનું મૃત્યુ કથિત ત્રાસના પરિણામે થયું હતું, જ્યારે દુર્ગૈયા કુર્નૂલ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સંગઠનોએ તપાસ કેવી રીતે હાથ ધરવામાં આવી હતી તેના પર પ્રશ્ન ઉઠાવ્યો, આરોપ લગાવ્યો કે SITએ બળજબરીથી પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો. તેમણે ગંગામ્માના મૃત્યુની આસપાસના સંજોગો પર પણ ચિંતા વ્યક્ત કરી, જેમાં તેણીને કુર્નૂલની KIMS હોસ્પિટલમાં ટ્રાન્સફર, પોસ્ટમોર્ટમ તપાસ અને તેના શરીર પરના બધા જ ઈજાઓ યોગ્ય રીતે દસ્તાવેજીકૃત કરવામાં આવી હતી કે કેમ તેનો સમાવેશ થાય છે. HRF અને IFTUએ ગંગામ્માના અંતિમ સંસ્કાર કરવામાં આવેલી ઉતાવળ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. તેમના મતે, ૧ જૂનના રોજ ૨૦થી ૩૦ પોલીસ કર્મચારીઓની હાજરીમાં તેના મૃતદેહને તેના વતન ગામ બદીનેહાલમાં દફનાવવામાં આવ્યો હતો. સંગઠનોએ પોલીસના દાવાને પણ નકારી કાઢ્યો કે દુર્ગૈયાને ઈજાઓ મોટરસાયકલ અકસ્માતને કારણે થઈ હતી અને આરોપ લગાવ્યો કે જ્યારે તે હોસ્પિટલમાં દાખલ હતો ત્યારે તેના સંબંધીઓને તેની સાથે મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી. વીરેન્દ્રની હત્યા માટે જવાબદાર લોકો યોગ્ય પ્રક્રિયા દ્વારા દોષિત ઠરે તો તેમની સામે કાર્યવાહી થવી જોઈએ, તેમ જણાવીને HRF અને IFTUએ જણાવ્યું હતું કે કસ્ટોડિયલ ત્રાસ અને કાનૂની પ્રક્રિયાના ઉલ્લંઘનને કોઈપણ સંજોગોમાં વાજબી ઠેરવી શકાય નહીં.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

Vacancy Available For Muslim Female Candidate For Office Admin/ Computer Operator Staff in Universal Muslim Marriage Bureau Ashram Road Ahmedabad Good Salary + Incentives Call 9825091851

**જોઈએ છે**
બિઝનેસ પાર્ટનર, 50 લાખ Mo. 9016473261

**વેચવાનું છે**

**મકાન વેચવાનું છે**
ત્રણ માળનું RCC બાંધકામ શાંત અને દિની માહોલ ૨૬૦, મંકોડીપાડાની પોળ, લાલ સ્કૂલ પાસે, શાહપુર, અમદાવાદ 9723496244 9555857247

**વેચવાના છે**
બે મકાન, ટાઈટલ ક્લિયર, રોડ ટચ જેવા બસ સ્ટેન્ડ કચેરી, રેલવે સ્ટેશન નજીકમાં બેગા ટેકરી, મામલતદાર કચેરી સામે, ધોલકા Mo. 9898074274

**ફલેટ વેચવાનું છે**
2 BHK, N.A., NOC Title Clear, 55 Lakh Fix TP 85, 3rd floor Loan Available BU પરમિશન, રેડી પઝેશન, અંબર ટાવરની સામે, સરખેજ બ્રોકર 8320798770

**ડુપ્લેક્ષ વેચવાનું છે**
2 BHK, 45 લાખ 65 વાર જૂની શરત માશાઅલ્લાહ ફલેટની પાછળ, સવેરા હોટલની સામે, સરખેજ બ્રોકર 8320798770

**વેચવાની છે જમીન NA થયેલ**
15 ગુંઠા નહેરની પાસે, પલાણા રોડ, રોડ ટચ. 10 ગુંઠા સત્કાર હોટલની પાસે, રોડ ટચ. 29 ગુંઠા ઈદગાહથી 100 મીટર અંદર, સંધાણા ગામ, ખેડા 9426062655 9327422043

**બંગલો વેચવાનો છે**
4 BHK ઓપન પ્લોટ સાથે 9 રાજમીન બંગ્લોઝ, અહદ સ્પોર્ટ ક્લબની પાસે, સરખેજ 9662255023 9374709286

TP 85 આયાત એવન્યુમાં ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન અરજન્ટ વેચવાની છે 7777999667

**N.A. ટાઈટલ દસ્તાવેજ પ્લોટ વેચવાના છે**
નૂરાની ફાર્મ, નરીમાનપુરા 652 વાર અને 326 વાર 9727230625

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**દુકાન વેચાણ આપવાની છે**
સાગર એવન્યુ, પહેલા માળે Call 9377420400

**જુહાપુરા મેઈન રોડ ટચ પંજાબ હોન્ડાની સામે પ્રોપર્ટી ભાડે અથવા આપવાની છે**
ફર્સ્ટ ફ્લોર, 2 BHK with Terrace, 100 foot/23 foot ટ્યુશન ક્લાસ, કાપડના શો રૂમ અને લેવીશ સ્કાય બંગલો તરીકે રહેવા માટે MNC BATH WORLD AMIN MEMON KADHA WALA 9998882777

જુહાપુરા મેઈન રોડ નસીમઆપા કાપડવાળાની સામે અલ અમીન ગંગા બાથ ફિટિંગ વાળી ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ બેસમેન્ટ, પ્લસ ૨ ફ્લોર, અલગ પર્સનલ ઓફિસ ભાડે અથવા વેચાણ આપવાની છે. (બ્રોકર આવકાર્ય છે.) અમીન મેમણ કાઢા વાલા 9998882777 (જોવા માટે ફોન કરવો)

**ભાડે અથવા વેચાણ આપવાની છે**
પ્રાઈમ લોકેશન, ચંડોળા PWDની સામે, ગુડલક બેરલ માર્કેટના કોર્નર પર ૨૦૦ વારનો શેડ અને દુકાન 9426378651

**ભાડે/વેચાણ આપવાની છે દુકાન**
કોર્નરની ઉપર, હોટલ સાગરની બાજુમાં, રિલીફ રોડ Mo. 9913768151

**Bunglow available for Rent**
Sell in Juhapura Urgent contact 9327646982 (please don't time pass)

**બંગલો વેચાણથી**
હાઈફાઈ એરિયામાં હવા ઉજાસ 8733976460

**તાત્કાલિક ફલેટ ભાડે આપવાનો છે**
અંબર ટાવર, રોડ ટચ, 3 BHK અરજન્ટ સંપર્ક કરો 9327646982

જુહાપુરા તેમજ સિટી વિસ્તારમાં મકાન, દુકાન, ફ્લેટ, પ્લોટ તેમજ બંગ્લોઝ વેચાણ/ભાડે/ગીરવે લેવા તેમજ વેચવા માટે મળો મીમ પ્રોપર્ટી 9898222007

સનરાઈઝ આર્કેડ ગ્રાઉન્ડ ફ્લોર, આકર્ષક લોકેશન, વિશાલા, જુહાપુરા 9624933544 7567130034

TP 85 રોડ બાગે મસીરા સોસાયટીમાં ડુપ્લેક્ષ ગીરવે આપવાનું છે 7777999667

**વેચાણ**
3 BHK ફ્લેટ અરશદ મેરેડિયન અરશદ પાર્ક 9033473394

**ભાડે આપવાનો છે શેડ**
ખેડા ધોળકા હાઈવે પાસે 40,000 સ્કવેર ફૂટ 6358022001

**ભાડે ચલાવવા માટે ફાર્મ હાઉસ આપવાનું છે**
સ્વિમીંગ પુલ, હોમ થિયેટર, ઈન્ડોર ગેમ, ગાર્ડન, સર્વન્ટ રૂમ, ખેડા પાસે 6358022001

**બંગલો ભાડે આપવાનો છે**
3 BHK, 1 સ્ટડી રૂમ, 1 ડ્રોઈંગ રૂમ, કિચન, કમ્પાઉન્ડ, કાર પાર્કિંગ, વિશાલા, માઝીન પાર્ક-૨ સો., જુહાપુરા મો. 9898801126 રેન્ટ - 30,000/-

**2 BHK મકાન ભાડેથી કા ગીરવે જોઈએ છે**
50 વારનો પ્લોટ જૂની શરતમાં હોય તો સંપર્ક કરવો દલાલ માફ Mo. 9664960043

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો Akik Farooqui 9099421218 Anis Farooqui 9099521218

**જોઈએ છે**
બંગલો, ટેનામેન્ટ, જુહાપુરા વિસ્તાર, હોટલ જોઈએ છે અમદાવાદમાં 9898801126

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

NRI Canada Citizen Divorcee Boy 28 tabligi looking educated beautiful tabligi canadian family or India Urgent WhatsApp 9327071001

NRI Austrailia Girl 27 (jamati) Looking Austrailia Boy or Family Urgent WhatsApp 9327071001

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

**વ્યવસાયીલક્ષી/અન્ય**

હું મારૂં નામ **મનનકુમાર યોગેન દલાલથી** બદલીને **મનન યોગેન દલાલ** કરૂં છું. બી-૮૦૨, ૮મો માળ, સ્કાયડેક સિલેકટ, બોપલ, અમદાવાદ

ભાડાની આવક 50000 (5 વર્ષ કંપની સાથે એગ્રીમેન્ટ) ફક્ત 65 લાખના ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ પ્રાઈમ લોકેશન તાત્કાલિક સંપર્ક કરો અરજન્ટ મો. 9327646982

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જા×ખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ**

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

**જુહાપુરા ઓફિસ**
ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,મો.૯૯૯૮૮૮૦૩૩૦

# 'અમે દેશદ્રોહી નહીં' : મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વિભાજન વચ્ચે ૨૧ જુલાઈએ શહીદ દિવસની રેલી વફાદારીની કસોટી બની જશે

## પક્ષના વિભાજન અને પ્રતીકને પડકારવા અને અનેક પૂર્વ વફાદારો હવે હરીફ છાવણીમાં હોવાથી આ રેલી હવે સ્મારક કાર્યક્રમ નથી પણ ભવિષ્યની રણનીતિ માટેનો તબક્કો છે

(એજન્સી) તા.૨૭

તૃણમૂલ કોંગ્રેસ (TMC) ૨૧ જુલાઈના રોજ શહીદ દિવસ ઉજવે છે, જેમાં પશ્ચિમ બંગાળમાં બહુ ઓછા હરીફો રાજકીય વર્ચસ્વનું પ્રદર્શન કરે છે. કોલકાતાના ધર્મતલાની વિસ્તારમાં યોજાનારી આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો આવશે અને તે પાર્ટીના સ્થાપક મમતા બેનરજી માટે આગામી રાજકીય યુદ્ધની રૂપરેખા માટે એક મંચ છે.



આ વર્ષે, પાર્ટીના નેતાઓ અને રાજકીય નિરીક્ષકો કહે છે કે, આ રેલી વધુ રક્ષણાત્મક હેતુ અપનાવી રહી છે. ૧૯૯૮માં બેનરજીએ કોંગ્રેસ પાર્ટીથી અલગ થયા પછી સ્થપાયેલી ટીએમસી, સંગઠનમાં ઘણા લોકો તેને તેના ઈતિહાસમાં સૌથી ગંભીર કટોકટીનો સામનો કરી રહી છે. પશ્ચિમ બંગાળમાં સત્તા ગુમાવ્યા પછી, તેના સાંસદો, ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓ હરીફ જૂથમાં ગયા છે. તેની પ્રતિક્રિયામાં, મમતા અને તેમના ભત્રીજા અભિષેક બેનરજીના નેતૃત્વ હેઠળના જૂથે આ વાર્ષિક ઉજવણી પહેલા એક નવું સૂત્ર અપનાવ્યું છે: 'અમરાબેઈમાનનોઈ' (અમે દેશદ્રોહી નથી). ગુરુવારે પાર્ટીના ઉત્તર કોલકાતા જિલ્લા પ્રમુખ કુણાલ ઘોષ દ્વારા આયોજિત તૈયારી બેઠકમાં આ સંદેશ મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યો હતો.

કાર્યકર્તાઓ સાથે ફોન પર વાત કરતા, મમતાએ વફાદારોને એકતા સાથે રહેવા વિનંતી કરતા કહ્યું કે, જેમની પાસે હજુ પણ સારી સમજ છે તેઓએ પાછા ફરવું જોઈએ. જેઓ છોડી ગયા છે તેઓ ન તો અહીં છે અને ન તો ત્યાં છે. જો ફક્ત પાંચ કાર્યકર્તાઓ અમારી સાથે રહે, તો પણ અમે ૨૧ જુલાઈએ ધર્મતલા જઈશું.

આ અગાઉ ૨૧ જુલાઈની રેલીઓ ઘણીવાર રાજકીય કાર્નિવલ જેવી લાગતી હતી, જેમાં સેલિબ્રિટી, સાંસ્કૃતિક કાર્યક્રમો, રાજ્યભરમાંથી સમર્થકોને લાવતી બસોનો કાફલો અને હરીફ પક્ષોના નેતાઓની પરેડનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમ ૧૯૯૩માં કોલકાતામાં વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા ૧૩ યુથ કોંગ્રેસના કાર્યકરોની યાદમાં ઉજવવામાં આવે છે. સમય જતાં, તે તૃણમૂલનું સૌથી મોટું વાર્ષિક રાજકીય પ્રદર્શન બની ગયું છે. હવે, પક્ષના આંતરિક લોકો અસ્વસ્થતાભરી વિડંબના સ્વીકારે છે: પક્ષપલટાની સંસ્કૃતિ જે એક સમયે તૃણમૂલ કોંગ્રેસનું વર્ચસ્વ બનાવવામાં મદદ કરતી હતી તે નબળાઈનું કારણ બની ગઈ છે. આ વખતે અમારી સામેનો પડકાર અલગ છે. અમારું ધ્યાન એવા કાર્યકરો અને નેતાઓ પર છે જેઓ મુશ્કેલ સમયમાં પાર્ટીની પડખે ઉભા રહ્યા હતા પરંતુ કદાચ તેમને ક્યારેય તે માન્યતા મળી નથી.

બેનરજીના નજીકના ટીએમસી નેતાઓના મતે, આ વર્ષના એકત્રીકરણ પ્રયાસનો હેતુ નવા ચહેરાઓની ભરતી કરવાનો ઓછો પરંતુ પાર્ટીના ચૂંટણી પરાજય પછી સંગઠનાત્મક પતનથી અસ્વસ્થ થયેલા પાયાના કાર્યકરોને આશ્વાસન આપવાનો છે. હજારો કાર્યકરો એવા છે જે ધાકધમકી છતાં, સત્તા ગુમાવવા છતાં અને અન્ય છાવણીઓ તરફથી ઓફરો છતાં સાથે રહ્યા છે. તેઓ સંગઠનનો આધાર છે. આ ૨૧ જુલાઈ તેમના માટે છે.

સાંસદો, ધારાસભ્યો, જિલ્લા નેતાઓ અને પાયાના કાર્યકરો આટલી મોટી સંખ્યામાં છોડીને ગયા છે, ત્યારે દરેકને દેશદ્રોહી કહીને સમસ્યાને દૂર કરી શકાતી નથી. નેતૃત્વ પોતાના જ કાર્યકરોના નિર્ણયને સ્વીકારવાનો ઈનકાર કરી રહ્યું છે. ઋતબ્રતે કહ્યું કે, મુદ્દો વિશ્વાસઘાતનો નથી. મુદ્દો એ છે કે અમુક લોકોએ વર્ષો સુધી પાર્ટી પર એકાધિકાર કર્યો અને સાચા કાર્યકરોની અવગણના કરી. આજે, તે કાર્યકરો વૈકલ્પિક રાજકીય ભવિષ્ય શોધી રહ્યા છે. તેમને દેશદ્રોહી ગણાવવાથી કટોકટીનો ઉકેલ આવશે નહી.

આ દરમિયાન, મમતાએ અસંતુષ્ટો પર હુમલો કરતા દલીલ કરી છે કે ભાજપ સત્તામાં આવ્યા પછી ઘણા લોકોએ પોતાના હિતોનું રક્ષણ કરવા માટે પક્ષ બદલ્યો હતો. કામદારો લડ્યા અને તેમને ચૂંટયા. આજે, તેઓ તેમની સાથે હાથ મિલાવી રહ્યા છે જેમની સામે તેઓ લડ્યા હતા. જેમણે પક્ષ સાથે દગો કર્યો તેમને માફ કરી શકાતા નથી. કલકત્તા હાઈકોર્ટે તાજેતરમાં ધર્મતલામાં ૨૦૧૮ના કાર્યક્રમ દરમિયાન કોર્ટના નિર્દેશોના કથિત ઉલ્લંઘન સાથે જોડાયેલ જાહેર હિતની અરજીના સંદર્ભમાં મમતા અને અભિષેકને નોટિસ ફટકારી હતી. પરંતુ વિશ્લેષકો કહે છે કે તૃણમૂલ માટે વધુ તાત્કાલિક પડકાર સંગઠનાત્મક છે, કાનૂની નથી. પક્ષના વિભાજન, તેના પ્રતીકને પડકાર અને ઘણા પૂર્વ વફાદારો હવે હરીફ છાવણી સાથે જોડાવા સાથે, ૨૧ જુલાઈની રેલી હવે ફક્ત એક સ્મારક કાર્યક્રમ નથી પણ તે ભવિષ્યની રણનીતિ જાહેર કરવા માટેનું પ્લેટફોર્મ છે. તે એક જાહેર માપદંડ બની ગયું છે કે શું પક્ષ તેના ઈતિહાસમાં સૌથી નાટકીય ભંગાણ પછી પણ વફાદારી જાળવી શકશે. એક વરિષ્ઠ તૃણમૂલ નેતાએ કહ્યું કે: ''પહેલાં, પ્રશ્ન એ હતો કે ૨૧ જુલાઈએ કેટલા નવા લોકો અમારી સાથે જોડાશે. આ વર્ષે, પ્રશ્ન એ છે કે કેટલા હજુ પણ અમારી સાથે રહેવા તૈયાર છે.

# CM યોગીની મુલાકાત દરમિયાન AMU મસ્જિદોમાં લાઉડસ્પીકર પર અઝાન કથિત રીતે મર્યાદિત કરાતા આક્રોશ

## વિદ્યાર્થીઓનો દાવો : સુરક્ષા વ્યવસ્થાના નામે મુખ્યમંત્રીની મુલાકાત વખતે કલાકો સુધી લાઉડસ્પીકર પર અઝાન બંધ રખાઈ; વહીવટીતંત્રએ નકાર્યા આક્ષેપો

(એજન્સી) અલીગઢ, તા.૨૭

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અલીગઢ મુલાકાત દરમિયાન અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) કેમ્પસમાં આવેલી મસ્જિદોમાં લાઉડસ્પીકર દ્વારા અઝાન (નમાઝ માટેનો પોકાર) બંધ રાખવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. આ પગલાથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. વિદ્યાર્થીઓએ આ નર્ણયને ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર પર તરાપ ગણાવ્યો છે અને સુરક્ષાના નામે આવી મર્યાદાઓની જરૂરિયાત સામે સવાલો ઉઠાવ્યા છે. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રીની મુલાકાતના પગલે કડક સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે કેમ્પસની મસ્જિદોમાંથી કલાકો સુધી લાઉડસ્પીકર પર અઝાન અટકાવી દેવામાં આવી હતી. આ ઘટના એવા સમયે બની જયારે મુખ્યમંત્રી અલીગઢમાં રૂા.૩૯૩ કરોડના વિકાસ કાર્યોના શિલાન્યાસ અને જાહેર સભાઓને સંબોધિત કરવાના સત્તાવાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.



**વહીવટીતંત્રના આદેશનો વિદ્યાર્થીઓનો દાવો અને આંતરિક મતભેદ** : યુનિવર્સિટી કેમ્પસના એક વિદ્યાર્થી અમાનના જણાવ્યા અનુસાર ૨૨ જૂનના રોજ જ્યારે તે હોસ્ટેલની મસ્જિદમાં અઝાન આપવા જઈ રહ્યો હતો, ત્યારે તેને જણાવવામાં આવ્યું કે વહીવટીતંત્રના આદેશથી આગામી સવારની ફજરની નમાઝ સુધી કેમ્પસમાં લાઉડસ્પીકર પર અઝાન આપવા પર પ્રતિબંધ છે. અન્ય એક અંતિમ વર્ષના વિદ્યાર્થી અઝીમુર રહેમાને પણ દાવો કર્યો કે તેણે પોતે પોલીસ અને યુનિવર્સિટી પ્રશાસનને સીએમની મુલાકાત પહેલા મસ્જિદના ઈમામને લાઉડસ્પીકર બંધ રાખવા માટે નિર્દેશ આપતા જોયા હતા. જો કે, યુનિવર્સિટીના પ્રોક્ટર નદીમ ખાને આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે, પ્રશાસન તરફથી આવો કોઈ લેખિત આદેશ આપવામાં આવ્યો ન હતો. બીજી તરફ, એએમયુ મસ્જિદોના નાઝિમ પ્રોફેસર મોહમ્મદ રાશિદે જણાવ્યું કે, આ મર્યાદા માત્ર યુનિવર્સિટી પૂરતી નહોતી પરંતુ સિવિલ લાઈન્સ સહિત સમગ્ર શહેરમાં હતી અને સરકારી આદેશોનું પાલન કરવું એ આપણી ફરજ છે.

**વહીવટીતંત્ર પાસે જવાબદારી માંગતો ખુલ્લો પત્ર** : આ મામલે યુનિવર્સિટીના એલએલએમ (LLM)ના વિદ્યાર્થી કૈફ હસને વાઈસ ચાન્સેલર, ફેકલ્ટી સભ્યો અને વિશ્વભરના પૂર્વ વિદ્યાર્થીઓને એક ખુલ્લો પત્ર લખીને વહીવટીતંત્રની જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. પત્રમાં આક્ષેપ કરાયો છે કે, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ઈતિહાસમાં કદાચ આ પહેલીવાર બન્યું છે જ્યારે કોઈ રાજનેતાની મુલાકાતને સાનુકૂળ બનાવવા માટે મસ્જિદોના લાઉડસ્પીકર બંધ કરી દેવામાં આવ્યા હોય. વિદ્યાર્થીઓએ માંગ કરી છે કે, સુરક્ષાની આડમાં કોના હકો છીનવી શકાય છે તે અંગે વહીવટીતંત્રએ સ્પષ્ટતા કરવી જોઈએ અને યુનિવર્સિટીએ રાજકીય આકાંક્ષાઓ પૂરી કરવાનું મેદાન બનવાને બદલે શૈક્ષણિક ગરિમા જાળવવી જોઈએ.

**સમગ્ર શહેરમાં પ્રતિબંધ અને પોલીસનો ઈન્કાર** : કથિત રીતે અઝાન પરના આ પ્રતિબંધો માત્ર યુનિવર્સિટી કેમ્પસ પૂરતા સીમિત ન હતા પરંતુ અલીગઢ શહેરના વિવિધ ભાગોમાં પણ મુખ્યમંત્રીના કાફલાના પસાર થવાના રૂટ પર આવેલી મસ્જિદોને લાઉડસ્પીકરનો ઉપયોગ ન કરવા જણાવાયું હતું. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર પોલીસે કોઈ પણ ઔપચારિક નોટિસ આપ્યા વિના મસ્જિદોમાંથી એમ્પ્લીફાયર હટાવી દીધા હતા અને બીજા દિવસે પરત કર્યા હતા. જો કે, આ તમામ ગંભીર આરોપો વચ્ચે અલીગઢના પોલીસ અધિક્ષક (SP) નીરજકુમાર જાદૌને સ્પષ્ટતા કરી છે કે, પ્રશાસન દ્વારા આવો કોઈ આદેશ પસાર કરવામાં આવ્યો નથી અને કોઈ મસ્જિદમાંથી લાઉડસ્પીકર ઉતારવામાં આવ્યા નથી. હાલમાં સત્તાવાર આદેશની કોઈ પુષ્ટિ થઈ નથી પરંતુ આ વિવાદે સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં સુરક્ષા પ્રોટોકોલ વિરુદ્ધ ધાર્મિક વિધિઓની સ્વતંત્રતા અંગે નવી ચર્ચા છેડી દીધી છે.

# ઉત્તર પ્રદેશ : ગંગા નદીમાં માંસાહારી ખોરાક પીવા અને રાંધવા બદલ ધરપકડ કરાયેલા પાંચ પુરૂષોને બીજા દિવસે જામીન મળ્યા

## પોલીસે જણાવ્યું હતું કે, આરોપીઓ દીપક કુમાર, અજય સાહની, અરૂણ કુમાર સાહની, અનુરાગ નિષાદ અને રાહુલ સાહની છે, જે બધા ૨૦ વર્ષના છે અને વારાણસીના રહેવાસી છે

(એજન્સી) તા.૨૭

વારાણસીમાં ચિંતા જગાવનાર એક નવી ઘટનામાં પવિત્ર ગંગા નદીમાં એક બોટમાં દારૂ પીવા અને માંસાહારી ખોરાક રાંધવાના આરોપમાં મંગળવારે પાંચ યુવાનોની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ-દીપક કુમાર, અજય સાહની, અરૂણ કુમાર સાહની, અનુરાગ નિષાદ અને રાહુલ સાહની, જે બધા ૨૦ વર્ષના છે અને સ્થાનિક રહેવાસીઓ છે-તેઓને તે જ દિવસે પાછળથી મેજિસ્ટ્રેટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા. આ ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સામે આવી હતી જેમાં હોડી પર ચિકન બનાવતા જૂથનો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે તાત્કાલિક નોંધ લીધી અને વિગતવાર તપાસ શરૂ કરી. ફૂટેજની પ્રારંભિક તપાસ દર્શાવે છે કે, આ ઘટના તાજેતરની નથી પરંતુ શિયાળાના મહિનાઓ દરમિયાન બની હોવાની શક્યતા છે. તપાસકર્તાઓએ વીડિયોનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરીને સંડોવાયેલા વ્યક્તિઓ અને ચોક્કસ બોટની ઓળખ કરી હતી. સોમવારે રાત્રે, દશાશ્વમેઘ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. શાંતિ ભંગ સંબંધિત જોગવાઈઓ પણ લાગુ કરવામાં આવી હતી. પોલીસે દરોડા પાડ્યા, મંગળવારે પાંચ માણસોની ધરપકડ કરી, અને મેળાવડામાં વપરાયેલી બોટ જપ્ત કરી હતી. સ્ટેશન હાઉસ ઓફિસર સંતોષ કુમારે પુષ્ટિ આપી કે આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. આ ઘટના માર્ચના એક કેસ જેવી જ છે



જેમાં બોટ પર ઈફતારનો વાયરલ વીડિયો સામે આવ્યા બાદ ૧૪ માણસોની ધરપકડ કરવામાં આવી હતી. તે એપિસોડમાં, આ પુરૂષો પર ચિકન બિરયાની ખાવાનો અને નદીમાં બચેલો ખોરાક ફેંકવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ખંડણી સહિતના વધારાના આરોપો ઉમેરાયા બાદ મે મહિનામાં જ તેમને જામીન મળ્યા હતા. પવિત્ર શહેરમાં આવી પ્રવૃત્તિઓ માટે ગંગાના ઉપયોગ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે, આવી ક્રિયાઓ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી શકે છે અને જાહેર શાંતિને ખલેલ પહોંચાડી શકે છે, ખાસ કરીને વારાણસી જેવા અતિશય આધ્યાત્મિક મહત્વ ધરાવતા સ્થળ પર નદી પર આવા ઉલ્લંઘનોનું પુનરાવર્તન અટકાવવા માટે પોલીસે કડક તકેદારીની ખાતરી આપી છે.

# સંભલ મસ્જિદનો બાકી રહેલો ભાગ તોડી પાડવામાં આવ્યો, વિપક્ષી નેતાઓએ આ પગલાનો વિરોધ કર્યો

## ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં અધિકારીઓએ સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામનો ઉલ્લેખ કરીને મુસ્તફા કાદરી મસ્જિદનું બાકી રહેલું માળખું દૂર કર્યું

(એજન્સી) સંભલ, તા.૨૭

ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં એક મસ્જિદનો બાકી રહેલો ભાગ મોડી રાત્રે વહીવટીતંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યો હતો, જે અધિકારીઓ સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ તરીકે વર્ણવે છે તેના વિરુદ્ધ ચાલી રહેલી ઝુંબેશના ભાગ રૂપે છે. આ કાર્યવાહી નખાસા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કાસેરવા ગામમાં થઈ હતી, જ્યાં અધિકારીઓએ મુસ્તફા કાદરી મસ્જિદના બાકી રહેલા માળખાને તોડી પાડવા માટે બે જેસીબી મશીનોનો ઉપયોગ કર્યો હતો. જિલ્લા અધિકારીઓના જણાવ્યા અનુસાર, જે જમીન પર માળખું ઊભું હતું તે ગ્રામ સભા મિલકત તરીકે રેકોર્ડ કરવામાં આવી હતી જે ગામ કબ્રસ્તાન માટે નિર્ધારિત હતી. વહીવટીતંત્રે જાળવી રાખ્યું હતું કે બાંધકામ અનધિકૃત હતું અને તેથી હાલના કાયદા હેઠળ તેને દૂર કરવાને પાત્ર છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કામગીરીના પહેલા તબક્કા દરમિયાન મસ્જિદનો એક ભાગ પહેલાથી જ દૂર કરવામાં આવ્યો હતો, જ્યારે તાજેતરની કાર્યવાહી દરમિયાન બાકી રહેલું માળખું તોડી પાડવામાં આવ્યું હતું. વિપક્ષી પક્ષોએ આ પગલાના સમય અને કાયદેસરતા બંને પર સવાલ ઉઠાવ્યા છે, જેના કારણે વિપક્ષી પક્ષોએ આ પગલાના સમય અને કાયદેસરતા બંને પર સવાલ ઉઠાવ્યા છે. કહેવાય છે કે કોંગ્રેસ પક્ષનું એક પ્રતિનિધિમંડળ કાસેરવા ગામની મુલાકાત લઈ રહ્યું હતું અને તોડી પાડવાની ઝુંબેશ વિશે માહિતી એકત્રિત કરી રહ્યું હતું. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રતિનિધિમંડળ પરિસ્થિતિનું મૂલ્યાંકન પૂર્ણ કર્યા પછી રાજ્ય કોંગ્રેસ નેતૃત્વને તેના તારણો રજૂ કરવાનો ઈરાદો ધરાવે છે. આ મુદ્દા પર સમાજવાદી પક્ષ તરફથી પણ પ્રતિક્રિયા આવી છે. સમાજવાદી પક્ષના સાંસદ ઝિયા ઉર રહેમાન બર્કે વહીવટીતંત્રના વલણને પડકાર્યો હતો અને દાવો કર્યો હતો કે વિવાદિત જમીન વકફની છે. તેમણે તોડી પાડવાને ગેરવાજબી ગણાવ્યું હતું અને કહ્યું હતું કે આ બાબતને કાનૂની માધ્યમો દ્વારા પડકારવામાં આવશે. જે જમીન પર મસ્જિદ ઉભી હતી તે વકફ મિલકત છે,'' બર્કે અહેવાલ મુજબ જણાવ્યું હતું કે, કાર્યવાહીનો વિરોધ કરનારાઓ ન્યાયિક હસ્તક્ષેપની માંગ કરશે. તોડી પાડવા પછી, અધિકારીઓએ સ્થળ પરથી કાટમાળ પણ



સાફ કર્યો હતો. સ્થાનિક અહેવાલોમાં જણાવાયું છે કે કોંગ્રેસ પ્રતિનિધિમંડળ ગામ છોડ્યા પછી, અધિકારીઓએ કાટમાળ દૂર કરવાનું કામ ઝડપી બનાવ્યું અને સફાઈ કામગીરી પૂર્ણ કરી. બાકી રહેલા કાટમાળને દૂર કરવા અને સ્થળને સમતળ કરવા માટે બે બુલડોઝર તૈનાત કરવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર ભારે મશીનરી દ્વારા માળખાના કેટલાક ભાગો તોડી પાડવામાં આવ્યા હતા અને કાટમાળ સાફ કરવામાં આવ્યા હતા, જેમાં ભારે મશીનરી દ્વારા વિસ્તાર સાફ કરવામાં આવ્યો હતો. દરમિયાન, મસ્જિદ પરિસરમાં "આઈ લવ મોહમ્મદ" લખેલા પોસ્ટરો મળી આવ્યા બાદ કામગીરી દરમિયાન વધુ એક વિવાદ ઉભો થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે તેઓએ આ બાબતની નોંધ લીધી છે અને તપાસ શરૂ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પોસ્ટરો કોણે અને કયા સંજોગોમાં લગાવ્યા હતા તે નક્કી કરવા માટે જિલ્લા પોલીસ નેતૃત્વના નિર્દેશો પર કેસ નોંધવામાં આવ્યો છે. જ્યારે વહીવટીતંત્ર આગ્રહ રાખે છે કે કાર્યવાહી જમીનના રેકોર્ડ અને કાનૂની પ્રક્રિયાઓ અનુસાર કરવામાં આવી હતી, ત્યારે વિપક્ષી નેતાઓ અને સ્થાનિક પ્રતિનિધિઓ તોડી પાડવાના આધાર પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે અને સંકેત આપ્યો છે કે આ વિવાદનો નિર્ણય આખરે કોર્ટમાં થઈ શકે છે.

# મુઝફ્ફરનગરમાં મુસ્લિમ વ્યક્તિની મિલકત ખરીદી સામે હિન્દુ સંગઠનનો વિરોધ

## કૃષ્ણપુરી વિસ્તારમાં એક મુસ્લિમ વ્યક્તિએ બે હિન્દુ ભાઈઓ પાસેથી ઘર ખરીદ્યા બાદ વિવાદ ફાટી નીકળ્યો છે; હિન્દુ સંઘર્ષ સમિતિએ તપાસની માંગ કરી છે અને જો અધિકારીઓ ૨૪ કલાકમાં કાર્યવાહી કરવામાં નિષ્ફળ જાય તો આંદોલન કરવાની ચેતવણી આપી છે

(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૭

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં એક મિલકત વ્યવહારમાં એક મુસ્લિમ વ્યક્તિએ ન્યૂ મંડી પોલીસ સ્ટેશન વિસ્તારના કૃષ્ણપુરી વિસ્તારમાં બે હિન્દુ ભાઈઓ પાસેથી ઘર ખરીદ્યા બાદ વિવાદ સર્જાયો છે. સ્થાનિક હિન્દુ સંગઠનના સભ્યોએ આ વેચાણનો વિરોધ કર્યો છે, જેમણે આ બાબતની સત્તાવાર તપાસની માંગ કરી છે અને જિલ્લા વહીવટીતંત્ર પાસેથી હસ્તક્ષેપની માંગ કરી છે. હિન્દુ સંઘર્ષ સમિતિના સભ્યોએ વિસ્તારની મુલાકાત લીધી અને સંગઠનના રહેવાસીઓ અને સમર્થકો દ્વારા હાજરી આપી જાહેર સભા યોજ્યા બાદ આ વિવાદ સામે આવ્યો હતો. બેઠક દરમિયાન, વિસ્તારમાં રહેણાંક મિલકતોના વેચાણ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સહભાગીઓએ વહીવટીતંત્રને અફવાઓ અને સામાજિક તણાવને રોકવા માટે વ્યવહાર સંબંધિત તમામ હકીકતોની તપાસ કરવા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. આ મેળાવડામાં હાજર રહેલા સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, ઘણા વક્તાઓએ આવા મિલકત વ્યવહારોની સંભવિત સામાજિક અસર અંગે આશંકા વ્યક્ત કરી હતી. તેમણે દલીલ કરી હતી કે આ બાબતની કાળજીપૂર્વક તપાસ થવી જોઈએ જેથી કોઈપણ ગેરસમજ અથવા વિવાદને કાનૂની અને વહીવટી માધ્યમો દ્વારા ઉકેલી શકાય. હિન્દુ સંઘર્ષ સમિતિ સાથે સંકળાયેલા નેતા, નરેન્દ્ર નવરે, સમર્થકો સાથે બેઠકમાં હાજરી આપી હતી અને સત્તાવાર તપાસની સંસ્થાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. સંગઠને આરોપ લગાવ્યો હતો કે આ મુદ્દો ફક્ત મિલકત વિવાદ નથી પરંતુ વ્યાપક સામાજિક અસરો ધરાવતો મામલો છે. જૂથના સભ્યોએ દાવો કર્યો હતો કે વહીવટીતંત્રે વ્યવહારના તમામ પાસાઓની ચકાસણી કરવી જોઈએ અને તેના તારણો જાહેર કરવા જોઈએ. હિન્દુ સંઘર્ષ સમિતિએ મિલકતની ખરીદીની ન્યાયી અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. સંગઠનના પ્રતિનિધિઓએ વહીવટીતંત્રને અલ્ટીમેટમ પણ આપ્યું હતું, ચેતવણી આપી હતી કે જો ૨૪ કલાકની અંદર કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે, તો તેઓ વિરોધ ઝુંબેશ શરૂ કરવાનું વિચારશે. અમે ઈચ્છીએ છીએ કે વહીવટીતંત્ર સમગ્ર મામલાની સંપૂર્ણ તપાસ કરે અને હકીકતો જનતા સમક્ષ રજૂ કરે,' સંગઠનના એક પ્રતિનિધિએ બેઠક દરમિયાન જણાવ્યું હતું. સંસ્થાના કેટલાક સભ્યો દ્વારા મિલકત વ્યવહારની ટીકા કરતી વખતે "જમીન જેહાદ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે, આવા આરોપોને સમર્થન આપતા



કોઈ પુરાવા જાહેરમાં રજૂ કરવામાં આવ્યા નથી, અને કોઈ સત્તાવાર સત્તાવાળાએ દાવાઓની પુષ્ટિ કરી નથી. સ્થાનિક વહીવટી અધિકારીઓએ રિપોર્ટિંગ સમયે આરોપો પર વિગતવાર જાહેર નિવેદન જારી કર્યું ન હતું. આ વિવાદે ઉત્તર પ્રદેશમાં એક સમાન ઘટનાની યાદો તાજી કરી છે જેમાં એક મુસ્લિમ વ્યક્તિ દ્વારા એક હિન્દુ વેચનાર પાસેથી ઘર ખરીદવાથી વિરોધ અને અશાંતિ થઈ હતી. તે પહેલાના કેસમાં, સ્થાનિક જૂથો દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને મુઝફ્ફરનગરમાં કરવામાં આવેલા જેવા જ આરોપો સામે આવ્યા હતા. આ વિવાદના કારણે આખરે વિસ્તારમાં તણાવ સર્જાયો હતો, અને પોલીસે હુમલો અને ધાકધમકીનો આરોપ લગાવ્યા બાદ અનેક વ્યક્તિઓ સામે કેસ નોંધ્યા હતા. નિરીક્ષકો કહે છે કે તાજેતરનો વિવાદ રાજ્યના કેટલાક ભાગોમાં વિવિધ ધાર્મિક સમુદાયોના સભ્યો સાથે સંકળાયેલા મિલકત વ્યવહારોની વધતી જતી સંવેદનશીલતાને પ્રકાશિત કરે છે. કાનૂની નિષ્ણાતો નિર્દેશ કરે છે કે ભારતીય કાયદા હેઠળ, નાગરિકો સામાન્ય રીતે તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના મિલકત ખરીદવા અને વેચવા માટે સ્વતંત્ર છે, જો બધી કાનૂની આવશ્યકતાઓ પૂર્ણ થાય અને વ્યવહાર લાગુ નિયમોનું પાલન કરે. વિવિધ પૃષ્ઠભૂમિના સમુદાયના નેતાઓએ શાંતિ જાળવવાની અપીલ કરી છે અને રહેવાસીઓને અફવાઓ અથવા અપ્રમાણિત દાવાઓ પર વિશ્વાસ ન કરવા વિનંતી કરી છે. તેમણે ભાર મૂક્યો છે કે મિલકતના વ્યવહારો અંગેની કોઈપણ ચિંતાઓને જાહેર મુકાબલાને બદલે કાયદેસર પ્રક્રિયાઓ અને વહીવટી સમીક્ષા દ્વારા ઉકેલવી જોઈએ.

# કતાર ગેસ પ્લાન્ટના બ્લાસ્ટમાં મોતને ભેટેલા સની પટેલની અંતિમ યાત્રામાં આખું ગામ હિબકે ચઢ્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

કતાર ખાતે આવેલ ગેસ પ્લાન્ટમાં ભીષણ વિસ્ફોટને પગલે શહેરનાં ભીમપોર ખાતે રહેતા યુવક સની પટેલનું મોત નિપજ્યું હતું. સની પટેલનો મૃતદેહ આજે વહેલી સવારે ભીમપોર પહોંચતાં ભારે હૈયે તેના અંતિમ સંસ્કાર યોજવામાં આવ્યા હતા. ભીમપોર અને આસપાસના ગ્રામજનો સહિત મોટી સંખ્યામાં લોકો યુવકની અંતિમ યાત્રામાં જોડાતા હૃદયદ્રાવક દૃશ્યો જોવા મળ્યા હતા. બીજી તરફ જુવાનજોધ પુત્રનાં મોતને પગલે પરિવારજનો ભારે આક્રંદ કરતાં નજરે પડ્યા હતા.થોડા દિવસો પૂર્વે કતાર ખાતે ગેસ પ્લાન્ટમાં ભીષણ વિસ્ફોટની ઘટનાને પગલે ભીમપોર ખાતે મોટા મહોલ્લામાં રહેતા સની પટેલ ગુમ થયો હોવાનું પરિવારજનોને જાણવા મળ્યું હતું. બીજી તરફ કતારમાં જ રહેતા સનીના ભાઈ રવિ પટેલે પણ શોધખોળ હાથ ધરી હતી. પ્લાન્ટમાં વિસ્ફોટ બાદ હાથ ધરવામાં આવેલ સર્ચ ઓપરેશનમાં સની પટેલનો મૃતદેહ મળી આવતાં પરિવારજનોના માથે આભ ફાટી પડ્યું હતું. ભારતીય દુતાવાસનો સંપર્ક કરીને પરિવારજનો દ્વારા સની પટેલનાં મૃતદેહને વતન પહોંચાડવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જેને પગલે આજે સવારે અમદાવાર એરપોર્ટ પર સની પટેલનો મૃતદેહ પહોંચ્યા બાદ ત્યાંથી ભીમપોર ખાતે મૃતદેહને લાવવામાં આવ્યો હતો. જ્યારે સનીનો પાર્થિવ દેહ તેના ઘર આંગણે પહોંચ્યો ત્યારે ત્યાં હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા. પરિવારની સ્થિતિ અત્યંત દયનીય અને ખરાબ જોવા મળી હતી. સનીની માતા અને પત્ની પોતાના વહાલસોયાને ગુમાવી બેસવાના આઘાતમાં અચેત થઈ રહ્યા હતા અને સતત રડી રહ્યા હતા. પત્નીના કરૂણ આક્રંદ અને માતાની ચીસો સાંભળીને આખું ગામ હિબકે ચડ્યું હતું, પરંતુ કોઈની પાસે આ દુઃખી પરિવારને આપવા માટે સાંત્વનાના શબ્દો નહોતા. સનીના અકાળે અવસાનથી આખા પરિવાર પર જાણે દુઃખનો પહાડ તૂટી પડ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

### કલાત્મક તાજિયાઓનું ભવ્ય જુલૂસ નીકળ્યું

# જંબુસરમાં મોહર્રમ પર્વની કોમી એકતા અને ભાઈચારાના માહોલમાં ઉજવણી

(સંવાદદાતા દ્વારા)

જંબુસર, તા.૨૭

જંબુસર શહેર અને તાલુકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની યાદમાં કલાત્મક તાજિયાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. શહેરના કસ્બા સ્ટ્રીટ, ભાગલીવાડ, જલાલપુરા, તળાવપુરા, મંગળાદી ભાગોળ, અજમેરી નગરી, પીર ગંજશહીદ, અમન પાર્ક, પઠાણી ભાગોળ, માઈનોલીમ સહિતના વિસ્તારોમાંથી 'યા હુસૈન'ના નારાઓ સાથે તાજિયાઓના જુલૂસ નીકળ્યા હતા.



(તસવીર :- આરીફ શેખ, જંબુસર)

શહેરમાં કોમી એકતા અને શાંતિપૂર્ણ માહોલમાં ૧૧થી વધુ તાજિયાઓના જુલૂસ મોહર્રમના ૯મા અને ૧૦મા ચાંદના રોજ યોજાયા હતા. મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો તેમાં જોડાયા હતા. મોહર્રમ પર્વ નિમિત્તે શહેરના વિવિધ સ્થળોએ શરબત, દૂધ, કોલ્ડ ડ્રિંક્સ સહિતની નિયાઝનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

મોહર્રમ પર્વની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પર્વ કોમી એકતા અને ભાઈચારાના માહોલમાં ઉજવાય તે માટે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા પૂર્વ આયોજન અને બેઠકઓ યોજી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રઝાએ મુસ્તફા યંગ કમિટી, જંબુસર દ્વારા શહેરની વિવિધ તાજિયા કમિટીઓના પ્રતિનિધિઓને શીલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત મોહર્રમ દરમિયાન શાંતિપૂર્ણ આયોજન અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં નોંધપાત્ર સહયોગ આપવા બદલ ડીવાયએસપી જંબુસર તથા પીઆઈ જંબુસરનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન (શીલ્ડ) આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ મોહરમના સંદેશા રૂપે સત્ય, ન્યાય, ત્યાગ અને માનવતાના મૂલ્યોને જીવનમાં ઉતારવાની અપીલ કરી હતી.

કાર્યક્રમમાં આરિફ મલેક, શાકિર મલેક, સઈદભાઈ એસ.કે., મુન્નાભાઈ શોપારી, ખાલિદભાઈ પટેલ, અનિસભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં તમામ મહેમાનો, તાજિયા કમિટીઓના સભ્યો, પોલીસ તંત્ર, વહીવટી તંત્ર તેમજ શહેરજનોનો સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# હિંમતનગર નગરપાલિકાની સામાન્ય સભામાં વિપક્ષના નેતા ઈમરાનભાઈ અલજીવાલાએ ઉઠાવ્યા જનહિતના મુદ્દાઓ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૭

હિંમતનગર નગરપાલિકાની સામાન્ય સભા દરમિયાન વિકાસના પ્રશ્નો, ટાઉનહોલના મુદ્દા તેમજ ચાર કર્મચારીઓની આંતરિક બદલીના નિર્ણયને લઈ સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર ચર્ચા સર્જાઈ હતી. સભામાં વિપક્ષના નેતા ઈમરાનભાઈ અલજીવાલાએ વિવિધ કાયદાકીય જોગવાઈઓનો ઉલ્લેખ કરીને કર્મચારીઓની બદલી અને ફરજ સોંપવાની પ્રક્રિયા અંગે ગંભીર વાંધાઓ રજૂ કર્યા હતા. ઈમરાનભાઈ અલજીવાલાએ જણાવ્યું હતું કે નગરપાલિકામાં લેવાતા નિર્ણયો પારદર્શક અને કાયદાકીય રીતે યોગ્ય હોવા જોઈએ. તેમણે દલીલ કરી હતી કે કર્મચારીઓની બદલી અને વધારાની ફરજ સોંપવાના મુદ્દે યોગ્ય પ્રક્રિયાનું પાલન થવું આવશ્યક છે, જેથી કર્મચારીઓ તેમજ નગરજનોના હિતનું રક્ષણ થઈ શકે. સભામાં એક તરફ સમગ્ર



(તસવીર : ઝાકીર સૈયદ, હિંમતનગર)

ભાજપ શાસિત બોડી હાજર હોવા છતાં, વિપક્ષના નેતા ઈમરાનભાઈ અલજીવાલાએ એકલા હાથે કાયદાકીય અને વહીવટી મુદ્દાઓને મજબૂતીથી રજૂ કરી જનહિતના પ્રશ્નોને વાચા આપી હતી. કાયદાની ઊંડી સમજ અને નગરજનોના હિત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતા ઈમરાનભાઈએ અનેક મુદ્દાઓ પર સત્તાપક્ષને જવાબ આપવા મજબૂર કર્યા હતા. ટાઉનહોલ સહિતના વિકાસ કાર્યોમાં પારદર્શિતા જળવાઈ રહે તેમજ નગરપાલિકાની કામગીરી નિયમો અનુસાર થાય તે માટે ઈમરાનભાઈ અલજીવાલા સતત સક્રિય રહી રહ્યા હોવાનું સભા દરમિયાન સ્પષ્ટ બન્યું હતું. રાજકીય વર્તુળોમાં પણ ઈમરાનભાઈને "વન મેન શો" તરીકે જોવામાં આવી રહ્યા છે, કારણ કે તેઓ એકલા હાથે સમગ્ર સત્તાપક્ષ સામે જનહિતના મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કરી રહ્યા છે. નગરજનોમાં પણ એવી ચર્ચા છે કે ઈમરાનભાઈ અલજીવાલા માત્ર વિપક્ષના નેતા તરીકે નહીં પરંતુ કાયદાકીય જાણકાર અને સમાજના હિત માટે સતત લડતા લોકપ્રતિનિધિ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યા છે.

# જૂનાગઢમાં ઉર્સે મુફ્તીએ આઝમે હિન્દ તથા દસ્તારબંદી નિમિત્તે શાનદાર જલ્સાનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૭

ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા ૧૪મી મોહર્રમના રોજ હઝરત ઈમામે આલી મુકામ તથા હઝરત મુફ્તીએ આઝમે હિન્દની યાદમાં ઉજવાતો જશ્ન તથા દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાની દસ્તરબંદીનો કાર્યક્રમ આ વખતો પણ જૂનાગઢમાં તા.૨૯ જૂન-૨૦૨૬ના સોમવારે રાત્રે ૧૦-૦૦ વાગ્યે મર્કઝે એહલે સુન્નત, મસ્જિદે રઝા, જૂનાગઢ ખાતે ઉજવવામાં આવનાર છે.

જલ્સાનું પ્રમુખ સ્થાન પીરે તરીકત હઝરત ગુલઝાર અહમદ સાહેબ નૂરી (સજ્જાદાહનશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ-જૂનાગઢ) સંભાળશે, ખલીફએ આસ્તાનએ હુઝુર ગોષે આઝમ હઝરત સૈયદ પીર મોહંમદ ઈસ્માઈલ કલંદર બાવા સાહેબ (ઔરંગાબાદ) તથા પીરે તરીકત હઝરત સૈયદ બરકતઅલી બાપુ કાદરી (રાજકોટ) તથા હઝરત પીર સૈયદ અબ્દુલ હમીદ બાબા સાહબ ખલીફએ હુઝુર મુફ્તીએ આઝમે હિન્દ-નૈનીતાલ (યુ.પી.) ખાસ ઉપસ્થિત રહેશે.

હાફીઝ ડો.રૂહુલ અમીન સાહેબ (નેશનલ ઓરેટર ઓન ઈસ્લામ એન્ડ કોમ્પોરેટીવ રીલોજીયન-જબલપુર (એમ.પી) તથા ખતિબે ઝિશાન ખલીફએ હુઝુર કાઈદે મિલ્લત મુફ્તી મો.દાઉદ સાહબ અમજદી-દહીંસર (મુંબઈ-મહારાષ્ટ્ર) તથા મુફ્તી હસીબુર્રહમાન સાહેબ-જૂનાગઢ સહિતના વક્તાઓ હાજર રહી આ દસ્તારબંદીના જલ્સાને સંબોધશે.

આ દસ્તારબંદીના જલ્સામાં જૂનાગઢ દારૂલ ઉલૂમ અન્વારે મુસ્તફાના તાલીમાર્થીઓમાંથી (૮) તાલીબે ઈલ્મોએ કુર્આન શરીફને મોઢે કઠન કરેલ હોય તે હાફીઝોને દસ્તારે હિફઝ (સર્ટીફિકેટ) આપવામાં આવશે.

આ દસ્તારબંદીના જલ્સામાં શોહદાએ કરબલાની શાનમાં તકરીરો થશે અને રાત્રે ૧-૪૦ વાગ્યે મુફ્તીએ આઝમે હિન્દના કુલ શરીફ થશે. સલાતો સલામ અને દુઆ પૂર્ણ થયા બાદ લંગરે નૂરી (આમ ન્યાઝ) જમાડવામાં આવશે.તા.૨૮-૬-૨૦૨૬ રવિવારે રાત્રે ઈશાંની નમાઝ બાદ મર્કઝે એહલે સુન્નત, મસ્જિદે રઝામાં ખત્મે કાદરીયાહ શરીફ, ઝિક્ર શરીફ, શજરા શરીફ, સલાતો સલામ બાદ હુઝુર ગુલઝારે મિલ્લત મદ્દઝિલ્લહુલ આલી તૌશા શરીફની ન્યાઝ પર ફાતેહા ખ્વાની તથા દુઆએ ખૈર ફરમાવશે.

### સ્થાનિક લોકો દ્વારા તાજિયા સાથે જે.પી. રોડ પોલીસ મથકે પહોંચી વિરોધ પ્રદર્શન

# વડોદરાના તાંદલજામાં તાજિયા વિસર્જન દરમિયાન પોલીસની દાદાગીરીના આક્ષેપ

**● તાજિયા ખંડિત કરવાનું તેમજ રજૂઆત કરતા યુવકને લઈ જઈ માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ ● તાજિયાને નુકસાન પહોંચતા મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ હોવાનો આક્ષેપ**





વડોદરાના તાંદલજા ખાતે તાજિયા વિસર્જન દરમિયાન પોલીસ દ્વારા તાજિયા શામેલ યુવકો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી યુવકને માર મારવાના આક્ષેપ સાથે હોબાળો મચાવી જે.પી. રોડ પોલીસ મથકે મોટી સંખ્યામાં સ્થાનિકો રજુઆત કરવા પહોંચી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જે તસવીરમાં દૃશ્યમાન થાય છે. જ્યારે અન્ય તસવીરમાં પોલીસ દ્વારા કાર્યવાહીથી તાજિયાને નુકસાન પહોંચવામાં આવ્યું હોવાના આક્ષેપ પણ કરાયા છે. તસવીરમાં તાજીયાને થયેલ નુકસાન દૃશ્યમાન થાય છે. (તસવીર : અતિક શેખ, વડોદરા)

### પોલીસની કામગીરી સામે તાજિયા જુલૂસમાં સામેલ લોકોમાં રોષ, પોલીસને માર મારવાની સત્તા કોણે આપી...??

તાંદલજામાં તાજિયા વિસર્જન દરમિયાન પોલીસ વિભાગ દ્વારા તાજિયા જુલૂસમાં સામેલ લોકો સાથે ઉદ્ધતાઈ પૂર્વક વર્તન અને રજૂઆત કરનાર યુવકને માર મારવાના ગંભીર આક્ષેપ થઈ રહ્યાં છે. ત્યારે પોલીસની કામગીરી સામે તાજિયા જુલૂસમાં સામેલ લોકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. લોકોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, જ્યારે રજૂઆત કરવામાં આવી રહી છે તો પોલીસને યુવકને રૂમમાં બંધ કરી માર મારવાની સત્તા કોણે આપી...?? પોલીસ દ્વારા જોહુકમી ચલાવી તાજિયા જુલુસ માં શામેલ લોકોને આગળ વધવા સતત દબાણ કરવામાં આવતું હોવાના પણ આક્ષેપ લોકોએ કર્યા છે તેમજ તાજિયાને થયેલ નુકસાનથી મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ છે તો આવા પોલીસ કર્મીઓ સામે કડકમાં કડક સજા કરી તેમને સસ્પેન્ડ કરવાની માંગણી પણ લોકો કરી રહ્યા છે.

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૭

મોહર્રમ પર્વ દરમિયાન ગઈકાલે રાતે તાંદલજા ખાતે તાજિયા વિસર્જન દરમિયાન તાજીયાની સ્થાપના કરનારાઓ સાથે પોલિસ દ્વારા ઉદ્ધતાઈભર્યું વર્તન તેમજ તાજિયાને ખંડિત કરવાના તેમજ પોલીસ દ્વારા યુવકને રૂમમાં લઈ જઈ માર માર્યા હોવાના આક્ષેપો સાથે ભારે તંગદિલી સર્જાઈ હતી અને તાજિયા સાથે લોકોએ જે.પી રોડ પોલીસ મથકે પહોંચી પોલીસ મથકનો ઘેરાવો કરી વિરોધ પ્રદર્શન કરતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ દોડતા થયા હતા. મોહર્રમ પર્વ નિમિત્તે તાંદલજામાં તાજિયા વિસર્જન દરમિયાન પોલીસ બંદોબસ્ત વચ્ચે વિવાદ સર્જાયો હતો. તાજિયા લઈને જતા સ્થાનિકો યુવકોના આક્ષેપ મુજબ બે-ત્રણ સાદા ડ્રેસમાં રહેલ પોલીસ કર્મચારીઓએ કૃષ્ણનગરના તાજિયાના પરવાનેદારો સાથે ગાળાગાળી અને અભદ્ર વર્તન કર્યું હતું. આ દરમિયાન તાજિયાને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે. તાજિયા સાથે આવેલ સ્થાનિક આગેવાન આફતાબ મોહમ્મદ કાઝીના જણાવ્યા અનુસાર જે વ્યક્તિઓ સાથે પોલીસની બોલાચાલી થઈ હતી તેમને પોલીસ સ્ટેશન લઈ જઈ માર મારવામાં આવ્યો હતો. વધુમાં એક પોલીસ કર્મચારીએ કથિત રીતે "મારો બક્કલ નંબર જોઈ લો, મારું કોઈ કશું ઉખાડી નહીં શકે" જેવી ટિપ્પણી કરી હોવાનું પણ પોલિસ પર આક્ષેપ છે. આ ઘટનાના વિરોધમાં તાંદલજાના તાજિયા જુલૂસ સાથે જોડાયેલા મોટી સંખ્યામાં લોકો પોલીસ સ્ટેશન બહાર એકત્ર થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ પોલિસ ઉચ્ચ પોલીસ અધિકારીઓ, જેમાં જોઈન્ટ પોલીસ કમિશનર, ડી.સી.પી અને એ.સી.પી સહિતના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. લોકો સાથે ચર્ચા કરી અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપ્યા બાદ મામલો શાંત પડ્યો હતો, જેના પછી પૂર્વનિર્ધારિત રૂટ મુજબ તાજિયાના જુલૂસ ફરી શરૂ કરવામાં આવ્યા હતા. તાજિયામાં સામેલ યુવકો અને જે યુવકને માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે તેણે સાદા ડ્રેસમાં આવેલા કથિત પોલીસ જવાનો સામે પોલીસ ફરિયાદ કરવા અરજી આપી હોવાનું જણાવ્યુંહતું. જ્યારે બીજી બાજુ પોલીસ દ્વારા પણ તાજિયામાં સામેલ કેટલાક યુવકો સામે પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# જૂનાગઢની કુખ્યાત બંગલા ગેંગના ૩ આરોપી ખીરસરા ગામેથી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ ગ્રામ્ય સહિતના વિસ્તારોમાં ગુના આચરી લોકોમાં ભય ફેલાવનાર બંગલા ગેંગના ૯ મહિનાથી ફરાર ૩ આરોપીને પોલીસે રાજકોટના ખીરસરાથી ઝડપી લઈ ૫ દિવસના રિમાન્ડ પર મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગે જૂનાગઢ ગ્રામ્ય ડિવિઝનના ડીવાયએસપીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, બંગલા ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો. જેમાં આરોપી કરસન ગલા મોરી અને દિલો ભગા છેલાણા છેલ્લા એક વર્ષથી જેલમાં છે. જ્યારે આરોપી ભાવિન ખોડા બઢ, નિલેશ ખોડા બઢ અને જાદવ ઉર્ફે લાખો સાંગાભાઈ હુંણ છેલ્લા ૯ મહિનાથી ફરાર હતા. આરોપીઓ વિરૂદ્ધ ફરાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું પણ મિલકત જપ્તીની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

દરમ્યાન ત્રણેય આરોપી રાજકોટ જિલ્લાના ખીરસરા ગામે છુપાયેલા હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભાવિન ખોડા, નિલેશ ખોડા, જાદવ ઉર્ફે લાખોની ધરપકડ કરી વધુ તપાસ પૂછપરછ માટે પાંચ દિવસના રિમાન્ડ પર મેળવેલ છે.

# ભાવનગર શહેર-જિલ્લામાં મહોર્રમ નિમિત્તે ૧૨૮ જેટલા તાજિયા જુલૂસો સંપન્ન થયા



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૭

કરબલાના મહાન શહિદોની યાદમાં ભાવનગર શહેરમાંથી ૩૪ સહિત જિલ્લાભરમાંથી ૧૨૮ જેટલા કલાત્મક અને આકર્ષક તાજિયા જુલૂસો નિકળ્યા હતા. કોમી-એકતા, ભાઈચારા અને એખલાસના મહાલોમાં તાજિયા જુલૂસ સંપન્ન થયા હતા. ગત મોડીરાત્રે તમામ તાજિયા ભાવનગર નજીકના ઘોઘા બંદરે ટાઢા કરવામાં આવ્યા હતા.આ તાજિયા જુલૂસ દરમ્યાન કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સરકારી તંત્ર દ્વારા તમામ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી. આ તાજિયા જુલૂસ ઉપર ભાવનગર જિલ્લા કલેક્ટર મનીષકુમાર બંસલ, એસ.ડી.એમ., સીટી મામલતદાર, મહાનગરપાલિકાના અધિકારીઓ તેમજ ભાવનગર રેન્જ આઈ.જી. રાજેન્દ્ર અસારી, જિલ્લા પોલીસ અધિક્ષક નીતીષ પાંડેય, સીટી ડી.વાય.એસ.પી. સિંઘાલ સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓએ સરાહનીય કામગીરી બજાવી હતી.ભાવનગર કસ્બા અંજુમને ઈસ્લામના પ્રમુખ હાજીમહેબુબભાઈ શેખ, ભાવનગર સેન્ટ્રલ તાજિયા કમિટીના પ્રમુખ સૈયદ હુસૈનમીયાબાપુ સહિતના આગેવાન કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી હતી.

# વેરાવળમાં મોહર્રમની ઉજવણી તાજિયા જુલૂસ શાંતિપૂર્ણ સંપન્ન

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૨૭

વેરાવળ શહેર અને મુસ્લિમ કોલોનીના આકર્ષક અને કલાક તાજિયા ગુરૂવારે સાંજે પડમાં આવેલ હતા અને શુક્રવારે સાંજે જુલૂસ સ્વરૂપે નીકળી આ તાજિયા જાલેશ્વરના દરિયામાં ઠંડા કરવામાં આવેલ હતા. આ જુલૂસમાં વેરાવળ મુસ્લિમ સમાજના નાની-મોટી સમાજના પ્રમુખો, આગેવાનો કાર્યકરો સહિત ખૂબ જ મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો જોડાયેલ હતા.માછિયારા સમાજ પ્રમુખ યુસુફ સુલેમાન ભેંસલિયા, આગેવાન મહંમદ હનીફ ઈસમાંણી, હારૂન સુલેમાન લુચાણી, હુસૈન અલારખ ઢોંકી, અનવર ઈબ્રાહિમ રાડિયા અને માછિયારા સમાજના યુવાનોએ દરિયાઈમાં મોજાઓમાં કરંટ હોવા છતાં જાનના જોખમે આ તાજિયાને દરિયામાં ઠંડા કરવામાં આવેલ હતા.વેરાવળમાં તાજિયા બનાવતા પરમીટ ધારકોને પરમીટ મેળવવા માટે ઈકબાલ બાપુ પટણી એ સારી જહેમત લઈ તાજિયાની પરમીટ અપાવેલ હતી.

ગુરૂવારની રાત્રે વેરાવળ તથા કોલોની વિસ્તારમાં સબીલોના આયોજકોએ સબીલોનું આયોજન કરી સબીલોમાં ખાવા પીવાની અનેક વસ્તુઓ રાખવામાં આવેલ હતી.

# નાસિર નગર વિસ્થાપિતોને વૈકલ્પિક વ્યવસ્થાના નામે કોમ્યુનિટી હોલમાં પ્રાથમિક સુવિધાનો સદંતર અભાવ

**કતારગામ ઝોનની ધરાર લાપરવાહીને પગલે વિવાદ સર્જાયોઃ રજૂઆતોને અંતે અધિકારીઓ દોડતા થયા**

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

સુરત સહિત સમગ્ર રાજ્યમાં ભુતિયા ડિમોલીશન તરીકે ચર્ચાનું કેન્દ્ર બનેલ નાસિર નગર પ્રકરણમાં હાઈકોર્ટની સખ્ત ટિપ્પણીઓ અને ફટકાર બાદ સુરત મહાનગર પાલિકા અને સુરત શહેર પોલીસ બેડામાં પણ સન્નાટો મચી જવા પામ્યો છે. જો કે, એક મહિના સુધી નિરાશ્રિતોની જેમ ખુલ્લા આકાશમાં રહેવા માટે મજબુર બનેલા ૧૦૦થી વધુ પરિવારોને અંતે મહાનગર પાલિકા દ્વારા રહેમરાહે કતારગામ ઝોનમાં આવેલ ભરીમાતા કોમ્યુનિટી હોલમાં વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જેને પગલે આજે સવારે ડિમોલીશનમાં બેઘર બનેલા પરિવારો કોમ્યુનિટી હોલ ખાતે પહોંચ્યા હતા. જો કે, કતારગામ ઝોનના અધિકારીઓ દ્વારા કોમ્યુનિટી હોલમાં કોઈપણ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ ઉભી ન કરવામાં આવતાં નિરાશ્રિતોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેને પગલે કોંગ્રેસ અગ્રણી અસલમ સાયકલવાલા અને કોર્પોરેટર અસદ જરીવાલા દ્વારા કતારગામ ઝોનનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને કોમ્યુનિટી હોલમાં પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ અંગે અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. જેને પગલે અધિકારીઓ દોડતા થઈ ગયા હતા અને તાત્કાલિક ધોરણે પાણી સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી.

### ટોઈલેટમાં પાણી અને વિજળીનો અભાવ, ઠેર - ઠેર ગંદકીનાં ઢગલા

છેલ્લા એક મહિનાથી સુરત સહિત સમગ્ર રાજ્યમાં નાસિર નગર ડિમોલિશન પ્રકરણને પગલે મહાનગર પાલિકાના અધિકારીઓ વિરૂદ્ધ બિલ્ડરના લાભાર્થે ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. કોઈપણ પ્રકારની નોટિસ વિના જ ૧૦૦થી વધુ કાચા - પાકા મકાનોનું પોલીસ અધિકારીઓની હાજરીમાં ડિમોલિશન કરવામાં આવતાં પરિવારજનો રાતોરાત બેઘર થઈ જવા પામ્યા હતા. અલબત્ત, હાઈકોર્ટ દ્વારા આ પ્રકરણમાં સખ્ત નોંધ લેતાં અંતે પાલિકા દ્વારા નિરાશ્રિતો માટે કતારગામ ખાતે કોમ્યુનિટી હોલમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે, કતારગામ ઝોનના નફ્ફટ અધિકારીઓ દ્વારા કોમ્યુનિટી હોલમાં પ્રાથમિક સુવિધાઓ છે કે કેમ તે અંગે તપાસ સુદ્ધાં કરવામાં આવી ન હતી અને સવારે જ્યારે આ પરિવારો કોમ્યુનિટી હોલ ખાતે પહોંચ્યા ત્યારે ટોઈલેટમાં પાણીનો પણ અભાવ જોવા મળ્યો હતો. આ સિવાય વિજળીની સુવિધા પણ ન હોવાને કારણે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ હાલમાં સાફસફાઈ પણ કરવામાં આવી ન હતી. જેને પગલે અસલમ સાયકલવાલા દ્વારા ઝોનના અધિકારીઓનું આ તરફ ધ્યાન દોરતાં અધિકારીઓ દોડતા થઈ ગયા હતા અને આનન ફાનનમાં સાફ સફાઈ સહિત વિજળી પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

### ડીસામાં મધરાત્રે ક્લોરિન ગેસ લીકેજથી ફફડાટ

ડીસા, તા.૨૭

બનાસકાંઠાના ડીસામાં ગત મોડી રાત્રે ભણસાલી હોસ્પિટલ વિસ્તાર નજીક અચાનક ક્લોરિન ગેસ લીકેજ થવાની ઘટના બનતા આસપાસના રહેવાસીઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ગેસની તીવ્ર ગંધ અને ગૂંગળામણને કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ડીસા પાલિકા પ્રમુખ, મામલતદાર, પ્રાંત કચેરીનો સ્ટાફ, પોલીસ કાફલો અને ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયરબ્રિગેડની ટીમે સમયસર સ્થિતિ પર કાબૂ મેળવવા માટે જહેમત ઊઠાવી હતી. વહીવટી તંત્રની ત્વરિત અને સક્રિય કામગીરીને પગલે ગેસ લીકેજની અસરને નાથવામાં સફળતા મળી હતી.

# સુરત અડાજણનાં યુવક સાથે વજન ઘટાડવાની દવાના નામે રૂા.૧.૭૭ કરોડની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

અડાજણ વિસ્તારમાં રહેતા વ્યક્તિ સાથે વજન ઘટાડવાની દવાના નામે મોટી છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી સંપર્ક કરી આરોપીઓએ પોતાને ક્યોરેસ્ટ સાયન્સ કંપનીના એજન્ટ તરીકે ઓળખાવી વિશ્વાસમાં લઈ રૂા. ૧.૭૭ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી.સાયબર ક્રાઈમ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અડાજણ વિસ્તારમાં રહેતા યુવકનો ગત. તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ક્યોરેસ્ટ સાયન્સ ડોટ ઈન કંપની નામની વેબસાઈટ મારફતે તેમજ અલગ અલગ મોબાઈલ નંબર દ્વારા સાયબર માફિયાઓએ સંપર્ક કર્યો હતો. આરોપીઓએ પોતાને કંપનીના ડોક્ટર, ઍજન્ટ અને કુરિયર બોય તરીકે ઓળખ આપી વજન ઘટાડવા માટેની અલગ અલગ દવાઓ મોકલવાની વાત કરી હતી. આરોપીઓએ યુવકને વિશ્વાસમાં લઈ કુરિયર મારફતે તથા વ્યક્તિઓને ઘરે મોકલી કુલ રૂપિયા ૧,૭૭,૪૦,૫૦૦ પડાવી લીધા હતા. ત્યારબાદ વધુ રૂા.૮૧,૫૦,૦૦૦ની માંગણી કરવામાં આવી હતી. તેમજ રૂપિયા નહીં આપે તો યુવક અને તેના પરિવારને શારીરીક માનસીક રીતે હેરાન કરવાની તેમજ અગાઉ આપેલી રકમ ડૂબી જશે અને ફાઈલ બંધ કરી દેવાની ધમકી આપી હતી. બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ભોગ બનનારની ફરિયાદ ગુનો દખલ કરીતપાસ હાથ ધરી છે.

**નામ-અટક બદલેલ છે**
મારૂ જુનું નામ પટેલ મુમતાઝ સિદ્દિકભાઈ હતુ જે બદલીને નવું નામ **મુમતાજ સિદ્દિકમુસા ગાંથીયા** કરેલ છે
જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૨૯-૩૦, કારભારી સ્ટ્રીટ, ઝંઘાર, જી.ભરૂચ-૩૯૨૨૧૦.

**નામ-અટક બદલેલ છે**
મારૂ જુનું નામ પટેલ સિદ્દિકભાઈ મુસા વલ્લી હતુ જે બદલીને નવું નામ **સિદ્દિકમુસા વલ્લી ગાંથીયા** કરેલ છે
જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૨૯-૩૦, કારભારી સ્ટ્રીટ, ઝંઘાર, જી.ભરૂચ-૩૯૨૨૧૦.

**નામ બદલેલ છે**
જૂનું નામ
**રીઝવાનભાઈ સુલેમાન દરીયા**
નવું નામ
**રીજવાનભાઈ સુલેમાન દરીયા**
સરનામું : ચાટાવાડા, પાટણ, ગુજરાત-384151

**નામ બદલેલ છે**
મે મારૂં જૂનું નામ **ઈસ્માઈલભાઈ** થી બદલી નવું નામ **મેમણ ઈસ્માઈલભાઈ વલીભાઈ** રાખેલ છે.
સરનામું : મુ.પો.લાંબડીયા તા.પોશીના જિ. સાબરકાંઠા-૩૮૩૨૭૦ ગુજરાત

**જાહેર નોટીસ**



અમો એડવોકેટ અશ્વિન આઈ. પરમાર, રહે. દુબઈ ટેકરી, ઝાડેશ્વર, ભરૂચ નાઓ તે અમારા અસીલ નામે અર્જુનકુમાર રામકુમાર તથા ગાયત્રીદેવી તે અર્જુનકુમારની પત્ની, બંને રહે, એ/૧૨, શ્રીનગર સોસાયટી, તુલસીધામ શાકમાર્કેટ, ભોલાવ, ભરૂચની સુચના અને ફરમાઈશથી જણાવીએ છીએ કે...
અમારા અસીલના સુપુત્ર નામે દેવકુમાર અર્જુનકુમાર સહાની જે અમારા અસીલના કહ્યામાં રહ્યા નથી અને મનફાવે તેવી જીંદગી જીવવા માટે ટેવાયેલા છે. જેથી ભવિષ્યમાં તે કોઈની સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરે, કરાવે તેની તમામ જવાબદારી અમારી રહેશે નહી. અને ભવિષ્યમાં કરે તો તેની જવાબદારી તેની પોતાની રહેશે. અને અમો તેમને અમારી સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી તેમને બેદખલ કરીએ છીએ. જેની લાગતા વળગતા અને જાહેર જનતાએ ગંભીરતા પૂર્વક નોંધ લેવી. તેમજ ભવિષ્યમાં કોઈપણ વ્યકિત સાથે લગ્ન કરે કોઈ અડચણ ઉભી થાય કે કરાવે તેની સઘળી જવાબદારી અમારી રહેશે નહી.
સ્થળ : ભરૂચ
તારીખ : ૨૫-૦૬-૨૦૨૬
અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે અમારી મારફતે
એ. આઈ. પરમાર
(એડવોકેટ) મો. ૭૫૬૭૦ ૨૦૯૮૭

### રાજયમાં હજુ પણ ૫૪ તાલુકા વરસાદ વિના કોરા !

# રાજયમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી ૧થી ૩ જુલાઇ ભારે પવન સાથે વરસાદ પડી શકે

## ૫૦થી ૬૦ કિ.મી. ઝડપે પવન ફૂંકાવાની શક્યતા : વાવાઝોડાની ચેતવણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં રાજયના ૨૫ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે ૧ જૂલાઈએ વાવાઝોડા અને તેજ પવનો સાથે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. એકતરફ રાજયના ૫૪ તાલુકાઓ હજુ પણ સંપૂર્ણપણે કોરા ધાકોડ છે, તો બીજી તરફ અમદાવાદ અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં અસહ્ય ગરમી અને બફારાનો માહોલ યથાવત રહ્યો છે. હવામાન વિભાગની આગાહીને પગલે આગામી ૩-૫ દિવસોમાં મેઘરાજા ધમાકેદાર જમાવટ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા વરસાદ નોંધાયો હતો, જ્યારે કચ્છમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. રાજયના ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન નર્મદામાં ભારે વરસાદ ખાબક્યો હતો, જેથી સાગબારા દેડિયાપાડાના જંગલ વિસ્તારની નદીઓમાં પૂર આવ્યું હતું.

આગામી સાત દિવસ માટે ગુજરાત રાજયમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના સ્થળોએ છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ૧ જુલાઈના રોજ ગુજરાતના વિસ્તારોમાં વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે, જેમાં પવનની ગતિ ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાક આસપાસ રહી શકે છે. આ ઉપરાંત ૨ અને ૩ જુલાઈના રોજ સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી અને ડાંગમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. માછીમારો માટે ૧ જુલાઈના રોજ સમગ્ર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખરાબ હવામાનને કારણે ચેતવણી આપવામાં આવી છે, જ્યાં પવનની ગતિ ૪૦થી ૫૦ કિમી અને વધીને ૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. આગામી ૩થી ૪ દિવસમાં ગુજરાતના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધવાની સંભાવના છે. કારણ કે હાલમાં ઉત્તર ગુજરાત અને તેની આસપાસ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. દક્ષિણ ગુજરાત સહિત રાજયના કેટલાક વિસ્તારોમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી તો ૪ દિવસ પહેલા ૨૪ જૂને થઈ ચૂકી છે. પરંતુ હજુ પણ અનેક વિસ્તારોમાં મેઘરાજાએ જમાવટ કરી નથી. એટલે કે આજે ૨૭ જૂન સુધીમાં રાજયના ૫૪ તાલુકા એવા છે કે જ્યાં હજુ વરસાદ નોંધાયો જ નથી. ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં રાજયના ૧૭૭ તાલુકા એવા છે કે જ્યાં બે ઈંચ સુધીનો વરસાદ વરસી ચૂક્યો છે. જ્યારે ૨૮ તાલુકામાં ૨થી ૫ ઈંચ સુધીનો વરસાદ વરસી ચૂક્યો છે. નર્મદાના સાગબારા દેડિયાપાડા વિસ્તારમાં બે દિવસથી વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ રહી છે. ભારે વરસાદ પડતા જંગલ વિસ્તારની નદી ખાડીઓમાં પૂરની પરિસ્થિતિ હજુપણ યથાવત્ છે. છેલ્લા ૨૪ કલાકમાં વલસાડના ઉમરગાવમાં સૌથી વધુ ૧૨ મિમી જેટલો હળવો વરસાદ નોંધાયો છે. તાપમાનની દૃષ્ટિએ છેલ્લા ૨૪ કલાકમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી અને આગામી સાત દિવસ સુધી પણ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ આવવાની શક્યતા નથી. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૦ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વલસાડના ઉમરગામ અને કચ્છના રાપર તાલુકામાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે જૂનાગઢના ભેંસાણ, મહીસાગરના ગોધર, વલસાડ અને નર્મદાના સાગબારા તાલુકામાં પણ છુટોછવાયો વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાત તેમજ દેશના અન્ય કેટલાક રાજ્યોમાં વધુ આગળ વધે તેવી અનુકૂળ પરિસ્થિતિ છે. આગામી સાત દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટા પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

તાપમાનની વાત કરીએ તો, આગામી સાત દિવસમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ જોવા નહીં મળે. અગાઉ અમદાવાદમાં ૪૦.૩ ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં ૪૦.૨ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું, અને આજના દિવસે પણ આ બંને શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાનું અનુમાન છે.

### સાણંદ કન્યા છાત્રાલયની સગીરાના અપહરણ-દુષ્કર્મનો ચર્ચાસ્પદ કેસ

# સગીરાના અપહરણ તથા દુષ્કર્મના કેસમાં બે આરોપીઓને ૨૦ વર્ષની કેદની સજા

## ટ્રાયલ દરમ્યાન ફરાર થયેલા આરોપી સામે પકડ વોરંટ જારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

અમદાવાદ જિલ્લાના સાણંદ વિસ્તારમાં આવેલી કન્યા છાત્રાલયમાંથી સગીર બાળાનું અપહરણ કરી તેના પર ગુજારવામાં આવેલા ભયંકર દુષ્કર્મના કેસમાં અદાલતે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ પોક્સો (POCSO) કોર્ટના જજ બી.એસ. મહેતાએ આ ગુનાને અત્યંત ગંભીર ગણાવી મુખ્ય આરોપીઓ સાહીલકુમાર લક્ષ્મણભાઇ મકવાણા અને સુલતાન ઉર્ફે મનોજકુમાર હારૂનને કસૂરવાર ઠરાવીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. આ કેસમાં ટ્રાયલ દરમિયાન આરોપી સુલતાન ફરાર થઈ ગયો હોવાથી કોર્ટે તેની સામે પકડ વોરંટ જારી કરી અલગથી કાર્યવાહી કરવા આદેશ કર્યો છે. કેસની વિગત અનુસાર, ૧ માર્ચ ૨૦૨૪ના રોજ આરોપી સાહીલકુમાર મકવાણા અને સુલતાન ઉર્ફે મનોજકુમાર હારૂન સાણંદ નળ સરોવર રોડ પર આવેલી 'ભગિની કન્યા છાત્રાલય' ખાતે પહોંચ્યા હતા. ત્યાં તેમણે હોસ્ટેલ પ્રશાસન સમક્ષ પોતાને ૧૪ વર્ષીય સગીરાના કાકા તરીકે ઓળખાવી ખોટી ઓળખ આપી હતી. ત્યારબાદ આ બંને નરાધમો બાળાનું અપહરણ કરી રિક્ષામાં બેસાડી અલગ-અલગ સ્થળોએ લઈ ગયા હતા, જ્યાં તેના પર અમાનુષી દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. દીકરી ગુમ થતાં પરિવારજનોએ શોધખોળ બાદ સાણંદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તપાસ કરી બંનેને ઝડપી પાડી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. અદાલતમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ ભરતસિંહ સી. રાઠોડે પૂરતા સાક્ષીઓ અને મજબૂત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરીને ધારદાર દલીલો કરી હતી. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે, "આ સામાજિક રીતે અત્યંત ગંભીર પ્રકારનો ગુનો છે. ભોગ બનનાર માસૂમ સગીર હોવાનું મેડિકલ અને શૈક્ષણિક રેકોર્ડ પર નિર્વિવાદ સાબિત થાય છે. ભોગ બનનારે નરાધમોને કોર્ટમાં ઓળખી બતાવ્યા છે. સમાજમાં જ્યારે આવા વિકૃત કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે ગુનેગારોમાં કાયદાનો કડક ભય રહે તે હેતુથી ન્યાયના હિતમાં મહત્તમમાં મહત્તમ સજા થવી અનિવાર્ય છે. કોર્ટે સરકારી વકીલની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખતા ચુકાદામાં સ્પષ્ટ નોંધ્યું હતું કે, જ્યારે ભોગ બનનાર સગીરાની ઉંમર ૧૬ વર્ષથી નાની હોય ત્યારે કાયદામાં ૨૦ વર્ષથી ઓછી નહીં તેટલી સજા કરવાની સ્પષ્ટ જોગવાઈ છે. આ સમગ્ર કેસ પ્રિઝમ્પશન અને પુરાવાઓના આધારે નિઃશંકપણે પુરવાર થાય છે, જેથી આરોપીઓને કડક સજા કરવી સર્વથા ન્યાયોચિત છે. કોર્ટે બંનેને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી સાહીલકુમારને જેલ ભેગો કર્યો છે, જ્યારે જામીન મુક્ત થયા બાદ ટ્રાયલ દરમિયાન પલાયન થઈ ગયેલા સુલતાન સામે કોર્ટે કડક વલણ અપનાવી તાત્કાલિક ધરપકડ કરવા માટે બિનજામીનપાત્ર વોરંટ જારી કરવાનો પોલીસને હુકમ કર્યો છે.

### અસામાજિક તત્ત્વો અંગે સભ્યએ રજૂઆત કરાયા બાદ વિભાગ દોડતું થયું

# શાહપુરમાં આવેલ EWS આવાસોમાં ૧૭ મકાનનાં તાળાં તોડી ગેરકાયદે કબજો

## ગેરરીતિ બદલ ઓક્ટોબર-૨૦૨૫માં નોટિસો આપીને એસ્ટેટ વિભાગે ૩૫ જેટલા આવાસ સીલ કર્યા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

શહેરના શાહપુર વોર્ડમાં કોર્પોરેશન દ્વારા ગરીબ અને ઓછી આવક ધરાવતા પરિવારો માટે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના તૈયાર કરી લાભાર્થીઓને ફાળવવામાં આવી હતી. જો કે, આ આવાસોમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. જ્યુપીટર મિલની જગ્યામાં બનેલા આ આવાસો પૈકી ૧૭ જેટલા આવાસોના તાળા તોડીને અસામાજિક તત્વો કે અન્ય લોકોએ ગેરકાયદેસર કબજો જમાવી લીધો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય રાજેશ પટેલે આ અંગે આક્રમક રજૂઆત કર્યા બાદ મોડે મોડે સફાળા જાગેલા એસ્ટેટ વિભાગે દોડતા થઈ ગેરકાયદે વસવાટ કરનારાઓનો સામાન બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. આ અંગે પોલીસ ફરિયાદ કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શાહપુરના આવાસોમાં લાંબા સમયથી ગેરકાયદેસર વસવાટ ચાલતો હોવાની માહિતી જો સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય સુધી પહોંચી શકતી હોય, તો સ્થાનિક સ્તરે ફરજ બજાવતા એસ્ટેટ વિભાગના અધિકારીઓ આનાથી કેમ અજાણ હતા તે પ્રશ્ન મહત્ત્વનો બન્યો છે. ગત ટર્મમાં હાઉસિંગ કમિટી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ઈ.ડબલ્યુ.એસ. આવાસમાં મૂળ લાભાર્થી સિવાય અન્ય લોકો દ્વારા થતા વપરાશ અને ગેરકાયદેસર ઘૂસણખોરી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા વખતોવખત સૂચનાઓ આપવામાં આવી હતી. છેલ્લા બે વર્ષથી એસ્ટેટ વિભાગને આ બાબતે સતત આદેશો અપાયા છે, પરંતુ 'શેઠની શિખામણ ઝાંપા સુધી'ની કહેવત મુજબ એસ્ટેટના અધિકારીઓ મૂળ લાભાર્થી સિવાયના તત્ત્વો પાસેથી આવાસ ખાલી કરાવવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે. જુદા-જુદા વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઓછી આવક ધરાવતા લોકો માટે બનેલા આવાસો મૂળ લાભાર્થીઓએ ભાડુઆતોને પધરાવી દીધા હોવાની વ્યાપક ફરિયાદો હાઉસિંગ કમિટી સમક્ષ પહોંચી હતી. જેના પગલે સમગ્ર શહેરમાં ૫૬૧૧ આવાસોની સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ સર્વે દરમિયાન ૩૬૭ મકાનોમાં મૂળ લાભાર્થીના બદલે ભાડુઆતો રહેતા હોવાનું સામે આવ્યું હતું. આ ગેરરીતિ બદલ ઓક્ટોબર-૨૦૨૫માં નોટિસો આપીને એસ્ટેટ વિભાગે ૩૫ જેટલા આવાસ સીલ પણ કર્યા હતા.

### આયુષીના રહસ્યમય મોત બાદ સમગ્ર પંથકમાં ચકચાર અને ચર્ચા વ્યાપક બની હતી

# જસદણની આલ્ફા સ્કૂલના સંચાલકો વિરુદ્ધ સાપરાધ મનુષ્ય વધનો ગુનો

## મૃતક બાળકીના પિતાએ શાળાના સંચાલકો પર ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

જસદણની આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ એન્ડ ટ્રેનિંગ સેન્ટરમાં અભ્યાસ કરતી ૧૦ વર્ષીય વિદ્યાર્થિની આયુષીના રહસ્યમય મોત બાદ ચકચાર મચી ગઈ છે. આ મામલે મૃતક બાળકીના પિતાએ શાળાના સંચાલકો પર ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા હતા, જેના પગલે પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. રિપોર્ટ અને પરિવારની ફરિયાદના આધારે જસદણ પોલીસે આલ્ફા સ્કૂલના બે સંચાલકો વિરુધ્ધ સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરીને સકંજામાં લેવા સાથે તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે.

મહુવાના મોટા જાદરા ગામના વતની રમેશભાઈ બલદાણિયાએ પોતાની પુત્રી આયુષીને ગત ૨૭ એપ્રિલે આલ્ફા સ્કૂલમાં અભ્યાસ માટે મોકલી હતી. આયુષીને થોડા દિવસો પહેલા અછબડા અને તાવની તકલીફ હતી. આક્ષેપ મુજબ, બાળકી ગંભીર રીતે બીમાર હોવા છતાં સંચાલકોએ પરિવારને સમયસર જાણ કરી ન હતી અને તેને તબીબી સારવાર પણ પૂરી પાડી ન હતી. બુધવારે બપોરે સ્થિતિ ગંભીર બનતા તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. પિતાએ આક્ષેપ કર્યો છે કે શાળાના નિયમોના બહાને છેલ્લા બે મહિનાથી બાળકીને પરિવાર સાથે ફોન કે રૂબરૂ વાત કરવા દેવામાં આવી ન હતી. જે ગંભીર ઘટનાનાં પગલે એસપી સહિતના અધિકારીઓએ આલ્ફા સ્કૂલની મુલાકાત લઈને ઝડપી તપાસનો આદેશ આપ્યો હતો. જેના પગલે આલ્ફા સ્કૂલના સંચાલક એવા ટ્રસ્ટી જયસુખ સંખારવા અને હિરેન સંખારવા વિરુદ્ધ બીએનએસની કલમ ૧૦૫ (સાપરાધ મનુષ્ય વધ) અને ૫૪ હેઠળ ગુનો નોંધી બંનેને અટકાયતમાં લીધા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ઘટના બાદ વાલીઓમાં ભારે રોષ અને ભયનું વાતાવરણ જોવા મળ્યું છે, જેના કારણે અનેક વાલીઓ પોતાના બાળકોને ઘરે લઈ ગયા છે. સંચાલકો સામે ગુનો દાખલ થતા સ્કૂલ-હોસ્ટેલને એક મહિના માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ જસદણ પોલીસ દ્વારા આ ગંભીર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ભાવનગરમાં સગીરાની ફ્રી ફાયર ગેમ રમતા ઓનલાઈન ફ્રેન્ડશીપનો અંજામ

# સગીરાના મોર્ફ-ન્યૂડ ફોટા-વીડિયો વાયરલ કરનાર આરોપીને હરિયાણાથી ઝડપી લેવાયો

## વીડિયો કોલથી સગીરા અને સાહેદના ફોટા મેળવી મોર્ફ કરી વાયરલ કર્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા મહિલા સુરક્ષાને પ્રાધાન્ય આપતા 'ઓપરેશન સાયબર સુરક્ષિત નારી' અંતર્ગત સોશિયલ મીડિયાના માધ્યમથી સગીરાને હેરાન-પરેશાન કરી તેના અને તેના સાહેદના મોર્ફ ન્યુડ ફોટા અને વીડિયો વાઈરલ કરનાર હરિયાણાના એક આરોપીને સાયબર ક્રાઈમ પોલીસે ગુરુગ્રામથી ઝડપી લઈ કાયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે સાયબર ક્રાઈમ કચેરીથી મળતી માહિતી મુજબ ફ્રી ફાયર ગેમ રમતી સગીરવયની ફરિયાદી સાથે ઓનલાઈન મિત્રાતા કેળવી હતી, ત્યારબાદ વીડિયો કોલના માધ્યમથી વિશ્વાસમાં લઈને આરોપીએ સગીરા તથા તેના સાહેદના ફોટા મેળવી તેનું મોર્ફિંગ કરીને ન્યુડ ફોટા અને વીડિયો તૈયાર કર્યા હતા. આ અશ્લીલ કન્ટેન્ટને ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુટ્યુબ જેવા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અપલોડ કરી સગીરાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો, આ ગંભીર ગુનાની નોંધ લઈને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, આઈ.ટી. એક્ટ અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરી આરોપીનું લોકેશન ટ્રેસ કર્યું હતું. પોલીસે હરિયાણાના ગુરુગ્રામ ખાતે પહોંચીને આરોપી રાજા ઉર્ફે ઉજ્જવલ મનોજભાઈ કપીલદેવ વિશ્વકર્મા રહે.સેક્ટર ૩૯, ગુરુગ્રામને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સોશિયલ મીડિયા પર અન્યના નામે ફેક એકાઉન્ટ બનાવવા, અશ્લીલ મેસેજ કરવા અથવા કોઈના ફોટા-વીડિયો સાથે ચેડાં કરી વાઈરલ કરવા તે ગંભીર ગુનો છે આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર ધાર્મિક કે જ્ઞાતિ વિષયક વિરોધાભાસી અને ઉશ્કેરણીજનક પોસ્ટ કે મેસેજ ફોરવર્ડ ન કરવા અપીલ કરી છે. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર સામે પોલીસ દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### અમદાવાદમાં ફાયર સેફ્ટી મુદ્દે કાર્યવાહી જારી

# ૧૫૪ હોટલ-૬૨ કોચિંગ ક્લાસને નોટિસ, ૧૩ હોટલ સહિત અન્ય એક સંસ્થા સીલ

## નોર્થ ઝોનમાં ૭ હોટલો અને ૧૦ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ શહેરના લોકો અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ફાયર વિભાગની જુદી-જુદી ટીમો દ્વારા શહેરની હોટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ ક્લાસિસમાં એક વ્યાપક ચકાસણી ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. આ મેગા ડ્રાઈવ દરમિયાન ફાયર સેફ્ટીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરનારા એકમો સામે નોટિસોનો સપાટો બોલાવવામાં આવ્યો છે, જ્યારે ભારે બેદરકારી દાખવનાર ૧૩ હોટલો અને ૧ શૈક્ષણિક સંસ્થા સહિત કુલ ૧૪ એકમોને સીલ કરાઈ છે.

અમદાવાદમાં હાથ ધરાયેલી આ ઝૂંબેશમાં કુલ ૧૫૪ હોટલોને અને ૬૨ શૈક્ષણિક તથા કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જયારે નિયમોના ગંભીર ભંગ બદલ ૧૩ હોટલો તેમજ એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં આવી છે. ઝોનવાર કાર્યવાહી પર નજર કરીએ તો સાઉથ વેસ્ટ ઝોનમાં ૨૦ હોટલોને નોટિસ આપવામાં આવી છે. સાઉથ ઝોનમાં ૧૩ હોટલો અને ૩ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે.

- સેન્ટ્રલ ઝોનમાં ૨૭ હોટલો તેમજ ૮ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓ સામે નોટિસની કાર્યવાહી કરવામાં આવી છે.
- નોર્થ વેસ્ટ ઝોનમાં ૨૪ હોટલો અને ૫ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જયારે નિયમોના ગંભીર ભંગ બદલ ૬ હોટલોને સીલ કરવામાં આવી છે. ઈસ્ટ ઝોનમાં ૧૬ હોટલો અને ૨૪ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે.
- વેસ્ટ ઝોનમાં સૌથી વધુ કાર્યવાહી કરવામાં આવી હતી, જયાં ૪૭ હોટલો અને ૧૨ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી હતી તેમજ ૭ હોટલો અને એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં આવી હતી. નોર્થ ઝોનમાં ૭ હોટલો અને ૧૦ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ ફટકારવામાં આવી છે.

અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગના જણાવ્યા અનુસાર શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું કડક પાલન થાય તેમજ નાગરિકોના જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત રહે તે માટે આવી ચકાસણી અને અમલીકરણની કાર્યવાહી આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે. ફાયર સેફ્ટી સંબંધિત નિયમોનું પાલન ન કરનાર સંસ્થાઓ અને એકમો સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### મહિલા ટિકિટ ચેકરની દાદાગીરી અને હિંસક વર્તન સામે રોષ

# ટિકિટના વિવાદમાં મહિલા ટિકિટ ચેકરે મુસાફર યુવતીને માર્યો ઢોર માર

## હાથમાં ફ્રેક્ચર અને શરીરે નખના નિશાન સાથે કણસતી યુવતીને હોસ્પિ.માં ખસેડાઇ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

મહેસાણા રેલ્વે સ્ટેશન પરથી કાયદો અને વ્યવસ્થા તેમજ મુસાફરોની સુરક્ષા સામે સવાલો ઉભા કરતી એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. વડોદરાથી ટ્રેન મારફતે મહેસાણા આવેલી કાજલ રાય નામની યુવતી પર પ્લેટફોર્મ નંબર ૧ પર જ લોહીલુહાણ હુમલો કરવામાં આવ્યો હતો.

મળતી વિગતો મુજબ, કાજલ રાયના પિતા અનિલરાય મહેસાણામાં જ રહે છે અને ત્યાં 'રામરોટી' ચલાવે છે. દીકરી કાજલ પોતાના પિતાને મળવા માટે વડોદરાથી ટ્રેન પકડીને મહેસાણા સ્ટેશન પર ઉતરી હતી, જ્યાં તેની સાથે આ કમનસીબ ઘટના ઘટી હતી.ટ્રેનમાંથી ઉતરેલી કાજલ રાય સાથે ટિકિટ ચેક કરવા બાબતે ત્યાં ફરજ પર તૈનાત લક્ષ્મી નામની મહિલા ટિકિટ ચેકરને કોઈ વાત પર ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વધી ગયો કે મહિલા ટીસી લક્ષ્મીએ તમામ મર્યાદાઓ નેવે મૂકીને કાજલ પર હિંસક હુમલો કરી દીધો હતો. મહિલા ટીસીએ કાજલ રાયને પ્લેટફોર્મ પર જ જાહેરમાં ઢોર માર માર્યો હતો અને તેના શરીર પર નખના ઘા મારીને લોહીલુહાણ કરી દીધી હતી. આ હુમલો એટલો ભયાનક હતો કે ઝપાઝપી દરમિયાન ઈજાગ્રસ્ત કાજલ રાયનો હાથ પણ ભાંગી ગયો હતો. હાથમાં ગંભીર ફ્રેક્ચર અને શરીરે નખના નિશાન સાથે પીડાથી કણસતી કાજલ રાયને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે મહેસાણાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તબીબો દ્વારા તેની સારવાર કરવામાં આવી રહી છે. રેલ્વેના જવાબદાર કર્મચારી દ્વારા જ એક મહિલા મુસાફર સાથે આ પ્રકારનું અમાનવીય વર્તન કરવામાં આવતા રેલ્વે પ્રશાસનની છબી ખરડાઈ છે. પીડિતાના પરિવારે આ મામલે રેલ્વે પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે અને દાદાગીરી કરનાર મહિલા ટીસી સામે કડક પગલાં લેવાની માંગ કરી છે.

### અંજુમને ઈસ્લામ પ્રાયમરી સ્કૂલમાં ફાયર સેફટી કાર્યક્રમ



અંજુમને ઈસ્લામ પ્રાયમરી સ્કૂલ આસ્ટોડિયા ખાતે ફાયર સેફટીનો ઉપયોગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધો.૬થી ધો.૮ના કુલ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ફાયર સ્ટેશનમાંથી ફાયર અધિકારી માતા પ્રસાદ પાંડે દાણાપીઠ આવ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને ફાયર સેફટી માટે સમજણ આપી હતી. તેમાં શાળાનાં સ્ટાફ તથા સેક્રેટરી મોહંમદ શરીફ જી. વડનગરવાલા અને શાળાના આચાર્યબેન એસઆઈ કેરૂવાલાએ સેશનમાં ભાગ લીધો હતો. તેમ શાળાના આચાર્યબેને એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

### ગોધરા તાલુકાના કોટડા ગામે થયેલી હત્યાનો મામલો

# સામાન્ય બાળકોના ઝઘડામાં હત્યાના ગુનામાં બે સગાભાઈઓની ધરપકડ

## બે ખેડૂત પરિવારો વચ્ચે ઝઘડો થયો હતો : વધુ તપાસ જારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગોધરા તાલુકાના કોટડા ગામે ૨૫ જૂને થયેલી હત્યા કેસમાં પોલીસે બે સગાભાઈઓની ધરપકડ કરી છે. પંચમહાલ પોલીસે નાનસિંગ નાગરભાઈ બારીયા અને કૌશિકભાઈ નાગરભાઈ બારીયાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના ૨૫ જૂનના રોજ બની હતી. કોટડા ગામે ખેતર જવાના રસ્તા વચ્ચેથી ઝાડ હટાવવા જેવી નજીવી બાબતે બે ખેડૂત પરિવારો વચ્ચે ઝઘડો થયો હતો. સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. વિવાદ વકરતાં હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હિંસક અથડામણમાં કોટડા ગામના ૪૫ વર્ષીય ખેડૂત માસુકભાઈ પ્રતાપભાઈ બારીયાનું મોત નિપજ્યું હતું. માસુકભાઈને બચાવવા વચ્ચે પડેલા તેમના બે ભત્રીજા, શૈલેષ સોમાભાઈ બારીયા અને વિક્રમ સોમાભાઈ બારીયા, પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંને યુવકોના માથાના ભાગે ધારિયાના ઘા મારવામાં આવ્યા હતા. ત્યારબાદ બંનેને ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ બાદ આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં આખરે આજે બંને આરોપી સગાભાઈઓની ધરપકડ કરી હતી.

**નામ બદલેલ છે**

મે મારૂં નામ **રંગરેજ ફરીનબાનુ મુસ્તાક** થી બદલી **રંગરેજ ફરહીન મોહમ્મદ શાહરૂખ** રાખેલ છે.

૭૮૬/૬બી, બિસ્મીલ્લાહનગર, શકુરી મસ્જિદ પાછળ, ગલી નં.૫, સૈયદવાડી, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૦

**જાહેર નોટીસ/ચેતવણી**

અમો નીચે સહી કરનાર ઈશાકભાઈ ઈન્દુભાઈ ઘાંચી, રહેવાસી-૭૫/૧૨, રામલાલની ચાલી, તબરેજ પાન હાઉસ પાસે, કાલુપુર ઓવરબ્રીજ નીચે, અમદાવાદ નાઓ આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે:- અમારો પુત્ર અરબાઝઅલી ઉર્ફે શાહરૂખ ઈશાકભાઈ ઘાંચીના નિકાહ સને ૨૦૧૭માં થયેલા. તેઓને પત્નિ તથા બે બાળકો હયાત છે અને તેઓ સને ૨૦૧૯ થી અલગ રહેતા આવેલા. અમારો સદર પુત્ર અમારા કે પરિવાર અને તેમની પત્નિના કહયામાં નથી અને અમારો પુત્ર તા. ૧૧-૬-૨૦૨૬ ના રોજ કોઈને કાંઈપણ કહયા વગર ઘર પરિવાર છોડીને ક્યાંક ચાલી ગયેલ છે અને તે બાદ તેઓની સાથે ટેલીફોનીક વાતચીત થયેલી તેમજ તેણીની માતાને ઓપરેશન કરાવેલ હોય તે અંગેની પણ જાણ કરેલી અને ખુબ જ મનાવવા પ્રયત્ન કરેલ, પરંતુ તેઓ માનેલા નહીં અને પોતાની ઈચ્છા મરજી મુજબ જીવન જીવી રહેલા હોય અમારા કે પરિવાર સાથે કોઈ સબંધ રાખવા માંગતા નથી તેથી તેઓ સાથે કોઈ લેવા દેવા નથી. જેથી તેઓને અમારી તમામ પ્રકારની સ્થાવર, જંગમ મિલકત તથા ધંધામાંથી સંપૂર્ણપણે બેદખલ કરેલ છે. જેથી અમારા પુત્ર સાથે કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારની નાણાંકીય કે અન્ય કોઈ પ્રકારે લેવડ દેવડ કે લોન કે અન્ય કોઈ વ્યવહાર કરવો નહી. તેમ છતાં જો કોઈ વ્યકિત તેવું કરશે કે કરાવશે તો તેની જવાબદારી અમારી કે અમારા પરિવારની રહેશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

મારી મારફતે

અરબાઝહુસૈન એસ. ઘાંચી(એડવોકેટ)

અમદાવાદ ૧૯૮/૪, ભીખાભાઇ પાનચંદની ચાલી, ઇંટવાડા, સરસપુર, અમદાવાદ-૧૮

તારીખ : ૨૫-૬-૨૦૨૬ મો.ન.૮૪૬૦૫૨૧૯૩૭

# ઓપરેશન સિંદૂર : સંસદને કોઈ 'નુકસાન' ન થયાનો દાવો કર્યાના એક વર્ષ પછી, સરકારે યુદ્ધ સ્મારકમાં છ શહીદોના નામ ઉમેર્યા

**ગયા વર્ષે, ૨૮ જુલાઈના રોજ લોકસભામાં ઓપરેશન સિંદૂર પર એક ખાસ ચર્ચા દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, 'આ ઓપરેશનમાં આપણા સૈનિકોને કોઈ જાનહાનિ થઈ નથી.' જોકે, હવે, એક વર્ષથી વધુ સમય પછી, કેન્દ્ર સરકારે આ સંઘર્ષ દરમિયાન ફરજ બજાવતી વખતે શહીદ થયેલા છ લશ્કરી કર્મચારીઓના નામ સત્તાવાર રીતે જાહેર કર્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

ઓપરેશન સિંદૂરમાં છ શહીદોના નામ સત્તાવાર રીતે જાહેર થયા પછી, કોંગ્રેસે રાજનાથ સિંહ પર સંસદમાં ખોટું બોલવાનો આરોપ લગાવ્યો. પાર્ટીએ કહ્યું કે તેમના બલિદાનના સમાચાર છુપાવીને, સૈનિકોનું અપમાન કરવામાં આવ્યું અને સંસદને પણ ગેરમાર્ગે દોરવામાં આવી. કોંગ્રેસના મીડિયા વિભાગના વડા પવન ખેરાએ શનિવારે ગયા વર્ષના ચોમાસા સત્રનો સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહનો એક વીડિયો શેર કર્યો. વીડિયોમાં રાજનાથ સિંહ લોકસભામાં કહેતા જોવા મળે છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન દેશના કોઈ બહાદુર સૈનિકને કોઈ જાનહાનિ થઈ નથી. રાજનાથ સિંહના નિવેદનનો ઉલ્લેખ કરતા પવન ખેરાએ એક X-પોસ્ટમાં કહ્યું, "ફક્ત બે શક્યતાઓ છે. પ્રથમ, સંરક્ષણ પ્રધાનને ખબર નહોતી કે ઓપરેશનમાં છ સૈનિકો શહીદ થયા છે. જો એમ હોય, તો તે એવા મંત્રીની યોગ્યતા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે જે પોતાના મંત્રાલયનો પણ હિસાબ રાખી શકતા નથી. બીજું, તેઓ બધું જાણતા હતા, છતાં તેમણે સંસદને ગેરમાર્ગે દોર્યા. આ વધુ ગંભીર છે કારણ કે તે સાબિત કરે છે કે લોકશાહીના મંદિરમાં શપથ લીધા પછી સરકાર રાષ્ટ્ર સાથે જૂઠું બોલે છે." ખેરાએ વધુમાં કહ્યું કે છ બહાદુર સૈનિકોએ તેમની ફરજ બજાવતી વખતે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું, પરંતુ તેમના બલિદાનને છુપાવવામાં આવ્યું હતું. તેમને સન્માન આપવામાં આવ્યું ન હતું અને તેમના પરિવારોને પારદર્શિતાથી વંચિત રાખવામાં આવ્યા હતા. ખેરાએ કહ્યું, "આ આપણા સૈનિકોનું અપમાન છે. કોઈ પણ સાચો દેશભક્ત આ અંગે ચૂપ રહી શકતો નથી." ગયા વર્ષે ચોમાસા સત્ર દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂર અંગે સંસદમાં નિવેદન આપ્યું હતું. ૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ, સંસદમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વિપક્ષને પડકાર ફેંકતા કહ્યું, "જો તમે પ્રશ્નો પૂછવા માંગતા હો, તો પૂછો કે શું આ ઓપરેશનમાં આપણા સૈનિકોને કોઈ જાનહાનિ થઈ છે ? જવાબ ના છે." આનાથી શાસક પક્ષ તરફથી જોરદાર તાળીઓ અને ધમાલ મચી ગઈ. હવે જ્યારે શહીદોના નામ જાહેર કરવામાં આવ્યા છે, ત્યારે કોંગ્રેસ પાર્ટીએ તેને ગંભીર મુદ્દો બનાવી દીધો છે. તેમણે એક વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું, "દેશ નરેન્દ્ર મોદીને માફ નહીં કરે." લોકો આ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે,



જેમાં રાજનાથ સિંહની મજાક ઉડાવવામાં આવી રહી છે. પ્રિયા સિંહ નામના યુઝરે લખ્યું, "રાજનાથ સિંહે આખા દેશને શરમજનક બનાવ્યો છે. તેમણે મોદીના દબાણમાં આટલું ખોટું બોલવું જોઈતું ન હતું. તમે સ્પષ્ટપણે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂરમાં કોઈ સૈનિક શહીદ થયો નથી અને આજે, સરકારે ઓપરેશન સિંદૂરમાં છ શહીદોના નામ જાહેર કર્યા." જરા વિચારો, આ સરકારે દેશ માટે શહીદ થયેલા સૈનિકોની શહાદત જાહેર કરવામાં એક વર્ષથી વધુ સમય લીધો. એક વર્ષ માટે પોતાના ઘરનો પ્રકાશ ગુમાવનારા પરિવારોનું શું થયું હશે ? મોદી સરકારે આખા દેશને છેતર્યો. સંસદની અંદર જૂઠું બોલવામાં આવ્યું. આ આરોપ પર સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ આવ્યો નથી. રાઈફલમેન સુનિલ કુમારને વીર ચક્ર (મરણોત્તર) એનાયત કરવામાં આવ્યો હતો. ૮ જૂને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના પરિવારને આ સન્માન અર્પણ કર્યું. સાર્જન્ટ સુરેન્દ્ર કુમારને વાયુસેના મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. આ શહીદોના નામ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર કાયમી ધોરણે અંકિત કરવામાં આવશે અને તેની વેબસાઈટ પર 'રોલ ઓફ ઓનર'માં પ્રકાશિત કરવામાં આવશે. જોકે, ઓપરેશન સિંદૂરના શહીદોના નામ જાહેર થવાથી દેશમાં ફરી એકવાર લશ્કરી સન્માન અને પારદર્શિતા અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ તેને સરકારી જવાબદારીનો મુદ્દો ગણાવી રહી છે અને રાજનાથ સિંહના નિવેદન પર પ્રશ્નો ઊભા કરી રહી છે.

# કેન્દ્રીય મંત્રી ભગીરથ ચૌધરીને તેમના જ મંત્રાલય તરફથી ૯૯ લાખ રૂપિયાની સબસિડી મળી : રિપોર્ટ

**ધ ઈન્ડિયન એક્સપ્રેસના એક તપાસ અહેવાલ મુજબ, કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી ભગીરથ ચૌધરીને કાકડીની ખેતી માટે તેમના જ મંત્રાલય તરફથી મોટી સબસિડી મળી હતી. વધુમાં, IAS અધિકારી નરેશ પાલ ગંગવારના પરિવારને પણ ૧.૧૬ કરોડ રૂપિયાથી વધુની સબસિડી મળી હતી**

(એજન્સી) તા.૨૭

કેન્દ્રીય મંત્રી ભગીરથ ચૌધરીને કાકડીની ખેતી માટે તેમના જ મંત્રાલય તરફથી ૯૯ લાખ રૂપિયાની સબસિડી મળી હતી. ધ ઈન્ડિયન એક્સપ્રેસના એક તપાસ અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્યમંત્રી ભગીરથ ચૌધરીને તેમના જ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતી યોજના હેઠળ સરકારી સબસિડી મળી હતી. તેમની સાથે એક વરિષ્ઠ IAS અધિકારીના પરિવારને પણ ૧.૧૬ કરોડ રૂપિયાની સબસિડી મળી હતી. આ બાબતથી હિતોના સંઘર્ષ અંગે પ્રશ્નો ઊભા થયા છે.

આ મામલો રાજસ્થાનના દિડવાણા-કુચામન જિલ્લાના પેહ ગામમાં મંત્રી ભગીરથ ચૌધરીના ખેતર સાથે સંબંધિત છે. એક અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ, અહીંના એક બોર્ડમાં જણાવાયું છે કે, રાષ્ટ્રીય બાગાયત બોર્ડે આ પ્રોજેક્ટ માટે રૂા.૯૯.૬૦ લાખની સહાય પૂરી પાડી છે. જો કે, બોર્ડમાં એ ઉલ્લેખ નથી કે આ યોજનાના લાભાર્થી કેન્દ્ર સરકારના કૃષિ રાજ્યમંત્રી છે.

**મંત્રીને કેવી રીતે ફાયદો થયો ?**

અહેવાલ મુજબ, ભગીરથ ચૌધરીએ કાકડીઓની મોટા પાયે વ્યાપારી ખેતી માટે તેમના ખેતરમાં પોલીહાઉસ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ આશરે રૂા.૧.૯૯ કરોડ હોવાનો અંદાજ છે. અંદાજે રૂા.૪૯.૮૦ લાખનું વ્યક્તિગત રોકાણ કરવામાં આવ્યું હતું. રૂા.૧.૪૯ કરોડની બેંક લોન લેવામાં આવી હતી. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, રૂા.૯૯.૦૩ લાખની સરકારી સબસિડી સીધી બેંક લોન ખાતામાં જમા કરવામાં આવી હતી. આ સબસિડી રાષ્ટ્રીય બાગાયત બોર્ડની એક યોજના હેઠળ આપવામાં આવી હતી.

**કઈ યોજના હેઠળ સબસિડી મળી હતી ?**

આ સહાય 'બાગાયતી પાકોના ઉત્પાદન અને લણણી પછીના સંચાલન દ્વારા વાણિજ્યિક બાગાયતનો વિકાસ' યોજના હેઠળ પૂરી પાડવામાં આવી હતી. આ યોજના કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૪-૧૫થી ચલાવવામાં આવી રહેલા સંકલિત બાગાયત વિકાસ મિશનનો એક ભાગ છે.

**વિવાદ શા માટે ઊભો થયો ?**

વિવાદનું કારણ એ છે કે, રાષ્ટ્રીય બાગાયત બોર્ડ કૃષિ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે અને તેના



ડિરેક્ટર બોર્ડમાં કેન્દ્રીય કૃષિ પ્રધાન તેના હોદ્દેદાર ચેરમેન તરીકે શામેલ છે, જ્યારે કૃષિ રાજ્યમંત્રી તેના હોદ્દેદાર વાઈસ-ચેરમેન છે. ભગીરથ ચૌધરી પોતે બોર્ડના હોદ્દેદાર વાઈસ-ચેરમેન છે જેના દ્વારા આ યોજના કાર્યરત છે. જો કે, નિયમો અનુસાર, પ્રોજેક્ટ્સ માટે અંતિમ મંજૂરી એક અલગ પ્રોજેક્ટ મંજૂરી સમિતિ દ્વારા આપવામાં આવે છે, જેમાં ચેરમેન અને વાઈસ-ચેરમેનનો સમાવેશ થતો નથી. આમ છતાં પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે કે, શું મંત્રી દ્વારા પોતાના મંત્રાલયની યોજનાનો લાભ લેવાથી હિતોનો સંઘર્ષ થાય છે.

**અરજી અને મંજૂરીમાં ઝડપી વધારો**

દસ્તાવેજો અનુસાર, પ્રોજેક્ટ માટે અરજી ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સબમિટ કરવામાં આવી હતી. સૈદ્ધાંતિક મંજૂરી માત્ર ૧૪ દિવસ પછી ૨૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ આપવામાં આવી હતી. અંતિમ મંજૂરી ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ આપવામાં આવી હતી. ૩૦ માર્ચ, ૨૦૨૬ના રોજ, આશરે રૂા.૯૯.૦૩ લાખની સબસિડી બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી.

**મંત્રીની સંપત્તિ ઘોષણામાં પ્રોજેક્ટનો ઉલ્લેખ નથી**

ધ ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ આપ્યો છે કે, મંત્રી ભગીરથ ચૌધરીની ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ વડાપ્રધાન કાર્યાલયમાં સુપરત કરાયેલ સંપત્તિ ઘોષણામાં પેહ ગામમાં ખેતીની જમીનનો ઉલ્લેખ છે, પરંતુ આ પ્રોજેક્ટનો કોઈ ઉલ્લેખ નથી. જો કે, મંત્રી કાર્યાલયના એક સહાયકે જણાવ્યું હતું કે, પ્રોજેક્ટની વિગતો સરકારને પૂરી પાડવામાં આવશે.

**અગાઉ અરજી કરી હતી**

અહેવાલ મુજબ, આ પહેલી વાર નહોતું જ્યારે ભગીરથ ચૌધરીએ આ યોજના માટે અરજી કરી હતી. તેમણે ૨૦૧૮માં અરજી કરી હતી, પરંતુ તકનીકી કારણોસર તેને નકારી કાઢવામાં આવી હતી. તે જ વર્ષે, તેમના પુત્રએ પણ આ જ યોજના હેઠળ અરજી કરી હતી, પરંતુ યોજનાની શરતો પૂર્ણ ન થવાને કારણે તેને મંજૂરી મળી ન હતી.

મીડિયા સંગઠને ભગીરથ ચૌધરીને પૂછ્યું કે, શું તેમના પોતાના મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતી યોજનાનો લાભ લેવાને હિતોનો સંઘર્ષ ગણી શકાય. અહેવાલ મુજબ, પ્રકાશન સમયે મંત્રી તરફથી કોઈ જવાબ મળ્યો ન હતો.

**IAS અધિકારીના પરિવારને પણ સબસિડી મળી હતી**

આ ફક્ત મંત્રી પૂરતું મર્યાદિત નથી. નરેશ પાલ ગંગવારના પરિવારના ત્રણ સભ્યો, જે હાલમાં મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયમાં સચિવ છે - તેમની માતા, પત્ની અને પુત્રને આ યોજનામાંથી કુલ રૂા.૧.૧૬ કરોડથી વધુની સબસિડી મળી હતી. બધા પ્રોજેક્ટ જયપુર જિલ્લામાં કાકડીની ખેતી સાથે સંબંધિત છે. અહેવાલ મુજબ, તેમની માતા બિંદુમતીને જાન્યુઆરી ૨૦૨૫માં રૂા.૪૬.૦૩ લાખ, તેમના પુત્ર કુમાર વૃત્વિકને માર્ચ ૨૦૨૩માં રૂા.૪૬.૪૯ લાખ અને તેમના પત્ની ડૉ. રંજીતા સિંહને ૨૦૨૧-૨૨માં રૂા.૨૪.૩૬ લાખ મળ્યા.

**આ યોજના હેઠળ કોને લાભ મળી શકે છે ?**

સરકારી નિયમો અનુસાર, ખેડૂતો, સ્વ-સહાય જૂથો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, સહકારી સંસ્થાઓ, કંપનીઓ, ટ્રસ્ટો, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ આ યોજનાનો લાભ લઈ શકે છે, જો તેઓ નિર્ધારિત શરતોને પૂર્ણ કરે. આ યોજના હેઠળ, ઓછામાં ઓછી ૪,૦૦૦ ચોરસ મીટર જમીન, બેંક લોન અને અન્ય તકનીકી ધોરણોને પૂર્ણ કરવી ફરજિયાત છે.

**હવે કયા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ?**

આ ઘટના પ્રકાશમાં આવ્યા પછી રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચર્ચા તેજ થઈ ગઈ છે કે, શું મંત્રીના પ્રોજેક્ટને નિયમો હેઠળ અલગ સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી હોવા છતાં પોતાના મંત્રાલયની યોજનામાંથી સબસિડી મેળવવી, શું તે નૈતિક રીતે વાજબી છે ?

હાલમાં, આ બાબતે સરકાર કે કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી ભગીરથ ચૌધરી તરફથી કોઈ સત્તાવાર પ્રતિભાવ આવ્યો નથી.

# બંગાળમાં ભાજપ શાસન હેઠળ બજેટ કાપ અને હિંસાનો સામનો કરી રહેલી લઘુમતીઓ

**સત્તા પર આવ્યાના એક જ મહિનામાં ભાજપ સરકારે લઘુમતી કલ્યાણ અને મદ્રેસા શિક્ષણના ભંડોળમાં કર્યો મોટો ઘટાડો; ઔપચારિક ચૂંટણી પછીની હિંસાના અહેવાલો**

(એજન્સી) કોલકાતા, તા.૨૭

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટી (BJP)એ વિધાનસભા ચૂંટણી જીત્યાને હજુ માંડ એક મહિનો થયો છે, ત્યાં જ રાજ્યની રાજકીય અને સામાજિક સ્થિતિમાં મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. ભાજપ સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા નવા બજેટમાં લઘુમતી બાબતો અને મદ્રેસા શિક્ષણ (MAME) વિભાગના ભંડોળમાં ભારે કાપ મૂકવામાં આવ્યો છે. આ સાથે જ રાજ્યમાં ચૂંટણી પછીની હિંસાના કથિત બનાવો વધતાં લઘુમતી સમુદાયો પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. અગાઉની તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં રજૂ કરાયેલા રૂા.૫૭૧૩ કરોડના બજેટની તુલનામાં, વર્તમાન નાણા મંત્રી સ્વપન દાસગુપ્તાએ આ વિભાગ માટે અડધાથી પણ ઓછું એટલે કે માત્ર રૂા.૨૧૬૫ કરોડનું ભંડોળ ફાળવ્યું છે. ઉલ્લેખનીય છે કે, મમતા બેનરજીના નેતૃત્વવાળી સરકારે છેલ્લા ત્રણ વર્ષથી આ વિભાગને સતત રૂા.૫૦૦૦ કરોડથી વધુનું વાર્ષિક ભંડોળ આપ્યું હતું. બજેટના વિશ્લેષણ અનુસાર ભાજપ સરકારે માત્ર મુખ્ય બજેટ જ નહીં પરંતુ લઘુમતીઓ સાથે જોડાયેલી વ્યક્તિગત યોજનાઓના ભંડોળમાં પણ મોટો ઘટાડો કર્યો છે. નિરાધાર લઘુમતી મહિલાઓને આવાસ પૂરા પાડવા માટે ટીએમસી સરકાર જે રૂા.૧૦ કરોડ આપતી હતી, તે યોજનાનું ભંડોળ આ વખતે સંપૂર્ણપણે હટાવી દેવાયું છે. તેવી જ રીતે આર્થિક રીતે પછાત લઘુમતી વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપતી 'ઐક્યશ્રી સ્કોલરશિપ'નું બજેટ રૂા.૭૪૧ કરોડથી ઘટાડીને માત્ર રૂા.૨૫૦ કરોડ કરી દેવાયું છે. આ ઉપરાંત મદ્રેસાના વિદ્યાર્થીઓ સહિતના માધ્યમિક શાળાના બાળકોને મફત સાયકલ આપવાની 'સબૂજ સાથી' યોજનાનું બજેટ રૂા.૧૦૦ કરોડથી ઘટાડીને રૂા.૧૫.૫ કરોડ કરાયું છે. આ અંગે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ૨૩ જૂને વિધાનસભામાં જણાવ્યું હતું કે, 'અગાઉની સરકારે લઘુમતીઓને મૂર્ખ બનાવ્યા હતા. બાળકોને મદ્રેસા મોકલવાને બદલે તમારે તેમને ડોક્ટર કે એન્જિનિયર બનાવવા તરફ વાળવા જોઈએ.' બજેટ કાપની સાથે સાથે રાજ્યમાં ચૂંટણી પછીની હિંસાના ગંભીર અહેવાલો પણ સામે આવ્યા છે. ૧૫ જૂનના રોજ હુગલીના કેલેપારા ગામમાં ૭૧ વર્ષીય મુસ્લિમ બુઝુર્ગ શેખ શાહ આલમ પર ભાજપના કાર્યકરો દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમનું મોત નીપજ્યું હતું. કાર્યકરોને શંકા હતી કે, તેઓ ટીએમસીના સમર્થક હતા. એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ (APCR)ના ફેક્ટ-ફાઈન્ડિંગ રિપોર્ટ અનુસાર, શાહ આલમનું મૃત્યુ એ ચૂંટણી પછીની સામૂહિક હિંસાનો એક ભાગ છે, જેના કારણે ગામમાં ભયનો માહોલ છે. રિપોર્ટમાં અન્ય ગ્રામીણ અને સરકારી શિક્ષક અતલાફ મુલ્લિક પર પણ લાકડાના ધોકાથી હુમલો કરાયો હોવાનો ઉલ્લેખ છે, જેમાં તેમના પગમાં ફ્રેક્ચર થયું હતું.

આ મામલે સ્થાનિક પોલીસે જણાવ્યું છે કે, શાહ આલમનાં મોતના સંબંધમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિણામો બાદ ફાટી નીકળેલી હિંસા,



આગજની અને પક્ષના કાર્યકરો પરના હુમલાઓને લઈને પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીએ કલકત્તા હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. તેમણે કોર્ટમાં રજૂઆત કરી છે કે, સ્થાનિક પોલીસ વ્યાપક હિંસા અંગે FIR નોંધવાનો ઈનકાર કરી રહી છે. તેમણે હાઈકોર્ટને બંગાળના લોકોની રક્ષા કરવા વિનંતી કરતા ટિપ્પણી કરી હતી કે, 'આ કોઈ બુલડોઝર રાજ્ય નથી.'

# રાજસ્થાનના સરહદી ગામોમાં મસ્જિદ તોડી પાડવા સામે હિન્દુઓ અને મુસ્લિમો એક થયા

**રાજસ્થાનના સરહદી ગામોમાં હિન્દુઓ અને મુસ્લિમોએ સંયુક્ત રીતે મસ્જિદ તોડી પાડવાનો વિરોધ કર્યો, યોગ્ય પ્રક્રિયાની માંગ કરી અને મુસ્લિમ ધાર્મિક સ્થળોને પસંદગીયુક્ત નિશાન બનાવવાનો વિરોધ કર્યો**

(એજન્સી) તા.૨૭

રાજસ્થાનના સરહદી જિલ્લાઓ બાડમેર અને જેસલમેરમાં હિન્દુઓ અને મુસ્લિમોએ મસ્જિદો અને અન્ય મુસ્લિમ ધાર્મિક સ્થળોને તોડી પાડવા સામે 'સર્વ ધર્મ શાંતિ સભા' (બધા ધર્મોની શાંતિપૂર્ણ સભા)ના નારા હેઠળ સંયુક્ત રીતે વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું છે, રાજ્ય સરકારને આ અભિયાન બંધ કરવા અને પ્રદેશની લાંબા સમયથી ચાલતી સાંપ્રદાયિક સંવાદિતા જાળવવા હાકલ કરી છે. બાડમેરના બડબીર અને જેસલમેરના કેટલાક ભાગો સહિતના ગામોમાં આયોજિત વિરોધ પ્રદર્શનોમાં બંને સમુદાયના સભ્યો એકઠા થયા હતા, જેમણે સાથે મળીને કૂચ કરી હતી, વહીવટીતંત્રને મેમોરેન્ડમ સુપરત કર્યા હતા અને માંગ કરી હતી કે અધિકારીઓ ધાર્મિક સ્થળો સામે કાર્યવાહી કરતા પહેલા યોગ્ય પ્રક્રિયા અને કાયદાનું પાલન કરે. આ પ્રદર્શનો એવા સમયે બહાર આવ્યા છે જ્યારે સાંપ્રદાયિક મુદ્દાઓ ઘણીવાર ધ્રુવીકરણ દ્વારા ચિહ્નિત થાય છે, હિન્દુ ગ્રામજનો મુસ્લિમો સાથે મસ્જિદોને પસંદગીયુક્ત નિશાન બનાવવાનો વિરોધ કરવા માટે જોડાય છે. વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનારાઓમાં પારડિયા ગામના સરપંચ સુરતારામ મેઘવાલ પણ હતા, જેમણે ડિમોલિશન ઝુંબેશની કાયદેસરતા પર સવાલ ઉઠાવ્યા હતા. ''મારૂં માનવું છે કે આ ડિમોલિશન એક ન્યાયિક કાર્યવાહી છે અને કોઈપણ યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના કરવામાં આવી રહી છે,'' મેઘવાલે મક્તુબને કહ્યું. સરકારના અભિગમ પર પ્રશ્ન ઉઠાવતા તેમણે ઉમેર્યું, ''જો મસ્જિદોની તપાસ અને તોડી પાડવામાં આવી રહી છે, તો મંદિરોની પણ તે જ ધોરણો હેઠળ તપાસ થવી જોઈએ.'' બડબીરમાં થયેલા વિરોધનો ઉલ્લેખ કરતા, મેઘવાલે કહ્યું કે અનેક ધાર્મિક સ્થાપત્યોને તોડી પાડવામાં આવ્યા બાદ ગ્રામજનો એકઠા થયા હતા. ''અમે બડબીરમાં આ ધાર્મિક સ્થાપત્યોના તોડી પાડવાનો વિરોધ કર્યો. આ વિરોધ દ્વારા, અમે ડિમોલિશનનો વિરોધ કરવા અને શાંતિપૂર્ણ રીતે અમારો સંદેશ પહોંચાડવા માંગતા હતા,'' તેમણે કહ્યું. મેઘવાલના મતે, આંદોલને વિભાજન કરવાને બદલે સાંપ્રદાયિક સૌહાર્દને મજબૂત બનાવ્યો છે. ''જ્યારથી આ વિરોધ શરૂ થયો છે, ત્યારથી અમે હંમેશની જેમ વધુ ભાઈચારો જોયો છે. સમર્થનમાં વધુ લોકો આગળ આવી રહ્યા છે અને અમારૂં માનવું છે કે આ મુદ્દાને ઉકેલવા માટે હજુ પણ સમય છે,'' તેમણે કહ્યું. તેમણે કહ્યું કે પ્રદર્શનકારીઓએ ડિમોલિશનને તાત્કાલિક રોકવાની માંગણી કરતો એક મેમોરેન્ડમ પણ સુપરત કર્યો હતો. ''અમે અમારી માંગણીઓ સાથે વહીવટીતંત્રને એક મેમોરેન્ડમ સુપરત કર્યું છે અને અમને આશા છે કે અધિકારીઓ અમારી ચિંતાઓ સાંભળશે,'' તેમણે કહ્યું. તેમણે વધુમાં કહ્યું, ''ફક્ત મસ્જિદો અને મુસ્લિમોના ધાર્મિક સ્થળોને જ કેમ નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને આમ કરતી વખતે કઈ યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવી રહ્યું છે ? જો મસ્જિદો છે, તો મંદિરો પણ છે; તે સંસ્થાઓની પણ તપાસ થવી જોઈએ.'' ''હું બે વખત સરપંચ તરીકે ચૂંટાયો છું અને હું સંપૂર્ણ જવાબદારી સાથે કહી શકું છું કે અમારા પ્રદેશમાં હિન્દુઓ અને મુસ્લિમોને એકબીજા સાથે કોઈ સમસ્યા નથી,'' મેઘવાલે ઉમેર્યું. ''આ બધી સંસ્થાઓ રાજકારણ કરી રહી છે અને તેનાથી રાજસ્થાનના લોકોની એકતા તૂટશે નહીં, કારણ કે જ્યારે પણ આવી કોઈ સમસ્યા હશે, ત્યારે અમે હંમેશા અમારા મુસ્લિમ ભાઈઓ સાથે ઉભા રહીશું,'' સરપંચે કહ્યું. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા ઉદારમ મેઘવાલે મક્તુબને કહ્યું, ''આ કોઈ એક ધર્મ વિશે નથી. તે આપણા ગામ અને પેઢીઓથી આપણે જે સંવાદિતા સાથે રહીએ છીએ તેની વાત છે. જો લોકોની ચિંતાઓને ધ્યાન આપ્યા વિના મસ્જિદ તોડી પાડવામાં આવે છે, તો ગામના દરેક રહેવાસીને અસર થાય છે. એટલા માટે હિન્દુઓ અને મુસ્લિમો સાથે ઉભા રહ્યા. અને આપણે એકબીજાની સાથે ઉભા રહીશું.'' તેમણે ઉમેર્યું, ''બહારના લોકો આને હિન્દુ-મુસ્લિમ મુદ્દા તરીકે જોઈ શકે છે, પરંતુ અમારા ગામમાં, અમારા પ્રદેશમાં, અમે હંમેશા સાથે મળીને તહેવારો ઉજવ્યા છે અને મુશ્કેલ સમયમાં એકબીજાની સાથે ઉભા



રહ્યા છીએ. અમે સાથે આવ્યા કારણ કે અમે તે પરંપરાને જાળવી રાખવા માંગીએ છીએ, તેને વિભાજીત થવા દેવા માંગતા નથી.'' જૈસલમેરના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા ગોવિંદ ભાર્ગવે મક્તુબને જણાવ્યું કે આ પ્રદર્શનોનો હેતુ પ્રદેશમાં સાંપ્રદાયિક સૌહાર્દનું રક્ષણ કરવાનો અને કાયદા સમક્ષ બધા માટે સમાન વર્તનની માંગ કરવાનો હતો. રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાં મસ્જિદો, દરગાહો અને મદ્રેસાને લક્ષ્ય બનાવીને ચાલી રહેલા ધ્વંસ અભિયાન વચ્ચે આ પ્રદર્શનો થયા છે. જેસલમેર અન્ય જિલ્લાઓ સાથે પ્રભાવિત જિલ્લાઓમાંનો એક છે. ''આ વિરોધ પ્રદર્શનનો સૌથી મોટો સંદેશ એ છે કે સામાન્ય લોકો શાંતિ ઈચ્છે છે. અમે નથી ઈચ્છતા કે રાજકારણ દાયકાઓથી સાથે રહેતા પડોશીઓમાં વિભાજન લાવે. આપણી એકતા આપણી વચ્ચે મતભેદો પેદા કરવાના પ્રયાસો કરતાં વધુ મજબૂત છે,'' ભાર્ગવે મક્તુબને કહ્યું. તેમણે કહ્યું, ''જ્યારે સરકારે આ કાર્યવાહીને અતિક્રમણ વિરોધી કાર્યવાહી તરીકે વર્ણવી છે, ત્યારે ધાર્મિક માળખાઓને યોગ્ય કાનૂની પ્રક્રિયા અને સ્થાનિક સમુદાયો સાથે પરામર્શ વિના તોડી પાડવી જોઈએ નહીં.'' તેમણે ઉમેર્યું, ''અમારા વિસ્તારમાં તોડી પાડવામાં આવેલ મઝાર ઘણા વર્ષો જૂનું હતું અને હિન્દુઓ અને મુસ્લિમો બંને માટે શ્રદ્ધાનું સ્થળ હતું.'' ''હિન્દુઓ અને મુસ્લિમોની સંયુક્ત ભાગીદારીનો હેતુ એ સંદેશ મોકલવાનો હતો કે આ મુદ્દો એક સમુદાય પૂરતો મર્યાદિત નથી પરંતુ તે ગામડાઓના સામાજિક માળખાને લગતો છે જ્યાં આપણે પેઢીઓથી સાથે રહીએ છીએ,'' ભાર્ગવે કહ્યું. મુસ્લિમો વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનોમાં હિન્દુઓ જોડાયા તે અંગે સોશિયલ મીડિયા પર ટીકા છતાં ભાર્ગવે પ્રતિક્રિયાને ફગાવી દીધી. ''લોકો જે ઈચ્છે છે તે કહી શકે છે. અમે અમારું કામ કરી રહ્યા છીએ, અને આ જ આપણે બધા ઈચ્છીએ છીએ - શાંતિ અને એકતા. રાજકારણે જે પ્રકારનું વાતાવરણ બનાવ્યું છે તે કોઈ ઈચ્છતું નથી,'' તેમણે કહ્યું. પ્રદર્શનોકારોએ કહ્યું કે તેઓ શાંતિપૂર્ણ પ્રદર્શનો અને કાનૂની માધ્યમો દ્વારા તેમનું અભિયાન ચાલુ રાખશે જ્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા તેમની ચિંતાઓનો ઉકેલ ન આવે. આ પગલાની ઘણા ઓનલાઈન લોકોએ પ્રશંસા કરી છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ X પર લખ્યું, ''લોકો આ હિન્દુ મુસ્લિમ બકવાસથી કંટાળી ગયા છે જે તેમના ખિસ્સા લૂંટાઈ રહ્યા છે ત્યારે ઉછાળવામાં આવે છે.'' નાગરિક અધિકાર કાર્યકર્તા તીસ્તા સેતલવાડે, એક પોસ્ટમાં મીડિયાને પ્રશ્ન પૂછતા આ દરમિયાન, એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ (APCR)એ એક પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે રાજસ્થાનના ચાર જિલ્લાઓ - જેસલમેર, બિકાનેર, શ્રીગંગાનગર અને બાડમેર - માં ફેલાયેલા ૧,૦૫૦ કિલોમીટરના સરહદી ક્ષેત્રમાં ૩૫૦ મસ્જિદોને નોટિસ ફટકારવામાં આવી છે - જ્યાં નોંધપાત્ર મુસ્લિમ વસ્તી છે. ''ઓપરેશન સ્વીપ'' હેઠળ, રાજસ્થાન વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓએ ભારત-પાકિસ્તાન સરહદ પર એક વિશાળ અતિક્રમણ વિરોધી અને સુરક્ષા ઝુંબેશ શરૂ કરી, જેમાં બાડમેર અને જેસલમેર સેક્ટર પર ભારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. જો કે, કાર્યકરોએ વહીવટીતંત્ર પર મુસ્લિમો અને તેમના ધાર્મિક સ્થળો સામે પસંદગીયુક્ત નિયમો લાગુ કરવાનો આરોપ લગાવ્યો છે.

# ઈસ્લામ ધર્મ સ્વીકારવા પર, વ્યક્તિ હવે પછાત વર્ગ નથી રહેતો : મદ્રાસ હાઈકોર્ટ

**હાઈકોર્ટે ૨૦૨૪ના તમિલનાડુ સરકારના આદેશને રદ કર્યો હતો જેમાં ધર્માંતરિત લોકોને અનામત લાભોનો દાવો કરવાની મંજૂરી આપવામાં આવી હતી**

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૭

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારના એ આદેશને રદ કરી દીધો છે, જેમાં ઈસ્લામ ધર્મ અપનાવનારા ચોક્કસ વ્યક્તિઓને પછાત વર્ગ (BC) મુસ્લિમ કેટેગરી હેઠળ અનામતનો લાભ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. અદાલતે ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું છે કે માત્ર ધર્મ પરિવર્તન કરવાથી જ કોઈ વ્યક્તિ માન્યતા પ્રાપ્ત BC મુસ્લિમ સમુદાયના સભ્યપદનો દાવો કરવા માટે હકદાર બનતી નથી. અનામતના લાભો અને ધાર્મિક પરિવર્તન વચ્ચેના સંબંધો અંગે ચાલી રહેલી ચર્ચામાં આ ચુકાદાને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. જસ્ટિસ જી.આર. સ્વામિનાથન અને જસ્ટિસ પી.બી. બાલાજીની બનેલી ડિવિઝન બેન્ચે શુક્રવારે આ ચુકાદો આપ્યો હતો, જેમાં ૯ માર્ચ, ૨૦૨૪ના રોજ જારી કરાયેલા સરકારી આદેશને બાજુ પર રાખવામાં આવ્યો હતો. આ સરકારી આદેશમાં જોગવાઈ કરવામાં આવી હતી કે પછાત વર્ગ (BC), અતિ પછાત વર્ગ (MBC), ડિનોટિફાઈડ કોમ્યુનિટીઝ (DNC) અને અનુસૂચિત જાતિ (SC)ના જે લોકો ઈસ્લામ ધર્મ અપનાવે છે, તેમને BC મુસ્લિમ કેટેગરી હેઠળ અનામતનો લાભ મળતો રહેશે. જો કે, હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે સરકાર કારોબારી આદેશ (Executive Order) દ્વારા સ્થાપિત કાનૂની સિદ્ધાંતોમાં ફેરફાર કરી શકે નહીં. બેન્ચે નોંધ્યું હતું કે કારોબારી તંત્ર ન્યાયિક રીતે નક્કી કરાયેલા કાનૂની વલણોની વિરુદ્ધ જઈને આદેશો જારી ન કરી શકે. પોતાના ચુકાદામાં અદાલતે જણાવ્યું હતું કે, "જે વ્યક્તિ ઈસ્લામ ધર્મ અંગીકાર કરે છે તે માત્ર મુસ્લિમ બને છે. તે માત્ર ધર્માંતરણના આધારે પછાત વર્ગના મુસ્લિમ હોવાનો દાવો કરી શકે નહીં." બેન્ચે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે તમિલનાડુ સરકાર BC મુસ્લિમ કેટેગરી હેઠળ સાત ચોક્કસ મુસ્લિમ સમુદાયોને માન્યતા આપે છે, જેમાં સભ્યપદ માત્ર ધર્મના આધારે નહીં પરંતુ જન્મ અને સામુદાયિક ઓળખ દ્વારા નક્કી થાય છે. અદાલતના જણાવ્યા અનુસાર, ઈસ્લામમાં પરિવર્તન થવાથી આ માન્યતા પ્રાપ્ત સમુદાયોમાંથી કોઈનું સભ્યપદ આપોઆપ મળી જતું નથી. ધાર્મિક રીતે વ્યક્તિ મુસ્લિમ બની શકે છે, પરંતુ તે માત્ર ધર્માંતરણના કારણે લબ્બાઈ, રાવથર, મરાકાયર કે સૈયદ જેવા ચોક્કસ સમુદાયોનો હોવાનો દાવો ન કરી શકે. અદાલતે ધર્માંતરણ કરનારાઓને માન્યતા પ્રાપ્ત BC મુસ્લિમ સમુદાયના સભ્યો તરીકે ઓળખાવતા જ્ઞાતિ પ્રમાણપત્રો આપવાની સરકારની દરખાસ્ત સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. કોર્ટે જણાવ્યું કે રાજ્યમાં અનામત અને સામુદાયિક વર્ગીકરણને નિયંત્રિત કરતા વર્તમાન કાનૂની માળખા હેઠળ આવા વર્ગીકરણનો કોઈ આધાર નથી. બેન્ચના મતે, આ સરકારી આદેશ દ્વારા એક એવી કાનૂની સ્થિતિ



ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જે કાયદા હેઠળ માન્ય નથી. સુનાવણી દરમિયાન, અદાલતે ૧૯૫૧ના મદ્રાસ હાઈકોર્ટના એક ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો હતો, જેમાં સમાન મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. તે ચુકાદામાં નક્કી કરવામાં આવ્યું હતું કે જ્યારે કોઈ હિન્દુ ઈસ્લામ ધર્મ અપનાવે છે ત્યારે તે મુસ્લિમ બને છે, પરંતુ તે આપોઆપ કોઈ ચોક્કસ મુસ્લિમ સામાજિક જૂથનો સભ્ય બનતો નથી. બેન્ચે અવલોકન કર્યું કે અગાઉના ચુકાદામાં આપવામાં આવેલો આ સિદ્ધાંત આજે પણ એટલો જ પ્રસ્તુત છે. કાનૂની નિષ્ણાતોનું કહેવું છે કે આ ચુકાદાની ધાર્મિક પરિવર્તન કરનારાઓ માટેની અનામત નીતિઓ પર વ્યાપક અસરો પડી શકે છે અને તે અન્ય રાજ્યોમાં પણ આવા વિવાદોને પ્રભાવિત કરી શકે છે. આ નિર્ણયથી નીતિ નિર્માતાઓ, સામાજિક ન્યાયના હિમાયતીઓ અને સમુદાય સંગઠનો વચ્ચે અનામતના લાભો મેળવવા માટેની પાત્રતાના માપદંડો અંગે ફરીથી ચર્ચા શરૂ થવાની સંભાવના છે. સરકારી આદેશના સમર્થકોએ દલીલ કરી હતી કે ધર્મ બદલ્યા પછી પણ ધર્માંતરણ કરનારાઓએ અનામતના લાભો ગુમાવવા જોઈએ નહીં, પરંતુ હાલ પૂરતું, હાઈકોર્ટના આ નિર્ણયથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે તમિલનાડુમાં માત્ર ઈસ્લામ ધર્મ અપનાવવાથી કોઈ વ્યક્તિ માન્યતા પ્રાપ્ત પછાત વર્ગના મુસ્લિમ સમુદાયો માટે ઉપલબ્ધ અનામતના લાભો માટે હકદાર બનતી નથી, જ્યાં સુધી તે વ્યક્તિ સ્વતંત્ર રીતે તે સમુદાયોના સભ્યપદ માટેની કાનૂની જરૂરિયાતોને પૂર્ણ ન કરે. આ ચુકાદો આગામી સમયમાં પણ કાનૂની અને રાજકીય ચર્ચાનો વિષય બનેલો રહેશે, કારણ કે તે ભારતીય બંધારણીય માળખાના બે મહત્વપૂર્ણ મુદ્દાઓ - અનામત (Affirmative Action) અને ધર્માંતરણ સાથે સીધો સંબંધ ધરાવે છે.

દધીચિ બ્રિજની રેલીંગ પર ચડીને નદીમાં ઝંપલાવવા પ્રયાસ કરતો હતો

# સાબરમતી નદીમાં કૂદવા જતાં યુવકને ધારાસભ્ય અને લોકોએ સમજાવતા બચી ગયો

## ઈમરાન ખેડાવાલા થયા મદદરૂપ: પ્રેમિકા ભાગી જતાં આત્મહત્યા કરવા ગયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૬

અમદાવાદમાં નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવા જનાર વધુ એક યુવકનો બનાવે સામે આવ્યો છે. આજે ૨૬ જૂન દધીચિ બ્રિજ પર જીવન ટૂંકાવા માટે એક યુવાન રેલી પર ચડી ગયો હતો. યુવકને રેલીંગ પર ચડેલો જોતા જ આસપાસના લોકો પણ એકઠા થઈ ગયા હતા. આ સમયે જમાલપુરના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા તો તે પણ ત્યાં તાત્કાલિક પહોંચી ગયા હતા. જે બાદ ધારાસભ્યે અને આસપાસના લોકોએ એકઠા થઈને યુવકને સમજાવીને નીચે ઉતારી તેનો જીવ બચાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રેમિકાએ અન્ય



સાથે ભાગીને લગ્ન કરતા યુવક આત્મહત્યા કરવા પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદના વાડજના દધીચિ બ્રિજ પર એક યુવક રેલીંગ પર ચડી નદીમાં ઝંપલાવવાની તૈયારીમાં હતો. આ દૃશ્ય જોતા જ બ્રિજ પરથી પસાર થતા લોકો એકત્ર થઈ ગયા અને યુવકને નીચે ઉતારવાના પ્રયાસો શરૂ કર્યા. તે દરમિયાન જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ઘટનાની જાણ થતાં તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા અને સ્થાનિક લોકો સાથે મળીને યુવકને શાંતિપૂર્વક સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને સ્થાનિકોએ યુવક સાથે સતત વાતચીત કરી તેને હિંમત આપી અને કોઈપણ ઉતાવળનું પગલું ન ભરવા સમજાવ્યું હતું. લાંબી સમજાવટ બાદ યુવક રેલીંગ પરથી નીચે ઉતરવા રાજી થયો હતો. ત્યારબાદ ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા અને આસપાસના લોકોએ તેને સુરક્ષિત રીતે નીચે ઉતારી લીધો અને સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી. પોલીસની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી યુવકને પોતાની કસ્ટડીમાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક માહિતી મુજબ યુવક પ્રેમ પ્રકરણમાં યુવક આપઘાત કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પ્રેમ લગ્નમાં પ્રેમિકા અન્ય વ્યક્તિ સાથે ભાગીને લગ્ન કરતા યુવક આત્મહત્યા કરવા પહોંચ્યો હતો. જો કે અત્યારે યુવકનો જીવ બચાવ્યા બાદ તેને પોલીસને સોંપવામાં આવ્યો છે. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે, હું ત્યાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે દધીચિ બ્રિજ પર કેટલાક લોકો ટોળું કરીને ઉભા હતા. તેમજ યુવક રેલીંગ પર ચઢીને નદીમાં ઝંપલાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ સમયે અમે ગાડી ઉભી રાખી મારા સિક્યુરીટી ગાર્ડે તરત દોડીને તેનો પગ પકડી લીધો હતો. ત્યારબાદ રેલીંગ પાસે પહોંચી યુવકને સમજાવ્યો હતો. ખેડાવાલાએ વધુમાં કહ્યું કે, જેથી મે અને આસપાસના લોકોએ યુવકને સમજાવી રેલિંગ પરથી નીચે ઉતાર્યો હતો. યુવક આ પ્રકારનું પગલું ભરવા કેમ જઈ રહ્યો હતો તેવું પૂછ્યું તો તેને કહ્યું હતું કે તેને જેના સાથે પ્રેમ હતો તે પ્રેમિકા ભાગીને અન્ય યુવક સાથે લગ્ન કરી દીધા હતા. જેથી આ પ્રકારનો પગલું ભરવા જઈ રહ્યો હતો. જો કે અમે તેનો જીવ બચાવી પોલીસને બોલાવીને સોંપી દીધો હતો.

સુરત સાયબર ક્રાઈમ પોલીસના ચોંકાવનારા આકડા

# ૬ મહિનામાં ઝડપાયેલા ૧૨૧ આરોપીઓમાં ૧૩ એન્જિનિયર અને ૨ ડોક્ટર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

ડિજિટલ યુગમાં સાયબર ગુનાખોરી સતત વધી રહી છે ત્યારે નવા નિયુક્ત થયેલા રાજ્યના પોલીસ વડા માલિકે પોતાની ક્રાઈમ કોન્ફરન્સમાં ગુજરાતમાં વધતા જતા સાયબર ગુનાખોરી પર ફોકસ કર્યો હતો. આ કાર્યવાહીના ભાગરૂપે સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત એ સાયબર ક્રાઈમ બાબતે કાર્યવાહી કરવાનો આદેશ સંયુક્ત કમિશનર ડો.કરણરાજ વાઘેલાને કર્યો હતો તેમના માગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશનર બિશાખા જૈન એ પોતાની ટીમના છથી વધુ પીઆઈ અને અન્ય કર્મચારી દ્વારા કાર્યવાહી કરાઈ હતી. સુરત સાયબર ક્રાઈમ પોલીસના આંકડાઓ ચિંતાજનક તસવીર રજૂ કરે છે. છેલ્લા છ મહિનામાં વિવિધ સાયબર ઠગાઈના ગુનાઓમાં ઝડપાયેલા ૧૨૧ આરોપીઓમાં મોટા ભાગના ઉચ્ચ શિક્ષિત હોવાનું સામે આવ્યું છે અને કાયદાની આંટીઘૂંટીથી વાકેફ છે, આઈટીના એક્સપર્ટ છે. તેમાં ૧૩ એન્જિનિયર, ૧૮ ગ્રેજ્યુએટ, ૨ ડોક્ટર, ૨ વકીલ, ૩૩ ધોરણ-૧૨ પાસ, ૨૨ ધોરણ-૧૦ પાસ અને માત્ર ૨ અભણ આરોપીઓનો સમાવેશ થાય છે.આ પૈકી ગુજરાતના ૮૮ આરોપીમાંથી સુરતના ૫૧, અમદાવાદના ૧૦, રાજકોટના ૫, જામનગરના ૪, ભરૂચના ૩, વલસાડના ૩, બનાસકાંઠાના ૨, પંચમહાલના ૨, વડોદરાના ૨, બોટાદના ૧, ભાવનગરના ૧, પાટણના ૧, જૂનાગઢના ૧, મહેસાણાના ૧, કચ્છના ૧ આરોપી છે. ગુજરાતના કુલ ૮૮ આરોપીઓમાં સુરતના ૫૧ આરોપીઓ હોવાનું પણ સામે આવ્યું છે.

સાયબર પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ 'ડિજિટલ અરેસ્ટ', ટાસ્ક અને ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, KYC અપડેટના બહાને રિમોટ એક્સેસ એપ્લિકેશન ડાઉનલોડ કરાવવી, કુરિયર-પાર્સલના નામે છેતરપિંડી તેમજ સેક્સ્ટોર્શન જેવા વિવિધ માધ્યમોથી લોકો સાથે કરોડોની ઓનલાઈન ઠગાઈ આચરી હતી. ગુજરાતમાં સાયબર ગુનાખોરી રોકવા માટે નિષ્ણાતોએ એન્જિનિયરિંગ અને આઈટી સંસ્થાઓમાં 'સાયબર એથિક્સ'નું ફરજિયાત શિક્ષણ, બેંકિંગ અને સિમકાર્ડ વેરિફિકેશન વધુ કડક બનાવવાની સાથે આંતરરાજ્ય સાયબર પોલીસ વચ્ચે રિયલ-ટાઈમ ડેટાબેઝ તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

# સુરતમાં પાંચ અલગ - અલગ સ્થળે જુગારધામ પર દરોડા, ૬૨ની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

સુરત શહેરના સરથાણા, લસકાણા, વરાછા, કાપોદ્રા અને ચોકબજાર વિસ્તારમાંથી જુગાર રમતા ૬૨ જેટલા લોકોને પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૨.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સરથાણા પોલીસે સંગના સોસાયટીના એક મકાનમાં દરોડા પાડી જુગાર રમતા ૧૨ લોકોને ઝડપી પાડ્યા હતા. અને તેમની પાસેથી રોકડ રકમ અને પાંચ મોબઈલ મળી કુલ રૂપિયા ૧,૧૭,૧૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સિવાય લસકાણા પોલીસે ભોળાનગદર સોસાયટીના સ્ટ્રીટ લાઈટના અજવાળા નીચેથી અને લસકાણા ગામ, પારસ ગેસ એજન્સીના ધાબા ઉપરથી જુગાર રમતા ૧૨ જણાને ઝડપી પાડી ૨૪,૬૦૦ કબજે કર્યા હતા. કાપોદ્રા પોલીસે રવિપાર્ક સોસાયટી પાર્થ એપાર્ટમેન્ટમાં દરોડા પાડી લોબીમાં જુગાર રમતા ૧૧ લોકોને ઝડપી પાડી તેમની પાસેથી ૩૦ હજાર કબજે કર્યા હતા. વરાછા પોલીસે ભવાની ફરસાણની પાછળ હંસ એપાર્ટમેન્ટમાં પહેલા માળે ગેલેરીમાંથી અને અભયનગર સોસાયટીના ગેટ પાસેથી મળી ૧૧ જુગારીઓને ઝડપી પાડી ૫૧,૯૬૦ કબજે કર્યા હતા જ્યારે ચોકબજાર પોલીસે કતારગામ ઉદયનગર સોસાયટીના એક મકાનના ધાબા પરથી, સિંગણપોર ભરીમાતા રોડ સુમન નિસર્ગ આવાસના પાર્કિંગમાંથી અને સિંગણપોર કોઝવે ભરીમાતા રોડ, સુમન મંગલ આવસના ટેરેસ ઉપર દરોડા પાડી કુલ ૧૬ જુગારીઓને ઝડપી પાડી રૂપિયા ૩૨,૮૪૦ કબજે કર્યા હતા.

# આણંદની એસ.ઓ.જી.ના તત્કાલીન પી.આઈ. ભાર્ગવ માળીને સસ્પેન્ડ કરાયા

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૬

આણંદની એસઓજીના તત્કાલીન પી.આઈ અને હાલમાં એલસીબીમાં ફરજ બજાવતા પી.આઈ ભાર્ગવ માળીને અમદાવાદ રેન્જના આઈજીએ એસઓજી કચેરીમાં જ આરોપી દ્વારા ઝેરી ટીકડા ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કરવાની ઘટનામાં સસ્પેન્ડ કરતા ચકચાર મચી જવા પામી છે.બોગસ ખેડુત બનવાના કૌભાંડમાં ભાર્ગવ એમ. માળીએ પોતે ફરિયાદી બનીને પેટલાદ શહેર પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો. આ કેસમાં અમદાવાદના બંને ભાઈઓ ઉપરાંત ખડા ગામના પીનલબેન પટેલ, તેમના ભાઈ જયેન્દ્રભાઈ રાજેન્દ્રભાઈ પટેલ, શારદાબેન, એડવોકેટ કનુભાઈ કે. મકવાણા સહિત અન્ય કેટલાક સ્થાનિક શખ્સો વિરૂદ્ધ બોગસ દસ્તાવેજો બનાવવા અને છેતરપિંડી આચરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો. જોકે, આ કેસમાં વળાંક ત્યારે આવ્યો જ્યારે તપાસ માટે આરોપીઓને એસઓજી કચેરીએ બોલાવવામાં આવ્યા. ત્યાં આરોપી જયેન્દ્ર ઉર્ફે જયેશ પટેલે પોલીસ કચેરીની અંદર જ ઝેરી ગોળીઓ ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને કારણે પોલીસ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા હતા અને ઉચ્ચ સ્તરે મામલો ગરમાયો હતો.આત્મહત્યાના પ્રયાસ અને જમીન કૌભાંડની તપાસનો સમગ્ર અહેવાલ રેન્જ આઈજી રાઘવેન્દ્ર વત્સ પાસે પહોંચ્યો હતો. જે અંગે આણંદ જિલ્લા પોલીસ વડા જી. જી. જસાણી જણાવ્યું હતું કે, પાળજ ગામના કથિત જમીન કૌભાંડના કેસમાં પીઆઈ ભાર્ગવ એમ. માળીએ આ કેસમાં કાયદાકીય જોગવાઈઓનો દુરૂપયોગ કરીને અને ખોટી કલમો લગાડીને ગુનો દાખલ કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. રેન્જ આઈજીએ પીઆઈ ભાર્ગવ. એમ. માળીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે.

સુરતના પરિવારને નડ્યો અકસ્માત

# ભરૂચ નજીક ટ્રેલર પાછળ ઈકો ઘૂસી જતા માતા અને પુત્રનું મોત

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૭

સુરતના આંબલીયા પરિવારના આઠ સભ્યો દ્વારકા દર્શન કરીને આજે વહેલી સવારે સુરત પરત ફરી રહ્યા હતા. સવારે અંદાજે પાંચ વાગ્યાના અરસામાં ભરૂચ તાલુકાના કેલોદ ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર તેમની ઈકોવાન ઉભેલા ટ્રેલરની પાછળ ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકોવાનનો આગળનો ભાગ સંપૂર્ણ ચકનાચૂર થઈ ગયો હતો. અકસ્માત બાદ વાહનમાં ફસાયેલા પરિવારજનોની ચીસોથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતાં જ હાઈવે પેટ્રોલિંગ ટીમ અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રાહત-બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને બહાર કાઢીને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયાં ગીતાબેન મનોજભાઈ આંબલીયા અને તેમના ૧૨ વર્ષીય પુત્ર ચિંતન મનોજભાઈ આંબલીયાને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અકસ્માતમાં મનોજ કલ્યાણભાઈ આંબલીયા, સૃષ્ટિ મનોજ આંબલીયા, સોનલ વિજય ઘોઘારી સહિત પરિવારના અન્ય સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં ઈકોવાન ઉભેલા ટ્રેલરની પાછળ અથડાતા અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. સમગ્ર બનાવને પગલે ભરૂચ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદની આયશા શેખ અને નઈમા શેખ તથા બોટાદના ગઢડાની આયશા મૂસાણી બન્યા CA

# નબળી-મધ્યમ આર્થિક સ્થિતિ વચ્ચે મક્કમ મનોબળ અને મહેનતથી CA બનવાની સિદ્ધિ હાંસલ કરી

## ● સમાજના લોકોના પ્રશ્નો વચ્ચે પપ્પા મક્કમ રહેતા સખત મહેનતે આયશા મૂસાની બની CA



આયશા કાદરભાઈ મુસાની

ભાવનગર પાસેના ગઢડા જેવા નાના શહેરમાં રહેતી આયશા કાદરભાઈ મુસાનીએ પ્રારંભમાં તો C.A. બનવાના ધ્યેયને ગંભીરતાથી લીધું ન હતું પરંતુ ફાઉન્ડેશનની પરીક્ષામાં નાપાસ થતાં તેને ઝાટકો લાગ્યો હતો. તે તેની માતા તથા પિતા ત્રણેય રડ્યા હતા કેમ કે શૈક્ષણિક કારકિર્દીમાં આયશા પ્રથમવાર નાપાસ થઈ હતી. બસ આ ઘટના તેણી માટે મોટું કામ કરી ગઈ અને તેણે નક્કી કરી લીધું કે હવે મારે C.A. બનવું જ છે અને બસ ગંભીરતાપૂર્વક તેમાં લાગી પડી અને સફળ થઈને જ ઝંપી. આયશા મૂસાનીના પરિવારમાં માતા-પિતા બહુ ભણેલા નથી. તેમ છતાં દીકરીને ભણાવવાનો અને C.A. બનાવવાનો નિર્ણય પપ્પાનો જ હતો. આયશા આમ તો પોતે અગાઉ સૌપ્રથમ સાયન્સમાં અને તેમાં પણ તબીબી ક્ષેત્રે આગળ વધવાની થોડી ઘણી ઈચ્છા ધરાવતી હતી પરંતુ પપ્પાની મક્કમ ઈચ્છા હતી કે તે C.A. બને એટલે તેમાં આગળ વધી. ઈન્ટરમીડિયેટ સુધી ગઢડામાં રહીને ઓનલાઈન અભ્યાસ કરી આગળ વધી પરંતુ ફાઈનલ આર્ટિકલશીપ માટે બહાર નીકળવું પડે તે જરૂરી હોઈ તે અંગે ચર્ચા-વિચારણા બાદ આખરે અમદાવાદ આવવાનું નક્કી કર્યું અને અહીં પીજીમાં રહીને ૧૦-૧૦ કલાક સતત મહેનત કરી. આખરે C.A. ફાઈનલ કર્યું. આ સફરમાં સમાજના તથા અન્ય લોકોએ દીકરી હોઈ ભણાવવા બાબતે પ્રશ્નો પણ ઊભા કર્યા પરંતુ આયશાના પિતા મક્કમ રહ્યો અને આયશાને સી.એ. બનવા માટે પૂરેપૂરો સપોર્ટ કર્યો. માતા-પિતા સહિત ફેમિલી સાથે અમદાવાદના C.A. કરીમભાઈ લાખાણીનો બહુ સપોર્ટ રહ્યા હોવાનું જણાવતા આયશા અન્ય સ્ટુડન્ટને મેસેજ આપતા કહે છે કે ફેમિલીનો સપોર્ટ હોય તો સખત મહેનત કરશો તો સફળતા જરૂરથી મળશે જ અને દરેક ક્ષેત્રે આગળ વધવા સખત મહેનત જરૂરી છે.

## ● આર્થિક પડકારો વચ્ચે પરિવારના સપોર્ટથી મક્કમ રીતે આગળ વધતા હવે બની CA આયશા શેખ



આયશા રાહીલ શેખ

કાલુપુર નવી મહોલતની CA આયશા રાહીલ શેખ જણાવે છે કે, જ્યારે ધોરણ ૧૦નું પરિણામ આવ્યું ત્યારે મારી ઈચ્છા સાયન્સ લેવાની હતી, પરંતુ તે સમયે અમારી આર્થિક પરિસ્થિતિ એટલી મજબૂત નહોતી, જેના કારણે મને કોમર્સ લેવું પડ્યું. શરૂઆતમાં આ નિર્ણય એક પરિસ્થિતિના કારણે લેવાયો હતો, પરંતુ કોમર્સમાં આગળ વધતા મને તેમાં રસ આવવા લાગ્યો અને મેં નક્કી કર્યું કે હવે આ જ ક્ષેત્રમાં કંઈક સારૂં કરવું છે. તે પછી મારા ચાચાએ મને C.A. કરવાની પ્રેરણા આપી.મારા ચાચાના મિત્ર CA રિઝવાન શેખે મને CA કરીમ લાખાણી સરનો રેફરન્સ આપ્યો. હું કરીમ લાખાણી સરને મળી અને તેમણે મારા ધોરણ ૧૨ના માર્ક્સ જોઈને કહ્યું, ''બેટા, CA કરી લે, તું કરી શકીશ, બસ સારી મહેનત કરજે.'' તેમણે મને J.K. Shah ક્લાસની ફીમાં મદદ કરી અને ત્યાંથી મારી CA સફરની શરૂઆત થઈ. હું રોજ નિયમિત J. K. Shah ક્લાસ જતી, હોમવર્ક પણ નિયમિત કરતી ત્યારબાદ મેં CA Foundationની પરીક્ષા આપી. પરંતુ પરીક્ષા શરૂ થઈ ત્યારે જ મારી દાદીની તબિયત ખૂબ ગંભીર થઈ ગઈ હતી. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પરીક્ષાના કારણે હું તેમને મળી પણ શકી નહીં. પરીક્ષા ચાલુ હતી અને એ દરમિયાન જ તેમનું અવસાન થયું. હું પેપર આપીને આવી અને ત્યારબાદ મેં મારી દાદીને છેલ્લી વાર જોયા. મેં CA Foundation પ્રથમ પ્રયાસમાં જ પાસ કર્યું. ત્યારબાદ મારી સાચી સંઘર્ષની શરૂઆત થઈ. ઘણી વખત આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ઘણી વખત પરીક્ષાની ફી ભરવામાં પણ સમસ્યા આવતી હતી. પરંતુ મારા અબ્બુએ ક્યારેય મને ના પાડી નહીં. હું ફી માટે વ્યવસ્થા કરી દઈશ.'' તે સમયે મને અંદરથી એક જ વિચાર આવતો હતો કે હું જલ્દી CA બની જાઉં અને મારા અબ્બુને મદદ કરી શકું. ફરીથી મહેનત કરી અને મેં CA Intermediateનું Group 1 ક્લિયર કર્યું અને થોડા સમય બાદ Group 2 પણ ક્લિયર કર્યું. Group 1 પાસ કર્યા બાદ મેં CA રિઝવાન શેખના માર્ગદર્શન હેઠળ Articleship પણ શરૂ કરી. આ સફરમાં મેં ઘણા પ્રસંગોનો ત્યાગ કર્યો. કઝિન્સના લગ્ન, પરિવારના ઘણા પ્રસંગો અને ઘણા યાદગાર ક્ષણોમાં હું હાજર રહી શકી નહીં. આ દરમિયાન મેં ઘણા પ્રિયજનોને પણ ગુમાવ્યા, આર્થિક મુશ્કેલીઓ અને માનસિક તણાવનો પણ સામનો કર્યો. આ સફર દરમિયાન મેં self doubts, નિરાશા, નકારાત્મક વિચારો, ઊંઘ વગરની રાતો અને આર્થિક મુશ્કેલીઓ બધાનો સામનો કર્યો. પરંતુ આજે હું CA બની છું અને મારી સફર લોકો માટે પ્રેરણા બની છે. એમ અંતમાં આયશા શેખે જણાવ્યું હતું.

## ● શાહપુરની નઈમા શેખ પણ આર્થિક સ્થિતિના પ્રશ્નો વચ્ચે સખત મહેનતથી CA બનીને બહાર આવી



નઈમા મો.રફીક શેખ

અમદાવાદના શાહપુર ખાતે રહેતી નઈમા મો.રફીક શેખ પણ CA બની છે. તે જણાવે છે કે હવે હું ક્વોલિફાઈડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) બની ગઈ છું. વર્ષ ૨૦૨૧માં મેં મારી CAની સફરની શરૂઆત કરી હતી.તે સમયે મને આગળ આવનારી મુશ્કેલીઓનો કે CA બનવાથી મળતા ગૌરવ અને સન્માનનો કોઈ અંદાજ નહોતો. પરંતુ ધીમે ધીમે મને સમજાયું કે મેં મારા જીવનનો શ્રેષ્ઠ કારકિર્દીનો વિકલ્પ પસંદ કર્યો છે.તે સમયે મારી પાસે ખાનગી કોચિંગની ફી ભરવાની ક્ષમતા નહોતી, તેથી મેં માત્ર ICAIના ક્લાસીસ દ્વારા જ ફાઉન્ડેશનનો અભ્યાસ કર્યો. ઈન્ટરમીડિયેટમાં પણ મેં મારી સંપૂર્ણ મહેનત કરી. પ્રથમ પ્રયત્નમાં જ પ્રથમ ગ્રુપ પાસ કર્યું, પરંતુ દુર્ભાગ્યવશ બીજા ગ્રુપમાં નિષ્ફળ ગઈ. એ મારા જીવનની પહેલી નિષ્ફળતા હતી અને તેને સ્વીકારવી ખૂબ મુશ્કેલ હતી. છતાં મેં હિંમત ભેગી કરી, ફરી તૈયારી શરૂ કરી અને આગામી પ્રયત્નમાં ઈન્ટરમીડિયેટ પણ સફળતાપૂર્વક પાસ કર્યું. ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૩માં મેં LIT and Associatesમાં આર્ટિકલશિપ શરૂ કરી હતી.CA ફાઈનલ મારી સફરનો છેલ્લો અને સૌથી મોટો પડકાર હતો. મારો પ્રયાસ નવેમ્બરથી સપ્ટેમ્બર સુધી પ્રીપોન થઈ ગયો, જેના કારણે સમયસર આખો અભ્યાસક્રમ પૂર્ણ કરવો અને રિવિઝન કરવું ખૂબ મુશ્કેલ બન્યું. છતાં મેં કોઈ રીતે સમયનું યોગ્ય આયોજન કરીને સપ્ટેમ્બર ૨૦૨૫માં બંને ગ્રુપની પરીક્ષા આપી. અલહમ્દુલિલ્લાહ, સપ્ટેમ્બર ૨૦૨૫માં મેં પ્રથમ જ પ્રયત્નમાં ફર્સ્ટ ગ્રુપ પાસ કર્યું. તેમણે મે ૨૦૨૬માં બીજા ગ્રુપમાં મને ૩૦૦માંથી ચોક્કસ ૧૫૦ ગુણ મળ્યા અને હું નવી ક્વોલિફાઈડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) બની.

# પાલનપુરના હરિઓમ માર્કેટમાં ૪ આંગડિયા પેઢીમાં તસ્કરોનો તરખાટ, ૬ દુકાનોમાં ચોરી

## ૪ આંગડિયા પેઢીની તિજોરી તોડી લાખોની મત્તા ચોરી, સીસીટીવીના આધારે પોલીસે શરૂ કરી તપાસ

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૭

પાલનપુર શહેરના હરિઓમ માર્કેટમાં તસ્કરોએ એકસાથે ૬ દુકાનોને નિશાન બનાવી ચોરીની મોટી ઘટનાને અંજામ આપ્યો હતો. ચોરી થયેલી દુકાનોમાં ૪ આંગડિયા પેઢી અને અન્ય ૨ વેપારી એકમોનો સમાવેશ થાય છે. તસ્કરોએ દુકાનોના તાળા તોડી અંદર પ્રવેશ કરી આંગડિયા પેઢીઓની તિજોરી તોડી લાખોની મત્તા પર હાથફેરો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

ચોરીની સમગ્ર ઘટના દુકાનોમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. બનાવની જાણ થતાં પાલનપુર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા કબજે કરી તપાસ શરૂ કરી હતી.

શહેરના મધ્ય વિસ્તારમાં એક જ રાત્રે અનેક દુકાનોમાં થયેલી ચોરીથી વેપારીઓમાં ભય અને રોષનો માહોલ ફેલાયો છે. પોલીસે તસ્કરોને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે. ચોરીની ચોક્કસ રકમ અંગે વેપારીઓની ફરિયાદ બાદ સ્પષ્ટતા થશે.

# સુમુલ ડેરીની ચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવારની મુખ્ય દરખાસ્ત કરનાર સભાસદનું અપહરણ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

સુરતની અતિ મહત્વની ગણાતી અને વાર્ષિક ૧૨ હજાર કરોડ રૂપિયાનું ટર્ન ઓવર ધરાવતી સુમુલ ડેરીની આગામી ચૂંટણીમાં આજે ૨૭ જૂન શનિવારે ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થતાં જ ભારે રાજકીય હલચલ મચી ગઈ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય ડો. તુષાર ચૌધરીએ એક ચોંકાવનારું નિવેદન આપતા જાહેરાત કરી છે કે, સત્તાધારી ભાજપની દાદાગીરી અને ધાકધમકીથી પોતાના ઉમેદવારોને બચાવવા માટે કોંગ્રેસ તમામ ૧૧ ઉમેદવારોને તત્કાલ પ્રભાવથી અજ્ઞાત જગ્યાએ લઈ જશે.

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી અને પશુપાલકોની જીવાદોરી સમાન સુમુલ ડેરી (સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ)ની ચૂંટણી હવે માત્ર સહકારી સંસ્થા પૂરતી સીમિત ન રહેતા પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે. આ ડેરીની સત્તા કબજે કરવા માટે ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી ગયા છે. ઉમરપાડા બેઠકના કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારની દરખાસ્ત કરનાર સભાસદ રવિન્દ્રભાઈ ગુમાનભાઈ વસાવા છેલ્લા ૩ દિવસથી રહસ્યમય રીતે ગાયબ હોવાથી તેમનું ભાજપના ઈશારે અપહરણ થયું હોવાનો આક્ષેપ ચૌધરીએ કર્યો છે. ચૌધરીએ સ્પષ્ટ કર્યું છે કે, જો ઉમેદવારોની સુરક્ષા માટે જરૂર લાગશે તો તેઓને ગુજરાત બહાર કે છેક વિદેશ (દેશ બહાર) પણ લઈ જવામાં આવશે, પરંતુ ભ્રષ્ટાચારી શાસન સામેની લડાઈ કોઈપણ સંજોગોમાં અધૂરી છોડવામાં નહીં આવે. સુમુલ ડેરીની કુલ ૧૬ બેઠકો માટે પ્રક્રિયા શરૂ થઈ હતી, જેમાં સત્તાધારી પક્ષ દ્વારા ભારે દબાણ ઊભું કરવામાં આવી રહ્યું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. આ પ્રચંડ આર્થિક સામ્રાજ્ય ધરાવતી સંસ્થાની ચૂંટણીમાં સત્તા અને સંપત્તિનો બેફામ ઉપયોગ થઈ રહ્યો હોવાના આક્ષેપો સાથે વિરોધ પક્ષો આક્રમક વલણ અખત્યાર કર્યું છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં મોહર્રમની ઉજવણી

સુરેન્દ્રનગર, તા.૨૭

સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૬૬ સ્થળો ઉપર તાજિયા કાઢવામાં આવ્યા હતા. આ અંગે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા દ્વારા આપવામાં આવેલી ગાઈડલાઈન તેનું આયોજકો દ્વારા કડક પાલન કરવામાં આવ્યું હતું. જેને લઈને શહેરી વિસ્તારમાં તાજિયા પ્રથમ વખત હથિયારો વગર જ નીકળ્યા હતા અને માત્ર માતમ મનાવી અને અન્ય ધાર્મિક કાર્યક્રમો સાથે મહોર્રમના પર્વની મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

# પાલીતાણામાં ત્રણ આકર્ષક તાજિયાનું જુલૂસ નિકળ્યું



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૨૭

દર વર્ષની પરંપરા મુજબ, આ વર્ષે પણ પાલીતાણા શહેરમાંથી ૩ આકર્ષક તાજિયાનું જુલૂસ નીકળ્યું હતું.

જેમાં પાલીતાણાના તાજિયા ગુજરાતના બીજા નંબરના ગણવામાં આવે છે પાલીતાણાના તાજિયા હાઈડ્રોલીક અને લાઈટિંગમાં પ્રથમ નંબર આવે છે. આ વર્ષ સિપાઈ જુમાત દ્વારા ૧૦૦ કીલો કાજુ બદામથી તાજિયાને સજાવામાં આવ્યા હતા જે તાજિયા જોવા માટે ભાવનગર, વરતેજ, સિહોર, ગારીયાધાર, તળાજા, મહુવા સહિત જિલ્લામાંથી પાલીતાણાના તાજિયા જોવા માટે લોકો ઉમટી પડ્યા હતા. મંગળવારે રાત્રે મોડી સાંજે તમામ તાજિયા તેના રાબેતા મુજબ પડ ઉપર લાવવામાં આવ્યા હતા. જેમા ખાસ કરીને પાલીતાણા શહેરમાંથી નીકળતા આકર્ષક ૩ જેટલા આકર્ષક તાજિયા તેના રાબેતા મુજબ મોડી રાતથી વ્હેલી સવાર સુધી રૂટ ઉપર આખી રાત આકર્ષક તાજિયા જુલૂસ ફર્યું હતું.

પાલીતાણા શહેરના તમામ તાજિયા ટાઢા કરવામાં આવ્યા હતા. તાજિયા જુલૂસ દરમ્યાન તાજિયાના રૂટ ઉપર ઠંડા પાણી, સરબત, દુધ કોલ્ડ્રીક્સ અને જુદી-જુદી નિયાઝનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જે રીતે મુસ્લિમ બિરાદરો તાજિયા જુલૂસના દીદાર અર્થે નીકળે છે તેજ રીતે હિન્દુ મુસ્લિમ ભાઈઓ-મોટી સંખ્યામાં તાજિયા જોવા માટે ઉમટી પડ્યા હતા. આ તાજિયા દરમિયાન સર્વેસમાજના લોકો તાજિયામાં હાજર રહી સમગ્ર શહેરમાં કોમી એક્તા અને ભાઈચારાના દર્શન થયા હતા. તાજિયા દરમિયાન કાયદો વ્યવસ્થા જળવાઈ રહે સુલેહ, શાંતિ અને ભાઈચારા સાથે મોહર્રમનો પર્વ ઉજવાય તે માટે પોલીસ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેમાં પાલીતાણા DYSP 1 PI 1 PSI 4 એસ.આર.પી.જવાન ૮ સહિત પોલીસ જવાનો ૬૪ હોમ ગાર્ડ ૪૦જી આર ડી ૪૦ સંબંધીત પોલીસ બંદોબસ્ત માટે ગોઠવાયો હતો અને પાલીતાણા મામલતદાર નાયબ મામલતદાર સહિત તાજિયાના જુલૂસમાં હાજર રહ્યા હતા અને આરીતે મોહર્રમના તાજિયા જુલૂસ શાંતિપૂર્ણ પૂર્ણ થયું હતું.

## વલણ હોમિયોપેથિક મેડિકલ કોલેજનું દ્વિતીય વર્ષનું ૮૬.૭૫ ટકા પરિણામ

પાલેજ, તા.૨૭

પાલેજ વલણ રોડ ઉપર આવેલી વલણ હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ જે ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી ગોધરા સાથે સંલગ્ન છે. દ્વિતીય વર્ષનું પરિણામ નોંધપાત્ર રહ્યું છે. કોલેજમાંથી કુલ ૫૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાંથી ૩૨ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ સાથે તથા ૧૫ વિદ્યાર્થીઓ દ્વિતીય વર્ગ સાથે સફળ થયાં છે. આમ કુલ ૪૮ વિદ્યાર્થીઓ સફળ થતાં કોલેજનું કુલ પરિણામ ૮૬.૭૫ ટકા નોંધાયું છે. આ ઉત્કર્ષ પરિણામ બદલ કોલેજના ટ્રસ્ટી મંડળ પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકગણ તેમજ સ્ટાફ દ્વારા સફળ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# કલોલ શહેર અને તાલુકામાં મોહર્રમના પર્વની ઉજવણી

કલોલ,તા.૨૭

કલોલમાં કસ્બા વિસ્તારમાં આવેલ જુમ્મા મસ્જિદ ચોકમાંથી કલોલ શહેર તાજિયા કમિટીની આગેવાની હેઠળ કરબલાના શહીદોની યાદમાં મોહર્રમ નિમિત્તે આઠ તાજિયાનો જુલૂસ નીકળ્યો હતો. જે મટવા કુવા જુના એરા, પાંચ હાટડી બજાર, ઘાચીવાડ તથા ટાવર ચોક થઈને નીકળ્યું હતું. જયોતિશ્વર મહાદેવના મહંત તરફથી ફુલહાર કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. તાજિયા મટવા કુવા ખાતે ઠંડા કરવામાં આવ્યા હતા આ પ્રસંગે તાજિયા કમિટીના પ્રમુખ ડો. ગુલામહુસેન તથા વિવિધ કમિટીઓના સભ્યો તથા અકીદતમંદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જુમ્મા મસ્જિદ ચોકમાં પેશ ઈમામ ગુલામ રસુલ સાહેબે ફાતિયાખાની સાથે પૂર્ણાહુતી કરી હતી. કલોલ તાલુકાના જેઠલજ ગામમાં તાજિયાનું જુલૂસ નીકળ્યું હતું. શેરિસા અને રામનગર ગામમાં મહોર્રમના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.

# ધાર્મિક વિધિના બહાને છેતરપિંડી કરનાર બે શખ્સોને અમરેલી એલસીબીએ ઝડપી પાડ્યા

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં ધાર્મિક વિધિના બહાને લોકો સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનાઓ આચરતા બે શખ્સોને અમરેલી એલસીબી પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી કુલ રૂા.૩.૭૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે ગત ૨૨ જૂનના રોજ લાઠી તાલુકાના ભૂરખિયા ગામે બંને આરોપીઓએ એક વ્યક્તિને ધાર્મિક વિધિ કરાવવાના બહાને વિશ્વાસમાં લઈ તેના પરિવાર પર ખરાબ અસર હોવાનું જણાવી વિધિ કરાવવા માટે રૂા.૨૦ હજાર રોકડા તેમજ ૨.૩૯ ગ્રામ વજનની સોનાની વીંટી લઈ ફરાર થઈ ગયા હતા. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ એલસીબી ટીમે તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન જસદણના રહેવાસી ધર્મેન્દ્ર નાથાભાઈ ડાંગર અને હેતલભાઈ ભગવાનભાઈ ઘાંચીને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી રૂા.૨૦ હજાર રોકડા, ૨.૩૯ ગ્રામ વજનની સોનાની વીંટી તેમજ ગુનામાં વપરાયેલી હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ મળી કુલ રૂ. ૩.૭૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં બંને આરોપીઓ સામે મોરબી, રાજકોટ શહેર અને રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં પણ છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર કાર્યવાહી અમરેલી એલસીબી પીઆઈ સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

### ગાંધીનગરમાં 'ભારત ટેક્સી' સેવાનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી

# આગામી બે વર્ષમાં ભારત ટેક્સી ૫૦૦ શહેર અને ગામડાઓ સુધી પહોંચશે : અમિત શાહ

## મુસાફરો અને ડ્રાઈવરોનું શોષણ ન થાય તે માટે ટેક્સી શરૂ કરાવી છે : શાહ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૭

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૭ અને ૨૮ જૂન એમ બે દિવસ દરમિયાન તેમના સંસદીય ક્ષેત્રના પ્રવાસે છે. સહકારી મોડલ આધારિત 'ભારત ટેક્ષી' સેવાનો આજે ગુજરાતમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે મહાત્મા મંદિર ખાતે પ્રારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરત સહિતના એરપોર્ટ તેમજ વિવિધ સરકારી સંસ્થાઓ સાથે એમઓયુ પણ કરવામાં આવ્યા છે. આ સાથે જ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિત ગુજરાતનાં ૧૪ પ્રમુખ શહેરોમાં 'ભારત ટેક્સીનો પ્રારંભ થયો છે. બીજી તરફ કાર્યક્રમમાં ઉપસ્થિત કેટલાક ટેક્સી ડ્રાઈવરો દ્વારા ખાનગી ટેક્સી વાહનોને આ મોડલમાં સામેલ ન કરવાની માંગ પણ ઉઠી હતી. આ કાર્યક્રમ દરમિયાન ભારત ટેક્ષીના સીઈઓએ વડોદરા એરપોર્ટ, અદાણી એરપોર્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), GETCO, અમદાવાદ પોલીસ, રાજકોટ એરપોર્ટ અને સુરત એરપોર્ટ ઓથોરિટી સહિતની સંસ્થાઓ સાથે એમઓયુ કર્યા હોવાનું જાહેર કર્યું હતું. આ પ્રસંગે સહકારીતા મંત્રી અમિત શાહે કહ્યું કે, મુસાફરો અને ડ્રાઈવરોનું શોષણ ન થાય એટલે ટેક્સી શરૂ કરાવી છે. ભારત ટેક્સી મોંઘી છે, કેટલાક લોકો અફવાઓ ફેલાવે છે. અમે મુંબઈ, નાગપુરથી લઈ જયપુર, કોલકાતા સુધી પહોંચીશું. બે વર્ષમાં નાના-મોટા ૫૦૦ શહેર-ગામડાઓમાં ૨ વ્હીલર-ફોર વ્હીલર પહોંચાડીશું . ખાનગી કંપનીઓ વાહનચાલકોને માત્ર ડ્રાઈવર ગણીને તેમનું શોષણ કરતી હતી, કમિશનના નામે કમાણી પડાવી લેતી હતી અને કોઈ સુનાવણી વગર રજિસ્ટ્રેશન બ્લોક કરી દેતી હતી. પરંતુ 'ભારત ટેક્સી'માં આ વાહનચાલકો માત્ર ડ્રાઈવર નથી, પણ 'સારથિ' તરીકે ઓળખાય છે. આજે દેશભરના ૭ લાખથી વધુ સારથિઓ રૂ.૧૦૦ના શેર સાથે 'ભારત ટેક્સી'ના સહ માલિક-શેરહોલ્ડર બન્યા છે. આ મોડેલ માત્ર ગ્રાહકોને વ્યાજબી ભાવે સુરક્ષિત સવારી જ નથી આપતું, પરંતુ સારથિઓને સન્માન, સુરક્ષા અને સમૃદ્ધિની ગેરંટી આપે છે. કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આજે, એક મહિલા પશુપાલક કે જેમણે માત્ર રૂ. ૧૦૦ના શેરથી શરૂઆત કરી હતી, તે એક સિસ્ટમ એટલે કે અમૂલનો ભાગ છે, જે રૂ. ૧.૨૫ લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે. જેના પરિણામે અમૂલ વિશ્વની સૌથી વિશ્વસનીય ફૂડ બ્રાન્ડ તરીકે ઉભરી આવી છે. ભારત ટેક્સીના ત્રણ મુખ્ય ઉદ્દેશ છે, સારથિ અને ગ્રાહકનું શોષણ અટકાવવું, સારથિને સન્માન અને માલિકી આપવી તથા સુરક્ષા સાથે સમૃદ્ધિ સુનિશ્ચિત કરવી. હાલમાં દેશભરમાં ૭ લાખથી વધુ સારથિઓ આ સહકારી સંસ્થાના સભ્ય છે અને ૩૭ લાખથી વધુ લોકો આ સેવાનો લાભ લઈ ચૂક્યા છે. ભારત ટેક્સી'ની એન્ટ્રી રોકવા માટે બજારની અન્ય મોટી કંપનીઓ અત્યારે જાણી જોઈને નુકસાન વેઠીને પણ ભાડાં ઘટાડી રહી છે. આ માત્ર ગેરમાર્ગે દોરવાની યુક્તિ છે. પરંતુ 'ભારત ટેક્સી' ન તો થાકશે તથા ન તો મેદાન છોડીને ભાગશે. સહકારી ભાવના અને સેવાના સંકલ્પ સાથે આ સંસ્થા અડગ ઊભી રહેશે. જેમ અમૂલ અને ઈફકોએ ખાનગી કંપનીઓ સામે સફળતા મેળવી છે, તેવી જ રીતે 'ભારત ટેક્સી' પણ ગ્રાહકો અને સારથિઓના હિતમાં વિજયી બનશે, તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કેન્દ્રીય મંત્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, 'ભારત ટેક્સી' માત્ર ભાડા પૂરતી સીમિત નથી. આવનારા દિવસોમાં આ સહકારી સંસ્થા તેના સભ્યો-સારથિઓને સસ્તા દરે લોન અપાવવામાં મદદ કરશે, તેમના પરિવારો માટે વીમાની ચિંતા કરશે અને તેમના બિઝનેસ વિસ્તરણના મોડેલને પણ આર્થિક ટેકો આપશે. જ્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે સહકારિતા ગુજરાતની ઓળખ છે અને ભારત ટેક્સી માત્ર નવી સેવા નહીં પરંતુ આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ ધપાવતી પહેલ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સહકારી ભાવનાને કારણે ગુજરાતમાં ભારત ટેક્સી સૌથી વધુ સફળ થશે. અત્યાર સુધી ખાનગી કંપનીઓમાં નિશ્ચિત આવક પર કામ કરતા ડ્રાઈવરો હવે સહકારી મોડલ હેઠળ નફામાં પણ ભાગીદાર બનશે. અમદાવાદમાં કેબ સેવા આપતી વિવિધ કંપનીઓના ભાડામાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો છે. આજે ૨૭ જૂન, ૨૦૨૬, શનિવારે બપોરે ૧૨ વાગ્યે કરાયેલા બુકિંગ દરમિયાન એરપોર્ટ, ગીતામંદિર બસ સ્ટેન્ડ અને કાલુપુર રેલવે સ્ટેશનથી ઈસ્કોન મંદિર સુધીના ભાડાની સરખામણી કરવામાં આવી હતી. એરપોર્ટથી ઈસ્કોન મંદિર સુધી રેપિડોનું ભાડું સૌથી વધુ ૫૩૧ રૂપિયા જોવા મળ્યું હતું. જ્યારે ઉબેરમાં ૪૪૬ રૂપિયા, ઓલામાં ૩૫૪ રૂપિયા અને ભારત ટેક્સીમાં સૌથી ઓછું ૨૭૧ રૂપિયા ભાડું દર્શાવવામાં આવ્યું હતું.



### નાગરિક સુરક્ષા અને શહેરી પરિવહન માટે ગુજરાત પોલીસના 'ભારત ટેક્સી' સાથે MoU

રાજ્યમાં જાહેર સલામતી, ટ્રાફિક નિયમન અને નાગરિકોની મુસાફરીને વધુ સુરક્ષિત તેમજ સુવિધાજનક બનાવવાના હેતુથી ગુજરાત પોલીસે એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે. ગુજરાત પોલીસ અને મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટી 'સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડ' એટલે કે 'ભારત ટેક્સી' વચ્ચે ડિજિટલ ઈન્ટિગ્રેશન સંલગ્ન MoU કરવામાં આવ્યા છે. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય આધુનિક ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી શહેરી પરિવહનને વધુ સલામત અને સક્ષમ બનાવવાનો છે. જેના અંતર્ગત મુસાફરો, ખાસ કરીને મહિલાઓ અને સિનિયર સિટીઝન્સની સુરક્ષા માટે એપ્લિકેશનમાં SOS સિસ્ટમ સક્રિય કરવામાં આવશે. આ સિસ્ટમ ગુજરાત પોલીસના કંટ્રોલ રૂમ મિકેનિઝમ સાથે જોડાયેલી રહેશે, જેથી ઈમરજન્સી સમયે તાત્કાલિક સહાય પૂરી પાડી શકાય. તે ઉપરાંત 'ભારત ટેક્સી' હેઠળ જોડાતા તમામ વાહન ચાલકોનું ગુજરાત પોલીસ દ્વારા સત્તાવાર વેરિફિકેશન કરવામાં આવશે, જેથી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

### રાજ્યભરમાં શિક્ષકોની ૩૩ હજાર જગ્યાઓ ખાલી; ૧૨ હજાર ક્લાર્ક-પટાવાળાની ભરતી અટકી

# રાજ્યમાં TET પરીક્ષા ફરજિયાતના વિરોધમાં શૈક્ષિક મહાસંઘનું એલાન : તમામ સાંસદોને અપાશે આવેદન

## લોકસભા-રાજ્યસભાના તમામ સાંસદોને આવેદનપત્ર પાઠવવાનું એલાન

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૭

રાજકોટના આજી વિસ્તારમાં સેવા ભારતી કાર્યાલય ખાતે ગુજરાત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ABRSM)ની રાજ્ય કક્ષાની આજે ૨૭ જૂનના કારોબારી બેઠક મળી હતી. જેમાં ગુજરાતના ૭૫૦૦૦ સહિત દેશના ૨૫ લાખ શિક્ષકોને TET પરીક્ષા ફરજિયાતના મુદ્દાને લઈને ૨૯ જૂનથી ૫ જુલાઇ સુધી દેશના તમામ પક્ષના લોકસભાના ૫૪૩ અને રાજ્યસભા ૨૪૫ સાંસદોને આવેદનપત્ર આપવાનું એલાન થયુ છે. ભારતમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન તમામ સાંસદો શિક્ષકોના આ પ્રશ્નને વાચા આપે અને સુપ્રીમ કોર્ટના ચુકાદામાં સુધારો કરી ૨૦૧૦ પહેલાના શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે એવી માંગણી મૂકવામાં આવી છે. આ દરમિયાન રાજ્યની શાળાઓમાં શિક્ષકો સહિત ૩૩ હજાર જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે. જ્યારે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૧૨ હજાર ક્લાર્ક અને પટ્ટાવાળાની ભરતી બાકી હોવાનો મુદ્દો ઉઠાવવામા આવ્યો હતો. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ- ગુજરાતના અધ્યક્ષ મિતેશ ભટ્ટે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના ૯ સંવર્ગ કાર્યરત છે, જેમાં ૧.૨૦ લાખ સદસ્યો નોંધાયેલા છે. હાલમાં ટેટ પરીક્ષાની જે અનિવાર્યતા ઊભી થઈ છે, તેને અનુલક્ષીને જેમને આ પરીક્ષા પાસ કરવાની થાય છે ,તેવા ૭૫,૦૦૦ જેટલા શિક્ષકો છે. જ્યારે ભારતના ૨૫ લાખ શિક્ષકોને આ નિર્ણયની અસર થાય છે. જેથી કેન્દ્રીય કક્ષાએથી જે કાર્યક્રમ આપવામાં આવેલો છે તે મુજબ ૫ જુલાઈ સુધી સમગ્ર ભારતના તમામ પક્ષના સાંસદોનો સંપર્ક કરવામાં આવશે, જેમાં શિક્ષકોને જે તકલીફ પડે છે તેની વાત મૂકવામાં આવશે. શિક્ષકોની નોકરી, નોકરીની શરતો, તેમનું પ્રમોશન અને નિવૃત્તિમાં જે કંઈ પણ પ્રશ્નો છે, તેની સાંસદોને રજૂઆત કરવામાં આવશે. જેમાં વિનંતી કરવામાં આવશે કે, આગામી ચોમાસુ સત્રમાં શિક્ષકોનો અવાજ રજૂ કરવામાં આવે. તેમના પ્રશ્નોની રજૂઆત થાય. જેમાં પ્રશ્નોત્તરી દરમિયાન, શૂન્ય કાળ દરમિયાન અથવા તો અથવા તો ચર્ચા સ્વરૂપે આ બાબતની ચર્ચા થાય અને શિક્ષકોના હિતમાં કાયદામાં જે કંઈ પણ સુધારો કરવાની જરૂર પડે તેની કાર્યવાહી કરવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સુપ્રીમ કોર્ટ દ્વારા જ ચુકાદો આપવામાં આવ્યો છે, તેને સંગઠન પૂરેપૂરુ માન આપે છે, પરંતુ ૨૫ લાખ શિક્ષકોના પરિવારને પણ અસર થાય છે. જેમાં તેમની સેવા શરતો મુજબ તેમના મેરીટના આધારે નિમણૂક મળેલી છે. તેમને નોકરી મળી તે વખતેની સ્થિતિ અને આપેલી છૂટછાટના આધારે શિક્ષકોને ટેટ પરીક્ષાની અનિવાર્યતા માંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગણી છે. સંગઠનની કાર્ય પદ્ધતિ અનુસાર, પ્રદેશ કારોબારી નિયમિત રીતે મળતી હોય છે. આવતીકાલે રાજકોટમાં પ્રદેશ કારોબારી છે અને તેમાં સમગ્ર ગુજરાતમાંથી ૪૦૦થી વધુ પદાધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે. દરેક જિલ્લા અને રાજ્યકક્ષાએ જે પ્રશ્નો છે, તેની ચર્ચા થશે અને ચર્ચા બાદ જે નિર્ણય લેવામાં આવશે તે પ્રમાણે આગળની રણનીતિ ઘડી કાઢવામાં આવશે. જેમાં મુખ્યત્વે શાળાની જ્યારથી શરૂઆત થઈ ત્યારથી મહેકમ પ્રમાણે કાયમી શિક્ષકોની નિમણૂક આપવામાં આવે, જ્ઞાન સહાયકની ભરતીમાં જે કંઈ પણ સુધારો કરવાનો છે તે પણ થાય, ગ્રાન્ટેડ શાળાઓમાં ક્લાર્ક અને પટ્ટાવાળાની જગ્યા ખાલી છે તેની શિક્ષણ વિભાગ દ્વારા ભરતી કરવામાં આવે, પ્રાથમિક શાળાઓમાં સહાયક આપવા માટેની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલી છે તે મુજબ શાળા સહાયક આપવામાં આવે તેવી માંગણી છે. આ સાથે જ CETની પરીક્ષા અંગે પણ આવતીકાલની કારોબારી ચર્ચા થશે. તેમણે અંતમાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં ગ્રાન્ટેડ શાળાઓમાં ૧૨૦૦૦થી વધુ ક્લાર્ક અને પટ્ટાવાળાની ભરતી બાકી છે અને સમગ્ર રાજ્યમાં તમામ સંવર્ગમાં ૩૩,૦૦૦થી વધુ કાયમી જગ્યાઓ ખાલી છે. જેની ક્રમિક ભરતી માટે શૈક્ષિક મહાસંઘની કોર ટીમમાં ચર્ચા થઈ છે. આ કારોબારીમાં આ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે અને આગળની રણનીતિ ઘડવામાં આવશે. સરકાર સાથે આ અંગે રજૂઆત થયેલી છે અને બંને શિક્ષણ મંત્રી સાથે પણ બેઠક કરવામાં આવે છે. જેમાં રજૂઆતને યોગ્ય રીતે સાંભળવામાં આવી છે અને તે અંગે શિક્ષણ વિભાગને નિર્દેશ કરવામાં આવશે તેવું આશ્વાસન અપાયું છે. જોકે શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ ગઈ છે ત્યારે સત્વરે ખાલી જગ્યાઓ પર ભરતી કરવામાં આવે તેવી માંગણી છે. TET પરીક્ષા ફરજિયાતના ચુકાદા સામે એક લાખથી વધુ શિક્ષકો ધરણામાં જોડાયા હતા. જે અંગે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્રપ્રધાનને રજૂઆત કરવામાં આવી છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેનું આવેદન પણ અપાયું છે. કેન્દ્રીય મંત્રીમંડળ પ્રધાનને મળ્યું છે અને ચર્ચા કરવામાં આવેલી છે.

# સુરતના ભેસ્તાનમાં ડમ્પરની અડફેટે મોપેડ પર સવાર માતા-પુત્રીનાં કરૂણ મોત

## ઉનથી ભાઈ સાથે મોપેડ પર રૂકસાર બંને પુત્રીઓ સાથે ઘરે પરત ફરી રહી હતી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૭

સુરત શહેરના ભેસ્તાન વિસ્તારમાંથી એક અત્યંત ગમખ્વાર અને હૃદયને હચમચાવી મૂકે તેવી અકસ્માતની ઘટના સામે આવી છે. પવિત્ર મોહર્રમના તહેવાર નિમિત્તે ૨૨ વર્ષીય રૂકશાન ઈમરાન સૈયદ પોતાની દીકરીઓ અને પોતાના ભાઈ સાથે સાસરે પરત ફરી રહી હતી, ત્યારે કાળ બનીને આવેલા એક બેફામ ડમ્પરે તેમની મોપેડને અડફેટે લીધી હતી. આ કરુણ દુર્ઘટનામાં રુકશાન અને તેની ૩ વર્ષની માસૂમ દીકરી જૈનમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જેના કારણે તહેવારનો માહોલ પલભરમાં માતમમાં ફેરવાઈ ગયો હતો. જ્યારે મોપેડ ચલાવી રહેલ મૃતક મહિલાનાં ભાઈ અને એક બાળકીનો ચમત્કારિક બચાવ થવા પામ્યો છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામી હતી. પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર આજે સવારે ૮ વાગ્યાની આસપાસ ભેસ્તાન આવાસ ખાતે રહેતા ઈમરાન સૈયદની ૨૨ વર્ષીય પત્ની રૂકસાર અને બે વર્ષીય પુત્રી જૈનબ અને ચાર વર્ષીય પુત્રી સાથે મોપેડ પર પોતાનાં ભાઈ સાથે ઉનથી ભેસ્તાન આવાસ ખાતે પોતાના ઘર તરફ જવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન ભેસ્તાન બ્રિજ ચઢતી વખતે બેફામ દોડી રહેલા ડમ્પર ચાલકે મોપેડને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાળમુખા ડમ્પરના ચાલકેમોપેડને ટક્કર મારતાં રૂકસાર સૈયદ અને પુત્રી જૈનબનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે રૂકસારનાં ભાઈ સહિત એક અન્ય પુત્રીને સામાન્ય ઈજા પહોંચી હતી. વહેલી સવારે ભેસ્તાન આવાસ પાસે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતને પગલે મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં રૂકસાર અને જૈનબને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરનાં તબીબોએ માતા - પુત્રીને મૃત જાહેર કરતાં પરિવારનાં માથે આભ તુટી પડ્યું હતું. બીજીતરફ ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ ડમ્પર ચાલક વિરૂદ્ધ ભારોભાર રોષ ફાટી નીકળ્યો હતો. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ દ્વારા ડમ્પર ચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘરથી થોડા અંતર દુર જ સર્જાયેલા આ અકસ્માતને પગલે મોટી સંખ્યામાં લોકોનું ટોળું પણ ઘટનાસ્થળે ધસી ગયું હતું. ટેમ્પો ચાલક તરીકે કામ કરતાં ઈમરાન સૈયદ સહિત પરિવારજનોનાં હૈયાફાટ રૂદનથી આખું વાતાવરણ ગમગીન બની ગયું હતું. ઈમરાન સૈયદ ગતરોજ મોર્હરમનો તહેવાર હોવાને કારણે પત્ની અને બંને પુત્રીઓને ઉન ખાતે તેમના પિયર મુકવા ગયા હતા. જ્યાં રૂકસાર અને બંને પુત્રીએ આખી રાત નાના - નાનીનાં ઘરે ધમાલ મસ્તી કરી હતી અને તેઓને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આ તેમની અંતિમ રાત્રિ સાબિત થશે. વહેલી સવારે ઈમરાન સૈયદે પોતાની પત્ની સાથે વાત કરીને તેમને ઘરે આવવા માટે જણાવ્યું હતું.

### અંતિમ શ્વાસ સુધી જૂનાગઢ સક્કરબાગ ઝૂમાં રખાશે

# ગીર વિસ્તારમાં યુવાનને ફાડી ખાનાર ચારેય સિંહોને આજીવન કેદની સજા

## અમરેલીમાં યુવક પ્રકાશચંદ્રનાં મોત બાદ માનવ માંસ ખાતા ચાર સિંહ આદમખોર સાબિત થયા છે

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૨૭

અમરેલીમાં યુવાનને ફાડી ખાનાર ચાર સિંહોને આજીવન કેદની સજા અપાઈ છે. સિંહ હુમલામાં મોતની ઘટના બાદ વન વિભાગે ૪ સિંહોને પાંજરે પૂર્યા હતા અને તેમના શારીરિક તપાસ કરતા રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, પકડાયેલા ચારેય સિંહોએ માનવ માંસ આરોગ્યું હતું. સિંહો આદમખોર સાબિત થતાં વન વિભાગ દ્વારા વન્યજીવ કાયદા હેઠળ તેમને આકરી સજા ફટકારવામાં આવી છે અને ચારેય સિંહોને માનવ વસાહતથી દૂર જૂનાગઢ સક્કરબાગ ઝૂ ખાતે રાખવાનો નિર્ણય લેવાયો છે, ત્યારે મનુષ્યની જેમ હવે વન્યજીવોને પણ આ રીતે સજા ફટકારવામાં આવતા આ કિસ્સો હાલ ચર્ચા જગાવી રહ્યો છે.



વિગતે વાત કરીએ તો, ગત ૧૫ જૂનના રોજ અમરેલી જિલ્લામાં રાજુલા તાલુકામાં કોવાયા ગામે સિંહના હુમલામાં પરપ્રાંતિય યુવક પ્રકાશ ચંદ્રનું મોત થયું હતું. મૂળ ઉત્તરાખંડનો વતની અને અહીં હોટેલ રેસ્ટોરન્ટમાં કામ કરી ગુજરાન ચલાવતો યુવક પ્રકાશ ચંદ્ર મોડી રાત્રે પગપાળા પોતાના વતન જવા માટે નીકળ્યો હતો. તે દરમિયાન પીંગલેશ્વર મહાદેવ નજીક વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં સિંહે અચાનક તેમના પર હુમલો કર્યો અને તેમને જંગલ તરફ ખેંચી ગયો હતો. બાદમાં આ મામલે વનવિભાગને તપાસ કરતા પ્રકાશ ચંદ્રનું માત્ર ખાધેલું માથું મળી આવ્યું હતું. માથા સિવાયનું શરીર બચ્યું નહોતું. ત્યારે ઘટનાને ગંભીરતાથી લઈને વનવિભાગે સખત મહેનત બાદ ગણતરીના કલાકોમાં જ એક સિંહણને ટાંક્યુલાઈઝ કરી પાંજરે પૂરી હતી. ત્યારે આ કંપારી છૂટી જાય તેવી ઘટનાના બાદમાં CCTV ફૂટેજ પણ સામે આવ્યા હતા. બનાવ સ્થળ નજીક ગુજરાત પાવર પ્લાન્ટ કંપનીના લાગેલા CCTVમાં એક શ્વાન મોઢામાં માનવીનો પગ લઈને દોડતો કેદ થયો હતો. એટલું જ નહીં એક વાયરલ વીડિયોમાં સિંહ યુવકનું મારણ કરી મીજબાની માણી રહ્યો છે હોવાના દૃશ્યો પણ વાયરલ થયા હતા, રોડ પરથી પસાર થતાં વાહનચાલકે પોતાના કેમેરામાં કેદ કર્યા હતા, જોકે સિંહે પશુનું નહીં માનવનું મારણ કર્યું છે તે વાહનચાલકને ખ્યાલ નહોતો. જ્યારે અન્ય વીડિયોમાં એક ટ્રકચાલક ૧ કલાક સુધી ટ્રકની હેડલાઈટ ચાલુ રાખી યુવકની મારણના દૃશ્યો લાઈવ જોઈ રહ્યો હતો.

આ ઘટનાને ગંભીરતાથી લઈ વન વિભાગની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી હતી અને આસપાસના વિસ્તારમાંથી હુમલો કરનાર ચાર સિંહોને પાંજરે પૂર્યા હતા. ત્યારબાદ આ સિંહોના સેમ્પલ વધુ તપાસ અર્થે સાસણ ગીર ખાતે મોકલવામાં આવ્યા હતા. સાસણ લેબોરેટરીમાંથી આવેલા રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, પકડાયેલા ચારેય સિંહોએ માનવ માંસ આરોગ્યું હતું. સિંહો આદમખોર સાબિત થતાં વન વિભાગ દ્વારા વન્યજીવ કાયદા હેઠળ તેમને આકરી સજા ફટકારવામાં આવી છે. માનવ વસાહતની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ ચારેય સિંહોને હવે ક્યારેય જંગલ મુક્ત કરવામાં નહીં આવે અને તેમને આજીવન કેદની સજા તરીકે જૂનાગઢના સક્કરબાગ ઝૂ (પ્રાણીસંગ્રહાલય) ખાતે કાયમી પાંજરાપોળમાં રાખવાનો મોટો નિર્ણય લેવાયો છે.




**અલવિદા તીન સાલ**

હમારી વાલેદા સાહેબા હજીયાણી **છોટુબેન કરામતહુસેન અન્સારી** કા તા.17-6-23 ઈન્તેકાલ હુવા હૈ, મર્હૂમ કો અલ્લાહત્આલા અપને પ્યારે નબી સલ્લલાહો અલયહે વસલ્લમ કે સદકેમેં જન્નતુલ ફિરદોશમેં જગહ અતા ફરમાવે. આમીન

**હાજી ગુલામસાબીર કરામતહુસેન અન્સારી**
સરદાર સ્મૃતિ સોસાયટી, જુહાપુરા સામે, અમદાવાદ 9898070780


### લોકો ભયભીત બન્યા

# કપડવંજમાં ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ; ૬ને ઈજા

## ૧૦ કિલોમીટર સુધી ગૂંજ ગૂંજી; અનેક મકાનોના કાચ તૂટ્યા

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૨૭

કપડવંજ નજીક ડમ્પિંગ સાઈટ પાસે આવેલી અંતિસર રોડ પરની ફટાકડા બનાવતી ફેક્ટરીમાં સવારે એકાએક પ્રચંડ વિસ્ફોટ થતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. વિસ્ફોટમાં છ વ્યકિતોઅને ઈજા થઈ હતી. જે પૈકી બે વ્યકિતને ગંભીર ઈજા પહોંચતા તેઓને સારવાર અર્થે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જયારે આ વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેની અસર ૧૦ કિલોમીટર સુધી અનુભવાઈ હતી. અને ધરતી ધ્રુજી ઉઠી હતી. ઘટનાની ગંભીરતાને જોતા આસપાસના ગામોમાંથી લોકોના ટોળે-ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ફેક્ટરી સંપૂર્ણપણે ગેરકાયદેસર રીતે ધમધમી રહી હોવાનું બહાર આવ્યું છે.

અંગે મળતી માહિતી મુજબ કપડવંજથી અંતિસર તરફ જવાના માર્ગપર એક દારૂખાનું બનાવતી ફેકટરી આવેલી છે. જ્યાં શનિવારની સવારે એકાએક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેનો અવાજ એટલો ભયાવહ હતો કે, તેની આજુબાજુના ૧૦ કિ.મિ. સુધીના વિસ્તારમાં ગુંજ ગૂંજી ઉઠી હતી. જયારે આ વિસ્ફોટમાં એક કિ.મી. સુધીના બે- ચાર મકાનોના બારીઓના કાચ અને દરવાજાઓને પણ નુકશાન થયું હતું. આગમાં ધુમાડાના ગોટે ગોટા ઉડયા હતા. વિસ્ફોટ બાદ ફટાકડાના ગોળા ઉડીને ૧ કિલોમીટર દૂર રહેણાંક વિસ્તારોમાં પડ્યા હતા, જેના કારણે અનેક પાકા મકાનોના દરવાજાના કાચ તૂટી ગયા હતા અને કેટલાય મકાનોના ધાબામાં પણ નુકસાન થયું હતું. અચાનક થયેલા આ વિસ્ફોટથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. ફેક્ટરીમાં કામ કરતા છ શ્રમિકોને ઈજાઓ થતાં તેઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયારે આ પૈકી બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત વ્યકિતઓને તાત્કાલિક સારવાર અર્થે નડિયાદ અને અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને પોલીસ સ્ટાફ પ્રાંત અધિકારી, મામલતદાર સહિત અનય ટીમો સ્થળ પર દોડી આવી હતી. આગની ઘટનાને લઈને ફાયરબ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

### ફેક્ટરીમાંથી પોટેશિયમ નાઈટ્રેટ નામનો મોટો જથ્થો મળ્યો

બલાસ્ટની ઘટના બનતા એફએસએલની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. જેમાં ફેક્ટરીમાંથી દારૂખાના સિવાય અન્ય વિસ્ફોટક સામાન બનાવામાં આવતો હોય તેવા દશ્યો સામે આવ્યા હતા. ફેક્ટરીમાંથી પોટેશિયમ નાઈટ્રેટ નામનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ફેક્ટરીમાં જે દિવેટ બનાવામાં આવતી હતી. તે મોટા વિસ્ફોટકમાં વપરાતી હોવાની શક્યતાઓ પ્રબળ લાગી રહી છે. હાલમાં એફએસએલ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા છે. તેનું પુથકકરણ બાદ જ સાચી માહિતી બહાર આવશે.

### અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો

| તારીખ | | કિલોગ્રામ દીઠ ભાવ |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ જૂન-૨૦૨૬ | રૂા. | ૫૬.૦૦ |

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com

# શિક્ષણમાં ઈ-લર્નિંગ, ઓનલાઈન ક્લાસીસ અને AI : ગેજેટ્સનો ઉપયોગ વરદાન કે આર્થિક બોજ ?

**એમ કહી શકાય કે, ઈ-લર્નિંગ, ઓનલાઈન ક્લાસીસ અને AI એ શિક્ષણનું ભવિષ્ય છે અને આપણે સમયની સાથે ચાલવું જ પડશે. પરંતુ, આ પ્રક્રિયામાં બાળકના શારીરિક-માનસિક વિકાસનો ભોગ ન લેવાવો જોઈએ અને વાલીઓનું આર્થિક શોષણ ન થવું જોઈએ. ટેકનોલોજી શિક્ષણ માટે 'ગુલામ' બનવી જોઈએ, 'માલિક' નહીં. જો શાળાઓ પોતાની આર્થિક લાલચ છોડીને નૈતિકતાથી ટેકનોલોજીનો મર્યાદિત ઉપયોગ કરે અને વાલીઓ પણ જાગૃત બનીને બાળકોને ડિજિટલની સાથે વાસ્તવિક દુનિયાના સંસ્કારો આપે તો જ આ પદ્ધતિ સાચા અર્થમાં દેશ અને વિદ્યાર્થીઓ માટે વરદાન સાબિત થશે. બાકી, જો માત્ર આંધળી દોટ મુકાશે તો આ પદ્ધતિ યોગ્ય નથી, પણ શિક્ષણના નામે ચાલતો એક મોટો વેપાર બનીને રહી જશે.**



મિત્રો ગયા લેખાંકમાં આપણે ઓનલાઈન કોચિંગ ક્લાસના વિવાદ તેમજ તેની ઉપયોગીતા વિશે ચર્ચા કરી હતી. પરંતુ આજે આપણે ઓનલાઈન શિક્ષણમાં મદદરૂપ થતા ગેજેટસના ઉપયોગ વિશેના સારા અને નરસા પાસા વિશે ચર્ચા કરીશું. આજના આધુનિક યુગમાં ટેકનોલોજીએ આપણા જીવનના દરેક ક્ષેત્રને સ્પર્શી લીધું છે, અને શિક્ષણ જગત પણ તેમાંથી બાકાત નથી. આજકાલ શાળાઓમાં 'ઈ-લર્નિંગ' (ઈ-learning), 'ઓનલાઈન ક્લાસીસ' અને હવે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (AI)નો એક નવો જ ટ્રેન્ડ શરૂ થયો છે. ચોક, ડસ્ટર અને બ્લેકબોર્ડનું સ્થાન હવે સ્માર્ટબોર્ડ, લેપટોપ અને ટેબલેટે લઈ લીધું છે. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપવા માટે હવે પ્રોજેક્ટરનો પણ ઉપયોગ થાય છે. ઓનલાઈન ડિજીટલ વ્હાઈટ બોર્ડ આવી ગયા છે જેમાં કોમ્પ્યુટરની મદદથી મેપ અને બીજી સગવડો સાથે ભણાવવામાં આવે છે. આ બદલાવ એક તરફ શિક્ષણને હાઈટેક અને ગ્લોબલ બનાવી રહ્યો છે, તો બીજી તરફ સામાન્ય અને મધ્યમ વર્ગના વાલીઓ પર ડિજિટલ ગેજેટ્સ અને મોંઘા સોફ્ટવેર ખરીદવાનો ભારે આર્થિક બોજ પણ નાખી રહ્યો છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, "શું આ આધુનિક શિક્ષણ પદ્ધતિ ખરેખર યોગ્ય છે?" ચાલો આ સિક્કાની બંને બાજુઓનો વિગતવાર અભ્યાસ કરીએ.

**પદ્ધતિની હકારાત્મક બાજુ (ટેકનોલોજીના ફાયદા)**

આજના સમયમાં ડિજિટલ શિક્ષણને સંપૂર્ણપણે નકારી શકાય તેમ નથી, કારણ કે તેના ઘણા લાંબાગાળાના અને મહત્વના ફાયદા છે:

**૧. શિક્ષણની વૈશ્વિક પહોંચ અને સુલભતા**

ઓનલાઈન ક્લાસીસ અને ઈ-લર્નિંગના કારણે ભૌગોલિક સીમાઓ ઓગળી ગઈ છે. ગામડામાં રહેતો વિદ્યાર્થી પણ મુંબઈ, દિલ્હી કે વિદેશના નિષ્ણાત શિક્ષકો પાસેથી ભણી શકે છે. ઈન્ટરનેટ પર જ્ઞાનનો ભંડાર ઉપલબ્ધ છે, જે વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત ન રાખતા વૈશ્વિક સ્તરે વિચારતા શીખવે છે. આ બાબતે તો કંઇ નવી નથી. પરંતુ એઆઇ દ્વારા એક નવીન ક્રાતિ આવી છે.

**૨. એઆઈ (AI) દ્વારા પર્સનલાઈઝ્ડ લર્નિંગ**

AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) શિક્ષણ જગતમાં ક્રાંતિ લાવ્યું છે. ક્લાસરૂમમાં એક શિક્ષક માટે ૩૦ કે ૪૦ બાળકો પર વ્યક્તિગત ધ્યાન આપવું ક્યારેક મુશ્કેલ બને છે. પરંતુ AI ટૂલ્સ દરેક બાળકની શીખવાની ક્ષમતા (Learning Pace)ને ઓળખીને, તેના સ્તર પ્રમાણેનું લેસન અને ટેસ્ટ પેપર તૈયાર કરી શકે છે. જે બાળક નબળું છે તેને વધુ સરળતાથી અને જે તેજસ્વી છે તેને એડવાન્સ લેવલનું શિક્ષણ આપી શકાય છે. આ માટે એઆઇની તાલીમ જરૂરી છે. બાળકો પણ એઆઇના માધ્યમથી પોતાનું મનગમતું શિક્ષણ યોગ્ય સમયે મેળવી શકે છે. તાજેતરમાં એવા સમાચાર વહેતા થયા હતા કે, એક વિદ્યાર્થિનીએ એઆઇના માધ્યમથી અભ્યાસ કરીને બિહાર પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપીને સફળતા પૂર્વક એસડીએમ એટલે કે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ બની હતી.

**૩. એનિમેશન અને વિઝ્યુઅલ લર્નિંગ**

વિજ્ઞાનના અઘરા પ્રયોગો, ગણિતના જટિલ પ્રમેયો કે ઈતિહાસની ઘટનાઓ માત્ર પુસ્તકમાંથી વાંચવા કરતાં એનિમેશન, 3D મોડેલ્સ અને વીડિયો દ્વારા જોવાથી વિદ્યાર્થીઓના મગજમાં લાંબા સમય સુધી યાદ રહે છે. 'ગોખણપટ્ટી'ના સ્થાને 'પ્રાયોગિક સમજ' (Conceptual Clarity) વધે છે.

**૪. ભવિષ્યની તૈયારી**

આગામી સમય સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત છે. જો બાળકો આજથી જ લેપટોપ, ટેબલેટ કે સ્માર્ટફોનનો સાચો ઉપયોગ નહીં શીખે, તો તેઓ ભવિષ્યની ડિજિટલ દુનિયામાં પાછળ રહી જશે. કોડિંગ, ડેટા એનાલિસિસ અને ડિજિટલ સાક્ષરતા એ આજના સમયની નવી લાયકાત છે.

**પદ્ધતિની નકારાત્મક બાજુ (વાલીઓ અને બાળકોની સમસ્યાઓ)**

કોઈપણ સિક્કાની બે બાજુ હોય છે. આ ડિજિટલ ક્રાંતિ પોતાની સાથે ઘણી ગંભીર સમસ્યાઓ પણ લઈને આવી છે:

**૧. વાલીઓ પર અસહ્ય આર્થિક બોજ**

શાળાઓમાં સ્માર્ટ ક્લાસ અથવા ઓનલાઈન લર્નિંગ ફરજિયાત થવાથી, વાલીઓ પર આર્થિક કટોકટી આવી પડી છે.

**ગેજેટ્સનો ખર્ચ :** એક સામાન્ય મધ્યમવર્ગીય પરિવાર માટે ૨૫,૦૦૦થી એક લાખ રૂપિયા સુધીનું લેપટોપ, ટેબલેટ કે મોબાઈલ ખરીદવું ખૂબ જ મુશ્કેલ હોય છે. જો ઘરમાં બે બાળકો હોય તો આ ખર્ચ બમણો થઈ જાય છે.

**અન્ય ખર્ચાઓ :** માત્ર ડિવાઈસ ખરીદવાથી પૂરું નથી થતું; દર મહિને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ/Wi-Fiનો ખર્ચ, શાળાઓ દ્વારા લેવાતી મોંઘી એપ્લિકેશન કે સોફ્ટવેરની સબ્સ્ક્રિપ્શન ફી અને ડિવાઈસ બગડી જાય તો તેના મેઈન્ટેનન્સનો ખર્ચ વાલીઓની કમર તોડી નાખે છે. વળી ચોરાઇ જાય કે તુટી જાય તો મોટો ખર્ચો આવે છે.

**૨. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસરો**

**હેલ્લો સ્ટુડન્ટ્સ**

**- સાહેબ સોની**

નાની ઉંમરે કલાકો સુધી લેપટોપ કે મોબાઈલની સ્ક્રીન સામે બેસી રહેવાથી બાળકોમાં અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ જોવા મળી રહી છે : આંખો નબળી પડવી અને નાની ઉંમરે ચશ્મા આવવા.

એક જ જગ્યાએ બેસી રહેવાથી સ્થૂળતા (Obesity) અને પીઠનો દુખાવો. સ્ક્રીન ટાઈમ વધવાને કારણે અનિદ્રા, ચિડચિડાપણું અને એકાગ્રતાનો અભાવ (ADHD જેવા લક્ષણો).

**૩. સામાજિક વિમુખતા અને ઈન્ટરનેટનું વળગણ**

ઓનલાઈન ક્લાસના કારણે બાળકો સ્કૂલના મિત્રો સાથે રમવાનું કે રૂબરૂ વાતો કરવાનું ભૂલી રહ્યા છે. તેમનામાં સામાજિક કૌશલ્યો (Social Skills) અને સહાનુભૂતિની ભાવના ઓછી થઈ રહી છે. વળી, ભણવાના બહાને બાળકો સોશિયલ મીડિયા, ઓનલાઈન ગેમ્સ અથવા અશ્લીલ સામગ્રી તરફ આકર્ષાય તેવું જોખમ પણ સતત રહે છે.

**૪. ડિજિટલ ડિવાઈડ (Digital Divide - અસમાનતા)**

ભારત જેવા દેશમાં જ્યાં હજુ પણ ઘણા ગ્રામીણ વિસ્તારોમાં વીજળી અને ઈન્ટરનેટની પૂરતી સુવિધા નથી, ત્યાં આ પદ્ધતિ અસમાનતા ઊભી કરે છે. અમીર ઘરના બાળકો હાઈટેક ગેજેટ્સથી ભણે છે, જ્યારે ગરીબ અને વંચિત વર્ગના બાળકો આ રેસમાં પાછળ છૂટી જાય છે. શિક્ષણ જે સૌ સમાન હોવું જોઈએ, તે હવે 'પૈસા' આધારિત બની રહ્યું છે.

**શું આ પદ્ધતિ યોગ્ય છે? (એક સંતુલિત દૃષ્ટિકોણ)**

"અતિ સર્વત્ર વર્જયેત્" અર્થાત કોઈપણ વસ્તુનો અતિરેક નુકસાનકારક હોય છે. ટેકનોલોજી પોતે ખરાબ નથી, પરંતુ તેનો ઉપયોગ કઈ રીતે અને કેટલા પ્રમાણમાં થાય છે તે મહત્વનું છે. તેથી, વર્તમાન પદ્ધતિ સંપૂર્ણપણે ખોટી નથી, પણ તેમાં 'બ્લેન્ડેડ લર્નિંગ' (Blended Learning - મિશ્ર શિક્ષણ)નો અભિગમ અપનાવવાની તાતી જરૂર છે.

શિક્ષણ માત્ર ગેજેટ્સ પર નિર્ભર ન હોવું જોઈએ, પરંતુ તે પરંપરાગત શિક્ષણના પૂરક તરીકે હોવું જોઈએ. સ્કૂલોએ વાલીઓ પર મોંઘા સાધનો ખરીદવાનું દબાણ લાવવાના બદલે શાળાના કોમ્પ્યુટર લેબ કે ડિજિટલ રૂમનો જ ઉપયોગ કરવો જોઈએ જેથી વાલીઓ પર વ્યક્તિગત આર્થિક બોજ ન પડે.

**ઉકેલ અને સૂચનો : વાલીઓ, શાળા અને સરકારે શું કરવું જોઈએ?**

આ આર્થિક અને શૈક્ષણિક કટોકટીમાંથી બહાર નીકળવા માટે નીચે મુજબના સંતુલિત પગલાં લઈ શકાય :

હિતધારક (Stakeholder) કરવા યોગ્ય પગલાં (Actionable Steps)

શાળાઓ માટે

★ વાલીઓને મોંઘા બ્રાન્ડેડ ટેબલેટ કે લેપટોપ ખરીદવા ફરજ ન પાડવી.

★ ડિજિટલ લર્નિંગનું કામ શાળા સમય દરમિયાન જ કમ્પ્યુટર લેબમાં પૂરું કરાવવું.

★ હોમવર્ક માટે ગેજેટ્સનો ન્યૂનતમ ઉપયોગ રાખવો જેથી સ્ક્રીન ટાઈમ ઘટે.

**વાલીઓ માટે**

★ બાળકને ગેજેટ આપ્યા પછી તેના પર 'પેરેંટલ લોક' કે મોનિટરિંગ રાખવું.

★ ભણવાનો સમય પૂરો થતાં જ મોબાઈલ કે ટેબલેટ પાછું લઈ લેવું.

★ બાળક ડિજિટલ દુનિયા સિવાય મેદાન પર રમતો રમે અને પુસ્તકો વાંચે તેવો આગ્રહ રાખવો.

**સરકાર માટે**

★ સરકારી શાળાઓમાં મફત અથવા સસ્તા દરે ટેબલેટ અને વાઈ-ફાઈ આપવા.

★ શાળાઓ દ્વારા થતા ડિજિટલ ફીના નામે ઉઘાડી લૂંટ પર કાયદાકીય નિયંત્રણો લાદવા.

★ AI અને ઈ-લર્નિંગ માટે સુરક્ષિત ઓપન-સોર્સ સરકારી પ્લેટફોર્મ (જેમ કે DIKSHA, SWAYAM)નો વ્યાપ વધારવો.

**તારણ**

અંતમાં કહી શકાય કે, ઈ-લર્નિંગ, ઓનલાઈન ક્લાસીસ અને AI એ શિક્ષણનું ભવિષ્ય છે અને આપણે સમયની સાથે ચાલવું જ પડશે. પરંતુ, આ પ્રક્રિયામાં બાળકના શારીરિક-માનસિક વિકાસનો ભોગ ન લેવાવો જોઈએ અને વાલીઓનું આર્થિક શોષણ ન થવું જોઈએ.

ટેકનોલોજી શિક્ષણ માટે 'ગુલામ' બનવી જોઈએ, 'માલિક' નહીં. જો શાળાઓ પોતાની આર્થિક લાલચ છોડીને નૈતિકતાથી ટેકનોલોજીનો મર્યાદિત ઉપયોગ કરે, અને વાલીઓ પણ જાગૃત બનીને બાળકોને ડિજિટલની સાથે વાસ્તવિક દુનિયાના સંસ્કારો આપે, તો જ આ પદ્ધતિ સાચા અર્થમાં દેશ અને વિદ્યાર્થીઓ માટે વરદાન સાબિત થશે. બાકી, જો માત્ર આંધળી દોટ મુકાશે તો આ પદ્ધતિ યોગ્ય નથી, પણ શિક્ષણના નામે ચાલતો એક મોટો વેપાર બનીને રહી જશે.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# હોઠ અજવાળાં કરે તો માનજો શબ્દ જે બોલ્યાં તમે તે સત્ય છે

પ્રેમમાં ઠોકર ખાઈ ગયેલા એક ભાઈએ ફોનમાં પૂછ્યું : "આપણે કોઈને પ્રેમ ના કરીએ તો શું થાય ?" મેં એમને હસતાં હસતાં કહ્યું, "કશું ના થાય."

"કશું ના થાય' એવું કહ્યા પછી હું જ વિચારમાં ખોવાઈ ગયો, કે, ખરેખર... કશું જ ના થાય ? સૂરજ ઊગે છે ત્યારથી સૂરજ આથમે છે ત્યાં સુધી અને સૂરજ આથમવાની ક્ષણથી બીજા દિવસની વહેલી પરોઢે સૂરજના ઊગવાની ક્ષણ સુધી... ખરેખર કશું જ ના થાય ! પ્રત્યેક ક્ષણે જે કંઈ થાય છે - થઈ રહ્યું છે, એ માત્ર પ્રેમ, મૈત્રી કે કોઈને કોઈ સંબંધ શ્વાસે તો થઈ રહ્યું છે ! 'કશું જ ના થાય' એવા મારા જવાબથી પેલા ભાઈને સંતોષ થયો હશે કે નહીં અથવા તો કશું ના થાય' એનું અર્થઘટન મેં કર્યું, એવું એમણે કર્યું હશે કે કેમ ? - હું વિચારવા લાગ્યો : ખરેખર, આપણે કોઈને પ્રેમ કરીએ જ નહીં, તો ખરેખર કશું બનતું જ નથી ? કે પછી કશું જ બનતું નથી ?

માણસ ભલે પૈસાની આસપાસ ફરતો રહેતો હશે, પણ જિંદગી તો પ્રેમની આસપાસ, મૈત્રીની આસપાસ કે સંબંધની આસપાસ જ ફરતી રહે છે. પૈસા કે પદ વગર માણસને પોતાનું અસ્તિત્વ અર્થ વગરનું - નિરર્થક લાગે છે એમ પ્રેમ વગર પણ એને પોતાની જિંદગી નિરર્થક લાગવી જોઈએ. પૈસાથી ભલે વ્યવહાર ટકતો હોય, સંબંધથી જીવન ટકે છે. પૈસાથી સુખ-સગવડના માત્ર ને માત્ર સાધનો મળે છે. પ્રેમ કે મૈત્રીથી સુખ સ્વયં મળે છે. તમે પૈસા ખર્ચીને મનોરંજન મેળવી શકશો પણ પ્રસન્નતા-અંદરની સાચુકલી પ્રસન્નતા તો તમને, 'કોઈક'ને માટે તમારો, કે પછી તમારા માટે 'કોઈક'નો પ્રેમ જ આપી શકે. કૃષ્ણ પોતે દ્વારિકાના રાજા હતા. વૈભવ હતો. સાહ્યબી હતી. પણ જ્યારે તેને પોતાનો બાલ સખો સુદામો મળવા આવે છે અને જે પ્રસન્નતાનો પારાવાર કૃષ્ણના હૃદયમાં-હૃદયમાંથી આંખોમાં અને હોઠો પર આવીને છલકાય છે ત્યારે કૃષ્ણને તો પોતાનું જીવન ધન્ય બની ગયું હોય એમ અનુભવાય છે, પણ આ બંને મિત્રોને ભેટતા જોનારને પણ પોતાના જીવનની ધન્યતાનો આગવો અહેસાસ થાય છે ! બસ મૈત્રીનો કે પ્રેમનો આ જ તો જાદુ છે ! આવો જાદુ પૈસો નથી આપી શકતો.

'પ્રેમમાં ઠોકર ખાઈ જવાશે તો ?' આવો સળગતો સવાલ જો તમારા શ્વાસને, તમારા હૃદયને દઝાડતો રહેતો હોય તો વહેલામાં વહેલી તકે આ સળગતા અને તમને અંદરથી ને અંદરથી સળગાવી રહેલા, દઝાડી રહેલા સવાલને ઠાવકાઈથી ઠારી દેવો જોઈએ 'હું પડી જઈશ, તો ?' આવી બીકને કારણે ચાલવાનું કે પછી બાઈક ચલાવવાનું બંધ ના કરાય. 'હું હર હાલમાં નહીં પડું' એવો એક વિશ્વાસ - એવો એક ભરોસો રાખીને ચાલતો રહેનાર માણસ જ



**દસ્તક**

**હર્ષદ પંડ્યા**

જિંદગીમાં 'ચાલતો' હોય છે, બાકીના ના ચાલે !

કેટલાક પૈસાવાદી માણસો માનતા હોય છે કે પૈસો હશે તો પ્રેમ કરનારા લાખ્ખો મળી જશે. હા, ચોક્કસ મળી જશે, પણ એ તમને નહીં, તમારા પૈસાને પ્રેમ કરનારા હોય છે એની તમને ખબર નથી પડતી. મૈત્રી તૂટે છે કેમ ? બે મિત્રોમાંથી એકને જ્યાં ખબર પડી જાય છે કે જેને હું મિત્ર મારો અભિન્ન મિત્ર માનું છું એને તો માત્ર ને માત્ર મારા પૈસા માટે જ, મારી મિલકત માટે જ, કે મારા બેંક બેલેન્સ માટે જ સંબંધ છે...જ્યારે આ વાસ્તવિકતા એક વમળ બનીને બે મિત્રોમાંથી, એક જ દિમાગમાં ફેલાવા માંડે ત્યારે મૈત્રીને નંદવાતાં વાર નથી લાગતી. મૈત્રી તૂટે છે ત્યારે ભલે અવાજ નથી આવતો, પણ એનો પડઘો જિંદગીભર એ મિત્રના ખંડિયેર બની ગયેલા શ્વાસમાં પડઘાતો હોય છે. પૈસાનું ગ્રહણ લાગે છે ત્યારે ભલભલો સંબંધ પણ સૂકાઈ જાય છે.

સંબંધમાં ઠોકર ખાવાની પણ એક મજા છે ! તમારી હાજરીમાં તમારી પ્રશંસા કરનાર, તમારી આરતી ઉતારનાર, કે તમારી ઉપર ઓળઘોળ થઈ જનાર વ્યક્તિ, તમારી ગેરહાજરીમાં કોઈ ત્રીજી વ્યક્તિ આગળ તમારી, તમારા સ્વભાવની, તમારી જિંદગી જીવવાની પદ્ધતિની ટીકા કરે અને એની તમને ખબર પડી જાય ત્યારે સ્વાભાવિક છે કે તમારા હૈયાને ચોટ પહોંચે, તમને દુઃખ થાય, લાગી આવે...સંબંધમાં કે મૈત્રીમાં એક ઠોકર ખવાઈ ગઈ - એવુંય લાગવા માંડે...આ બધું જ શક્ય છે, તેમ છતાં પણ એની એક મજા છે ! મજા એટલા માટે કે આવું કંઈક થાય ત્યારે એજ ક્ષણે આપણને બબ્બે વ્યક્તિઓનો નહીં, પણ ત્રણ ત્રણ વ્યક્તિઓનો સચોટ પરિચય થઈ જાય છે ! આ ત્રણ વ્યક્તિઓમાં પહેલી વ્યક્તિ તો ખુદ આપણે જ ! આપણને આપણા સ્વયંથી પરિચય થઈ જાય કે જેને હું મારો દોસ્ત, મારો સાથીદાર, મારો જ્ઞાતિજન માનતા'તો, એ અંદરથી કેટલો 'પારકો' છે ! જેને હું મિત્ર માનતો રહ્યો, એજ શત્રુની જવાબદારી અદા કરતો રહ્યો ? જેને મેં મારો સ્વજન-જ્ઞાતિજન માન્યો, એજ મારો ટીકાકાર...નિંદાખોર નીકળ્યો ? જેને બેસવા માટે મેં એક ડાળ આપી, એણે જ મારા ઝાડના મૂળ પર ઘા કર્યો ? હું એને ખરેખર ઓળખી ન શક્યો...બસ, અહીં આપણને આપણી ઓળખ કરવાની તક મળે છે !

બીજી વ્યક્તિ છે - જેને આપણે આપણો સ્વજન માનીને હૈયાની પોથી જેની સામે ખોલતા રહ્યા...જેને અંગત માનીને ઘર, વ્યવસાયની મહત્ત્વની વાતોની સંગત કરતા રહ્યા, અરે જેના ભરોસે તો આપણે આપણા દિલ-દિમાગનું સુકાન એને સોંપી બેઠા, એ વ્યક્તિ ! આ વ્યક્તિને ઓળખવાની પણ એજ ક્ષણે આપણને તક મળે છે !

ત્રીજી વ્યક્તિ એ છે - જેણે 'તમને' અને તમારા 'સ્વજન'ને ઓળખવા માટેનો એક અવસર પૂરો પાડ્યો એ ! આ વ્યક્તિનું તમે 'કંઈ જ' બગાડ્યું નથી, તો એનું 'કંઈક' સુધાર્યું પણ નથી, ને તેમ છતાં એને તમારા માટે ચચરવા લાગ્યું કે સાચો માણસ કેમ એક ખોટા સિક્કાના હાથે લૂંટાઈ રહ્યો છે ? અને એણે તમને મતલબ કે આપણને જાણ કરી - આપણને સ-વેળા ચેતવ્યા ! આ ત્રીજી વ્યક્તિને તો પેલી બીજી વ્યક્તિ માટે પણ કંઈ દોસ્તી કે દુશ્મની નથી...એણે તો એટલું જ વિચાર્યું કે જે માણસ જેના છાંયડે બેસી જિંદગીનો તાપ હળવો કરી રહ્યો છે એ માણસ આટલો બધો નગુણો નીકળ્યો ? હું એનો શું સગો થતો'તો કે હું એનો એવો તે કેવો સ્વજન કે વૈષ્ણવજન હતો કે મારી આગળ એણે પેલા માણસ વિશે આટલું બધું શબ્દવમન કરવું પડે ? આપણે વિચારમાં પડી જઈએ છીએ કે જેને દુનિયા મૈત્રી, કે પ્રેમ, કે સંબંધ કહે છે એને માત્ર સ્વાર્થના રેપરમાં પેક કરીને રખાય ? ખબર નથી પડતી કે સ્વાર્થના પેકેટમાં મૈત્રી છે કે મૈત્રીના પેકેટમાં સ્વાર્થ ?

મૂળ સવાલ એ હતો કે 'આપણે કોઈને પ્રેમ ના કરીએ તો શું થાય ?' અને મેં કહેલું કે : 'કશું ના થાય.' હવે તમે જ કહો કે, ખરેખર કશું ના થાય ? કશું જ ના થાય ? 'શબ્દપ્રીત' તો કહે છે કે :

"હોઠ અજવાળાં કરે તો માનજો
શબ્દ જે બોલ્યાં તમે તે સત્ય છે"

**: ટહુકો :**

હમરાહ ચલ રહા થા કે તકરાર હો ગઈ
ફિર ઉસકે મેરે બીચ મેં દીવાર હો ગઈ
ઐસા હુવા કે સારી ખુદાઈ મુઝે મિલી
ઐસા હુવા યહીં પે મેરી હાર હો ગઈ

- શમીમ કાસમી

# સ્ત્રીને જોબ બોજ છે કે મોજ ?

આજે તો ઘણી સ્ત્રીઓ, અપરિણીત હોય કે પરિણીત, નોકરી કરે છે. આટલું ભણી હોય ને ઘરમાં જ સમય પસાર કરવો પડે, તેના કરતાં ઘણી સ્ત્રીઓ નોકરી કરીને આર્થિક રીતે પગભર થવા ઈચ્છે છે. તેમાં કશું ખોટું નથી, છતાં કેટલાંક મિથ્યાભિમાની કુટુંબો ઘરની છોકરી કે વહુ નોકરી ન કરે એવો આગ્રહ રાખતા હોય છે. એમ કરવાથી આબરૂ જતી રહેતી હોય એવું પણ ઘણાં કુટુંબોને લાગતું હોય છે, પછી ભલે બહાર આબરૂ હોય કે ન હોય. આવી માન્યતાઓ માટે એક સમય હતો. હવે કોઈ એવું કહે તો તે હાસ્યાસ્પદ ઠરે, છતાં હજી કેટલાંક કુટુંબોમાં એવા આગ્રહો રખાય છે, એથી હાનિ તો જે તે કુટુંબને જ થાય છે.

વારુ, નોકરી કરવી કે ન કરવી એને માટે પુરુષોએ ભાગ્યે જ કુટુંબનો વિરોધ વેઠવાનો આવે છે. નોકરી કરવી કે અમુક જ કરવી કે નોકરી કરવી જ નહીં, એને માટે પુરુષ પર પાબંદી નથી. હા, છોકરી કે વહુ નોકરી કરવા ઈચ્છે તો તેણે ઘરનો સામનો કરવાનો આવે છે. ઘણાં કુટુંબોમાં છોકરીઓને નોકરી કરવા અંગે હજુ કદાચને છૂટ મળી રહે, પણ ઘરની વહુ નોકરી કરે કે ન કરે, તેમાં સાસરું દખલ દીધાં વગર ભાગ્યે જ રહે છે. વહુએ ઘરની, પતિની સંમતિ લેવી જ પડે છે. એવું ન કરે તો કુટુંબની ગુડ બુકમાં વહુ રહેતી નથી ને વખત આવ્યે સાસરું તેને ટપાર્યા વગર રહેતું નથી. વહુએ ઘણાં સંબંધોને-સંબંધીઓને

**સ્ત્રી સશક્તીકરણ**

**- રવીન્દ્ર પારેખ**

સાચવવાના હોય છે. તેમાં તેની ઈચ્છાનું બહુ મહત્ત્વ રહેતું નથી.

આ બધી સંયુક્ત કુટુંબની વ્યવસ્થામાં સ્ત્રીએ ગોઠવાવાનું હતું, પછી તો કુટુંબો સંકોચાયાં. અમે બે, અમારા બે, એ સ્થિતિ આવી. હવે તો બે પણ નહીં, એક જ સંતાન કુટુંબમાં જરૂરી રહ્યું. નાનાં કુટુંબમાં સાસુ, સસરા, નણંદ, ભોજાઈ જેવું ખાસ કોઈ રહ્યું જ નહીં. અમે બે, અમારું એક જેવી વ્યવસ્થા અત્યારે પ્રચલિત છે. કુટુંબ આથી પણ નાનું થઈ રહ્યું છે. પતિ-પત્ની છૂટાં પડે ને બાળક હોય તો માતા પાસે હોય ને પિતા સંતાનને મળવાનો પરવાનો મેળવે, એટલું જ મહત્ત્વ તેનું રહી ગયું છે. બાળકને અડધું અડધું વહેંચાતું નથી, નહિતર છૂટાં પડેલાં માબાપ જોડે અડધું અડધું બાળક જાય તો નવાઈ નહીં ! આવામાં તો પુરુષને નોકરીનો બહુ વાંધો આવતો નથી, પણ ઘણી સંસ્થાઓ સ્ત્રીઓને નોકરીએ રાખવાનું સ્વીકારતી નથી, કારણ એને બાળજન્મ વખતે લાંબી રજા આપવી પડે ને એ દરમિયાન ઓફિસ કેમ ચલાવવી એ પ્રશ્ન તો રહે જ છે, એટલે ઘણી કંપનીઓ મહિલાઓને નોકરી આપવા બહુ ઉત્સુક હોતી નથી.

હવે કુટુંબ નાનું થતાં પતિ-પત્ની કે એકાદ બાળકનો જ તેમાં સમાવેશ થતો હોય છે. તેમાં વળી પતિ-પત્ની બંને નોકરી કરતાં હોય તો બાળક મોડું ઈચ્છે છે. ઘરમાં બે જ હોય ને તેમાં પણ પતિ નોકરી-ધંધે જાય ત્યારે પત્ની ઘરમાં એકલી જ હોય છે. પોતે શિક્ષિત હોય તો તેને મન થતું હોય છે કે તેનાં શિક્ષણનો ઉપયોગ થાય અને એ બહાને ઘરમાં થોડી આવક થાય. તે પતિને કહે તો કેટલાક પતિદેવો નોકરીએ જવાની સાફ ના પાડે છે. આવું પતિ કહી શકે છે, પણ કોઈ પત્ની, પતિને કહી શકતી નથી કે નોકરીએ નથી જવાનું. એવું કહે ને પતિ માની જાય એટલો સુંવાળો તે હોતો નથી. એવું પત્ની કહે તો પતિ ના પાડી દે છે. પતિ, પત્નીમાં એટલો ભેદ રહે જ છે. પત્નીને એકલાં પડવાનું કેટલું મુશ્કેલ છે તેનો પતિને અંદાજ જ નથી આવતો. આવે તો નોકરીએ જવાની ના ન પાડે. કમસે કમ ઘરે રહીને કોઈ કામ કરવાની સલાહ પતિ આપે, તો પણ, પત્નીનું કામ થાય. ઘરેલું સ્ત્રી એકલી હોય તો ઘરમાં જ કોઈ કામ કરી શકે અને તેની એકલતા તૂટે. શિક્ષણનો એટલો ઉપયોગ થતો હોય ને ઉપરથી થોડી આવક થતી હોય તો પતિને કોઈ જ કારણ નથી ના પાડવાનું, પણ ના પડે છે એમાં પોતાની સત્તા બતાવવાનો ને ઈગો સંતોષવાનું કારણ જ કેન્દ્રમાં હોય છે. પતિનો ઈગો એવો હોય છે કે ગામડે રહેતાં સાસુ-સસરા પણ વહુને કોઈ મદદ ના કરી શકે. ઘરમાં દીકરી હોય તો નોકરી કરવાની છૂટ કદાચને મળી જાય, પણ વહુને માટે એ એટલું સહેલું નથી.

કેટલીક વાર એવું પણ બને છે કે વહુ નોકરી કરવા રાજી નથી હોતી, પણ પતિ અને ઘરના સભ્યો પરાણે તેને નોકરી કરવા ધકેલતા હોય છે. આવી પરિસ્થિતિમાં પરાણે નોકરીએ જવાનું બહુ મુશ્કેલ બનતું હોય છે. તે એટલે પણ કે પત્નીએ નોકરી ઉપરાંત રસોઈ, વાસણકૂસણ, કપડાંલતા જેવાં કામો જીવ પર આવીને કરવાં પડતાં હોય છે. ઘરકામ કરીને જવાનું ને નોકરીમાં આઠેક કલાક કાઢવાનું સહેલું નથી. ઉપરથી બાળક હોય તો તેના ઉછેરની જવાબદારી પણ પત્નીને માથે જ હોય છે. આને લીધે પત્ની તનાવમાં રહેતી હોય છે ને અનેક શારીરિક-માનસિક સમસ્યાઓનો શિકાર થતી હોય છે. ટૂંકમાં, ઘર મોટું હોય કે નાનું સ્ત્રીની સમસ્યા ઓછી થતી નથી.

કેટલીક સ્ત્રીઓ શોખ ખાતર નોકરી કરતી હોય છે. ઘરમાં નોકરચાકર હોય ને કોઈ કામ કરવાનું ન હોય તો આવી સ્ત્રીઓને શોખ પૂરો કરવા નોકરી કરવાનું ગમે છે. એને તો બેઠા કરતાં બગાડ ભારે છે. એ નોકરી ન કરે તો કોઈ જરૂરિયાતમંદને નોકરી મળે ને તે ઘર ચલાવી શકે, પણ મિથ્યાભિમાન એવું હોય છે કે કોઈની મદદનો વિચાર આવી નોકરી શોખીન મહિલાઓને ભાગ્યે જ આવે છે. નોકરી કે ધંધો પૂરી ક્ષમતાથી કરી શકતી સ્ત્રીઓની વાત અલગ છે. કેટલીય કંપનીની સીઈઓ સ્ત્રીઓ હોય છે ને સફળ રીતે તે સંચાલન કરી શકતી હોય છે, તેની વાત નથી, પણ માત્ર શોખ ખાતર નોકરી કરતી માલેતુજાર સ્ત્રીઓ ઘણી નોકરી ઈચ્છુક વ્યક્તિનો હક મારે છે એ કહેવું છે. આપણા સમાજમાં હજી એવી સ્થિતિ છે કે નિર્ણયનો અધિકાર સ્ત્રીઓ પાસે નથી. તેણે કંઇ પણ કરવું હોય તો પુરુષ વર્ગની સંમતિ મેળવવી પડે છે. તે સ્વતંત્ર રીતે કંપનીઓનું સંચાલન કરતી હોય તો પણ, ઘરમાં તેને મોકળાશ ઓછી જ હોય છે. ગ્રામ પંચાયતની સરપંચ મહિલા વતી ઘણુંખરું તેના પતિનો જ કારભાર હોય છે. એવી ઘણી જગ્યાઓ છે, જ્યાં સ્ત્રીને બદલે પુરુષ જ અધિકાર ભોગવતો હોય છે. તેમાં છૂપી વાત એ છે કે પત્નીને એમાં સમજ ન પડે એવી માન્યતા ઘર કરી ગયેલી હોય છે. પતિ ત્યારે એ ભૂલી જાય છે કે સરપંચના પદ સુધી પત્ની જ પહોંચી હોય છે. મહિલાઓને સરપંચ બનાવવા પાછળનો હેતુ તો એ જ હોય છે કે તે સફળ રીતે સરપંચનું પદ શોભાવે, પણ પતિના હસ્તક્ષેપથી મૂળ હેતુ માર્યો જાય છે.

નોકરી કરવી કે ના કરવી, શોખથી કરવી કે જરૂર હોવાથી કરવી, નિર્ણય પત્નીનો હોવો જોઈએ ને સમાજે એટલો ભરોસો રાખીને એ નિર્ણયને માન્ય ગણવો જોઈએ. સ્ત્રીઓથી ભૂલ થતી હશે, પણ ભૂલ તો પુરુષોની પણ થાય જ છે ! જેમ એ નભી જાય છે તેમ જ આ ભૂલો પણ નભવી જોઈએ. કોઈ પણ રીતે એ માન્યતા દૂર થવી જોઈએ કે સ્ત્રીથી અમુક કામો થઈ ના શકે ને તે પુરુષ જ કરી શકે. એ સાચું હોય તો પણ એવાં કેટલાંય કામો છે જે સ્ત્રીઓ જેટલી સફળતાથી કરી શકે છે એવી સફળતાથી પુરુષો નથી કરી શકતા. સાચું તો એ છે કે સ્ત્રી કે પુરુષ સ્પર્ધામાં દૂર રહેવું જોઈએ, એ બંને એકબીજાના પૂરક છે, એ ભાવ વધારે દૃઢ થાય તો કેવું?

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૯૧૨૧૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# ઈસ્લામી ઈતિહાસ-લેખનના પિતામહ : અબૂ મિખનફ લૂત ઈબ્ને યાહ્યા

**પ્રભાવી વ્યક્તિત્વ**

**- મુહમ્મદ સઈદ શેખ**

**પરિચય**

ઈસ્લામી ઈતિહાસના શરૂઆતના યુગમાં કેટલાક એવા લેખકો થયા જેમણે મુસ્લિમ સમાજની પ્રથમ સદીની મહત્ત્વપૂર્ણ ઘટનાઓને લખાણમાં સાચવી. તે લેખકોમાં અબૂ મિખનફ લૂત ઈબ્ને યાહ્યા અલ-અઝદીનું નામ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેઓ કૂફાના પ્રખ્યાત અખબારી એટલે કે ઐતિહાસિક અહેવાલો એકત્ર કરનારા વિદ્વાન હતા. તેમણે ઈસ્લામના પ્રારંભિક રાજકીય સંઘર્ષો, ખલીફાઓના સમયની ઘટનાઓ, ઈરાકની રાજકીય સ્થિતિ, કૂફાના લોકોની ભૂમિકા અને ખાસ કરીને કરબલાની દુ:ખદ ઘટનાને વર્ણવવામાં મોટી ભૂમિકા ભજવી.

અબૂ મિખનફનું પૂરૂં નામ લૂત ઈબ્ને યાહ્યા ઈબ્ને સઈદ ઈબ્ને મિખનફ અલ-અઝદી અલ-ગામિદી અલ-કૂફી હતું. તેઓ પોતાના નામ કરતાં પોતાની કુનિયત ''અબૂ મિખનફ''થી વધારે જાણીતા થયા.

**જન્મ, પરિવાર અને વંશ**

અબૂ મિખનફનો જન્મ પહેલી સદી હિજરીમાં કુફામાં થયો હતો. તેમના પરિવારના મૂળ અરબ જાતિ 'અઝદ' સાથે જોડાયેલા હતા. તેમના દાદા મિખનફ ઈબ્ન સુલૈમ અલ-અઝદી, પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના એક પ્રસિદ્ધ સાથી (સહાબી) હતા અને તેમણે ઈસ્લામની પ્રારંભિક લડાઈઓમાં ભાગ લીધો હતો. ઈબ્ને અલ-નદીમે પોતાની પ્રસિદ્ધ કિતાબ 'કિતાબ અલ-ફિહરિસ્ત'માં અબૂ મિખનફનો ઉલ્લેખ કરતા લખ્યું છે કે તેઓ કૂફાના શેખ (વડીલ) અને ઈરાકી લોકોના ઈતિહાસકાર હતા. તેમનો પરિવાર કૂફામાં ઊંડો પ્રભાવ ધરાવતો હતો અને તેમના પૂર્વજોએ ઈસ્લામી વિજય અભિયાનોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. આ પૃષ્ઠભૂમિએ અબૂ મિખનફને ઈતિહાસ અને પરંપરાઓનું ઊંડું જ્ઞાન આપ્યું.

**શિક્ષણ અને જ્ઞાન-પ્રાપ્તિ**

અબૂ મિખનફે પોતાનું મોટાભાગનું જીવન કૂફામાં વિતાવ્યું. તેમણે તે લોકોથી સીધી માહિતી મેળવી જે ઈસ્લામી ઈતિહાસની મહત્ત્વપૂર્ણ ઘટનાઓના પ્રત્યક્ષદર્શી હતા. આ જ તેમની સૌથી મોટી વિશેષતા હતી - તેઓ કોઈ ઘટનાનું વર્ણન કરતા પહેલાં તે લોકો સાથે મળતા હતા, જે તે ઘટનામાં હાજર હતા અથવા જેમણે ઘટનાને પોતાની આંખોથી જોઈ હતી. તેમની 'ઈસ્નાદ' (હદીસની શ્રેણી) પદ્ધતિ ખૂબ વ્યવસ્થિત અને વિશ્વસનીય હતી. તેઓ પોતાની દરેક રિવાયત (કથન)માં સ્ત્રોતનું નામ સ્પષ્ટ રીતે જણાવતા હતા. અલ-તબરીએ પોતાના વિશાળ ઈતિહાસ પુસ્તક 'તારીખ અલ-રૂસુલ વલ-મુલૂક'માં અબૂ મિખનફની રિવાયતોનો સેંકડો સ્થળોએ ઉપયોગ કર્યો છે, જે આ વાતનો પુરાવો છે કે અબૂ મિખનફનું કામ કેટલું મૂલ્યવાન હતું. અબૂ મિખનફ કરબલાની ઘટનાના પ્રત્યક્ષ સાક્ષી નહોતા. પરંતુ તેમણે એવા લોકો પાસેથી અહેવાલો એકત્ર કર્યા જે ઘટનાની નજીકની પરંપરા સાથે જોડાયેલા હતા. ક્યારેક તેઓ એક અથવા બે મધ્યસ્થી રાવીઓ દ્વારા અહેવાલ આપે છે. આ રીતે તેમણે કૂફાની મૌખિક પરંપરાઓને લખાણમાં બદલવાનો મોટો પ્રયાસ કર્યો.

**તેમની મુખ્ય કૃતિઓ અને પુસ્તકો**

ઈબ્ને અલ-નદીમે 'કિતાબ અલ-ફિહરિસ્ત'માં અબૂ મિખનફે લખેલા લગભગ ત્રીસથી વધુ પુસ્તકો અને રિસાલાઓ (પુસ્તિકાઓ)ની યાદી આપી છે. આ બધી રચનાઓ ઈસ્લામના શરૂઆતના સમયની રાજકીય, સામાજિક અને સૈન્ય ઘટનાઓનું વર્ણન આપે છે.

તેમની સૌથી મહત્ત્વપૂર્ણ કૃતિઓ આ પ્રમાણે છે :

૧. **કિતાબ મકતલ અલ-હુસૈન** - આ તેમની સૌથી પ્રસિદ્ધ અને પ્રભાવશાળી રચના છે. તેમાં ઈમામ હુસૈન ઈબ્ન અલી રદી.ની કરબલામાં શહાદતનું વિસ્તૃત અને હૃદયસ્પર્શી વર્ણન કરવામાં આવ્યું છે. આ ૬૧ હિજરી (૬૮૦ ઈ.)ની ઘટનાઓનો સૌથી પહેલો અને સૌથી પ્રમાણિક વૃત્તાંત માનવામાં આવે છે.

૨. **કિતાબ અલ-રિદ્દા** - તેમાં પયગમ્બર હઝરત મુહમ્મદ(સ.અ.વ.) સાહેબના વિસાલ પછી અરબમાં ઊઠેલી બળવાની લહેરો (રિદ્દા યુદ્ધો)નું વર્ણન છે.

૩. **કિતાબ ફુતૂહ અલ-ઈરાક** - ઈરાકની ઈસ્લામી વિજયનું ઐતિહાસિક વર્ણન.

૪. **કિતાબ અલ-ગારાત** - આ ખલીફા અલી રદી.ના સમયમાં થયેલા છાપામાર હુમલાઓનું વર્ણન કરે છે.

૫. **કિતાબ મકતલ અમીર અલ-મોમીનીન** - ખલીફા અલી ઈબ્ને અબી તાલિબ (ર.અ.)ની શહાદતનું વર્ણન.

૬. **કિતાબ અલ-જમલ** - આ ગ્રંથમાં જંગે જમલ એટલે કે ઊંટની લડાઈનો ઈતિહાસ હતો. આ ઘટના પ્રારંભિક મુસ્લિમ સમાજના આંતરિક સંઘર્ષને સમજવા માટે અગત્યની છે.

૭. **કિતાબ સિફ્ફીન** - હઝરત અલી રદી.અને હઝરત મુઆવિયા રદી.વચ્ચે થયેલી સિફ્ફીનની ઐતિહાસિક લડાઈનું વર્ણન.

૮. **કિતાબ મકતલ હુજર ઈબ્ન અદી** - હુજર ઈબ્ને અદીની શહાદતનું વર્ણન.

૯. **કિતાબ અખબાર અલ-મુખ્તાર** - આમાં મુખ્તાર અલ-સકફીની ચળવળ અને કરબલા પછી કૂફામાં ઊભી થયેલી રાજકીય પરિસ્થિતિનું વર્ણન હતું.

આ બધા પુસ્તકોમાં અબૂ મિખનફે તથ્યોને ક્રમબદ્ધ અને પ્રમાણિક રીતે રજૂ કર્યા. તેમની લેખનશૈલી સીધી, સ્પષ્ટ અને વર્ણનાત્મક હતી.

**કરબલાનો મહાન વૃત્તાંત - મકતલ અલ-હુસૈન રદી.**

અબૂ મિખનફની સૌથી મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક રચના 'કિતાબ મકતલ અલ-હુસૈન' છે. આ પુસ્તક ઈમામ હુસૈન ઈબ્ને અલી રદી.ની ૧૦ મોહર્રમ ૬૧ હિજરી (૧૦ ઓક્ટોબર ૬૮૦ ઈ.)ના રોજ કરબલાના મેદાનમાં થયેલી શહાદતનું વિસ્તૃત વર્ણન રજૂ કરે છે. તેમના વર્ણનમાં ઈમામ હુસૈનનું મક્કાથી કૂફા તરફ નીકળવું, કૂફાના લોકોના પત્રો, મુસ્લિમ ઈબ્ને અકીલ રહ.ની શહાદત, ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદની નીતિ, ઉમર ઈબ્ને સઅદની સ્થિતિ, હુર ઈબ્ને યઝીદનો અંતિમ નિર્ણય અને અંતે કરબલાની શહાદત-આ બધું ભાવનાત્મક અને ઐતિહાસિક રીતે રજૂ થાય છે. અબૂ મિખનફે આ ઘટનાના પ્રત્યક્ષદર્શીઓ - જેમ કે હમીદ ઈબ્ને મુસ્લિમ અલ-અઝદી અને અન્ય સૂત્રો પાસેથી સીધી માહિતી એકત્ર કરી. તેમણે કરબલાની યાત્રા કરનારા, બચીને આવનારા અને ત્યાં હાજર રહેલા લોકો સાથે મુલાકાત કરીને ઘટનાની એક-એક વિગત નોંધેલી. આ જ કારણ છે કે આ પુસ્તકને કરબલાની ઘટનાનું સૌથી જૂનું અને સૌથી વિશ્વસનીય ઐતિહાસિક દસ્તાવેજ માનવામાં આવે છે.

ઈમામ અલ-તબરીએ આ વૃત્તાંતને પોતાની 'તારીખ'માં એટલા મોટા પ્રમાણમાં ઉદ્ધૃત કર્યો છે કે અબૂ મિખનફની રચનાનો મોટો ભાગ આજે તબરી દ્વારા જ ઉપલબ્ધ છે. આ રીતે અબૂ મિખનફનું કામ માનવ ઈતિહાસમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય સ્ત્રોત બની ગયું.

**ઈતિહાસ-લેખનની પદ્ધતિ અને વિશેષતાઓ**

અબૂ મિખનફે ઈસ્લામી ઈતિહાસ-લેખનમાં જે પદ્ધતિ અપનાવી તે પોતાના યુગથી ઘણી આગળની વિચારસરણી દર્શાવે છે. તેમના કાર્યની કેટલીક ખાસ ઓળખ આ પ્રમાણે છે :

**પ્રત્યક્ષદર્શીઓ પાસેથી માહિતી** - તેઓ ઘટનાઓના સાક્ષીઓ અને તેમના નજીકના સંબંધીઓ પાસે જાતે જઈને માહિતી એકત્ર કરતા હતા. આ તેમના વર્ણનોને બીજા ઈતિહાસકારોથી અલગ અને વિશ્વસનીય બનાવતું હતું.

**ઈસ્નાદ પદ્ધતિ** - તેઓ દરેક રિવાયતમાં સ્ત્રોતનું નામ જણાવતા હતા, જેમ કે ''મને ફલાણાએ જણાવ્યું, જેણે ફલાણાથી સાંભળ્યું.'' આ હદીસ-વિજ્ઞાનની પરંપરા હતી, જેને તેમણે ઈતિહાસ-લેખનમાં સફળતાપૂર્વક અપનાવી.

**વસ્તુનિષ્ઠ વર્ણન** - તેઓ ઘટનાઓનું વર્ણન તટસ્થ અને નિષ્પક્ષ રીતે આપતા હતા અને કોઈપણ પક્ષનું અયોગ્ય સમર્થન કરતા ન હતા.

**ભૌગોલિક અને સામાજિક વર્ણન** - તેમના પુસ્તકોમાં માત્ર લડાઈઓ અને રાજકીય ઘટનાઓનું વર્ણન નથી પરંતુ તે સમયના સમાજ, જાતિઓ અને સ્થળોનું પણ અમૂલ્ય વર્ણન મળે છે.

બ્રિલ એનસાયક્લોપીડિયા ઓફ ઈસ્લામમાં પ્રોફેસર ઉર્સુલા સેઝગિને લખ્યું છે કે અબૂ મિખનફ ઈસ્લામના પ્રારંભિક સમયના સૌથી મહત્ત્વપૂર્ણ અખબારી (ઐતિહાસિક વર્ણનકાર) હતા અને તેમની રચનાઓ ઈસ્લામના પહેલા સો વર્ષોના ઈતિહાસને સમજવા માટે અનિવાર્ય છે.

**અલ-તબરી અને અબૂ મિખનફનો સંબંધ**

મહાન ઈસ્લામી ઈતિહાસકાર અબૂ જાફર મુહમ્મદ ઈબ્ને જરીર અલ-તબરી (૨૨૪-૩૧૦ હિ.)એ પોતાના વિશ્વપ્રસિદ્ધ ગ્રંથ 'તારીખ અલ-રૂસુલ વલ-મુલૂક'માં અબૂ મિખનફની રિવાયતોનો મોટા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. ઈસ્લામના પ્રારંભિક સમય - ખાસ કરીને ખલીફા ઉસ્માન રદી.ની શહાદત, પહેલો ફિતના (ગૃહયુદ્ધ) અને કરબલાની ઘટના વિશે અલ-તબરીના મોટા ભાગના વર્ણનો અબૂ મિખનફ પર જ આધારિત છે. તેનો અર્થ એ છે કે આજે આપણે ઈસ્લામના પહેલા સો વર્ષો વિશે જે કંઈ જાણીએ છીએ તેનો ખૂબ મોટો ભાગ અબૂ મિખનફના ઐતિહાસિક કાર્યમાંથી આવે છે. તેઓ એવા પુલ જેવા છે જે તે સમયને વર્તમાન સાથે જોડે છે.

**વિશ્વ સંસ્કૃતિમાં યોગદાન**

અબૂ મિખનફનું યોગદાન માત્ર ઈસ્લામી ઈતિહાસ સુધી સીમિત નથી - તેઓ વિશ્વ ઈતિહાસ-લેખનની પરંપરામાં પણ એક અગ્રણી સ્થાન ધરાવે છે.

**ઈતિહાસ-લેખનને વૈજ્ઞાનિક સ્વરૂપ** - તેમણે પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ, સ્ત્રોત-પરંપરા (ઈસ્નાદ) અને વિસ્તૃત વર્ણનો દ્વારા ઈતિહાસને એક વ્યવસ્થિત શિસ્ત બનાવવામાં યોગદાન આપ્યું. આ આધુનિક ઈતિહાસ-લેખનના મૂળભૂત સિદ્ધાંતો સાથે મળતું આવે છે. તેમણે મૌખિક પરંપરાને લખાણમાં બદલવાની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો. માનવ સમાજ પોતાની યાદોને લખાણમાં સચવે ત્યારે જ ઈતિહાસ બને છે. અબૂ મિખનફે કૂફાની યાદોને અરબી ગદ્યમાં સુરક્ષિત કરી.

બીજું તેમણે પીડિતો અને હારેલા પક્ષની વાતને પણ ઈતિહાસમાં સ્થાન આપ્યું. સામાન્ય રીતે ઈતિહાસ વિજેતાઓ લખે છે, પરંતુ અબૂ મિખનફના અહેવાલોમાં પરાજિતો, શહીદો, પસ્તાવો કરનારા અને સત્તાના દબાણમાં જીવતા લોકોની અવાજ પણ સાંભળવા મળે છે.

ત્રીજું તેમણે નૈતિક ઈતિહાસની પરંપરાને મજબૂત બનાવી. તેમની રિવાયતો વાચકને માત્ર ''શું બન્યું ?'' એ નહીં પણ ''શા માટે બન્યું ?'', ''કોણે સત્યનો સાથ આપ્યો ?'', ''કોણે સત્તા માટે મૌન ધારણ કર્યું ?'' જેવા પ્રશ્નો પૂછવા પ્રેરિત કરે છે. આ જ ઈતિહાસનું ઊંડું મૂલ્ય છે.

**માનવીય સ્મૃતિનું સંરક્ષણ** - તેમણે તે ઘટનાઓ નોંધેલી જે જો લખવામાં ન આવતી તો હંમેશા માટે લુપ્ત થઈ જાત. કરબલાની ઘટના, ખલીફાઓની હત્યાઓ અને પ્રારંભિક ઈસ્લામી રાજનીતિ - આ બધાનું જ્ઞાન આપણને ઘણાં અંશે એમની રચનાઓમાંથી જ પ્રાપ્ત થયું છે.

**ભાષા અને સાહિત્ય** - તેમની રચનાઓમાં અરબી ગદ્યનું એક પ્રવાહી અને પ્રભાવશાળી સ્વરૂપ મળે છે, જેણે પછીના ઈસ્લામી ગદ્ય-સાહિત્યને પ્રભાવિત કર્યું.

**રાજકીય અને સામાજિક ઈતિહાસ** - તેમના પુસ્તકો ૭મી અને ૮મી સદીના અરબ સમાજ, જાતીય વ્યવસ્થા અને ઈસ્લામી રાજ્યના વિકાસને સમજવા માટે આજે પણ સંશોધકો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

**ધર્મ અને ઈતિહાસનો સમન્વય** - તેમણે ધાર્મિક ઘટનાઓને ઐતિહાસિક દૃષ્ટિથી રજૂ કરવાની એવી રીત અપનાવી, જે તેમના સમયમાં ક્રાંતિકારી હતી.

**અવસાન અને વારસો**

અબૂ મિખનફ લૂત ઈબ્ને યાહ્યાનું અવસાન ૧૫૭ હિજરી (લગભગ ૭૭૪ ઈ.)માં થયું. તેમના અવસાન પછી તેમના મોટાભાગના ગ્રંથો મૂળ સ્વરૂપમાં તો બચી ન શક્યાં પરંતુ તેમની રિવાયતો અલ-તબરી, અલ-બલાઝરી, ઈબ્ને અલ-અથીર અને અન્ય ઈતિહાસકારોના ગ્રંથોમાં સુરક્ષિત રહી.

યાકૂત અલ-હમવીએ પોતાની 'મુજમ અલ-ઉદબા'માં અબૂ મિખનફનો ઉલ્લેખ સન્માન સાથે કર્યો છે. ઈબ્ને અલ-નદીમે 'ફિહરિસ્ત'માં તેમને ''અખબારીયીનના શેખ'' (ઈતિહાસવેત્તાઓના ગુરૂ)ની ઉપાધિ આપી છે.

તેમનો સૌથી મોટો વારસો એ છે કે તેમણે ઈસ્લામના સૌથી સંવેદનશીલ અને મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક કાળખંડને એક જવાબદાર અને પ્રમાણિક ઈતિહાસકારની નજરથી નોંધ્યો. તેમના વિના ઈસ્લામના પ્રારંભિક ઈતિહાસનો એક મોટો અધ્યાય અંધકારમાં જ રહેત.

**નિષ્કર્ષ :** અબૂ મિખનફ લૂત ઈબ્ન યાહ્યા ઈસ્લામી ઈતિહાસ-લેખનના તે પ્રથમ સ્તંભોમાંથી એક છે, જેમણે ઈતિહાસને માત્ર યાદ રાખવાના બદલે તેને વ્યવસ્થિત રીતે લખ્યો, સુરક્ષિત કર્યો અને આવનારી પેઢીઓ સુધી પહોંચાડ્યો. તેમનું જીવન સત્યની શોધ, પ્રમાણિકતા પ્રત્યે સમર્પણ અને જ્ઞાનના સંરક્ષણનું અનુપમ ઉદાહરણ છે.

ઈબ્ને અલ-નદીમની 'કિતાબ અલ-ફિહરિસ્ત', અલ-તબરીની 'તારીખ' અને બ્રિલ એનસાયક્લોપીડિયા ઓફ ઈસ્લામ જેવા પ્રમાણિક સ્ત્રોતો એકમત છે કે અબૂ મિખનફે ઈસ્લામના સૌથી મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ કાળખંડને એક ઈમાનદાર અને સાહસી ઈતિહાસકારની કલમથી નોંધ્યો.

આજે જ્યારે આપણે કરબલાની દુ:ખદ ઘટના વિશે વાંચીએ છીએ, જ્યારે આપણે ખલીફાઓના યુગની રાજનીતિને સમજવાનો પ્રયાસ કરીએ છીએ અને જ્યારે આપણે ઈસ્લામના પ્રારંભિક સમાજને જાણવું હોય છે - તો આપણો રસ્તો અનિવાર્ય રીતે અબૂ મિખનફ લૂત ઈબ્ને યાહ્યાની રચનાઓમાંથી થઈને પસાર થાય છે. તેઓ ખરેખર ઈસ્લામી ઈતિહાસ-લેખનના પિતામહ છે.

Email. :-msaeed181@gmail.com (મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

# આમ તો ઈંડાને શરીર માટે સૌથી પોષક માનવામાં આવે છે. પણ એક સૌથી મોટી ગેરસમજ એવી પણ ફેલાયેલી છે કે ઈંડાની જર્દી (પીળી) ખાવાથી હૃદયરોગનો હુમલો આવવાનું જોખમ વધી જાય છે



**હેલ્થ બુલેટીન**

ઈંડાને ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રોટીનના શ્રેષ્ઠ સ્ત્રોતોમાંનો એક માનવામાં આવતો હોવા છતાં ઘણા લોકો હજુ પણ આખું ઈંડુ ખાવામાં ખચકાટ અનુભવે છે. એક સામાન્ય ગેરસમજ એવી ફેલાયેલી છે કે, ઈંડાની જરદીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ હોવાથી તેને ખાવાથી હૃદયરોગના હુમલાનું જોખમ વધી શકે છે. આ ગેરમાન્યતાને અનુસરીને કેટલાક લોકો આખું ઈંડું ખાતા નથી. ફક્ત ઈંડાનું આલ્બ્યુમેન (Albumen) જ ખાય છે. સાદી ભાષામાં આલ્બ્યુમેનને ઈંડાની સફેદી કહેવાય છે. પરંતુ અહીં સવાલ એ છે કે શું આ સાવધાની ખરેખર વિજ્ઞાન દ્વારા સમર્થિત છે ખરી? અથવા તે ફક્ત લાંબા સમયથી ચાલી આવતી ગેરસમજ છે, જેના પર પુનર્વિચાર કરવાની જરૂર છે.

મુંબઈના ઓર્થોપેડિક સર્જન, આરોગ્ય શિક્ષક અને ન્યુટ્રીબાઈટ વેલનેસના સહ-સ્થાપક ડૉ. મનન વોરાએ ૧૦ એપ્રિલના રોજ શેર કરાયેલા એક ઈન્સ્ટાગ્રામ વીડિયોમાં, લાંબા સમયથી ચાલતી ગેરમાન્યતાને ખોટી ઠેરવીને તેના પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, સ્વસ્થ વ્યક્તિઓ તેમના રોજિંદા આહારમાં ઈંડાનો ઉમેરો કરે તો શરીરની પૌષ્ટિકતામાં વધારો થઈ શકે છે.

**શું ઈંડાની જરદી (પીળી) ખાવાથી હાર્ટ એટેક આવે?**

ડો.વોરા લાંબા સમયથી ચાલતી ગેરસમજને દૂર કરીને જણાવે છે કે, ઈંડાની જરદીમાં રહેલું કોલેસ્ટ્રોલ શરીર માટે ઉત્તમ પોષણ છે. તેઓ સમજાવે છે કે, શરીરમાં મોટાભાગનું કોલેસ્ટ્રોલ વાસ્તવમાં શરીરની અંદર, યકૃત દ્વારા ઉત્પન્ન થાય છે. જ્યારે આહારમાં ઈંડાની જરદીમાં રહેલાં કોલેસ્ટ્રોલનું સેવન કરવામાં આવે છે ત્યારે શરીર સામાન્ય રીતે તેના પોતાના કોલેસ્ટ્રોલ ઉત્પાદનને સમાયોજિત કરીને વળતર આપે છે. સર્જન ભાર મૂકીને કહે છે કે, ''ઈંડાની પીળી ક્યારેય હૃદયરોગના હુમલાનું કારણ બનતી નથી. શરીરના કોલેસ્ટ્રોલનો લગભગ ૭૦થી ૮૦ ટકા ભાગ યકૃત દ્વારા જ ઉત્પન્ન થાય છે. જ્યારે કોઈ વ્યકિત આહારમાં ઈંડાનું સેવન કરે છે, ત્યારે શરીર સામાન્ય રીતે તેના આંતરિક કોલેસ્ટ્રોલ ઉત્પાદનને સમાયોજિત કરે છે. આ કારણોસર આહારમાં ઈંડાનું સેવન કરવાથી લોહીમાં કોલેસ્ટ્રોલ કે હૃદય રોગનું જોખમ નોંધપાત્ર રીતે વધતું નથી.''

**ઓર્થોપેડિક સર્જન ડૉ. વોરા એ ગેરસમજ દૂર કરે છે**

**(સૌ. : હિન્દુસ્તાન ટાઈમ્સ)**

